Samaj Foundation Chenn

ભારતી
સાહિત્ય
મંદિર લિ૦

omain. Gurukul Kangri Co

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિભ્રમણ



ઝવેરચંદ મેઘાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या ..... ४४ ग / १५ (२)

पञ्जिका संख्या ..... २√३√४

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्लोक प्रमाणीकरण ११८४-११८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશ્રમાણુ

: આપ બીતે :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પુસ્તકનો પુરોગામી લેખસંગ્રહ—

પરિભ્રમણ

૩૨૬ પાનાં
બીજી આવૃત્તિ
સાડાત્રણ રૂપિયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિભ્રમણ

: ભાગ બીજો :



ઝવેરચંદ મેઘાણી

પ્રાપ્તિસ્થાન

ભારતી સાહિત્ય સંઘ લિ૦
મિમરાજ બિલ્ડિંગ : કાલબાદેવી રોડ : મુંબઈ-૨
ફરનાન્ડીઝ પૂલ નીચે : ગાંધી માર્ગ : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવૃત્તિ પહેલી
૯ ઓગસ્ટ, ૧૯૪૭

કિંમત
સાડાત્રણ રૂપિયા

મુદ્રક
શાંતિલાલ છોટાલાલ પારેખ
શ્રી સરસ્વતી છાપખાનું
દાણાપીઠ : ભાવનગર

પ્રકાશક
શાંતિલાલ છોટાલાલ પારેખ
ભારતી પ્રકાશન મંદિર
દાણાપીઠ : ભાવનગર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

૧૯૨૫ થી પ્રારંભ પામેલાં મારા પિતાશ્રીનાં વિવેચનાત્મક –આલોચનાત્મક લખાણોનો પહેલો સંગ્રહ ત્રણ વર્ષ પૂર્વે 'પરિભ્રમણ' નામ નીચે રજૂ થયો હતો. એ પુસ્તકના નિવેદનને અંતે એમણે જણાવ્યા મુજબ એ જાતની તૈયાર પડેલી વિશેષ લેખન–સામગ્રીમાંથી બીજા વધુ ખંડો આપવાની એમની ધારણા હતી.

એ નવા ખંડોના પ્રકાશનમાં કાંઇક વિલંબ થયો. તે દરમિયાન 'પરિભ્રમણ'ની બીજી આવૃત્તિ થઇ. તેથી હવે પછીનો ખંડ તરત જ બહાર પાડી દેવા મારા પિતાશ્રીએ કેટલીક લેખન–સામગ્રી પોતાનાં લખાણોના પોટલામાંથી જૂદી તારવેલી. એમના અવસાનકાળે એમના હાથ ઉપરનાં જે કેટલાંક કામ અધૂરાં જ રહી ગયાં તેમાંનું એક આ પુસ્તક હતું. એમણે જૂદી તારવેલી લેખન–સામગ્રીમાંથી એક પુસ્તકની કદમર્યાદા જેટલી ચૂંટી, 'પરિભ્રમણ' (ભાગ ૧)ના ક્રમ મુજબ વિભાગવાર ગોઠવીને અહીં આપી છે. વિશેષ લખાણોમાંથી હવે પછી વધુ ખંડો આપી શકવાની ઉમેદ છે.

'પરિભ્રમણ' (ભાગ ૧)માંના નિવેદનનો ઘણોખરો ભાગ આ પુસ્તકને પણ લાગુ પડતો હોઇને એ પ્રસ્તુત ભાગ અહીં (પાનું ૬) આપ્યો છે.

આ પુસ્તક મારા પિતાશ્રીની પાંચમી માસિક પુણ્યતિથિએ બહાર પડે છે.

૯ ઑગસ્ટ, ૧૯૪૭ — મહેન્દ્ર મેઘાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેખકનું નિવેદન

['પરિભ્રમણ'—ભાગ પહેલા—ના નિવેદનમાંથી]

'૩૩ માં મુંબઈ ખાતે દૈનિક 'જન્મભૂમિ' શરૂ થયું, અને તેના પ્રથમાંકથી જ સાપ્તાહિક સાહિત્ય-પાનું ચલાવવાની પૂર્ણ સ્વતંત્ર કામગરી ભાઈશ્રી અમૃતલાલ શેઠે મને સુપરત કરી. એ પાનાને મેં 'કલમ-કિતાબ' નામ આપીને આઠેક વર્ષ ચલાવ્યું. ૧૯૪૧થી એ પાનું મેં છોડ્યું છે. એ પાનાને મેં મારી આવડત અને હૈયાઊકલત અનુસાર ઘડ્યું એ જેટલું સાચું છે તેટલું જ, એ પાનાએ મને ઘડ્યો તેય સાચું છે. એ પાનાના મારા સંપાદનકાર્યમાં વાચકોનો ઠીક ઠીક મોટો અનુરાગી સમૂહ સાથ પુરાવતો હતો. આ સંગ્રહમાં મૂકેલ મોટા ભાગનાં લખાણો એ પાનાની પ્રસાદી છે. એ લેવાની પરવાનગી બદલ હું શ્રી. અમૃતલાલભાઈનો અને સ્ટેટસમૅન લિ.નો ઋણી છું.

૧૯૩૬માં 'એ ઘડી મોજ'ના 'સાહિત્યના સૂર' કેટલોક વખત મેં લખેલા. તેમાંથી પણ કેટલીક કંડિકાઓ અહીં જોડી છે. તે માટે ભાઈ શયદાનો ઋણી છું.

વિવેચનના પંડિત લેખે નહિ, એવા પંડિત બનવાની ઉમેદ રાખીને ય નહિ, પણ એક સામાન્ય સમજના રસિક વાચક લેખે જ આ લખાણો કર્યાં છે. જે કંઈ આ પરિભ્રમણને માર્ગે પ્રાપ્ત થતું ગયું, તેનાં મારા અંતર પર પડેલાં પ્રતિબિંબોને ઝીલી ઝીલી અન્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામાન્ય વાચકોને આ રસાસ્વાદના સહભાગી બનાવવાનો જ આ લખાણો કરતી વેળા નમ્ર આશય હતો. સામાન્ય વાચકની કક્ષાથી ઉપર જવાની જરૂર પણ નહોતી. સામાન્ય એ જ મારી દૃષ્ટિએ સંગીન છે. સામાન્ય વાચકની અંદર સારાસાર વિવેકબુદ્ધિ અને સદ્રુચિનો ઉદ્‌ગમ કરાવવો એ પાંડિત્યમાં પાવરધાપણું પ્રાપ્ત કરવા કરતાં વિશેષ જરૂરની વાત છે. દરેક સામાન્ય વાચક વાંચતો વાંચતો એક અથવા બીજી તરેહની આલોચના તો કર્યે જ જતો હોય છે; અને ન કરતો હોય તો તેનો વાચન-વ્યવસાય ઉપકારક પણ શો છે? એટલે એ સેંકડો-હજારો સામાન્યોની માનસિક કક્ષામાં રહ્યે રહ્યે મેં જે કંઈ સાહિત્ય વાંચ્યું-વિચાર્યું, તેના મારા અંતર પર પડેલા પ્રત્યાઘાતોને મેં સાદા-સીધા શબ્દોમાં આપ્યા છે. એ શબ્દોને આજે ગ્રંથસ્થ કરવાની હિંમત આપનાર પણ મને એ સામાન્ય વાચકસમૂહના પ્રતિનિધિઓ તરફથી મળેલો સધિયારો જ છે.

વિશેષ લેખન—સામગ્રી તૈયાર પડી છે, તેમાંથી હવે પછી નવા ખંડો અપાશે.

૧૯૪૪ ઝવેરચંદ મેઘાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રમ

વિષય	પાનું
નિવેદન	૫
લેખકનું નિવેદન	૬
પરિભ્રમણ ×	૧
પરપ્રાંતની લહરો	૪૭
પરદેશનો પરિમલ	૧૦૭
સાત ગુજરાતી કાવ્યગ્રંથો	૧૭૫
આંદોલનો	૨૩૫–૨૯૨

× શુદ્ધિ: પાના ૪૨ ઉપર ચોથી લીટી પછી
'૨૦ : વિચારવું તો પણ વાંચવું' એ પેટા–મથાળું ઉમેરવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિભ્રમણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેટા-ક્રમ

૧ : સાહિત્યમાં સ્વદેશી
૨ : એ મેણું મિટાવ માગે છે
૩ : સાહિત્યકારની ખુમારી
૪ : વિચારોની વૃદ્ધાવસ્થા
૫ : અપંગ કોણ ?
૬ : એ તણખા કોણ ફૂંકશે ?
૭ : ઇતિહાસને પૂંછડે ચીંથરાં
૮ : ચિત્રો અને સાહિત્ય
૯ : કલા અદાલતમાં
૧૦ : સચોટ ઉપમા
૧૧ : હરીન્દ્રની રચનાશક્તિ
૧૨ : કાંટાનો ગળીઓ
૧૩ : કલા કલા વચ્ચેનો સહકાર
૧૪ : જેઓની છાતી ફૂંદીને સ્વાધીનતા ચાલી છે—
૧૫ : પુશ્કિનની મા
૧૬ : સાહિત્યમાં ચમારવૃત્તિ
૧૭ : સાહિત્યકારની સહચરી
૧૮ : એમને સાહિત્યકાર કહીશું કે નહિ ?
૧૯ : વાચકોની દુનિયા
૨૦ : ધિક્કારવું તો પણ વાંચવું
૨૧ : સાહિત્યની સરિતાને સજીવન રાખનાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. સાહિત્યમાં સ્વદેશી

વીસેક ચોમાસાંનાં પૂર સાબરમતીના પટમાંથી ચાલ્યાં ગયાં, છતાં ગુજરાતી સાહિત્યપરિષદમાં અમદાવાદને ટીંબે બનેલો એ એક બનાવ નથી વીસરતો.

શ્રી. રવીન્દ્રનાથ ટાગોર નોતરાયા હતા. એમણે અંગ્રેજીમાં લખી આણેલું વ્યાખ્યાન વાંચ્યું. લોક–મેદનીમાંથી માગ ઊઠી : 'ગુજરાતી ભાષાંતર કરો એનું !'

'અનન્ટ્રાન્સ્લેટેબલ ! ભાષાન્તર અશક્ય છે,' ગુજરાતી ભાષાના એક ધુરંધરે જવાબ વાળ્યો. પણ એ જવાબ જાણે કે અધૂરો હતો. બીજા એક સાહિત્ય–સિંહે મેદનીને બીજો તમાચો લગાવ્યો, 'ટાગોરને સમજવા માટે અંગ્રેજી ભણીને આવો !'

એટલામાં તો ગાંધીજી આવે છે, કાગળિયો એમના હાથમાં મુકાય છે. ગાંધીની આંખો લખાણ પર ફરી વળે છે, ને પોતાની તળપદી લોકવાણીમાં ગાંધી 'અશક્ય'ને શક્ય બનાવે છે. ટાગોરની નિગૂઢતા, ચિંતનમયતા અને ભાવઘેરી કવિતા જનસામાન્યને પણ સહજ, આત્મીય બની જાય છે.

સાક્ષરોની શરમનો એ દિવસ, વિદેશી સાહિત્યના અણુપચ્યા ઓડકારોનો એ આખરી દિવસ. 'અશક્ય' શબ્દ ગર્વનો શબ્દ ગણાતો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને સ્થાને લજ્જાનો લેખાવાનો એ પ્રથમ દિવસ. ભાઠુતી ચળકાટો પ્રત્યે અહોભાવ અને ઘરની ધરતી પ્રત્યે 'સું સાં ચાર'ની ઘૃણા, એ બેઉની ત્યાં ઘોર ખોદાઈ ગઈ.

ત્યાર પછીના બે દાયકાએ શું શું દેખાડી આપ્યું છે સાહિત્યના સંસારમાં ? પડતર ધરતી હતી ઘરઆંગણની જ : તેનું બેડાણ થયું. 'સોનાના સાત સાત ચરુઓ નીકળ્યા'વાળી પરીકથા સાચી પડી. કંગાલ ભાષાને સમૃદ્ધ બનાવનારાં ગીતો, કથાઓ, થોક થોક શબ્દો, તળપદા પ્રયોગો, નૃત્યસંગીતના જૂના પ્રકારો જડી આવ્યા. 'નજીવી નગરી' અણુ અણુમાં સજીવન બની.

'અમે આટલા સાહિત્યકારો, તમે લોકટોળાં એમાં શું સમજો ?' ગયા, ગયા, એવું કહેવાના દિવસો તો ચાલ્યા ગયા. હવે તો આવ્યા પ્રજા સમસ્તની પાસે જઈ ઊભા રહેવાના ને પૂછવાના દિવસો કે 'જુઓ જનસમસ્ત ! અમારાં લખ્યાંભાખ્યાં તમથી સમજાય છે ? તમથી ભોગવાય છે ? તમને હલાવી શકે છે ?'

સાહિત્યમાંયે સ્વદેશીની પ્રતિષ્ઠા : વીસ વર્ષ પર ગાંધીએ ભાખ્યું કે કાદમ્બરી હવે બસ થઈ, કોશ હાંકતા કણબીનાં ગીતો આપશો ? આજે સાહિત્યના કદમો એ ફોસિયાની, કિસાનોની અને એ ગોવાળો— મજૂરોની દુનિયા તરફ મંડાયે જાય છે. ને મજલ જલદી કપાતી નથી તો તેની સાહિત્યને લજ્જા આવે છે, શેખી નહિ.

તળપદી ભાષા, તળપદા જીવનના ભાવો, તળપદા લોકની જુગ જુગ જૂની છતાં નિત્ય નવપલ્લવિત બનતી આવેલી સાહિત્યવાણી : એની તપાસ તો જીવનનાં ઊંડેરાં પોપડાં વચ્ચે જ થાય ને ? ને થયા પછી શું સૂઝ્યું છે આપણને એ ભૂગર્ભમાં ? સરહદના પઠાણો ને મલબારના શેટીઓ, બેઉના તળપદા સાહિત્યમાં એક સરખા ઊર્મિ-પ્રવાહો, એકનું એક હૃદય, એક જ માનવતા : ઉપરાંત એ બધાને વ્યક્ત કરવાના સર્વગમ્ય પ્રકારો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને પરદેશોનાં, દૂર દરિયાપારનાં સાહિત્યમહેલોને આજે પ્રજા કેમ વાતવાતમાં પકડી, ભેટી, પોતાનાં કરી લે છે? શાથી એમ થયું કે સામાન્ય વાચકસમૂહ પણ રશિયાના પેલા કૉસેકની યે સાહિત્ય-ભાવના ઝટ પચાવે છે? એ પચાવે છે, કેમકે પેટ સાફ થઈ ગયું, તળપદા જીવનભાવોની તંદુરસ્તી પી લીધી; પરદેશીતાનું અજીર્ણ હતું તે નાબૂદ થયું.

ત્યાં વોલ્ગા નદીનો વહાણવટી ગાય છે, ને અહીં મારું અંતર કાં ભેદાય છે? હાલીદે હાનુમે અહીં આવીને છેડેલા તૂર્ક સાહિત્યના સૂરો મારી હૃદય—સિતારીને કાં રડાવે છે? ગઝલો વિદેશી છતાં મારા સંસારને ચકચૂર કરનારી કાં બની? હરીન્દ્ર અંગ્રેજીમાં 'તુકારામ' સજર્યે છતાં મને કાં સ્વાભાવિક અને સહજ લાગે? એવું તે શું થઈ ગયું કે હવે મને જગતનું સર્વ સાચું 'સિન્સિયર' સાહિત્ય મારા પોતાના જ જીવનમાંથી ઉઠેલ ઝરણસમું વહાલું પ્રાણસોયું થઈ પડયું.

કોઈ મવાલી પણ કેમ મારું ગાવું સાંભળવા થંભે છે? કોઈ 'ગુલબકાવલી'ની મેં ફગાવી નાખેલી લોકકથા પણ કેમ અંગ્રેજીમાં 'ધી રોઝ ઑફ બકાવલી' બનીને મને 'હું તારી જ હતી' શબ્દે કરગરે છે?

સાહિત્યના પ્રેમીજન! આવા પ્રશ્નો તારી પાસે ઉત્તર માગતા ઊભા થયા છે. જવાબ શોધજે. જવાબ આ એક જ જડશે, કે તેં તારી પોતાની જુગોજૂની વતનધૂળમાં વહેતું આજે હયાત—સંજીવન —જળ ચાખ્યું છે. તું તારા પોતાના સ્વધામને વધુ દિલસોજીથી ઓળખતો થયો છે. આત્મતિરસ્કાર તારી પ્રજાના પ્રાણમાંથી રેચ પામ્યો છે.

'સાહિત્યમાં સ્વદેશી' હું તો એને જ કહું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. એ મેણું મિટાવ માગે છે

પ્રજાના મનોરાજ્યનો રખેવાળ જે સાહિત્યકાર હોય તો કેટલીકવાર એને માટે કઠિન ધર્મો ઊભા થાય છે. પ્રજાનાં મનની ચોપાસ અજ્ઞાનનું કારાગાર ચણાય ત્યારે બીજું કંઈ નહિ તો અવાજ ઉઠાવવાનો તો રખેવાળનો ધર્મ છે.

ટાગોર, શરદબાબુ, નંદલાલ બોઝ વગેરે સાહિત્યકારો કે કલાકારો છે, એટલે કે તેઓ પ્રજા-મનના પાલકો ને પોષકો છે. બ્રસેલ્સ નગરમાં મળેલી વિશ્વશાંતિ પરિષદ જોગ તેમણે એક સંદેશ મોકલ્યો છે, તેમાં તેમણે લખ્યું છે કે ભારતવર્ષની પ્રજાના મનના, સંસ્કૃતિના, કલા અને સાહિત્યના જવાબદાર સંરક્ષકો લેખે આજ ચુપકીદી અમારે માટે અધર્મ છે, પ્રજાદ્રોહ છે.

ચુપકીદી તેમણે તોડી છે. બહારની દુનિયામાંથી હિન્દમાં આવનારા સાહિત્યની સામે અહીંની સત્તા જે પ્રવેશ-નિષેધ કરી રહેલ છે, તેમજ અહીંના અખબારો તેમજ સાહિત્યપ્રકાશનો પર જે જાપ્તા મુકાય છે, તેની સામે આ સંસ્કારભક્તોએ ઉન્નત શિરે અવાજ ઉઠાવેલ છે.

ગુજરાતી સાહિત્યનાં સંમેલનો મળે છે. બીજી સાહિત્ય-સંસ્થાઓ સ્થળે સ્થળે ચાલે છે. કલા અને સાહિત્યના એકલવિહારી ઉપાસકો પણ આપણે ત્યાં છે. સાહિત્ય-કલાને લગતા સમારંભો પણ ભરાય છે. પ્રજાના મનની રખેવાળી કરનાર એ વ્યક્તિઓ અને સંસ્થાઓ બીજી બધી રાજદ્વારી ઝુંબેશોમાં ન પડે એ તો વ્યાજબી છે. સાહિત્યનો વિષય અમુક નિરાળાપણાને તો માગી જ લે છે, પરંતુ રાજસત્તાના આવા જાપ્તાની સામે તેઓ મૌન કેમ સેવી શકે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજદ્વારી પ્રચાર કરનારી ચોપડીઓ વિષે આ વાત નથી. ટાગોર વગેરેના સંદેશામાં તો દાખલા અપાયા છે, કે યુરોપની અંદર ગંભીર અભ્યાસી લેખે સર્વમાન્ય થયેલા ગ્રંથકારોની વિવેકશીલ કૃતિઓને પણ અહીંને કિનારે નથી ઊતરવા દેવામાં આવી. અહીં જપ્ત થતાં પુસ્તકોને પણ તપાસી જનાર એક સાહિત્ય-સમિતિ નિમાય, તો તે સમિતિ તે તે પુસ્તકોના ગુણદોષ તોળીને જપ્તીનો ન્યાયાન્યાય જાહેર કરી શકે.

કોઈ પણ રાજદ્વારી જંગ આદરવાનું હું આપણા સાહિત્યકારોને નથી કહેતો, પણ ઓટી તટસ્થતાને તો સાહિત્યકારે તજવી જોઈએ. પોતાના અવાજનું વજન પડે તેવી ગૌરવભરી રીતે તેમનો અવાજ નીકળી શકે છે, ને એ અવાજ ક્વચિત જ ઊઠે છે, માટે જ એનો પ્રભાવ પડશે. કોઈ મોટું જોખમ એમાં ખેડવાનું નથી, પણ સાહિત્યકારોને માથે જે આત્મરક્ષણવૃત્તિનું જૂનું મેણું છે-પેલા નેપોલિયનની સવારીની વચ્ચે રક્ષાતા પંડિતોની વાતવાળું-કે 'Savants and donkeys in the Centre : ગધ્ધા ઔર પંડિત બીચમેં હો જાઓ !' એ મેણું હવે તો મિટાવ માગે છે.

એ મેણાંની કથા કાકા કાલેલકરે પોતાના નવા લેખસંગ્રહ 'જીવન-વિકાસ'માં એક ઠેકાણે મૂકી છે. મિસર પરની ચડાઈમાં નેપોલિયને પીરામીડોની શોધખોળ કરવા માટે વિદ્વાનોને પણ સાથે લીધા હતા. લશ્કરની સાથે બોજે ઊંચકનારાં ગધેડાં પણ ચાલતાં. શત્રુઓના ધસારા જોતાં જ નેપોલિયન સેનાને હાકલ દેતો કે, 'ચોરસ બનાઓ ! ગધ્ધા ઔર પંડિત બીચમેં !' સેના ચોરસ આકારે વ્યૂહ રચી લેતી, ને ગધેડાંને તથા પંડિતોને પોતાની વચ્ચે સુરક્ષિત કરી દેતી !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. સાહિત્યકારની ખુમારી

કાકા કાલેલકર વિષેના ઉપરના ઉલ્લેખમાંથી એક ફણુગો ફૂટે છે. એ પોતે ધરાવે છે કે ગૂજરાતની પ્રજા એમને સાહિત્યકાર તરીકે નહિ પણ કેળવણીકાર તરીકે ઓળખે. પણ આમ કહી કેળવણીકારને સાહિત્યકારમાંથી બાદ જ શા માટે કરી દેવો ? એની વચ્ચે આમ કડક ભેદની ભીંત જ શા માટે આણવી ? કાકાસાહેબ જો કેળવણીકાર છે, તો તેની સાથે એ સાહિત્યકાર હોવાથી જ એમનું કેળવણીકારપણું વધુ દીપ્યું છે, એ વાત વિસારવા જેવી છે શું ?

સાહિત્યકાર ગણાવામાં ઊંડે ઊંડે પણ આટલો સંકોચ હોવાનું કારણ શું છે, તે મને જડતું નથી. સાહિત્યના સર્જનમાં કાકાસાહેબ કેટલીક વિલાસિતા, લહેર, મોજ નિહાળતા હશે, પણ તે તો નવા યુગના કેળવણીકારોમાં પણ ક્યાં નથી ? ખરું જોતાં સાહિત્યનું ક્ષેત્ર વૈભવ અથવા આરામને માટે અવકાશ નથી આપતું. એ તો પ્રાણ તેમજ શરીરને, લાગણીના તેમજ બુદ્ધિના તંત્રને નિચોવી લેનાર ધંધો છે.

આ લખું છું ત્યારે સામે 'કૌમુદી' પડ્યું છે : 'સાહિત્યનું જીવનમાં સ્થાન' નામના લેખની નીચે આ પંક્તિઓ છે :

We are the music-makers
And we are the dreamers of dreams,
Wandering by lone sea-breakers,
And sitting by desolate streams,
World-losers and world forsakers
In whom the pale moon gleams,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Yet we are the movers & shakers
Of the world for ever it seems.

ગીતોના ગાનારા, સ્વપ્નોને સેવનારા, દરિયાની એકલ લહેરો જોડે ભમનારા અને નિર્જન ઝરણાંની સાથે બેઠક કરનારા, દુનિયાઓને હારનારા જુગારીઓ ને લાપરવાહો, નિસ્તેજ ચાંદનીમાં નાહનારા, એવા અમે સાહિત્યકારો, ભલે એવા રહ્યા; છતાં અમે જ પાછા છીએ જગતને હલમલાવનારા, પૃથ્વીને પ્રકમ્પોના આંચકા આપનારા.

સાહિત્યની આવી ખુમારીએ ભારી મૂલ માગ્યાં છે. કાકાસાહેબે સાહિત્યને આટલે સુધી સમૃદ્ધ કર્યા પછી, ને સાહિત્યકાર તરીકેની ખૂબીઓ વડે જ પ્રજાને પોતાના કેળવણી વિષેના વિચારો વાંચતી કર્યા પછી સાહિત્યકાર તરીકે લજ્જા પામવાનું ન હોય. કોઈને એવી શરમ સેવવાની જરૂર નથી.

પ્રત્યેક સાહિત્યકારના મોંમાં એક જ વાત શોભે ! કે દુનિયાના કોઈ પણ ધંધાદારી કરતાં હું દરિદ્ર નથી, દોષપાત્ર પણ નથી. દુનિયાની સર્વ મૂંગી રચનાનો હું શબ્દ બન્યો છું. માનવીને એકબીજાને સમજતાં કરવા માટે હું જબાન બન્યો છું ને એ જબાનરૂપે મારું ધડતર દિનરાતની અવિરત વેદનાના હથોડાને ઘાએ આત્માની એરણ પર થયું છે. હું ચાંદનીમાં ને ફૂલોમાં, દરિયાની લહેરીઓ જોડે કે ઝરણાંની સાથે મહોબ્બત કરવા બેઠો છું, ત્યારે પણ મેં એ મહોબ્બત ઉપર મારી સુખસગવડોની દુનિયાઓ ફના કરી છે. હું જ્યાં જ્યાં ગયો છું ત્યાં ત્યાંથી મેં માનવીના આત્માને માટે વાચા મેળવી છે. ચાંદનીમાં પણ હું સળગતો રહ્યો છું, અને દુનિયાને પ્રકમ્પોના આંચકા લેવરાવવા જેટલું કૌવત મારી કલમમાં કોઈ આકાશી ચંદ્રકિરણોએ નહિ, ઝરણાંઓએ નહિ, સ્વપ્નોએ પણ નહિ, મારી પોતાની સંવેદના અનુભવવાની ઊર્મિએ જ મને આપ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. વિચારોની વૃદ્ધાવસ્થા

એક સ્નેહીના પત્રમાંથી :

" 'સાહિત્યના સૂર'માં 'ઈટર્નલ ટ્રીએો' પ્રેમની ત્રેખડ વિષે લખતાં તમે સરસ્વતીચંદ્ર માટે જે લખ્યું છે એ લાગણીમાં હું તમારી જોડે બિલકુલ સહમત છું અને કુમુદ માટેના સરસ્વતીચંદ્રના આવેશ અને રાગડા કરતાં વિદ્યાચતુર-ગુણસુંદરીની યુગલસૃષ્ટિએ જ મારા પર વધુ સારી અસર કરી છે. એ બીજો ભાગ મેં અનેક વાર વાંચ્યો છે. એ જ પ્રકારનું સાહિત્ય ગૂજરાતને ભોગીન્દ્રરાવે આપ્યું. એ લેખકને ગૂજરાતે મોટો અન્યાય આપ્યો છે. તમે એનું કાંઈ જ નથી વાંચ્યું ? ન વાંચ્યું હોય તો વાંચજો ' ઉષાકાન્ત ', ' જ્યોત્સ્ના ', કાંઈ પણ. ' જ્યોત્સ્ના ' મને સૌથી સારી લાગી છે. "

સ્વ૦ ભોગીન્દ્રરાવનું મેં કોઈ પણ પુસ્તક નથી વાંચ્યું. ગત પેઢીના નવલ-લેખકોમાં એમનું સ્થાન ઊંચું હતું તેટલું જાણું છું. 'લે મિઝરાબ્લ' પરથી ઉતારેલ ગૂજરાતી 'અજામિલ'નાં થોડાં જ પાનાં વાંચતાં લાગેલું હતું, ઘણાં વર્ષ પૂર્વે, કે આપણે ત્યાં વાર્તાલેખનની કલા તેમ જ દૃષ્ટિ છે.

એ આગલી પેઢીના એક અવશેષ હજી આપણી વચ્ચે છે. શ્રી. ચુનીલાલ વર્ધમાન શાહનું નામ ભલે બહુ ગાજ્યું નથી, કેમ કે તેમણે પોતે એ ગજવ્યું નથી : છતાં એમનાં જૂનાં સામાજિક નવલો વાસ્તવ-દૃષ્ટિએ લખાતા પ્રગતિમાન વાર્તાસાહિત્યનો પ્રારંભ કરનારાં હતાં, એવું મેં ત્યારે સાંભળ્યું, જ્યારે એમના છેલ્લા ઐતિહાસિક ઉપન્યાસ 'કર્મયોગી રાજેશ્વર'માં એક કાબેલ કલમનો કસબ મેં જોયો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ હું મારા પહેલા સ્નેહીની માફક એવું નથી માનતો, કે કોઈ પણ લેખકને ગૂજરાતે અન્યાય કર્યો છે. ગૂજરાત એટલે ગૂજરાતી પ્રજા, ગૂજરાતની સામાન્ય વાચક જનતા. એનો વાચનરસ કોઈ પણ વાર્તાલેખકને નથી ઉવેખતો. વાર્તાને તો પ્રજા ઝડપથી પકડે છે ને આપણી તો પ્રજા સામે ઊલટાની કોઈ કોઈ વાર એવી ફરિયાદ હોય છે, કે એ વાર્તાને નામે કચરો ય ચાવી જાય છે.

જૂની પેઢીના વાર્તાલેખકો વિલય પામ્યા. એમની કૃતિઓ પણ ધ્યાન પરથી સરી પડી, કારણ કે સમાજની પ્રગતિ થઈ, ને સમાજની પ્રગતિ થવાની સાથે જ કેટલીક જૂની સંસાર–સમશ્યાઓ સમશ્યાઓ જ ન રહી. માટે જ વાસ્તવદર્શી વાર્તાઓ તરીકે શરૂમાં વિખ્યાત થયેલી વાર્તાઓ આજે સમાજની નવી પેઢીને સાવ નિર્માલ્ય લાગે છે.

ગઈ કાલે જ હજી જે કૃતિઓ પ્રજાની વાચનવૃત્તિને ચકિત કરતી ને ચનગનાવતી હતી, રગરગમાં રોમાંચ કરાવતી હતી, ચિર-કાળના સાહિત્ય ખાતે જમા થતી હતી, તે જ કૃતિઓને આજે શોધો. એને પ્રશંસનાર પેઢીનાં સંતાનો આજે જુવાન બન્યાં. પ્રશંસક પેઢી જીવે છે, નવી પેઢી પણ તેમની જોડાજોડ જીવે છે; પણ તેમના જીવનમાં યુગપલટો આવી ગયો. એક જ પ્રકારનો સાહિત્યરસ એને કેમ ગમી શકે ?

પેઢીઓ તો ચોક્કસ કાળમર્યાદાને આધીન છે. હું અને મારો પુત્ર વર્ષોને હિસાબે સાવ નજીક ઊભા છીએ, એક જ ઘરમાં ને એક જ સમાજમાં વસીએ છીએ; છતાં એના માનસમાં જે નવો યુગ વ્યાપેલ છે, તે નવા યુગમાં મને સહજ પ્રવેશ નથી મળવાનો. હું છો 'નવીન' હોવાનો દાવો કરું.

યુગની પ્રગતિનાં પગથિયાં બનનાર લેખકોએ આટલા માટે લેશ પણ ધોખો ન કરવો કે પોતાની કૃતિઓની કદર નવી પ્રજા કરતી નથી. એથી ઊલટું પોતાના જ હયાતિકાળમાં જે એક વેળાની પોતાની જ લોકપ્રિય કૃતિઓ જુનવાણી ગણાઈ જાય, નિઃસત્ત્વ ભાસી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાય, નવી આવૃત્તિમાં ન પ્રવેશ પામે, તો લેખકે આનંદ પામવા જેવું છે. વાચકોનું મનોરાજ્ય એટલું ઊંચું ચડયું છે.

યુગના પ્રગતિવેગની જોડાજોડ ગતિ રાખનાર લેખકો બહુ થોડા જ હોઈ શકે. આપણે સર્વ એવો દાવો પણ શા માટે રાખીએ? એવો દાવો તો આપણો ત્યારે જ પ્રામાણિક કહેવાય, જ્યારે આપણે પોતે જ આપણી એક વેળાની લોકપ્રિય કૃતિઓ વિશે આત્મ-વિવેચક બની શકીએ. જો મારી દસ વર્ષ પૂર્વે લખેલી કોઈ પણ ચોપડી પર આજે પણ મુગ્ધ રહેતો હોઉં, તો હું જુનવાણી જ સાબિત થઈ ચૂકું છું. જો નવી ઓલાદના કોઈ યુવકની જોડે હું મારી એ જ ચોપડીના ગુણદોષનિર્ણય પરત્વે સહમત બનું, તો હું માનું કે મારી વયનાં વર્ષો મારી માનસિક પ્રગતિને નથી રોકી શકયાં.

પણ નવી રચનાઓ રચતો અટકીને જો હું મારાં વેરણછેરણ પડેલાં જૂનાં લખાણોને એકઠાં કરી છપાવવા બેસી જાઉં તો મને હું બુઢ્ઢાપો બેસી ગયો સમજું ને વિચારોની વૃદ્ધાવસ્થા પણ શરીરની જરાના જેવી જ અબૂઝ છે. એ પણ ધોળા કેશને કાળા કલપ નીચે ઢાંકવા મથે છે. એ પણ નવી ફેશન પ્રમાણે સાડીઓ પહેરીને થોડા દિવસ ઠુમક ઠુમક ચાલી લે છે. છતાં બુઢાપો તે કેટલોક છુપાવી શકાય? વિચારના બુઢાપાને સ્વાભાવિક સ્વરૂપે સ્વીકારી લેવાથી જ આપણે લેખકો શોભા પામશું.

૫. અપંગ કોણ?

જૂના જમાનાની કથાઓમાં કહેવાય છે કે યુદ્ધમાં વીરનું માથું પડતું પછી ધડ લડતું. કહેવાય છે કે એની છાતીએ આંખો ફૂટતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવા દો એ જૂના જમાનાની રુધિર-નીતરતી વાતોને. નવા યુગને ખોળે કયાં નવતર રહસ્યોની ખોટ છે? ન કલ્પાય ને કોઈ કહે તો ન મનાય તેવાં એ વિસ્મયો આપણી નજર સામે આવી ઊભાં રહે છે, માનવીના હાથના ટેરવે આંખો ફૂટે છે; માનવીના દેહને પ્રત્યેક છિદ્રે કાન ખૂલે છે.

એની કથા અહીં કરું છું, કારણ કે એ તો સાહિત્યના જગતને શોભાવતી જીવનકથા છે. અમેરિકા દેશની એ કુમારિકા હેલન કેલર, પંદર મહિનાનું બચ્ચું હતી ત્યારથી જ આંખો, જીભ અને કાનની શક્તિઓ સંપૂર્ણપણે હારી ગયેલી. તેણે વિશ્વની ઇંદ્રિયગમ્ય એટલી સકલ જ્ઞાનસંપત્તિને—હું ને તમે સાત જનમારે પણ નહિ કરી શકીએ તેટલા પ્રમાણમાં—પોતાને આત્મગમ્ય કરી કાઢી છે.

લેખિકા, કવયિત્રી, સંગીતકલાની જાણુહાર, સાહિત્યની પારગામી, અને એ સર્વ સિદ્ધિઓનાં પરિણામરૂપે બની ગયેલી માનવતાની એ જીવન્ત મૂર્તિ આજે વૈજ્ઞાનિકોની સમસ્યા બની છે. રંગોને એ કેવી રીતે પિછાને છે? સાંભળો એના જ શબ્દો :

'ગુલાબી રંગ મને બાળકના ગાલ જેવો, અથવા દખણાદા વાયરા જેવો લાગે છે.

'ભૂખરો રંગ મને ગળે લપેટાતી સુંવાળી શાલ સમો લાગે છે.

'પીળો રંગ મને સૂર્યના તાપ સરખો, એટલે કે પ્રાણભરપૂર અને આશાભર્યા ભાવિ જેવો લાગે છે.'

સુગંધની અને સ્પર્શની એ લાગણીઓ પરથી રંગોને, સંગીતને, શોરબકોરને કે શાંતિને, પ્રેમીજનને કે શુષ્ક માનવીને, આપણે ઓળખી કાઢીએ તે કરતાં અનેકગણી વધુ અચૂકપણે પારખનારી આ—હવે તો પ્રૌઢ વયે પહોંચેલી—કુમારીનું મનોરાજ્ય કેવી રીતે વિકાસ પામ્યું તે જાણવું હોય તો 'અપંગની પ્રતિભા' વાંચજો, ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સ્ટોરી ઑફ માય લાઇફ' તથા 'મિડસ્ટ્રીમ' નામનાં આ બાઈનાં જ લખેલાં બે પુસ્તકો જોઈ જજો.

પણ બહેરાં, મૂંગાં ને આંધળાં તે કોણ? કુમારી હેલન જેવાં કુદરતે અપંગ કરેલાં કે આપણ સર્વ ઇન્દ્રિયવંતાંઓ? આ પ્રશ્ન હેલનનો જ્ઞાનભંડાર જોયા પછી અત્યારે આપોઆપ ઊઠે છે! કુદરત જેની બાહ્ય શક્તિ હરે છે તેને રઝળાવતી નથી. માનવીનો અંતર્યામી દેહનાં બીજાં દ્વાર ખોલીને જગતની મોજ માણે છે. પણ આપણે?

આપણે ઢગોઢગ વાંચનારા, આપણને જાણ નથી કે આપણું ઘણું ખરું જ્ઞાન ભાડૂતી છે, જાલિમ વ્યાજે ઊછીના લીધેલા પરધન જેવું છે, કાગળના પોપટમાં ભરેલ લાકડાના ભૂંસા જેવું છે. આપણી કવિતા સ્વાનુભવના રસમાંથી ઉદ્ભવેલી કેટલી? આપણી વાર્તાઓમાં નિજપારખ્યા ભાવોનું સિંચન કેટલું? આપણી ભાષા પણ ક્યાં આપણી છે?

કેટલાંક વાર્તાપુસ્તકો—જેમાં મને અસંતોષ જડ્યો છે—તેના કર્તાઓ મારા અભિપ્રાયથી કચવાઈ જવાને બદલે ઊલટાના શ્રદ્ધાભાવે ને પ્રેમભાવે એમ પુછાવે છે કે તમે અમને અમારી વાર્તાના દોષો નિર્દેશ કરી કરીને બતાવો! નવીનોની આ ઉદાર દૃષ્ટિ આપણામાંના કેટલાય પુરાતનોને તથા અર્ધ પુરાતનોને નીચું જોવરાવનારી છે. પોતાની કૃતિ પર અણુગમતા અભિપ્રાયો વાંચીને આપણામાંના કેટલા બધા ગ્રંથકારો ગુસ્સો કરી બેઠા હશે!

તે તો અલગ વાત. પણ પોતાની કૃતિના દોષો જોવા સમજવા માગનારા આ ભલા નવીનોને શી રીતે સમજાવી શકાય, કે ભાઈ, અથવા બહેન, કેરી ખાટી હોય છે ત્યારે તેની ખટાશનું કોઈ ચોક્કસ સ્થળ કેરીમાં નથી બતાવી શકાતું. એ ખટાશ ફળની અંદર વ્યાપક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફળની પેઠે સાહિત્યની કૃતિની કાચી અવસ્થાએ જે ખટાશ વ્યાપક હોય છે તે તો એની એકંદર કચાશનું જ પરિણામ છે.

કારણ કે ઉપર કહ્યું તેમ આપણે વાર્તા લખીએ છીએ ત્યારે આપણી કને આપણી જ ઇંદ્રિયોને ગમ્ય બનેલા, આપણા ભાવના-જગતમાં ઊતરી એકરસ બનેલા, ને આપણા જ મનોરાજ્યમાં વારંવાર અવિરતપણે ઘોળાઈ શબ્દ-નિર્માણ પામેલા કોઈ વિશ્વજીવનનું અસ્તિત્વ જ નથી હોતું.

જે સરજાય છે (જો એને આપણે સર્જન કહી શકીએ તો!) તે ઊછીઉધારનું, અરે જાણે કે અજાણે ચોરેલું હોય છે. જમાનામાં વાતા પવનને ઝપાટે ચડી આપણે ઐતિહાસિક, સામાજિક કે ક્રાંતિ છાપની કૃતિઓ લખીએ છીએ, માટે જ આ લેખક ઘણા પ્રગતિશીલોને કઠવો બનીને પણ ટકોર કર્યા જ કરે છે, કે ક્રાંતિછાપનું નકલિયું, અથવા ભેળસેળિયું ઘી વેચવા ન નીકળીએ, પ્રથમ આપણા મનોનુભવોને જ વફાદાર રહી ફક્ત યોગ્ય આલેખન નિપજાવવાના વ્યાયામ ખાતર જ લખવાની ટેવ પાડીએ.

હમણાં જ મેં એક ઠેકાણે દૃષ્ટાંત આપેલું કે આપણે છીએ મધ્યમ વર્ગના માણસોઃ મધ્યમ જનસમૂહ આપણી આસપાસ ખદબદે છે. એની જીવન-દશાને કોઈ વાર્તાકારે સાચેસાચ પૃથક્કરણપૂર્વક અને વાર્તારસને વહાવતી શૈલીએ સાહિત્યમાં ઉતારી છે? મધ્યમ વર્ગનું જે ઉપલબ્ધ છે તે વાર્તાસાહિત્ય પૈકીનું ઘણુંખરું પોકળ, બાહ્ય રંગોએ રંગેલું, તેમજ દૃષ્ટિવિહીન છે એવું કહેવામાં ઝાઝી હિંમતની જરૂર નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. એ તણખા કોણ ફૂંકશે ?

બપોરના ત્રણ વાગે છે ને મારા ટેબલની સામે એક સ્નેહી ખુરસી ખેંચીને બેસે છે. 'છોકરા બે પ્યાલા ચ્હા !' એ એનો નિત્યનો અવાજ હોય છે. મને એ ચા પાવા આવે છે. ચાના પ્યાલા પરની પંદર મિનિટોમાં તો હું એના સળગતા શબ્દબોધમાંથી એકાદ સાહિત્ય-લેખ મેળવું છું.

તુચ્છકાર, તુચ્છકાર, આજના ગુજરાતી સાહિત્ય પ્રત્યેનો હૃદાર્દ્ર તિરસ્કાર વરસાવતા એ મિત્રની જીભ મને ડામ પર ડામ આપે છે, પણ મારો પાસે એ જબ્બાનને ચુપ કરવાની સામગ્રી નથી.

'ગુજરાતમાં સાહિત્યકારો કયાં છે ? સાહિત્યના મુર્દા ઉપર ચઢીને મોટાઈ શોધનારી કંગાલ મહત્ત્વાકાંક્ષાઓ જ દેખું છું હું તો.'

એમ કહીને એણે નામો લેવાં માંડયાં. એ નામો સાથે વાચકને નિસ્બત નથી.

'પણ સાહિત્ય તે સર્જાય કયાંથી ?' એણે કપાળ પર પાંચ આંગળીઓ લગાડીને જાણે કશુંક છંટકોરી નાંખ્યું: 'પ્રજા જે વસ્તુ જીવનમાં જીવી રહેલ છે, તેના રોમાંચ સાહિત્યકારને સ્પર્શે કયાંથી ? પ્રજાજીવનની ઘટનાઓને સંધરનારા ઈતિહાસકારો, દફ્તરદારો, અને ફક્ત નોંધ ટપકાવી જનારાઓ ય કયાં છે ?

'આજથી પચીસ વર્ષો પછી આવતી કાલનો કવિ કાવ્યના પ્રસંગો શોધતો હશે: રજપૂતો, મરાઠા, હબસીઓ અને ચીનાઓની તલવારોના તણખા ખોળતો હશે: ત્યારે તારા એ કવિને કોઈ જઈ કહેશે કે—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ક્રે ઇસ્વીસન ૧૯૩૦–૩૨ના ગાળામાં એક સોરઠી ગામડે, પાંચાલના અપોરની બળબળતી લૂ વચ્ચે, એક નદીના કોરા પટમાં એક સ્મશાન હતું, એક સ્મશાન–છાપરી હતી, આજુબાજુ જૂની ચિતાઓના રાખ–ઢગલા હતા, ને તાજી એક ચિતા જલતી હતી. લાલ, ધોળાં ને લીલાં આંપણો વેરાયાં હતાં, અને તેની વચ્ચે તોતીંગ ઊંચી વળી ઉપર એક ત્રિરંગી વાવટો ઊડતો હતો.

'સોળ વર્ષનો એક જુવાન સ્મશાન–છાપરીની કોર પર ચટણી લઢતો હતો. બીજો એક જુવાન ગામમાંથી ઘર ઘરની રોટી ઊઘરાવીને ઝોળી ભરી આવ્યો હતો.'

આટલું એણે કહ્યું ત્યારે મારી સ્મૃતિ પરથી જાણે કે પાંચ વર્ષની સોડ ઊડ ઊડ થઈ. ને મેં આ મિત્રના છેલ્લા બોલ ઝીલ્યા કે–

'અચ્ચા મારા! તું કવિઓમાં ખપે છે ને? તો આ વાત શું તારી કલ્પનાને સળગાવી દેવા બસ નથી, કે એ બે સ્મશાનવાસી કિશોરો ગામની સંગ્રામ છાવણીમાંથી હાંકી કાઢેલા અને સત્તાની બીકે પુરા બાર હજાર ગામજનોએ બેસવા જેટલી છાંયડીથી પણ બાતલ કરેલા છતાં 'ધ્વજને ઊડતો રાખજો!' એ પરંપરાગત વ્રતના પાલનાર્થે સ્મશાને જઈ પડાવ નાખનારા, કોઈ સુખી માબાપના પુત્રો હતા!

'બળતા દહાડા, ભયાનક રાતો, ફાટી પડે તેવી એકાન્ત, મુરદાંની વચ્ચે સૂતા ને જમતા બે જુવાનોઃ કલ્પી તો જો! હું તો નજરે જોવા ગયો હતો, છાપાવાળા તરીકે ને ચટણી વાટતા કિશોરે મને ય કહ્યું હતું કે ભાઈ, ખાવા બેસશો?

'એ નોતરું હું નથી ભૂલ્યો. મારા હાથની ચમકતી હેન્ડ–બેગ તે દિવસે કેટલી લાજી હતી! પણ એ માણસની રોટી ખાવા બેસવાની મારી તૈયારી નહોતી.

'યાદ આવે છે, કયાં બન્યું'તું આ જીવન–કાવ્ય?

'તારા જ ગામને સ્મશાને.

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પ્રજાનો આ ઇતિહાસ કયાંય સચવાય છે? મહાસભાના ઠરાવો, તહનામાં, અહેવાલો, દફતરોનાં થોથાં, અને ગાંધીજી: એ તમામની ઉપર કાળ-રથનાં ચક્રો ફરી વળ્યાં હશે તે દિવસે સાચવવા જેવા સાચા ઇતિહાસ-તણુખા તો આ બધા હશે.

'પણ ભાઈ, લોકો એની કથાઓ નથી ચાલુ કરતા. હવે લોકોને તો સાહિત્ય વાંચવાની લત પડી છે. લોકોને સભાઓ, ઠરાવો અને ભાષણોને ચાળે ચડાવ્યા છે આપણે.

'તણુખા પડયા હશે, એને કોણ ફૂંકશે? એની નોંધ કયાં છે? તારા સાહિત્યકારોને શી પડી છે એની?'

ચાનો પ્યાલો પિવાઈ રહ્યો, ને ભાઈ ઊઠયા. 'નકામો તારો સમય બગડાવ્યો યાર!' કહીને એણે મને એકલો, ઉંડાણમાં વલોવાતો છોડયો.

૭. ઇતિહાસને પૂંછડે ચીંથરાં

તાજેતરમાં જ લખવા ધારેલી એક સોરઠી ઇતિહાસકથાના આધારો શોધવા હું રાજકોટના લેંગ પુસ્તકાલયમાં ગયો હતો. 'કાઠિયાવાડ સર્વ સંગ્રહ', 'સોરઠી તવારીખ', કેપ્ટન ઓલનો અંગ્રેજી ઇતિહાસ, કિનકેઇડની કૃતિઓ વગેરે જે કેટલીક ચોપડીઓ ત્યાંથી સાંપડી તે પરથી આ વિચાર ટપકાવું છું. સૌરાષ્ટ્રના ઇતિહાસને લગતું છેલ્લું વિરામચિહ્ન કેપ્ટન ઓલનો ઇતિહાસ છે, તે પછી નવાં લખાયાં નથી. અને કાઠિયાવાડ સર્વસંગ્રહ, ભગવાનલાલનો ઇતિહાસ; વગેરેની પ્રતો નવી આવૃત્તિ જોવા પામેલ ન હોઈ આજે માંડ માંડ કોઈ કોઈ પુસ્તકાલયમાં સંધરાયેલી આ એકાકી પ્રતો તદ્દન જીર્ણ અવસ્થામાં જોઈને લાગી આવે છે. આ કૃતિઓની નવી સુધારેલી—વધારેલી આવૃત્તિઓ કેમ કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાપતું નથી ? એ પુસ્તકોની ગરજ તો ઘણી મોટી છે. કાઠિયાવાડના ધારાશાસ્ત્રીઓ પોતાના અસીલોના અનેક અટપટા મુકદ્દમાઓના આધારો મેળવવા માટે આ વિરલ પુસ્તકોની રહી સહી કૃતિઓનું જ શરણ શોધે છે. એ જીર્ણ થોથાંનાં પાનાં સેંકડો આંગળાંઓનો ઘસારો ખાઈ ખાઈ દયાજનક દશામાં ડચકાં જ ખાય છે. કાઠિયાવાડ એજન્સીને, કોઈ રાજ્યોને, ઇતિહાસ તેમ જ પુરાતત્ત્વની ઉપાસના કરવા સ્થપાયેલી અને પુષ્કળ નાણાં નમાલી ચોપડીઓ પર વેરતી કોઈ સંસ્થાઓને આવાં દુષ્પ્રાપ્ય પુસ્તકોની નવી આવૃત્તિઓ કાઢવાનું કેમ સૂઝતું નથી ?

ગુજરાત–કાઠિયાવાડના પ્રખર ઇતિહાસવેત્તાઓ પ્રત્યેની દયાજનક ઉપેક્ષાવૃત્તિનું ભાન મને આ વખતે એક ભાઈએ રાજકોટમાં કરાવ્યું. કાઠિયાવાડનો પ્રાચીનથી લઈ અદ્યતન ઇતિહાસ જેની જીભને ટેરવે રમતો હતો તેવા એક પુરુષ જીવ્યા ત્યાં લગી એજન્સીના દફ્તરખાનામાં જ દટાઈ રહ્યા. ને મુવા ત્યારે કોઈ કરતાં કોઈએ એને અંજલિ પણ ન આપી. એમનું સાગરસમ વિશાળ ઇતિહાસ–અવગાહન એની સાથે ગયું. એમાંથી થોડાંક બિંદુઓ ઝીલનાર પણ એક અંગ્રેજ અધિકારી જ નીકળેલો. એ ગોરા ઇતિહાસપ્રેમી તે માજી પોલિટિકલ એજન્ટ વીલ્બરફોર્સ બેલ. સૌરાષ્ટ્રના સમકાલીન તવારીખપ્રવાહોનું તારણ કરનાર એ અંગ્રેજ પોતાના 'ધી હિસ્ટરી ઑફ કાઠિયાવાડ'ના પ્રવેશકમાં એક પુરુષનો ઋણસ્વીકાર કરે છે. એ પુરુષ તે એજન્સીના માજી દફ્તરદાર સ્વ. વિઠ્ઠલરાયભાઈ ! કેપ્ટન બેલનો ઇતિહાસ તો જ લખાય, જો સ્વ. વિઠ્ઠલરાયના કંઠે રમતી કાઠિયાવાડની સદીઓની સદીઓ એ પુસ્તકમાં સંકલનાબદ્ધ સ્વરૂપે ઠલવાય.

જે ઐતિહાસિક નવલ હું દોરી રહ્યો છું તેનું 'એપિક' ઘટનાસ્થલ રાજકોટથી સોળ જ કોસને અંતરે પડેલું છે. સંવત ૧૬૪૮ ના શ્રાવણ સુદ આઠમ ને બુધવારનો એ યાદગાર બનાવ ધ્રોળના પાદરના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક રણથળ પર અંકિત થયો છે. એ જો કેવળ સંહારભૂમિ હોત તો ઝાઝો રસ ન પડત. પણ 'ભુચર મોરી'નું એ પ્રેતસ્થાન માનવતાના રંગમય સદ્ અસદ્ આવેશોની લીલાભૂમિ છે. એનો પહોળો ખોળો ખૂંદતી કલ્પના તત્કાલીન વાતાવરણ પકડી પાડે તેવા ત્યાં અવશેષો છે.

'ભૂચર મોરી'નું રણમેદાન એટલે તો એકચક્રી અકબર-શાસનનો સૌરાષ્ટ્રમાં સૌ પહેલો પંજો ઝીલનાર સ્થાન. ત્યાં એ કદી પૂર્વે ન દીઠેલી તેવી એક ખાંભી દીઠી. લાંબી શિલા પરનો એ અશ્વ હમણાં જાણે હાવળ દેશે એવો બાંકો : એની લગામના બારીક વળ પણ ચોખ્ખા છે. એનો અસ્વાર નગ્નદેહી છે. અણદાંકી એ વૃદ્ધ કાયામાં ફાટફાટ તંદુરસ્તી અને કસરતી કોવત છે. એના કંઠમાં માળા છે. એની કમ્મરમાં ફક્ત કટાર છે. એના હાથમાં તલવાર છે. એ છે એક આખી નાગડા બાવાની ખાંભી. નાગડાઓનો પલટને એ યુદ્ધમાં રજપૂત પક્ષે યુદ્ધ કર્યું હોવાની એ નિશાની છે.

અને અચરજ તો એ છે, કે અસ્વારની પ્રતિમાને માથે બે પક્ષીઓ ઘૂઘવતાં કંડારેલ છે.

આ હિન્દુ સમાધિઓથી થોડે દૂર એક હજીરો છે. તેના પર સાત મુસ્લિમ કબરો છે.

'ભૂચર મોરી'નાં એ સ્મારકો સળગતાં વેરાન વચ્ચે ઊભાં છે. આજે પણ એ રણથળ જ ભાસે છે. આવા મહત્ત્વના ઇતિહાસ ચિહ્નને આપણાં ઐતિહાસિક સંગ્રહાલયો પોતાની પાસે તસ્વીરરૂપે, અરે, નોંધરૂપે પણ સાચવે છે ? નહિ. એને આજેલી લોકકથાઓ લુપ્ત થઈ છે. ત્યાંનાં વાસીઓ પણ પૂરી વાત કહી શકતાં નથી.

જો આપણે ભૂતકાલીન ઇતિહાસ ઉપર ચોકડી મારી નાખી હોય તો તો કશું કહેવાનું જ ન હોય. પણ એક તરફથી આપણે ઇતિહાસના અવશેષોને સંધરવાની ને ઉકેલવાની જરૂરત સ્વીકારીએ છીએ, સંસ્થાઓ ખોલીએ છીએ. તવારીખનાં આ ઊડી જતાં પાનાં,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી બાજુ, અનાદર પામે છે. અર્થ એ છે કે ઇતિહાસ પ્રત્યે આપણું વલણ કાં તો ખોટી આપવડાઇનું છે, અથવા તો અનાવટી છે. ભૂતકાળ જોડેની કડી સ્પષ્ટપણે નિર્દયતાપૂર્વક તોડી નાખી શકતા નથી, તેમ નથી એ કડીને યોગ્ય સ્થાને મૂકી શકતા. આપણે ઇતિહાસને પૂંછડે બંધાયેલાં ચીંથરાં જેવી સ્થિતિ ભોગવીએ છીએ.

૮. ચિત્રો અને સાહિત્ય

નાનપણમાં તમારામાંના જે કોઇએ મારી માફક અનંત શિવાજી દેસાઈવાળાએ બહાર પાડેલાં રામ લક્ષ્મણ સીતાનાં, પાંડવોનાં તેમજ નળ–દમયંતી વગેરેનાં ચિત્રો જોયાં હશે, તેમણે રામાયણ મહાભારતનો રસાસ્વાદ સદાને માટે ગુમાવ્યો હશે.

રામચંદ્રજીનું ચાહે તેવું વર્ણન તમે મારી પાસે કરોને, મને તો અનંત શિવાજીની છબી—જેમાં રામ ચારે ભાઈઓના દેખતાં સીતાને ખોળામાં લઈ ને બેઠા છે; એ જ છબી યાદ આવે છે.

એ છબીઓએ જેમ આપણા મહાકાવ્યોનાં પાત્રોની આપણી કલ્પનાઓને વણસાડી છે તે જ રીતે શેકસ્પિયરના નાટક 'ઓથેલો'ની તમામ મઝા એક દિવસ ભાવનગર મુકામે મારી ગઈ તે મારી જ ગઈ. એને આજ વર્ષો થયાં. 'ઓથેલો'નું કોઈ ફ્રેન્ચ ચિત્રપટ તે રાતે ભૂલભુલથી જોવાઈ ગયું, ને બાનાખરાબી થઈ ગઈ.

જો ડેસ્ડેમોના જેવી પ્રેયસીનું દિલ જીતનાર વીર મુર ઓથેલો એ ચિત્રપટમાં બતાવ્યા મુજબનો કોઢી–લાટનો કદરૂપો, ઢમઢોલ પેટ વાળો હોય તો તો ડેસ્ડેમોનાને ગરદન પીસીને મારવાની જ એને શી જરૂર પડી ? ડેસ્ડેમોના એને બિછાને સૂતા વગર ફક્ત એના દિદાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માત્રથી જ ન ફાટી પડી હોત ! એ ચિત્રમાંહેના 'ઑથેલો' ને માટે તો એક જ શબ્દ હોઈ શકે : 'ઍન આઉટરેજ !'

આજે ઘણાં વર્ષો પછી 'ઑથેલો'ની સૂરતની એ ચૂડમાંથી કલ્પના છુટકારો પામે છે. એક ઈટાલિયનના ઑથેલો–સ્વાંગની તસ્વીર જોઉં છું, અને થાય છે કે ડેસ્ડેમોના રૂપની પારખું હોવી જ જોઈએ.

આ પરથી મારી વિનતી તો આપણા અચ્છા કવિતાકારોને તેમ જ વાર્તાનવેશોને છે : કે કૃપા કરીને તમે તમારાં પાત્રોની મુખ-મુદ્રાઓ ચિતરાવો નહિ, તમે અમારા જેવા વાચકોની કલ્પનાબુદ્ધિનું ને રસજ્ઞતાનું ખૂન ન કરાવો. ભાવનાને ચિતરાવો, પાત્રને નહિ. પાત્ર તો વાચકે વાચકે જુદા રૂપ ધારણ કરી રહે છે. પાત્રનાં ચિત્રો વિનાની વાર્તાઓ વાંચકની કલ્પનાને અસીમ ક્ષેત્ર આપે છે.

ભીમનો પાઠ મેં કલકત્તાવાળી જૂની પારસી નાટક મંડળીના તખતા પર જોયો છે ત્યારથી ભીમ મને મથુરાનો ચોબો તેમ જ મારવાડી રસોયો, એ જણને ભેળાં કરીને ધડેલો લાગ્યો છે. આજ સુધી મગજમાં મને સાચા ભીમનો પત્તો નથી મળતો.

રજપૂત પ્રેમશૌર્યના યુગ પ્રત્યે મારા અને મારા જેવા લાખોનો છૂપો તિરસ્કાર ઉત્પન્ન કરવાનું કામ કોણે કર્યું છે એ જાણો છો ? રંગભૂમિ પર અને રૂપેરી પડદા પર ભજવાતા એ 'નરકેસરી'ઓનાં નાટકોએ. એમણે આપણને વિકૃતમાં વિકૃત સ્વરૂપમાં રજપૂત 'શિવલરી' બતાવ્યા કરી છે.

પણ એ એટલું ભયાનક નથી, જેટલું ભયાનક આપણું નવલકથા સાહિત્યનું ચિત્રાલેખન છે, એનું આક્રમણ ઝેરી છે. એ અમુક ચોક્કસ મરોડ અને ચોક્કસ મુખમુદ્રાનાં ચોગઠામાં જ આપણી કલ્પનાને ઠોકી બેસારે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯. કલા અદાલતમાં

માર્લીબોર્ન શહેરની અદાલતમાં એક ચીંથરેહાલ આદમીને ખડો કરવામાં આવ્યો હતો. એના મોં ઉપર ચિંતા અને ગભરાટ છવાઈ ગયાં હતાં. એ ભીખ માગવાનો ગુનો કરનાર ભામટો છે, એવો પોલીસ તરફનો આક્ષેપ હતો.

'હું તો લાદી ઉપર ચિતરામણ કરનાર કલાકાર છું,' એવો એ કેદીનો બચાવ હતો.

મેજિસ્ટ્રેટે પૂછ્યું : 'તું પોતે ચિત્રો દોરી શકે છે?'

'જી હા.' કહેતાં કેદીનો ચહેરો પ્રકાશિત બન્યો.

એક કાળું પાટિયું લાવીને કેદીના ઓરડામાં મૂકવામાં આવ્યું. કેદી આર્થરને ત્યાં એકલો મૂકીને સહુ ખસી ગયા.

કલાક પછી જ્યારે ન્યાયમૂર્તિએ કાગળિયાંમાંથી માથું ઊંચક્યું, ત્યારે જેલર તેની સામે પાટિયું ધરીને ઊભો હતો. પાટિયા પર ચિત્ર હતું: ઘનઘોર વાદળ, પછાડા મારતો દરિયો, કિનારાની ખડકમાળ ઉપર ચીસો પાડી પાડી ઊડતાં દરિયા-પંખીઓ.

હસીને ન્યાયમૂર્તિએ કહ્યું: 'આ તો આપણો અહીંનો જ સમુદ્રતટ છે.

'કેદીને મુક્ત કરો.'

કલાકાર ચાલ્યો ગયો, છતાં ન્યાયમૂર્તિની નજર હજુ પેલા ચિત્ર ઉપર જ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦. સચોટ ઉપમા

ઉપમાના શોખીનોએ સિનેમાના ધ્વનિવાહક યંત્રને માટે કદી કોઈ ઉપમા શોધી છે? માઇક્રોફોનની નીચે બેસનાર હરકોઇ અભિનેતા અકેકે કલ્પના કરી લે: અને પછી જ આ ઉપમા વાંચે:

'આ માઇક્રોફોન જાણે કોઈ બાજ જેવું મારા હોઠ પર ઝપટ કરે છે અને મારા શબ્દોને પોતાની ચાંચમાં ઝડપી ચાલ્યું જાય છે.'

આ કલ્પના આફ્રિકાના એક હબસી સરદારને સૂઝેલી છે. એનું નામ કુમાલોઃ કુમાલોને આફ્રિકાના હબસી ઇતિહાસને લગતી એક વાર્તામાં પોતાના મૃત કાકાની ભૂમિકા ભજવવા એક ચિત્રપટ-કંપની લંડન લઈ આવી છે, ને ભૂમિકા ભજવતો ભજવતો માઇક્રોફોનની નીચે બેસીને કુમાલો આવી કાવ્યમરી ભાષા બોલે છે.

૧૧. હરીન્દ્રની રચનાશક્તિ

'**ધી ફાઉન્ટન્સ**-ઝરણાં' નામનો એક નવો કવિતા-સંગ્રહ શ્રી. હરીન્દ્ર ચટ્ટોપાધ્યાય છપાવી રહેલ છે. કવિના સૌજન્યને પ્રતાપે એ સંગ્રહની હસ્તપ્રત મને જોવા મળી છે. એનાં સત્તા સો ઊર્મિગીતોની કુલ પોણા બે હજાર પંક્તિઓ કવિએ બાવીસ દિવસમાં રચી હોવાનું તે ગીતો પરથી લખેલી મિતિ પરથી ગણી શકાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રચનાકાલ હરરોજના પ્રાતઃકાળનો હતો. પ્રભાતે પ્રભાતે આ ગીતો હરીન્દ્રના હૃદયઆંગણે ચણ ચણવા મોરકબૂતરોની માફક ઊતર્યાં હશે. આ અનાયાસી કાવ્યધારામાં કવિના આત્માની નવપ્રસન્નતા નીતરી રહી છે. 'પરમ'ની સાથે તન્મય ભાવ અનુભવનાર જ આવાં ઝરણાં રેલાવી શકે.

૧૨. કાંટાનો ગળીઓ

'ધી પેટ્રિફાઇડ ફોરેસ્ટ – થીજેલું અરણ્ય:' એ નામના ચિત્રપટમાં તમે એક ખૂબી દીઠી? એ નાની શી ઘટનાનો નાયક એક યુવાન છે. ભાવિનાં સ્વપ્ન સેવતો, આદર્શોની ભાષામાં જાન ઢાલવતો, ભાવનાને અંતરમાં છુપાવતો એક ભ્રમણપ્રેમી જુવાન: એકલો જગત પર આથડે છે.....પણ કલમ એની ખરી જીવનાવસ્થા નહિ આલેખી શકે. ચિત્રપટના સંયોજકે એનું એક જ સપાટે મર્મચિત્ર પકડયું છે. શું કર્યું છે? અરણ્યમાં સૂસવતા વાયરા, થીજેલાં હિમ અને વેરાન ધરતી બતાવી છે. વચ્ચે એક—એક જ કાંટાનો ગળીઓ ઊડતો મૂક્યો છે.

ગળીઓ વેરાનભરમાં ઠેલાતો જાય છે, ને પાછળ ચાલ્યો જાય છે એ એકલ જુવાન. એ ગળીઓ જ આ જુવાનના ચરિત્ર–ચારિત્ર્યનું માર્મિક પ્રતીક છે. પણ ચિત્રપટની સૃષ્ટિ સિવાય બીજે કોઈ ઠેકાણે આ ખૂબી ન લાવી શકાઈ હોત. હજારો જીવનપ્રસંગોની બનેલી એક વાર્તા આ એક ગળીઆની સૂચકતા ન નીપજાવી શકત.

ચિત્રપટના સર્જનની અને પુસ્તકના સર્જનની વચ્ચે રહેલો કલા–ભેદ આ ગળીઆ જેટલો જ છે. પણ પુસ્તકનો સફલમાં સફલ લેખક પણ જ્યાં સુધી ચિત્રપટની એવી નાની નાની ખૂબીઓને ન પકડી જાણે, ત્યાં સુધી એનું ચિત્રપટ પર રજૂ થવા દોડવું હાનિકારક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩. કલા કલા વચ્ચેનો સહકાર

'છાયા' નામનું મરાઠી બોલપટ જોયું. જોવા જવાની ખાસ લગની તો એ હતી, કે નવીન મરાઠી સાહિત્યના પાણીદાર મોતી ખાંડેકરની વાર્તા એમાં ઊતરી છે.

મૂળ વાર્તા તો વાંચી નથી, છતાં પરદા પર રજૂ થતી ચિત્ર-માળમાં એટલી બધી સ્વચ્છ સંકલના તેમજ સ્વાભાવિકતા દેખાઈ, કે ખાંડેકરની અસલ કૃતિની સીમાદોરીની બહાર ચિત્રપટના વિધાયકો નથી જ ગયા, એમ માની લઉં છું.

પણ આમાં અભિનંદન કોને આપું? લેખકને કે પરદાના કસબીઓને? લેખકનું તો અહોભાગ્ય કે સાહિત્યની કલાને, ભાવનાને, માર્મિકતાને, સમગ્ર સંસારદૃષ્ટિને પૂર્ણ ઇન્સાફ આપનારા કારીગરો મળ્યા.

'છાયા'ના સર્જકો પાસે માથું નમે છે, કેમકે તેમણે લેખકની એક લાંબી સંસારકથાને પોતાની કલાની અમુક સાંકેતિકતાની સહાય લઈ પુસ્તક કરી શકે તે કરતાં વિશેષ સજીવ કરી.

વાર્તાનું ખલ-પાત્ર એક જડવાદી ડાક્તર છે. વસ્તુતઃ એ ખલ નથી, એક વર્ગનો પ્રતિનિધિ છે. ઠંડોગાર, અક્કડ, નિર્મમ, કોમળતા માત્રને હસી કાઢનાર, લેશ પણ ઉત્તેજના બતાવ્યા વગર પોલીસ થાણા પર બાતમીના ટેલીફોન ફૂંકનાર એ ડો. અતૂલઃ ખાંડેકરે તો ફક્ત વર્ણવ્યો જ હશે એને. પેંઢારકરે એની જે ભૂમિકા ભજવી છે તે જોઈ મન વિમાસણમાં પડે કે મૂળ લેખકે તો ચિત્રપટ પરથી જ ડોકટર લીધો નહિ હોય?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગીતા સર્વ યથાસ્થાને, મરતા ભાઈને માટે શ્રીફળ વેચવા જતી બહેન, કલાના પતનનું સૂચન આપતું એક દેરાનું ભાંગતું શિખર, એના કૃત્યનું એક દૃશ્ય પણ દેખાડ્યા સિવાય એના ઘરને આંગણે તુલસીનો રોપ બળી ગયેલો દેખાડવાની સાંકેતિકતા, 'પાણી પાણી' પુકારતા બાળકના મોં પર રૂપિયાનો દરોડો, બહાર ઝાપટતા વરસાદને જૂનાં બાલ-જોડકણાં લવી લવી બોલાવતો શોષિત કંઠ, આજની છોકરો: એવું તો ઘણું ઘણું. લેખક આમાંની બધી વાતો કેમ કરીને વર્ણવી શકે? ચિત્રપટની કલા પાસે પોતાની જ અનોખી સંકેત-વાણી છે. તે એક જ વાણી આવા આયોજનની વાહક બની શકે. તે વાણીએ સાહિત્યકારની કલમ-કાગળની વાણી જોડે 'છાયા'માં સાધેલી તાદાત્મ્યતા કોઈ પણ વાર્તાલેખકની નજર સામે કલા કલા વચ્ચેના સહકારની શક્યતાનું મેદાન ધરે છે.

આ વાત આટલો ભાર મૂકીને લખાય છે, કારણ કે સાહિત્ય-ક્ષેત્રમાં આબરૂ ધરાવતા લેખકોની કૃતિઓ માટે આપણાં ચિત્રપટોની દુનિયામાં માગ જન્મી છે, પ્રમાણમાં એ કૃતિને ન્યાય આપવાની સૂક્ષ્મ કાળજી હજુ નથી જન્મી; અથવા પસંદગી કરવામાં ચિત્રપટના વિધાયકો લેખકની કૃતિઓની ખૂબીઓ કરતાં બજારૂ તત્ત્વો તરફ વિશેષ નજર રાખે છે: અને લેખકોના નામ માત્રને વટાવવાની પણ ઉતાવળી વૃત્તિ કામ કરી જાય છે.

કલા કલા વચ્ચેના સહકારની વાતમાંથી એક બીજી વાતનો દીવો પેટાય છે.

ગયા રવિવારે 'ગુજરાતી' સાપ્તાહિકની ઑફિસમાં ભાઈ અંબાલાલ જાનીના નિવૃત્તિપ્રસંગે એક સંમેલન નોતરાયું હતું. ત્યાં થયેલાં વ્યાખ્યાનોમાં શ્રી બ. ક. ઠાકોરનો આગ્રહ હતો કે પત્રકાર તે સાહિત્યકાર નથી. તેના જવાબમાં શ્રી. મસ્તફકીરની ને શ્રી. અંબાલાલ જાનીની એ દલીલ હતી કે પ્રચંડ જનસમૂહનાં દિલો પર ચોટ લગાવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જનતાને ધાર્યો વિચાર-પરિવર્તન પર લઈ જનારી જે પત્રકારત્વની વાણી, તે જો સાહિત્ય નથી તો શું છે?

લાંબી ચર્ચા નથી કરવી. નિર્બંધતાની મોકળાશ વચ્ચે જ સાહિત્ય સર્જી શકાય, એ શ્રી. ઠાકોરનું પ્રતિપાદન દુનિયાના સાહિત્ય-સર્જનનો ઇતિહાસ જાણનારને કોઈને અંતરે નહિ ઊતરે. બીજી બાજુ પત્રકારત્વની પાસે પોતાની કેટલીએક એવી વિશિષ્ટ શક્તિઓ, ખૂબીઓ અને કલા છે, કે જેનો સાહિત્યને જો સુયોગ જડે તો ચિત્રપટ તથા સાહિત્ય વચ્ચેના સુમેળનું 'છાયા' માં આવેલ છે તેવું જ સુંદર પરિણામ એ સુયોગનું પણ આવે.

જનરુચિની નાડી કોના હાથમાં છે? પત્રકારના. સમૂહહૃદયના સાચા ધબકારા કોણ સાંભળી શકે છે? પત્રકાર. પત્રકારત્વનો અને પ્રજાનો સંબંધ રોજેરોજનો, સવારનો તેમજ સાંજનો, સદૈવ તાજો અને પ્રાણગત સંબંધ છે, માટે જ પત્રકારત્વ સાહિત્યની ચક્ષુ બની શકે.

૧૪. જેઓની છાતી છૂંદીને સ્વાધીનતા ચાલી છે–

મહાસભાનો પચાસ વર્ષોનો ઇતિહાસ દેશજનોના કંઈક ત્યાગ-સમર્પણોની વાતોથી અંકિત છે. ઘણા પ્રકારનાં બલિદાનો એ ઇતિહાસને પાને ચડાવાય છેઃ દોલતનાં, નોકરીઓનાં, ધંધાનાં વગેરે.

એક પ્રકારનું આત્મસમર્પણ એમાં અણનોંધ્યું છે. એ છે સાહિત્યની કારકિર્દીઓનું સમર્પણ. દેશની ભક્તિને સારુ સાહિત્યપ્રેમનું વિસર્જન દેનારાં ઘણાં હતાં, ઘણાં ઘણાં હજુ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉઘડતી કવિતા—કળીઓને ઘણા ઘણાઓએ રાષ્ટ્રસેવામાં હોમી આપી છે. દેશબંધુ દાસ પહેલી હરોલના કવિ થઈ શકત. રાષ્ટ્રકાર્યે એમની એ કારકિર્દીને અકાલે ચગદી નાખી. ચિતરંજને ઘણા વૈભવો છોડ્યા, કવિત્વનો વૈભવ તજીને ચિતરંજને ભેખને શરણ અદાવી.

દેવી સરોજિનીની પાસેથી રાષ્ટ્રે કવિતા ખૂંચવી લીધી. કવિ તરીકે એનું સ્થાન આંતરરાષ્ટ્રીય બન્યું હોત. રાજદ્વારી તરીકે એમની મહત્ત્વાકાંક્ષાને મર્યાદા મુકાઈ ગઈ. આજ કવિ સરોજિનીને વિશ્વનાં અનેક વિદ્યાપીઠો નોબુચીની જેમ નિમંત્રણ દેતાં હોત.

શ્રી. સુરેન્દ્રનાથ અને શ્રી. બિપીનચંદ્ર પાલ અવલ દરજ્જે ભાષાના સ્વામીઓ હતા. સાહિત્ય તેમનો પ્રિય જીવનપ્રદેશ. એ પ્રદેશને સલામ કરીને તેઓ ચાંપલિયા ગણાયા. યશઅપયશના ઘણી બન્યા. 'મદ્રકી મઝાની પેરે તીર' બાંધીને બેઠા હોત, સાહિત્યની કૃતિઓ સરજી હોત, તો વધુ સુખી થાત.

ગાંધીજીને નિરાંત હોત તો સાહિત્યનું જ સેવન કર્યા કરત. એ માનવી આજે વાંગ્મય વાંચવા તલખતો હશે, પણ સાહિત્ય એને માટે તો ઉપભોગની વસ્તુ, મોજની વસ્તુ ઠરી ગઈ.

મૌ. મહમદઅલીની વિદ્વારસિકતા કયાં અજાણી હતી ? ભાષા-સમૃદ્ધિના એ સ્વામી હતા. કોઈ પણ સાહિત્યક્ષેત્રને એણે શોભાવ્યું હોત. વાર્તાઓના વિધાયક રાજગોપાલાચાર્ય, વિદ્યાલયના અધ્યાપક થવા લાયક આચાર્ય કૃપલાની, સાહિત્યની પરમ જીવનઆહુતિ આપનાર સાવરકર, અરે, નાનાંમોટાં કેટલાંય નામો સાહિત્ય-સમર્પણની એક પરંપરા રચી રહેલ છે.

રામપ્રસાદ 'બિસ્મિલ'ની કવિતાઓને ઊર્દુ જગતમાં જરૂર જુઓ. ફાંસીએ જતાં જતાં એણે રચેલી કૃતિઓ, એમાં સાચા કાવ્યની મિતભાષિતા, માર્મિકતા ને કલા છે. એણે જો ' વિજન અને અઘોર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંથડા' ન ઝીલ્યા હોત તો એની કવિકીર્તિ 'ઇકબાલ'ની જોડમાં ઊભી હોત.

આ બધો ત્યાગ નાનોસૂનો નહોતો. પ્રથમ શ્રેણીના એ સર્જકોને રાષ્ટ્રકાર્ય ખૂંચવી ગયું, તેથી આપણું સાહિત્ય આજે કેટલીક કંગાલિયત ભોગવી રહેલ છે.

ગુજરાતી સાહિત્યક્ષેત્રે પણ મોટાં બલિદાનો દીધાં છે. નરહરિભાઈને, મહાદેવ દેસાઈને, જુગતરામને; ભાષાશાસ્ત્રીઓ, ગ્રંથકારો તેમજ કવિઓ પણ બની શકવા હોત તેવા સંખ્યાબંધ યુવકોને, જાહેર જીવનના ખાડા પૂરવા ચાલી નીકળવું પડ્યું છે.

દેશની પાસે માણસો ટાંચાં છે. એક ઠેકાણે પુરાણ કરવા માટે બીજે ઠેકાણે ખાડો ખોદવો પડે છે. સાહિત્યકારોનાં હૃદયોની ગાદલી પર પગલાં ભરતી ભરતી સ્વાધીનતા ચાલી આવે છે.

સ્વાધીનતાનાં ચરણો સાહિત્યકારોનાં કલેજામાં બોળાયેલાં છે. એવાં છુંદાયેલાં હૃદયો જ્યાં જ્યાં પડ્યાં પડ્યાં, ક્ષીણ સ્વરે, છાનાંમાનાં ય નિજ વતનને માટે ઝૂરતાં હોય, ત્યાં ત્યાં તેમને આ અલ્પ શ્રદ્ધાંજલિ પહોંચજો !

૧૯. પુશ્કિનની મા

નાનપણમાં એ ડરકુ, એકલસૂરો અને ઉદાસ છોકરો હતો. (પ્રતિભાવાન બાળકો ઘણે ભાગે આવાં જ હોય છે.) એની માથી આ સહેવાતું નહિ. ખાસ કરીને તો એની હથેળીઓ ઘસ્યા કરવાની અને હાથરૂમાલો ખોયા કરવાની આદત પર મા ખોફ વરસાવતી. એ બે કુટેવો છોડાવવા મા શું કરતી ? એના હાથ પીઠ પછવાડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંધી રાખતી, ને એના ડગલા સાથે રૂમાલને ટાંકા લઈ ચોટાડતી. આ દશામાં એનું મહેમાનો પાસે પ્રદર્શન કરતી.

આવું બાળાપણ, ને આવી મા રશિયાના સર્વશ્રેષ્ઠ શાયર પુશ્કિનને મળ્યાં હતાં. મા પાસેથી ન સાંપડેલ મમતા અને કોમલતા પુશ્કિને દાદીમા પાસેથી અને બુઢ્ઢી આયા પાસેથી મેળવ્યાં. આયાને કંઠે લોકવાર્તાઓનો અખૂટ ખજાનો હતો. પુશ્કિનની કલ્પનાને એ લોકવાર્તાઓનું પોષણ મળ્યું. 'મારા કમનસીબ યૌવનની એ માયાળુ મિત્ર' કહીને રશિયાના કવિશિરોમણીએ આ આયાની સ્મૃતિ જીવનમાં સંઘરી હતી.

'પુશ્કિન' નામની તાજી બહાર પડેલી જીવનકથામાં ચરિત્ર લેખક અર્નેસ્ટ સિમ્પ્સન આ પ્રસંગ ટાંકે છે ને કહે છે કે આવી માને તો બાળકનો ઊછેર સોંપવા કરતાં ગરદન પીસીને મારી નાખવી એ વધુ દયાનું કામ ગણાત.

ગુજરાતી લેખકોના જીવનમાં: એમનાં માતાપિતાએ જે જે ભાગ ભજવેલ છે, તેનો ઇતિહાસ શોધવા જેવો હોવો જોઇએ. કેટલાય સાહિત્યકારોએ પોતાની બાલ્યાવસ્થામાં ગૃહક્લેશના ભડકા જોયા હશે. પિતામાતાના અણબનાવો, સાવકી માની હૃદયશૂન્યતા, સગા ભાઈઓના તિરસ્કાર, શિક્ષકોની ક્રૂર શિક્ષણપદ્ધતિઓ, વગેરે સંસ્કારોમાંથી અનેક લેખકોએ જીવન પ્રત્યેની સારી નરસી દૃષ્ટિ કેળવી હશે.

કોઈક લેખકની કૃતિઓમાં વારંવાર માતૃસ્નેહના ઊમળકા જોવામાં આવે છે. એને સારી મા મળી હશે એવું ન માની લેવું. કોને ખબર છે, માના વાત્સલ્યથી વંચિત રહી ગયેલું હૃદય જ જીવનમાં જે ન પામ્યું તેની ઊણપ સાહિત્યમાંથી પૂરી લેતું હશે.

દાંપત્યના અતિ સુંદર ભાવો ઠાલવી રહેનાર લેખકને વિષે જીવનમાં એને કદાચ દંપતી–સુખ નહી સાંપડ્યું હોય એવું અનુમાન સાવ ખોટું ન સમજીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલુ જીવનપ્રવાહમાં એવી અનેક ઘટનાઓ બન્યે જાય છે, જે પચાસ વર્ષ પછી મહાન કથાને જીવન આપનાર ગણાશે. એવી એક ઘટના ચાર વર્ષ પર બનેલી. 'મીરત કેસ'ના તહોમતદાર મજૂર નેતા શ્રી. જોગલેકર પર ન્યાયમંદિરની રોજિંદી સુનાવણી દરમ્યાન જ અંબુતાઈ અહેરે નામની એક ગ્રેજ્યુએટ કુમારિકા પ્રેમમુગ્ધ બનેલી, અને જોગલેકરને લાંબી સજા થવાની છે તે જાણ્યા છતાં; એ કન્યાએ જોગલેકર સાથે લગ્ન કર્યું હતું. અપીલમાં જોગલેકર ન છૂટ્યા હોત તો આ પત્નીને માટે બાર વર્ષનો વિયોગ–અથવા સંભવ છે કે ચિરકાળનું વૈધવ્ય મુકરર જ હતું.

૧૬. સાહિત્યમાં ચમાર–વૃત્તિ

મુર્દાં ચીરવાની મનોવૃત્તિએ સાહિત્યના જગતમાં ત્રાસ વર્તાવ્યો હોય એમ નથી લાગતું. એ વૃત્તિ ચીરીને જ નથી અટકી, મુડદાલ માંસ પણ ખાતી થઈ છે.

મરી ગયેલા ગ્રંથકારોની ખ્યાતિનો લાભ ઉઠાવવા માટે એમના સંસાર–જીવન ફેંદનારી જે વૃત્તિ છે, તે છે ચમાર—વૃત્તિ. પશ્ચિમમાં એ પ્રલોભન હદ કુદાવી ગયું છે.

આ વિચારો પ્રેરનાર એક લેખ છે—'વૉઝ ટૉલ્સ્ટૉય એ હંબગ?' એ લેખ ટૉલ્સ્ટૉયનાં છેલ્લાં વર્ષોનાં રુધિરમાંસ આજે સત્તર વર્ષની અવધ વીત્યા પછી ચીરે છે.

૧૯૧૦ના ઑક્ટોબરની ૨૮મી તારીખે ટૉલ્સ્ટૉયે ગૃહત્યાગ કર્યો, પત્નીને ને પરિવારને તજ્યાં, દસ દિવસ પછી એક રેલ્વે સ્ટેશન પર એમણે દેહ છોડ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ગૃહત્યાગના બનાવને ચૂંથવામાં બાકી નથી રહી. પુરાવા અને સાબિતીઓના ઢગ ખડકાયા છે. બે પક્ષોએ સામસામાં શીંગડાં ભરાવ્યાં છે. એક પક્ષના સાક્ષી પુરાવા એવું સમર્થન કરે છે કે પોતાની ઇરિકામતના માલેકી હક્કો પરત્વે ટોલ્સ્ટોયના જે નવા વિચારો બંધાયા હતા, તેનો અવિરત ઉગ્ર વિરોધ કરી કરીને એની પત્નીએ જ એનું જીવતર અસહ્ય બનાવી નાખ્યું હતું.

૧૮૮૧ પછીનાં લખેલાં તમામ પુસ્તકોના કોપીરાઇટને ટોલ્સ્ટોયે તિલાંજલિ આપી હતી, એની ઓલાદને પણ એ હક્કોમાંથી બાદ દેતું છૂપું વીલ એણે એના પ્રકાશકને કરી આપ્યું હતું. માલિકીના હક્કોનું આ વિસર્જન જ એની પત્નીને શલ્યસમ બની ગયું હતું. આ કારણે જ મિલ્કત-લોભણી પત્નીએ સંત સ્વામીને સંતાપ્યો, એમ એક પક્ષે તકરાર ચલાવી.

બીજો પક્ષ આવું તોહમતનામું ટોલ્સ્ટોયની પત્ની પર મૂકનારાઓને 'દુષ્ટો' કહે છે, અને એવું પુરવાર કરવા માગે છે કે આ ખટરાગ પત્નીની મિલ્કત-લાલસાનો નહીં, પણ ટોલ્સ્ટોયના બ્રહ્મચર્ય વ્રતનો ને પત્નીના અણસંતોષાયાથી સળગતા દાંપત્ય કોડનો જ કલહ હતો.

પત્નીએ લખેલી જીવનકથા અહાર પડી છે, ને જગતમાં કેટલો મોટો ધાણ આ જીવનકથાઓએ કાઢયો છે!

પત્ની શી શી વાતો લખે છે!

'મારો ધણી એ કાળમુખા પ્રકાશકને હાથે પોતાના વિધવિધ મરોડવાળી સત્તાવન સત્તાવન તસ્વીરો પડાવે, છબીઓ લેવરાવવા છેક જંગલોમાં દોડે ને હું એનો એક જ ફોટો લેવા એને એકવાર વિનવણાં કરી કરી થાકી, તો એણે મારું મોઢું તોડી લીધેલું!'

બીજે ઠેકાણે પત્ની લખે છે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'રાતના બાર વાગ્યા સુધી તો એમણે ગંજીપો કૂટયો. મારી દીકરી પાસે હળવી ફ્રેન્ચ પ્રેમકથાની ચોપડી વાંચવા લીધી. પોતાની ધાર્મિકતાથી ને ધર્મોપદેશકતાથી એને કેટલો કંટાળો આવ્યો હતો!'

ત્રીજે ઠેકાણે—

'ટોલ્સ્ટોયની બ્યાશીમી જન્મગાંઠ હતી, સંતે તે દિવસે જાહેર કર્યું કે જીવન-વિશુદ્ધિનો ખ્રિસ્તી આદર્શ તો સંપૂર્ણ બ્રહ્મચર્ય છે. પોતે કોઈ સાધુ હોત, રાગી હોત ને બ્રહ્મચારી વ્રત પાળતા હોત તો આમ કહેવું ઠીક હતું, પણ એની ઇચ્છાએ તો મારે સોળ વાર સગર્ભા થવું પડયું.....અને હવે આજ અડતાલીસ વર્ષ પછી કેમ જાણે હું જ અપરાધી હોઉં એવું બન્યું!'

પોતાની સડસઠમી જન્મગાંઠના દિને આ સ્ત્રી લખે છે: 'હું છાસઠ વર્ષની થઈ, છતાં હું એવી ને એવી સશક્ત, ઊર્મિવશ, કામાતુર અને લોકો કહે છે કે જુવાન છું. ઈશ્વરને મેં પ્રાર્થના કરી કે મારા સ્વામીનો પ્રેમ મને પાછો મળો!'

એક બાજુ આ કામવિવશતા ને બીજી બાજુ ટોલ્સ્ટોયની કામવિમુખતા: બન્ને વચ્ચે તેમનું દાંપત્ય જીવન કચડાઈ ગયું. મરવા પૂર્વે એક મહિનો રહ્યો ત્યારે જ ટોલ્સ્ટોયને લાગ્યું કે પત્નીને હું પ્રેમ અને મમતાથી જીતી શકીશ.

પણ ઘણું મોડું થયું હતું.

આ બધી કથાનો જગતને શો ખપ છે! પતિ-પત્ની એમાંથી એકને ન્યાય અપાવવાનો શો અંજામ? પતિ-પત્નીના દાંપતી-જીવનનો ઊંડો તાગ કોણ મેળવી શકયું છે! પારકા જીવનની અંતરતમ વાતોમાં કલમો ખોળનાર સાહિત્ય કોઈને ન્યાય કરી શકતું નથી. તકરાર વધે છે, મુદ્દાં ચૂંથાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭. સાહિત્યકારની સહચરી

ન્હાનાલાલ કવિએ એક જાહેર વ્યાખ્યાનમાં પોતાનાં પત્નીથી પ્રત્યેનું ઋણ સ્વીકાર્યું. એ ગૃહદેવીને ભાગે પોતે પોતાનો અર્ધ સાહિત્ય-ફાલ ચડાવ્યો. કેમકે સંસારભાર ઉપાડનારી એવી સદાનુરક્ત સહચરી ન હોત તો કવિની સાહિત્ય-આરાધના અખંડધારે ચાલુ કેમ કરી રહેત!

એકલી સાહિત્યસેવાનો જ નહિ, પણ હરકોઈ વ્યવસાય કરનાર, હરકોઈ સિદ્ધિની પાછળ ઘેલા થનારા અનેક પુરુષોનો આ જ મનોભાવ હોય. ગૃહભાર વહેનારી હરએક પત્ની પોતાના પતિને એનો પુરુષાર્થ ખોળવાનું મોકળું મેદાન આપે છે.

પણ સાહિત્યકારના હૃદયનો આ ઋણીભાવ વધુ સુશોભિત છે તે તો આટલા માટે, કે એ પુરુષ મનોરાજ્યનો વિહારી હોય છે. ઘણુંખરું પત્નીને સાહિત્યકારના મનોભુવનની બહાર જ ઊભવાનું હોય છે.

ઇતર જીવનપ્રદેશોમાં ઘૂમનારા પતિઓ તો સાંજ પડે ત્યારે ગૃહ-જીવનમાં પાછા વળે છે. પત્નીઓ જોડે તેઓ સ્થૂલ જગતના અનેક આમોદપ્રમોદોમાં સરખા ભાગીદાર બની શકે છે. તેઓની દુનિયા એક હોઈ શકે, ઑફિસ અને ઘર તેમને જુદાં રાખવાનું પરવડશે; સ્ત્રીને ત્યાં સહચરી થવાનો અવકાશ છે.

એવો અવકાશ મનોરાજ્યના વિહારી લેખકનું જીવન ઘણું ખરું નથી આપતું. એ સ્વામીની રસસૃષ્ટિ આંતરગત છે. એનાં પાત્રો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને નિરાળી સ્વપ્નસૃષ્ટિમાં ઉઠાવી જાય છે. એ હસે–રડે છે કલ્પતાની મૂર્તિઓ ભેગો. એનું બહિર્જીવન સાંકડું બને છે. હજારોને રસ પાનારો એ પોતે બહિર્જગતના રસો કમ લઈ શકે છે. એની ગૃહદેવી જો ખાસ સાહિત્યાનુરક્ત ન હોય તો ત્યાં અસંતોષને, ઈર્ષાને, અસમજને, ગેરસમજને, ગુપ્ત પરિતાપોને દુઃખદ મેદાન મળે છે.

માટે જ સાહિત્યકાર પતિનું વ્યાવહારિક સ્વાસ્થ્ય સાચવનારી પત્ની, સ્વામીના આંતરમુખ આનંદોથી વંચિત રહી થકી અને સ્થૂળ સહચાર–જીવનમાં પતિને ન પામતી છતી, પણ પતિની સાહિત્યસેવામાં જગતનું કલ્યાણ સમજનારી શ્રદ્ધાળુ પત્ની ખરેખર કવિ કહે છે તેમ, પતિના સાહિત્યસર્જનની અર્ધોઅર્ધ સર્જનહાર કહી શકાય; એક અક્ષર પણ ન પાડ્યા છતાં ય !

૧૮. એમને સાહિત્યકાર કહીશું કે નહિ ?

કેટલીક વિભૂતિઓ આપણા પગની ઠોકરે ચડતી હોય છે, સંજવારીમાં વળાતી હોય છે; એના ઉદ્ભવને તપાસતાં ઓચિંતો માર્મિક ઇતિહાસ નીકળી પડે છે.

વિલેપારલેમાં એક વાચનાલય છે. દસેક હજાર જેટલાં એમાં પુસ્તકો છે. વર્તમાનપત્રો, માસિકો અને ત્રૈમાસિકોની એમાં વિપુલતા છે. સવારથી રાત સુધી એ વગર ફીએ જાહેર જનતાને માટે ખુલ્લું રહે છે.

એ પુસ્તકાલય એક જ જણની માલેકીનું સાહસ છે. શ્રી. દશરથલાલભાઈના ગૃહસંસારનું એ એક અંગ છે. આઠ વર્ષથી એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાઈ પોતાના 'લિબર્ટી લૉજ' નામના નિવાસ-સ્થળમાં જ એ વાચનાલય ચલાવે છે.

એની પાછળ ઇતિહાસ છે.

વીસેક વર્ષ ઉપર રંગૂનમાં કેટલાક ચાવલ વગેરેના ગુજરાતી વ્યાપારીઓએ એક વાચનાલય વસાવ્યું હતું. શેઠિયાઓ ત્યાં વાંચવા જતા. નોકરિયાત મહેતાજીઓ પણ એનો લાભ લેવા જતા થયા.

એક વસ્તુ એ શેઠિયાઓને ખટકી, તે એ કે આ ગુમાસ્તાઓ પણ તેમની સામે ખુરસીએ ચડીને વાંચે છે. તેઓને પોતાની હીણપ થતી લાગી. હીણપ અસહ્ય બની. શેઠિયાઓએ જ એવી ઇચ્છા બતાવી કે મહેતાઓએ અમારા વાંચવાના સમય દરમ્યાન વાચનાલયમાં ન આવવું, જુદો વખત રાખવો.

આવા પ્રકટ અપમાન સામે અમુક મહેતાઓને તીવ્ર ગ્લાનિ તેમજ રોષ પ્રકટ્યાં—શ્રી૦ દશરથલાલ અને એક બીજા ભાઈ—એઉ તે વખતના રંગૂન બાતેના વેપારી મહેતાઓ, શેઠિયાઓને જવાબ આપવાના આંદોલનના અગ્રણી હતા.

તેમણે મહેતાઓનું જુદું વાચનાલય ઉઘાડ્યું. અહીંતહીંથી, પોતાના પદરની તેમજ બીજાઓની ચોપડીઓ એકઠી કરી; સ્વતંત્ર ભંડોળ વડે છાપાં ચાલુ કર્યાં. થોડે સમયે શેઠિયાઓનું વાચનાલય નિર્જન બન્યું. ગુમાસ્તાઓના સાર્વજનિક વાચનાલયની અભિવૃદ્ધિ થઈ. આઠ વર્ષ સુધી ભાઈ દશરથલાલ એના સંચાલક રહ્યા. આજે પણ એ વાચનાલય ચાલુ સ્થિતિમાં છે.

દશરથલાલભાઈએ સારા દિવસો દીઠા. વીલેપારલેમાં મકાન બાંધ્યું ને તેમાં દેવ-પ્રતિષ્ઠા એમણે આ પુસ્તકાલયની કરી. આઠ આઠ વર્ષોથી ચાલતા આ પુસ્તકાલયમાં પોતાના પદરથી જ વસાવેલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે ગ્રંથ-સંગ્રહ, તેમાં અતિ કીમતી, કેટલાંક તો વિરલ, દુષ્પ્રાપ્ય, પુરાતન તેમજ છેકજ તાજાં પુસ્તકો વિરાજે છે.

એક સોથી વધુ વર્ષો પર વિલાયતમાં છપાયેલ મનુસ્મૃતિના અનુવાદની પ્રત, હિંદના જૂના અર્થકારણના આંકડા-હકીકતો વડે ચોંકાવી નાખે તેવા અંગ્રેજી પુસ્તકની સવાસો વર્ષ પૂર્વેની પ્રત અને જગતના જુદા જુદા વિચાર-પ્રવાહોની છેલ્લામાં છેલ્લી માહિતી આપતા ગ્રંથો અહીંથી જડે છે.

ધારાસભાના સભ્યો, સાહિત્યકારો, સામ્યવાદીઓ, સર્વ કોઈ દિશાના અભ્યાસીઓ આ સંગ્રહમાંથી મનમાની અને મફત સગવડો મેળવી શકયા છે.

ઘણી ઘણી મૂલ્યવંતી અને દુષ્પ્રાપ્ય ચોપડીઓ—લગભગ ત્રેવીસ સો—ત્યાંથી ગઈ તે પાછી વળી નથી. એ ખોવાઈ, ચોરાઈ, દબાઈ, પચી હજમ થઈ ગઈ, કે શું થયું, તે તો લઈ જનારાઓ જાણે!

દશરથલાલભાઈ તો કહે છે, કે ગયેલી ચોપડીઓ જો દસ દસ જણાએ વાંચી લીધી હશે ને, તો તો ગુમ થયાંનો મને ઓરતો નહી રહે. એનો ઉપયોગ જો કોઈ લેખકોએ પોતાનાં ગુજરાતી લખાણોમાં કરી લીધો હશે તોય હું એ પુસ્તકોની સાર્થકતા સમજીશ. મારો ઉદ્દેશ એ પુસ્તકોની લેખનસામગ્રીને કોઈ ને કોઈ સ્વરૂપે ગુજરાતી ભાષામાં ઊતરેલી જોવાનો છે.

સંગ્રહકારના આ ઉદ્દેશનું મર્મબિન્દુ સમજવા જેવું છે. બાનગી સંગ્રહો જુદા જુદા શોખમાંથી જન્મે છે. કાં વિદ્યાનુરાગ બતાવવાના શણગાર રૂપે, કાં એકલા પોતાના જ વાચન-રસની ઉપયોગની અથવા તો ઉપભોગની સામગ્રી રૂપે, ને કાં અન્ય લોકો ઠીક પડે તેમ વાંચી લે તેવી એકંદર દાતાર દ્રષ્ટિથી, સદાવતીઆ દ્રષ્ટિથી પ્રેરાઈને.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ, આ બધી જ દૃષ્ટિઓને ગૌણ બનાવતી શ્રી. દશરથલાલ ભાઈની વિવેકદૃષ્ટિ આ છે, કે આ જુદા જુદા વિષયોના રસિક અભ્યાસીઓની માગ પૂરી પાડવી. એવા કોણ કોણ છે ને કયાં કયાં પડ્યા છે તેની ભાળ મેળવવી, અને એમને પોતપોતાના શોખના સાહિત્ય-સર્જનની સામગ્રી જોગવી દેવી.

એ વિવેકદૃષ્ટિથી દોરાઈને જ પોતે દેશીપરદેશી પ્રકાશકોનાં સૂચિપત્રકો વાંચતા રહે છે, નોંધો અવલોકનોના નિત્ય સંપર્કમાં રહે છે, અને રદ્દી ચોપડીઓની દુકાનો ફેંદવામાં કલાકોના કલાકો એમણે ગાળ્યા છે. આવી જાતની વિવેકશીલ ગળણીમાંથી નીપજેલો આ સંગ્રહ છે.

સત્યાગ્રહ સંગ્રામના સમયમાં જેલોની અંદર જે એક પ્રચંડ વાચનરસનું મોજું ફરી વળ્યું, એને પરિણામે જે નવપ્રવાહો અનેક જેલવાસી કલમોએ ઝીલ્યા, જે કેટલાંક નવાં યુગબળો ઊછળી ઊઠ્યાં, તેનો મોટો જશ 'લિબર્ટી લોન્જ'ના ગ્રંથસંગ્રહને ભાગે જાય છે.

આવી ખુમારી તેમજ વિવેકદૃષ્ટિ લઈને બેઠેલા એક પુરુષને આપણે સાહિત્યકાર કહીશું કે નહીં?

એનો જવાબ જણાવી આપશે કે સાહિત્યકારત્વ અને સાહિત્ય સંબંધેના આપણા ખ્યાલો કઈ જાતના છે.

આઠ વર્ષો સુધી જાહેર વાચક વર્ગના માનસનો કેવો કેવો અનુભવ અહીં અંકિત થયો હશે, તેનો ઇતિહાસ રસભર્યો ને રહસ્યભર્યો હોવો જોઈએ.

કોઈ મેળવે તો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯. વાચકોની દુનિયા

'કાંઈ નવી ચોપડી આવી છે?'

'ના. હજુ તો હમણાં જ તમે એક ચોપડી લઈ ગયા'તા ને?'

'એને તો આઠ દિવસ થઈ ગયા. રમણલાલની કોઈ નવી ચોપડી હજુય નથી આવી?'

'ના.'

નિરાશ થઈને એ ભાઈ ચાલ્યા ગયા.

એક બુકસેલર મિત્રે પોતાના વાચકોના જુદા જુદા પ્રકારો વર્ણવતાં આ એક પ્રકાર કહ્યો. એ પ્રકારના વાચકોને ઝંપ નથી. એમને તો અચંબો જ થાય છે કે રમણલાલ વગેરે લેખકો અઠવાડિયે અકેકેક ચોપડી કેમ લખતા નહિ હોય?

બીજો પ્રકાર મોટર દોડાવતા આવનારા વાચકોનો છે. એમને બૂકસેલરની દુકાનો સામે ઝાઝું ઠેરવાનો વખત નથી. એ જાણે કે બશેર ગાંઠીઆ, શેર બરફી ને શેર ધારીનાં પડીકાં માગતા હોય તેવો હુકમ કરે છે. માગેલી ચોપડીઓ મોટરમાં ખડકાયા પછી એ શોફરને કહે છે, 'ચલાવ!'

'ભાઈ, જરા નોંધ કરી લેવા દેશો?' એવી બૂકસેલરની માગણીનો એ તીખો જવાબ વાળે છે: 'હું કાંઈ ગામ છોડી ભાગી જવાનો નથી. બીલ બંગલે ગમે ત્યારે લાવજો.'

'હેં ભાઈ.' ત્રીજા પ્રકારના વાચકો આવીને પૂછે છે, 'તમે ચોપડીઓ વેચો છો, પણ ભાડે ન આપી શકો?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ના જી, કેમ એમ ? આપ ઊઠીને ભાડે માગશો ?'

'અમને કાંઈ પૈસાનો સવાલ નથી. અમારે તો વાંચી લીધા પછી એ ચોપડીઓને સાચવી રાખવાનો કંટાળો છે. આ નાટક સિનેમામાં જઈએ છીએ, ત્યારે અમને કેવી સગવડ પડે છે ? જોઈતિ ઊઠ્યા એટલે પછી સાચવવાની પંચાત જ નહિ. એવું કાંઈ ચોપડીઓનું ન થઈ શકે ?'

ચોથો એક વર્ગ નવી નવી ચોપડીઓ ઉપરાછાપરી બહાર ન પડવાને કારણે અતિશય હતાશ બની જાય છે. એમની મૂંઝવણ ઘણી મોટી છે; એ કહે છે કે 'અમારે શું કરવું, ભાઈ સાહેબ ! દિવસ કેમ કરીને કાઢવો ? અમારે કાંઈ ધંધો ઉદ્યમ નથી. મકાનોનાં ભાડાં ચાલ્યાં આવે છે. દી કેમ કાઢવો ?'

આ બધી મુશ્કેલીઓના ઉકેલ માટે બૂકસેલરોની અંદર પણ મંત્રણા થઈ રહેલ છે. એમાં એક અનુભવી અને પુરાતનપ્રેમી પુસ્તક-વિક્રેતાએ માર્ગ સૂચવ્યો છે, કે 'ભાઈઓ, અત્યારના નવા વ્યાપાર-યુગમાં પણ માલ સાટે રોકડાં નાણાં નહિ પણ માલ સાટે માલનો જ બદલો કરવાની સતયુગી પ્રથા એક ફકત આપણી બજારમાં જ આપણે ચાલુ રાખી છે. તો પછી એ પ્રાચીનતાને પંથે આપણે એક ડગલું આગળ ન ભરી શકીએ ?'

'હા, કહો તો !' બધાનું કુતૂહલ જાગ્રત બને છે.

'એમ કે, આપણે જૂના સુવર્ણયુગની ટીપણાં-પદ્ધતિ કેમ ન દાખલ કરવી ?'

'ટીપણાં ?'

'હા, આપણે પ્રેસમાંથી પાનાંબંધ ફરમાને બદલે લાંબી લાંબી ગેલીઓ જ કઢાવી લેવી. અને એ ગેલીઓનાં જ ગુંચળાં વાળીને વેચવાં. બિચારા વાચકોને એકદમ એકદમ વાંચન મળી રહેશે. એમાંના જેઓ પુસ્તકોને વાંચી લીધા પછી સાચવવાની મૂંઝવણ અનુભવે છે તેમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ પંચાત રહેશે નહિ. અને એવો પરમાર્થ કરતાં કરતાં આપણને જો લાભ જડી જતો હોય તો તેમાં આપણો કંઈ દોષ નથી.'

'શેનો લાભ ?'

'ગેલીઓના ત્વરિત વિનાશને કારણે વધુ ખપતનો.'

કાર્લ પણ એક પુસ્તક વાંચવું અને તેને ધિક્કારવું, વધુ વધુ વાંચવું, વાંચ્યા વિના રહી ન શકવું, એને દુષ્ટ પુસ્તક કહેતાં કહેતાં પણ દુનિયાનું એક શ્રેષ્ઠ પુસ્તક ગણી વખાણવું, એમાં કશી અસંગતતા છે ? નથી. પ્લેટોના પુસ્તક 'રિપબ્લિક' પર પ્લેટોનો એક ચરિત્રલેખક જ લખે છે કે 'આજ હું એને રાજપ્રકરણી તત્ત્વજ્ઞાનનું એક શ્રેષ્ઠ પુસ્તક કહું છું. જેમ વધુ વાંચું છું તેમ મારો એ પ્રતિ ધિક્કાર પણ વધે છે, છતાં હું એ ફરી ફરી વાંચ્યા વિના રહી શકતો નથી.'

રોબર્ટ લીન્ડ આ સમસ્યા પર એક આખું વિવરણ લખે છે. અંગ્રેજી સાહિત્યમાંથી ડો૦ જ્હોનસન, થોરો, કારલાઇલ, 'ઉમર ખય્યામ'વાળા ફિટ્ઝીરાલ્ડ વગેરેના સંખ્યાબંધ દાખલા આપીને લીન્ડ પુરવાર કરે છે કે લેખકના વિચારો સાથેનું આપણું હાડોહાડ વેર હોવા છતાં પણ આપણો એ પ્રિય લેખક બની જાય છે, કારણ કે એક વિરોધી તરીકે પણ પોતાના મતનું સમર્થન કરવાની જે સાહિત્ય-શૈલી, જે વાણીની તાકાત એ બતાવે છે, તેના પોતાનામાં જ આપણો વાંચકો તરીકેનો રસ રહેલો છે.

આપણા સાહિત્યમાંથી જ દાખલા લઈએ. હું સામજવાદી હોઉં કે ન હોઉં છતાં મને શુધ્ધ સમાજવાદી કોઈ કાવ્ય અથવા અપ્ટન સિંકલેરની વાર્તા ગમે જ છે. તમે પ્રભુમાં કે પુનર્જન્મમાં ન માનતા હો, છતાં ખબરદારનું એની મૃત પુત્રી પર લખેલું વિયોગ-કાવ્ય તેમજ રા. નરસિંહરાવે તેવા જ વિષય પર લખેલું 'સ્મરણ-સંહિતા' ગમ્યા વિના રહે જ કેમ ? નાસ્તિકવાદીનાં કાવ્યો આપણા પૂર્ણ આસ્તિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આચાર્ય આનંદશંકરભાઈને કે બીજાને નથી ગમતાં તેમ કદી સાંભળ્યું છે?

હા, એવા વિચારોના કે વર્તનના ગમાઅણગમાએ લેખકની ઉચ્ચ કૃતિનો રસાસ્વાદ લેવામાં અંતરાય પડાવ્યાનો એક દાખલો યાદ આવે છે. કાકા કાલેલકરે એક પ્રસ્તાવનામાં લખ્યું કે એક અંગ્રેજ લેખકની કવિતા કે વાર્તા પોતાને નથી ગમતી, કેમ કે તેના જીવનના આચારો પ્રત્યે પોતાને અણગમો છે.

સાહિત્ય પ્રત્યેનો આ 'એપ્રોચ'—આ વલણ બરાબર નથી.

આપણા વિચારભેદને આપણે મોખરે લાવીને ઘણા લેખકોને કાં તો વગર વાંચ્યે જ અસ્પૃશ્ય માનીએ છીએ અથવા વાંચતાં વાંચતાં પણ મતભેદની માઠી અસર તળે રહીએ છીએ; વાચનનો રસ ગુમાવીએ છીએ.

ગોવર્ધનરામ, મુનશી, કોઈ સમાજવાદી કે ક્રાંતિવાદી લેખક, અથવા કહોને, કે મધ્યયુગનું વાતાવરણ ગાનારું લોકસાહિત્ય, એની સાથેનો મતભેદ વિચારભેદ સહન કરતાં કરતાં પણ આપણે 'સરસ્વતીચંદ્ર'નો, 'પાટણની પ્રભુતા'નો, નીરુ, બકુલેશ અથવા જીતુભાઈની વાર્તાનો, કે એકાદ કોઈ લોકગીતનો રસ શા માટે પામીએ છીએ?

કારણ કે એવી કૃતિઓમાં અમુક વિચારનું કલાવિધાનપૂર્વકનું પ્રતિપાદન કરવાની તાકાત રહેલી છે. સાહિત્યદ્રષ્ટિએ તો એ તાકાત જ આપણી સાધનાની વસ્તુ છે. બર્નાડ શૉ તમાચા લગાવે છે છતાં ગમે છે, કેમકે એનામાં પ્રતિપાદનની તાકાત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૧. સાહિત્યની સરિતાને સજીવન રાખનાર

'ચાલો હવે ચાલશું ?'

'ભલે ચાલીએ, પણ મને તો અહીં કલાકોના કલાક ગાળવાનું મન થાય છે.'

'ખરેખર ? ત્યારે હું તો તમને બીતાં બીતાં, પેલા ભાઈનું મળવું ન થયું તેથી ફોગટ આંટો ન લેખાય તેટલા દિલાસારૂપે જ અહીં લઈ આવેલો.'

'આપે બહુ જ સારું કર્યું.'

એક મોટા શહેરનો એ બૂક-સ્ટોલ હતો. પરંતુ એમાં વિહરવાની મઝા કોઈ ઉપવન કે રત્નભંડારને ભુલાવનારી હતી. યુરોપી સાહિત્યના ઉદ્યાનમાં ખીલેલાં છેલ્લામાં છેલ્લાં ફૂલો ત્યાં શોભતાં હતાં. એ પ્રત્યેક ચોપડીનાં જેકેટ, મથાળાના અક્ષરમરોડ, સૂચક ચિત્રો, ઘાટઘૂટ અને રંગરૂપ જોતાં જ મન તૃપ્ત બને-અથવા ખરું કહીએ તો મનમાં મીઠી અતૃપ્તિ જાગે. સાહિત્યના વિષયોનું વૈવિધ્ય, નવા નવા લેખકોનાં નામ, અને ચોપડીઓની ભાત ભાતની શૈલી : એ બધું જ્ઞાન તરફ આકર્ષનાર દીપકો જેવું લાગે.

આવા પુસ્તક-ભંડારનો એક એક વિક્રેતા પણ જો ગુજરાતના શહેરોમાં નીકળી પડે, તો ત્યાં જ્ઞાનનાં કેન્દ્રો જામે. 'બૂકસેલર' શબ્દ બહુ ફિક્કો ને કંઈક ઊતરી ગયેલો લાગે છે, પણ 'બૂકસેલર' તો પોતાના શહેરનો જ્ઞાનમાળી બની શકે. બૂક-સેલર તો મોટો સાહિત્ય-સેવક છે. આપણા કોઈ ગ્રેજ્યુએટને આદર્શ બૂકસેલર થવું હજુ સૂઝયું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બૂકસેલર ફકત ઊધું માથું ઘાલીને ચોપડીઓ વેચ્યા ન કરે. એને તો વિદ્યાનો નાદ જોઈએ, જગતના છેલ્લામાં છેલ્લા સાહિત્ય-પ્રવાહોથી તે વાકેફ જોઈએ, પોતાના હાટ પર ચડનાર ઘરાકને પોતાના એક પછી એક ઘોડા ઉપર ફેરવી, નવી ચોપડીઓના નમૂના બતાવી, ચતુરાઈપૂર્વક નવા નવા સાહિત્યની ખૂબીઓ બતાવી વશી-કરણ કરવા શક્તિમાન જોઈએ. મગદૂર નથી ઘરાકની કે આવી દાઢે બૂક-સ્ટોલ છોડી જાય.

પ્રત્યેક શહેરની અંદર આવો તરવરિયો જુવાન જબ્બર સાહિ-ત્યપ્રેરક બની શકે. વધુ નહીં તો એક સો સારાં કુટુંબોમાં જરૂર એ ઘૂમી ઘૂમી નવાં પુસ્તકો પેસાડી શકે. નવો રસ, નવી અભિરુચિ, નવી સાહિત્યદ્રષ્ટિ એ કેળવી શકે. જે ગામને પાદર નદી નથી એ ગામ કુગ્રામ છે, તેની મિસાલે જે ગામમાં સાહિત્યની સરિતાને સજીવન રાખનાર એક સારો બૂકસેલર નથી તે ગામ કુગ્રામ છે.

સારો બૂક-સ્ટોલ ઊંચી જાતના પ્રદર્શનની ગરજ સારે છે. પ્રકાશનની કળા, મુદ્રણની કળા, ચિત્રની વિધવિધ કળા, કાગળોનો હુન્નર, રંગરૂપની ધ્વન્યાત્મક મેળવણી: એ બધાની એવી તો વેગીલી પ્રગતિ પશ્ચિમના દેશોમાં થઈ રહી છે, કે એને ત્યાંથી આવેલાં દસ પુસ્તકો પણ આપણને નવી નવી દ્રષ્ટિ આપી શકે. ચોપડીઓનાં નામ પાડવામાં પણ ખૂબી, નામને અનુરૂપ ચિત્ર દોરવામાં પણ ઔચિત્યભરી નવીનતા: ને તે બધાની પછવાડે સતત એક નેમ કે કઈ રીતે પ્રજા વાચન તરફ આકર્ષાય?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરપ્રાંતની લહેરો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેટા – ક્રમ

૧ : લોકમાન્ય ટિળકનો સાહિત્યદેહ
૨ : સૂરનાં મોતી પરોવનાર
૩ : પાંત્રીસ વર્ષનો યુવાન પ્રમુખસ્થાને
૪ : કથકલિના પુનરુદ્ધારક કવિ
૫ : હિન્દી મહિલા–કવિઓ
૬ : યશોધરાની કીર્તિગાથા
૭ : મૈથિલીશરણ અને કાલેલકર
૮ : કાકી
૯ : કારાવાસ–કાવ્યો
૧૦ : 'સાહિત્યમાંથી પ્રકાશ માગું છું'
૧૧ : એક ગ્રંથકારની શહીદી
૧૨ : આંગલ–ભારતીય સાહિત્યવંદન
૧૩ : લૂખા સૂકા હિસાબમાંથી—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. લોકમાન્ય ટિળકનો સાહિત્ય–દેહ

સ્વ૦ લોકમાન્યે રાષ્ટ્રસેવાનાં ભગીરથ કાર્યો તો અનેક કર્યાં, પણ ભગવદ્ગીતામાંથી કર્મયોગનો મહાધ્વનિ પારખીને પ્રગટ કર્યો, એ એમની સાહિત્યસેવા લેખાશે. એ સેવા ચિરકાળ જીવશે.

ગીતા એટલે આર્યોનો પ્રમાણ ગ્રંથ, આર્યજીવનના આચાર–વિચારોને પોષણ આપનાર મૂળ પ્રવાહ.

એ પ્રવાહને સગવડ પડતી રીતે પોતપોતાનાં ખેતરોમાં વાળી લેવા સંતો, શાસ્ત્રકારો ને લોકનેતાઓ પ્રયત્ન કરતા.

ગીતાનો સારબોધ નરી ભક્તિ છે, અથવા નર્યું જ્ઞાનસેવન છે; એવા વિઘાતક અર્થારોપણે હિન્દીઓને કાર્યશિથિલ, ઉદાસીન અને હતાશ બનાવ્યા હતા, એ ધર્મઝેર આપણી રગે રગે ચડેલું.

સ્વ. લોકમાન્ય રાષ્ટ્રને આ ધર્મ–ઢાંકી નિષ્ક્રિયતામાંથી ઢંઢોળતા હતા. પોતે લોકનાયક હોઈ, લોકસમૂહની જ રગને પકડનારા, કલા–ઉત્સવોને સજીવન કરનારા, ઇતિહાસની પ્રેરણા આપનારા, લોકોની ધાર્મિકતામાં યુગભાવનાનો રંગ સિંચનારા હતા.

એ ભાવે એમણે ગીતાને આરાધી. કર્મની–નિષ્કામ, પવિત્ર, અથાક, કર્મની હાકલ એમાંથી સાંભળી; એ હાકલને એમણે માંડલેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેલમાં પોતાના ત્રીજા કારાવાસ વખતે ૧૯૧૦–૧૧ ના પાંચ જ મહિનામાં 'શ્રીમદ્ ભગવદ્‌ગીતા–રહસ્ય' નામના મહાગ્રંથમાં ઝીલી.

મરાઠી ભાષાનો એ મહાગ્રંથ જેલમાં જન્મ્યો. ચોપડીઓ પૂરી પાડવાના સત્તાવાળાઓ અખાડા કરતા હતા. શાહી આપવાની મનાઈ હતી. સાદી પેનસિલથી લખાયો. સરકારી ચોકીદારો એને વાંચી ગયા. ૧૯૧૦માં કાચો ખરડો મુદ્રણ માટે તૈયાર હતો. ૧૯૧૪ માં મુદ્રણાલયમાં ગયો. મહાયુદ્ધ જાગ્યું. કાગળો ખૂટ્યા. ચારેક વર્ષે પ્રગટ થયો. થોડા જ મહિનામાં પહેલી આવૃત્તિની દસ હજાર પ્રતો ઊપડી ગઈ.

આજે આ ગ્રંથ હિન્દની કેટલીક ભાષાઓમાં ઊતર્યો છે, અને ગાંધીજીના કર્મયોગથી વ્યાપ્ત બનેલા નવયુગે એ ગ્રંથનું નવ-રસપાન ખૂબ ખૂબ કર્યું છે. છતાં આંતરરાષ્ટ્રીય દુનિયામાં એનું સ્થાન એ અંગ્રેજી ભાષામાં ન મુકાય ત્યાં સુધી અચોક્કસ જ રહે, અને હિન્દની જનતાનું હાર્દ સમજવા માટે જગત સકલને સારુ માર્ગદર્શક બનનારો અનન્ય જે ગ્રંથ છે, ટિળક જેના મર્મજ્ઞાતા છે, કર્મયોગ જેનો પ્રધાન મર્મ છે, એવા ગ્રંથને જગજાણીતો કરવો જ જોઈએ.

એ શુભ નેમ સ્વ. ટિળકના પુત્રોની હતી. બે પુત્રો પૈકી એક તો આત્મઘાત કર્યો. બાકી રહેલ એક બધી મુસીબતોનો સામનો કરી અનુવાદ પાર ઊતરાવ્યો.

અનુવાદક શ્રી. ભાલચંદ્ર સીતારામ સુકથંકર અંગ્રેજી ભાષાના સિદ્ધહસ્ત લેખક છે. સ્વ. લોકમાન્યનું વિચાર–વસ્તુ સમજનારા છે. મૂળ ગ્રંથની વાક્યરચનાને પણ આઘીપાછી ન કરવાનું મહત્ત્વ સ્વીકારી એમણે અનુવાદ કર્યો છે, અનુવાદના કડક નિયમોનું એમણે પાલન કર્યું છે.

મૂળ ગ્રંથ પાંચ મહિનામાં લખાયો. અનુવાદ પણ પાંચ જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહિનામાં પૂરો થયો. પળેપળ એકાગ્રતાનું આ પરિણામ છે, સફળતાનો નમૂનો છે.

સ્વ. લોકમાન્યની સાતમી સંવત્સરી ઉપર પ્રગટ થયેલ આ ગ્રંથ એ મહાન રાષ્ટ્રવિધાયકની પુણ્યસ્મૃતિને નવું જીવન આપે છે.

રાજ્યદ્વારી ઝંઝાવાતોએ ઉડાડેલી ધૂળ એક દિવસ પાછી ધરતી પર બેસી જશે, વિચારોના વિરોધો ઉપર કાળદેવનો કોમળ હાથ ફરી વળશે, ક્ષણજીવી વચનો, કાર્યો ને વિચારોના ઢગેઢગ જ્યારે એક દિન કાળની ચાળણીમાંથી ચળાઈ જશે ત્યારે, તે દિવસ, ટિળક, ગાંધી કે અન્ય સાચા પુરુષોનું જીવન-તત્ત્વ એમના ચિરંજીવી સાહિત્યમાં જ ટકી રહેશે. ને એ ચિરંજીવી જ્ઞાનસાહિત્યનો કાળો જ સંસ્કૃતિને ચોપડે આપણું જમા પાસું શોભાવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. સૂરનાં મોતી પરોવનાર

[પંડિત વિષ્ણુ નારાયણ ભાતખંડેનો દેહ ગયા અઠવાડિયે પડ્યો છે. એકલા રાજકરણમાં જ મહાપુરુષોને ગોતતી પ્રજાની વૃત્તિને નવચક્ષુઓ આપનાર આ પુરુષની જીવન—રેખા ગુજરાતી સાહિત્ય સભા તરફથી પ્રગટ થયેલ પુસ્તકમાંના શ્રી. રસિકલાલ પરીખના પરિચય પરથી આપીએ છીએ.]

ભારતવર્ષની વર્તમાન યુગની વિભૂતિઓમાં એનું નામ ગણના યોગ્ય થયું. કોઈએ એને ' ભારતીય સંગીતના મહાત્મા ગાંધી ' પણ કહ્યા. ' રાગ અને રાગિણી 'ની પોતાની ચિત્રાવલીનો ભવ્ય ગ્રંથ કલાકાર ગાંગુલીએ ભાતખંડેને ' The greatest living authority on Indian music ' એવા શબ્દો સાથે સમર્પિત કર્યો.

સંગીત વિદ્યાના પ્રાચીન આચાર્યોનો ઇતિહાસ જ્યારે આલેખાય ત્યારે કદાચ એમ પણ કહેવાશે કે શાર્ઙ્ગદેવ પછી પ્રાચીન આચાર્યોની પંક્તિમાં બેસવાનો અધિકાર એકલા આ 'ચતુર પંડિત'નો જ છે.

' ચતુર પંડિત ' એ શ્રી. ભાતખંડેનું ઉપનામ.

છોંતેર વર્ષની આવરદા ગાળી. જન્મ્યા રત્નાગિરિ જિલ્લાના ગામડામાં. એના મીઠા કંઠની કુદરતી બક્ષિસ કેવળ શાળાના મેળાવડાઓમાં જ વપરાતી. સંગીતના અભ્યાસની કોઈ સગવડ નહોતી.

મેટ્રિક પાસ થયા, કૉલેજના અભ્યાસ માટે મુંબઈ આવ્યા. સંગીતના છંદને ખિલવવાની તક મળી. સિતાર શીખ્યા મરહૂમ શેઠ વલ્લભદાસ પાસે. એ હતું વૈષ્ણવ હવેલીમાં સંધરાઈ રહેલું ઉત્તમ સંગીતધન. ગુરુ વલ્લભદાસે બીજા કોઈને ન બતાવેલી ખૂબીઓ આ પ્રિય શિષ્યને શીખવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૉલેજના અભ્યાસને ભોગે પણ ભાતખંડેએ સિતાર—વાદન સાધ્યું, તૃપ્તિ ન થઈ. વીણા હાથ લીધી. સંગીત પરના સંસ્કૃત ગ્રંથો પણ વાંચવા શરૂ કર્યા. એના નવા મુરશિદો—રાવજી બુવા એલગાવકર, ઉસ્તાદ અલીહુસેન ને વિલાયતહુસેન.

સ્થિતિ ગરીબ, બાનગી શિક્ષણો આપી અભ્યાસ ચલાવે, પણ સંગીતનો નાદ અંતરાય પાડ્યા કરે. એક વાર નાપાસ પડ્યા. વકીલોનો ક્રોપ ઊતર્યો, સંગીતને કાયમની તિલાંજલિ દેવાનો નિશ્ચય કર્યો. પરીક્ષાઓ પાસ કરવા લાગ્યા. એલએલ. બી. થયા. કરાંચીમાં વકીલાત કરતા કરતા ત્યાંના સંગીતમાં ઊતર્યા. મુંબઈમાં વકીલાત આદરી સંકોચમુક્ત બન્યા, કમાયા. બીજી બાજુ પત્ની અને એકની એક પુત્રી ગુમાવી.

શ્રી૦ ભાતખંડેએ ફરી સંસાર માંડ્યો નહિ સંગીત એના આખા જ જીવનને વ્યાપી બેસવા સાદ દેતું હતું. ૧૯૧૦ સુધી દ્રવ્ય કમાઈને ધીકતી વકીલાત એણે સંગીતની જ એકોપાસનાને માટે છોડી.

આખી સંગીતસૃષ્ટિને પદ્ધતિબદ્ધ કરી શકાય છે, એવો વિચાર-તિખારો એક જીર્ણ સંસ્કૃત ગ્રંથમાંથી એણે પકડ્યો, ને એણે પ્રવાસો આરંભ્યા. પ્રથમ દક્ષિણના સંગીતાચાર્યોની યાત્રા, પછી ઉત્તરની. તામડતોબ બંગાળી શીખી લઈને બંગીય સંગીતગ્રંથોમાં ઊતર્યા, અને બંગાળ જઈ મહાન કલાસ્વામીઓની મહોબ્બત સાધી.

આખા હિન્દને પોતે ખૂંદી વળ્યા, ઉકરડામાંથી સંગીત જડે તો ઉકરડામાં પણ દટાયા, નાના મોટા હરકોઈ ઉસ્તાદની સામે એ શિષ્યભાવે ઝૂકતા ચાલ્યા. પોતાની ખુમારીમાં મસ્ત અને અમુક રીતે સ્થિતિચુસ્ત એવા એ ભોળા મુસ્લિમો પૈકી અનેકની તો એણે ગાળો પણ ખાધા કરી. એકાદ જૂનો ખ્યાલ કે એકાદ જૂના સંગીતગ્રંથની પ્રત શોધવા ગાઉઓના ગાઉ ભટક્યા. ગાળો કાઢતા ગવૈયાઓનાં ગળાંને પણ એણે પોતાની સ્વરલિપિમાં ઉતાર્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૃદ્ધ ઉસ્તાદ મહમદઅલીખાન અને તેમના પુત્ર આશકઅલીખાન બેઉ જયપુર રાજદરબારના આશ્રિતો, બેઉના કંઠમાંથી ત્રણસો જેટલી ગાનરચનાઓ પકડી સ્વરલિપિમાં ઉતારી. ચૂડીઓમાં પણ અંકિત કરાવી, ને તે અકબરના સંગીતકારો પાસેથી ચાલ્યા આવતા વારસોનો ખજાનો પકડી પાડી; તેમાંથી એવી એક ઇમારત રચી છે સંગીતના શાસ્ત્રની, કે જે આજે પ્રત્યેક ગાયકને દીવાદાંડી બનેલ છે.

આ જ રીતે એણે રામપુર અને ગ્વાલિયરના ઘરાણાનું સંગીત પણ જૂના ઉસ્તાદો પાસેથી મેળવી લીધું. ત્રણે સંપ્રદાયોના તે જ્ઞાનવારસદાર બન્યા. તેના પરથી પોતે હિન્દુસ્તાની સંગીતપદ્ધતિ રચી. જે નષ્ટપ્રાયતું જ્ઞાન હતું, ખોવાઈ જવાની તૈયારીમાં હતું તેને ભાતખંડેએ શાસ્ત્રબદ્ધ કર્યું: અપાર ભોગો આપી આપીને.

હિન્દી ભાષામાં નવાં ગીતો રચ્યાં, જેના વડે સંગીતજ્ઞાન હિન્દ ભરમાં પ્રવાહી બન્યું. સંસ્કૃતમાં સંગીત પદ્યગ્રંથો લખ્યા, જૂના સંસ્કૃત સંગીતગ્રંથોને ઉતાર્યા.

આજે ભાતખંડેની બનાવેલી સંગીતપદ્ધતિ સૌથી વધુ સરળ છે, વ્યાપક છે, અખિલ હિન્દી છે. ભાતખંડેએ એ મરણશીલ સંગીતને સંજીવની આપી અજરામર કર્યું છે.

સિંધિયા મહારાજાએ તેડાવ્યા, માસિક રૂા. ૬૦૦ આપું, મારા સંગીત વિદ્યાલયના આચાર્ય બનો.

ભાતખંડેએ જવાબ આપ્યો, 'સંગીતમાંથી અર્થલાભ ન મેળવવાની મારે પ્રતિજ્ઞા છે. પણ મફત આવી શાળાને તપાસવા તૈયાર છું.'

એના પ્રયાસોથી અનેક સંગીતસંસ્થાઓ નવજન્મ પામી. એમની દોરવણી ઠેર ઠેર સ્વીકાર પામી, એમના પોતાના શિક્ષણે પણ અનેકના મન પર એના વ્યક્તિત્વની છાપ પાડી. એમણે આટલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યું છતાં જે ન કરી શકાયું તેનો જ એમને તો અસંતોષ રહી ગયો. પોતાનું ન થયું તે પૂરું કરવાને પોતાના પ્રિય શિષ્યોને સોંપી એ ચાલ્યા ગયા છે. સંગીતને માટે એમણે સહેલી યાતનાઓ બહુ ઓછા જ જાણશે, કેમકે સંકટોની નોંધ કરવાથી મળતી મોટાઈના કરતાં સંગીતની જ ચિર આરાધના એમને મન વધુ મૂલ્યવન્ત હતી.

[૨]

[શ્રી જિતુભાઈ મહેતા આજે સંગીતની લોકગમ્ય પરિભાષામાં ભાતખંડેની માનવસેવાનાં મૂલ મૂલવે છે. પોતે ભાતખંડેને મળ્યા છે, એમના અભ્યાસનો પ્રારંભ જ ભાતખંડેના એક લક્ષણગીતથી થયો હતો.

ભાતખંડેનો જીવતો પરિચય તો આ સ્મરણોના જુવાન લખનારના કુંઠમાં પડયો છે. એ કંઠને ઠંડાગાર કાગળ પર કેમ કરી ઉતારવો ?

પ્રગતિવાદી મંડળને કે અન્ય સંસ્કાર-વારસ સંસ્થાને એમ કેમ નથી થતું કે જિતુભાઈ સરખા સંગીતજ્ઞ પાસેથી ભાતખંડેની સેવા પિછાનવા જેવી છે ? સંગીતને પ્રત્યાઘાતી તો નથી માનતાને ?

એક વિરલ રાષ્ટ્રભક્તને પ્રજાએ અણઓળખ્યા વળાવ્યા છે. આપણી શારદાપીઠે આજ શરમાવું ઘટે છે. આપણી મુંબઈ નગરીમાં જો કોઈ દેશ-ભક્તોનાં કીર્તિમંદિર હોય, તો તે ભાતખંડેની છબી વિના ઝાંખું રહેશે.]

ચતુર ખંભાવતી કે
સૂર ગા ગયો
સુધબુધ હરાય સબ
બાવરી બના ગયો;
ના તિક્ષંગ ખમાચ
દુરગા ન રાગસીરી,
અભિનય બિચિત્ર મોહે
રૂપ દીખા ગયો !

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાતખંડેનું નામ અનેક કંઠોમાં મઢાઈ ગયું છે. ગળાના ઢંગમાં અને સૂરો વચ્ચે એ નામ પોઢયું છે, પણ ભાતખંડે તરીકે નહીં, 'ચતુર પંડિત' તરીકે; કારણ કે ભાતખંડેએ રાગોનાં જે લક્ષણગીતો રચ્યાં છે એમાં 'ચતુર પંડિત'નો ઉલ્લેખ આવે છે.

ખંભાવતીના સૂર ગાઈ ગયો ચતુર પંડિત! ઉપર આપ્યું છે તે એમનું જ એક લક્ષણગીત છે. ભાતખંડનાં લક્ષણગીતોમાં રાગનો આકાર ઘૂંટવામાં આવે છે. વાદી, સંવાદી, ઠાઠ, સરગમ—એ બધું શાસ્ત્ર, ગાયનના શબ્દોમાં અને સૂરરચનામાં સીધી રીતે મૂકવામાં આવે છે. ઉપલું લક્ષણગીત લઈએ.

ખંભાવતી:—આ રાગ તિલંગ, ખમાચ, દુરગા, રાગસીરી, એ રાગો પરથી ટપતો ટપતો, એની સૂર-રંગત લેતો લેતો ચાલ્યો જાય છે, એ છતાં એના ખુદના રૂપનો ભોગ એ નથી આપતો. એનું કામ એક જ છે, એ આપણને 'બાવરા' બનાવીને ચાલતો થાય છે.

ભાતખંડેની નોટેશનની પદ્ધતિ પણ સરળ અને સહુ કોઈને ઉકલી શકે તેવી છે—એટલું જ નહીં પણ ક્યાં આગળ 'મૂરકી' આવે છે, ને ક્યાં આગળ 'મીંડ' આવે છે, એ સૂરશણગાર પણ તેઓ નોટેશનમાં મૂકી શકયા છે. 'મીંડ' માટે એમણે જેટલા સૂરો પર મીંડ પડતી હોય એ પર અર્ધગોળાકારની નિશાનીઓ મૂકી છે. ઝાડ પરથી પાન ખરે અને ડોલતું ડોલતું એ નીચે આવે, સ્વરને મૂર્છા આવતી હોય એ રીતે એ ધીરે ધીરે ઢળી પડે, આતશબાજીનાં પેલાં તારામંડળો ફૂટીને નીચે આવતાં આવતાં ઓલવાઈ જાય, એવી જ અદા મીંડની તાનની હોય છે. સૂરનું લાસ્ય નૃત્ય એટલે મીંડ.

મીંડના આ બધા પ્રકારો નોટેશનમાં મૂકી શકાતા નથી, પણ જેને સંગીતનો ખ્યાલ હોય એને જો ભાતખંડેનું નોટેશન મળ્યું હોય, અને એની અંદર બતાવેલી મીંડ પર એનું ગળું જામે, તો મીંડનો પ્રકાર તો એ ગળામાંથી બહાર આવી શકે છે—એટલે કે ભાતખંડેએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નોટેશનને સંપૂર્ણ બનાવવા જરૂર મહેનત કરી છે. એ જ રીતે 'મૂરકી' માટે એ કવિતાના શબ્દો પર પાંચ છ સૂરની સરગમ મૂકી આપે છે. આ ગોઠવણ પણ કેટલી ઘાટીલી છે.

સહુથી પહેલાં ભાતખંડેએ દસ ઠાઠની દસ નોટેશનની ચોપડીઓ પ્રગટ કરેલી. એમાં એમણે પહેલી જ વાર ઉમદા ચીજોની લહાણી કરી. 'બમાચ ઠાઠ' અને 'બિલાવલ ઠાઠ'ની અંદરની ચીજો અનેકના ગળાં પર ચડી, અનેકની આંગળીઓ પર ચડી અને ઉસ્તાદો ધુંવાકૂંવા થઈ ગયા. ભાતખંડેની 'સ્વરચોરી'એ ભાતખંડેને ખૂબ જ ગાળો અપાવી, પણ ચતુર પંડિતે એ હસતે મોંઢે સ્વીકારી લીધી.

એટલું જ નહિ, એમણે છડેચોક એમ કહ્યું કે ઉસ્તાદો બિલાડ થાય એ સમજી શકાય તેવી વાત છે. તેઓની રોટી આ ચીજોમાં ભરી છે. અને એ પર કોઈ તરાપ મારે તો જરૂર ગુસ્સો ઊછળે. પણ સાથે સાથે એમણે ઉમેર્યું કે આ ભોળા ઉસ્તાદોને કયાં ખબર છે કે તેઓના લૂંટાતા બજનાને હું સત્વરું છું–તેઓનાં નામ, તેઓની સાધના હું જીવતી ચોપડીમાં મૂકું છું–હિંદુસ્તાની સંગીતકલા ઉસ્તાદો સાથે કબરમાં સૂવે એના કરતા મારી કિતાબમાં એ શ્વાસ લે એની જાણ તેઓને એક દિવસ થશે, ભલેને મને જુતિયાં મારે, હું તો તેઓ સામે ઊભો રહીશ.

કાયદાશાસ્ત્રીનું પ્રમાણપત્ર દીવાલ પર લટકતું હતું, એ એમણે એક જગ્યાએ મુકાવી દીધું. અને એ બધું છોડી એ તો સૂરયાત્રાએ ચાલી નીકળ્યા. હિંદના તમામ ગવૈયાઓનું પડખું એમણે સેવ્યું. ધ્રુપદીઆ, ખ્યાલીઆ, ટપ્પા અને ઠુમરી ગાનારા બીનકાર, તબલ્યા, સરંગીઆ, સિતારીઆ–તમામને સાંભળવામાં એમના દિવસો વીતવા લાગ્યા. એમને ઘર સાંભરે નહિ, સગાંવહાલાં સાંભરે નહિ. નવો રાગ એ જ એમનું મુકામ. રાગણી અને સૂર એ સગાંવહાલાં–અને એમનો જીવનનો આનંદ તે નોટેશન, એની લાગણીઓને વ્યક્ત કરવાનું સાધન એ સ્વરલિપિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિત્રકાર નવીનોખી જગ્યાએ ફરી કુદરતની છાંય પીંછીમાં ઊંચકે, પહાડ અને ઝરણાંને એ રૂપ આપે, સીમ અને સરોવરને એ રંગોમાં નવરાવે, એ જ રીતે ભાતખંડેને જ્યાં જ્યાં સ્વરચિત્રણ મળ્યાં ત્યાં ત્યાં એમની સવારી ઊપડી—અને એમણે એ મુલાકાત મઢી રાખી—એ જગ્યા પર પહોંચતાં એમને ઘેાળે દિવસે તારા દેખાઈ ગયા, પણ એ બધી આફતો એ ભૂલી ગયા, જ્યારે એમના કાન પર રાગ અફળાયા ત્યારે.

એ ગીતો કયાં કયાં દટાઈ ગયાં હતાં ? મોતની રાહ જોતા કોઈ બુઝર્ગના ગળામાં. દુનિયા જેવી જેને કોઈ ચીજ નથી એવા લાપરવા આદમીઓની યાદશક્તિમાં, ચીમળાઈ ગએલી કોઈ તવાયફના જલી જતા કંઠમાં, માંડ માંડ આંગળીઓ ચાલતી હોય એવા સાજદારમાં : સૌ કોઈ પાસેથી એમણે એ ગીતો ગોતી લીધાં, અને એ મોતીઓને એમણે અક્ષરોમાં પરોવ્યાં.

વડોદરામાં પહેલી સંગીતપરિષદ થઈ, ત્યારે હિંદના તમામ જાણીતા સંગીતકારોએ હાજરી આપેલી. એવી ભવ્ય પરિષદ તે પછી કોઈ દિવસ થઈ નથી. રહેમતખાં હદુખાં જેવાએ પણ હાજરી આપેલી. તે વખતે ભાતખંડેએ જાહેર ભાષણ આપ્યું. સાંભળીને મંડપ સળવળી ઊઠ્યો. આ પંડિતનું આટલું જ્ઞાન ! ભાતખંડેએ તો ઉસ્તાદો જે કામ કરી રહ્યા હતા એનું પૃથક્કરણ કરવા માંડ્યું. રાગનું શાસ્ત્ર તેમણે સમજાવ્યું. સંસ્કૃત ગ્રંથોના દાખલાઓ ટાંકયા. હિંદુસ્થાની સંગીતનો ઇતિહાસ એમણે નવીન રીતે રજૂ કર્યો અને બધા હેમતાઈ ગયા. ઉસ્તાદોને પણ ત્યારે જ તેઓની મહત્તાનું ભાન થયું.

'કયા હમ ઇતના કાબેલ હૈ ?' એ બળ ભાતખંડેએ તેઓને ત્યારે આપ્યું : ત્યાં સુધી ભાતખંડે સિવાય આ ઉસ્તાદોને તેઓના શાસ્ત્ર વિષે આ પ્રકારની સમજ કોઈએ આપેલી નહિ ! નહિ ! એ પરિષદમાં મદ્રાસથી કોઈ મહાન સંગીતાચાર્ય આવેલા, એમની સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમના એકસો તો શાગિર્દો હતા. એ બધા આ બ્રાહ્મણની વાણી પર ખુશ થઈ ગયા.

દસ ઠાઠ પછી ભાતખંડેએ નાના નાના ભાગોમાં એમનાં નોટેશનો બહાર પાડવા માંડ્યાં. એમાં ઘરાનેદાર ઉમદા ચીજો સંઘરવામાં આવી છે. અપ્રસિદ્ધ રાગોની ચીજો પણ આપવામાં આવી છે.

લક્ષત ન અહીર ન પ્રભાત નવકાર હે
પંચમ બંગાલ નાહીં હોત ભટિયાર હે
માલવ સુ મેલ પધ ન કો ત્યાગ હે
મેઘરંજની ચતુર માસ પરકાર હે.

મેઘરંજની જેવા કઠિન રાગનું આ રીતે લક્ષણગીત એ ભાગોમાં આપવામાં આવ્યું છે. લગભગ ચૌદ ભાગ એટલે કે ચૌદ પુસ્તક એમણે આ રીતે પ્રસિદ્ધ કર્યાં છે.

ભાતખંડે અવસાન પામ્યા છે પણ 'ચતુર પંડિત' તો ઠેરઠેર જીવે છે. એમના મૃત્યુ પછી ઉસ્તાદોને એમ થયું છે કે ગાયકનો ગાયક આપણી વચ્ચેથી ચાલતો થયો છે.

ભાતખંડેની કોઈ મુલાકાત લેવા જતું તો એ સામે પુછાવતા કે મુલાકાતનો હેતુ શો છે? એ હેતુ સંગીતનો દર્શાવવામાં આવતો તો જ એ મુલાકાત આપતા. જ્યારે મોત એમની મુલાકાત લેવા આવ્યું ત્યારે જરૂર મોતની જબાન પર પણ ચતુરનું લક્ષણગીત હશે.

એમનો મૃતદેહ જ્યારે માનવીઓ લઈ જતા હતા ત્યારે એમના ઓરડામાં લક્ષણગીતો અને નોટેશનની એમની પ્રગટ કરેલી ચોપડીઓ એમ ને એમ પડી હતી, બાપની લાડકવાયી વારસદાર જેવી. એને કોઈ હટાવી શકયું નહીં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. પાંત્રીસ વર્ષનો યુવાન પ્રમુખસ્થાને

"બંગાળી અને હિન્દી સાહિત્યની ખૂબીઓ અહીં ઉતારવાની આપણી લગની આડે એક વાત વિસરાઇ ગઈ છે, આપણા નજીકના પડોશી મરાઠી સાહિત્યને આપણે નથી તપાસ્યું. એની ય દક્ષિણે કાનડી તેલુગુ સાહિત્યના સમૃદ્ધિભંડાર પડ્યા છે, તે તરફ આપણી નજર છેક જ અવગણના દાખવે છે. આ તરફ તમે ગુજરાતનું ધ્યાન ન ખેંચો ?"

એક સ્નેહીજનની આ ઓચિંતી ટકોર આંખ ઉઘાડનારી બની. 'કલમ કિતાબ'ના સંપાદકને પોતાના જ પ્રત્યે શરમ જન્મી, કે છેલ્લા દોઢ વર્ષના ગાળામાં આપણા છેક ઉંબર પર પડેલું મરાઠી સાહિત્ય વિસરાયું હતું, મરાઠી ભાષાનો સમાગમ નહોતો સાધી શકાયો. મુંબઈ જેનું કેન્દ્ર બની રહ્યું છે તે મરાઠી વાઙ્મયના પ્રવાહોથી અણસ્પર્શ્યા રહી જવાયું હતું. બરાબર એ જ ઘડીએ દાદર ખાતેનું મુંબઈ મરાઠી સાહિત્ય સંમેલન ભરાયું. એમાંથી સંપર્કનો આછો તાંતણો હાથ લાગ્યો.

બુઠ્ઠાઓની જ સદા શોધ કરનારા ગુજરાતને એ એક ધડો લેવાની વસ્તુ છે કે આ સંમેલનના સભાપતિ-સ્થાને પાંત્રીસ વર્ષના એક નવયુવાનની મહારાષ્ટ્રે પ્રતિષ્ઠા કરી હતી. એ નવયુવાન શ્રી. આંડેકર. રત્નાગિરિ જિલ્લાના, નીમક સત્યાગ્રહની લડતમાં જાણીતા થયેલ શીરોડા ગામની એક હાઈસ્કૂલના અદના શિક્ષક છે, તે પણ ગુજરાતે જાણવા જેવી વાત કહેવાય. કારણ કે આપણામાં તો હજુ આપણા કલા-સાહિત્યના સમારંભોને કલા-સાહિત્યની બહારનાં ક્ષેત્રોમાં ઝંઝકતા પ્રતિષ્ઠાવંતોને લાવી ઝગમગાવવાની વૃત્તિ જોર કરી રહેલ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વ૦ ગડકરીની પછી મરાઠી સાહિત્યમાં અસાધારણ પ્રતિભાશાલી સાહિત્યના સર્જક લેખે શ્રી. ખાંડેકરનું નામ સર્વથી મોખરે છે. એની કારકિર્દીનો આરંભ કવિ તરીકે થયો. પછી તુર્તમાં જ કવિતાનો પ્રદેશ છોડીને એણે વિવેચક, નાટ્યકાર, નવલિકાકાર અને લાંબી વાર્તાના લેખક વગેરેના પ્રદેશમાં પોતાનું દૈવત ઝળકાવ્યું. મહારાષ્ટ્રના એ સર્વશ્રેષ્ઠ ઉપન્યાસકાર અને નવલિકા-શિલ્પી ગણાય છે. એની કૃતિઓમાં કલ્પના, ચિત્રણ–સમૃદ્ધિ અને માનવતા સભરભર ખેલે છે.

વર્તમાન મરાઠી સાહિત્યમાં શ્રી. ખાંડેકરનો સૌથી મોટો ફાળો કયો છે? સમાજ–જીવનની વાસ્તવિકતા અને આવશ્યકતાઓથી લલિત વાઙ્મયને વિમુખ કરનારી સ્વપ્ન–વિહારી મનોદશા ઉપર એની કલમે પ્રચંડ આઘાત ચલાવ્યો છે. સમાજવાદી વલણ વધારનારા આ લેખકે સમાજના દલીતો–પીડિતોનું જીવન આલેખવાનું આજ સુધી અન્ય કોઈ મરાઠી કલમે નથી કરેલું તેવું સફળ કામ કર્યું છે.

'ઉલકા', 'હૃદયાંચી હાક', 'કાંચન મૃગ', 'દોન ધ્રુવ,' એ ઉપન્યાસો તેમ જ બીજી અનેક ટૂંકી વાર્તાઓના એના સંગ્રહો, પર–પ્રાંતીય સાહિત્યની સમૃદ્ધિને આપણા દ્વારે ઉતારવામાં રોકાયેલા ગુજરાતી લેખકભાઈઓએ હાથમાં ધરવા જેવાં કહેવાય છે.

શ્રી ખાંડેકરના ભાષણની કેટલીક કંડિકાઓ આ રહી :

'મરાઠી સાહિત્ય હજુ વૈભવના શિખર પર નથી પહોંચ્યું. સાહિત્યક્ષેત્રમાં આજ પુષ્કળ નવીન સૈનિકો પ્રવેશ કરી રહ્યા છે. આમ છતાં સાહિત્યની ભરતી કાં નથી ઊહતી? ઉત્તર એક જ છેઃ સાહિત્યના સૈનિકોને પેટના ખાડા પુરવાની ચિંતા છે. એકલા સાહિત્ય પર ગુજરો કરવાનું અશક્ય છેઃ ને પેટ ભરવા માટે બીજા ધંધા કરવા પડે છે ત્યાં સુધી સાચા સાહિત્યને સર્જવાનું માનસિક સ્વાસ્થ્ય નથી મળતું એ મારા સ્વાનુભવની કથની છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'માર્ગદર્શક, ઓજસ્વી સાહિત્ય નિપજાવવું હોય તો પ્રથમ સાહિત્યકારોના પેટની ફિકર દૂર કરો.

'આપણા આ વૈભવશાળી નગરમાં ગ્રંથોનો સંગ્રહ કરનાર નાગરિકો કેટલા જડશે? ઘણાખરાંની કબાટો ઊંચાં વસ્ત્રો–દાગીનાથી ભરેલી જણાશે, પણ ઉત્તમ પ્રકાશનોને ઉત્તેજન નહિ મળે.

'મરાઠી જીવનના દુર્દૈવને અંગે આજે ખરેખરું શાસ્ત્રીય વાઙ્મય આપણને પ્રાપ્ત નથી થઈ શકતું. મરાઠીઓ માટે એક પણ સ્વતંત્ર વિદ્યાપીઠ નથી ને અભ્યાસી લેખકો માટે 'ક' વર્ગના કેદીને અપાય છે એવી ખાવાપીવાની કે રહેવાની પણ સગવડ નથી. આજનો આપણો મહારાષ્ટ્રીય ડૉકટર ગમે તેવો ધન્વંતરી જેવો વિદ્વાન હશે તો પણ તેની દ્વારા સંશોધન કાર્ય કે અનુભવલેખનનું કાર્ય થવું અશક્ય બને છે. જીવનના છેલ્લા દિવસોમાં આવા પુરુષો કાં તો સંસારની ઉપાધિઓમાં જ પ્રવૃત્ત બનેલા હોય છે અને કાં તો રોગી સ્થિતિમાં જ તેઓ પોતાનું જીવન પૂરું કરે છે.

'લલિત લેખકોએ પોતાની કલાદ્રષ્ટિ હમેશાં જાગૃત રાખવી જોઈએ તેમાં સંશય નથી જ. એકાદ પરદેશી મોડેલ પરથી તેની નકલ કરવા કરતાં લેખકોની પ્રતિભામાંથી પ્રગટ થનારી જીવંત કલા અધિક સરસ છે એમાં શંકા જ નથી; પણ આજના સ્ટીફન ઝ્વાઇગની હળવી લેખનશૈલી, જેમ્સ જોઈસની વિલક્ષણ નવસૃષ્ટિ અથવા સૂક્ષ્મદર્શક યંત્રદ્વારા નિરીક્ષણ કરવા પ્રમાણે મધ્યમ વર્ગનું ચિત્ર રજૂ કરનાર સિંકલેર લુઈસની વર્ણનશક્તિનું અનુકરણ આપણા સાહિત્યમાં થાય એ પણ ઇષ્ટ છે એમ મને લાગે છે. માત્ર નાનાં બાળકોને ખરી લાગતી પ્રાચીન સમયની તર્કવાર્તા, રહસ્યો, ભોગલોલુપ વૃત્તિના કાયદાઓ બતાવી તેનું આકર્ષણ ઉત્પન્ન કરનાર વર્ણનો, વાર્તા લખવી જ છે તે માટે ઉત્પન્ન થનારાં પાત્રો અને તેનાં પરિવર્તનો, મૃગજળ સરખું ખોટું પ્રતિબિંબ કે આભાસ ઉત્પન્ન કરનાર તત્ત્વજ્ઞાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ બધીય કલાનાં નામ હેઠળ આવી જતી અસત્ય વસ્તુઓ છે. સુવાસ ઊડી ગયા પછી સારી કાબૂલી હીંગની કિંમત માટીના મૂલ્ય જેટલી હોય છે તે જ પ્રમાણે પ્રાચીન કાળની બરછટ થયેલી કલાની કિંમત પણ તેવી જ હોય છે. કલાવિકાસ એ કાંઈ માત્ર હળદર કંકુ નથી કે તીર્થથી પાછી ફરનાર વ્યક્તિના કપાળ પર સૌભાગ્યચિન્હ તરીકે તેને લગાડીએ એટલે એના સાત જન્મનો ફેરો સફળ થાય. કલાનો વિકાસ દુર્ઘટ છે. એની પાછળ તો સબળ આત્મભોગ સમાયેલો છે.

'પ્રણય એ માનવસૃષ્ટિમાં રહેનારા જીવન માત્રનો મિત્ર છે તેમાં શંકા નથી. કવિ કાલીદાસથી માંડીને સ્ટીફન ઝવાઇંગ સુધી તેનાં ભિન્ન ભિન્ન ચિત્રો આપણી નજરે ચડે છે અને હવે આપણને મળનારા સાહિત્યમાં આવાં જ પ્રતિબિંબો રજૂ થશે અથવા થતાં રહેશે એમાં શંકા નથી. બાણની કાદમ્બરીમાં આવતી જન્માંતર કથાની અદ્‌ભુત રમ્યતા આલ્ડસ હક્સલીના 'ધી પ્યાન્ડ ન્યુ વર્લ્ડ' માં આવતા ભવિષ્યસૃષ્ટિના વર્ણન જેવી છે એમ સૌ કોઈ જાણે છે. ભવભૂતિના ઉત્તરરામચરિતની કારુણ્યમૂર્તિ સીતા વેસેક્સ મધ્યેના હોડીનો 'ટેસ્સ' સરખી માનસકન્યાના રૂપે અવતાર પામે તેમાં નવીનતા કયાં છે? સહૃદયતા એ લલિત વાઙ્મયની જનેતા છે એમ કોણ નાકબૂલ કરે છે? કલ્પકતા એ સહૃદયની સગી બહેન જેવી છે. દુર્બળ સહૃદયોને એમાંથી પોષણ મળવું બહુ જ કઠિન છે.

'આજના આપણા લલિત લેખકોએ પોતાના દ્રષ્ટિકોણને વ્યાપક બનાવવાની જરૂર છે. આ વાત જ્યારે જાહેર કરવામાં આવે છે ત્યારે ઊછળતા લેખકો હસીને એમ વાત કરે છે કે, 'અમને દ્રષ્ટિકોણ બતાવનારા તમે કોણ? અમને અમારા દ્રષ્ટિકોણની સંપૂર્ણ માહિતી છે. અમારી કથા, કાદંબરી કે નાટકો એ સૌ સામાજિક વસ્તુઓ નથી?' આવી દલીલોનો સામે શું કહેવું? આજે આપણા સાહિત્યમાં પ્રસિદ્ધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયેલા કોઈ પણ પુસ્તક પર નજર કરો તો તમને તેના પૂંઠા પર સામાજિક શબ્દ મોટા અક્ષરે છાપેલો નજરે પડશે. પુસ્તક પ્રગટ કરનારા આ બિચારા શબ્દોને અબર નહીં હોય કે 'હિંદુસ્તાનમાં બનેલો માલ'ની છાપ મારી જે માલ બજારમાં ખપાવવામાં આવે છે, તેની જ બરોબરી લાયકાત ધરાવનારું આજનું આપણું સામાજિક વાઙ્મય છે. બન્ને વસ્તુઓનાં કલેવર પરદેશી જ છે. આપણા સમાજની અંદર જે સામાજિક સમસ્યાઓ પ્રવર્તી રહી છે તેનું જ પ્રતિબિંબ જો રજૂ કરવામાં આવે તો આપણું લલિત વાઙ્મય ખરેખરું સામાજિક બને. ભૂકંપનો સહેજ ધક્કો લાગતાં કોઈ શબ્દસ વેધશાળાની બારી પર જઈ આકાશ તરફ દૂરબીન માંડી ભવિષ્ય ભાખે તેવી જ પરિસ્થિતિ આજના મરાઠી લલિત લેખકોની છે. પ્રલયકાળ પ્રમાણે આપણા જીવનસમુદ્ર પર ભારેખમ આર્થિક વાદળો વરસવાં શરૂ થઈ ગયાં છે તો પણ હજુ આપણે આપણાં નાયક-નાયિકાઓને કાગળની હોડીમાં બેસાડી ચાંદની રાતે મજા લૂંટાવવા કોઈક સમુદ્રકિનારા પર મોકલવાનું ચૂકતા નથી.

'આપણા આજના સામાજિક જીવનક્ષેત્ર પર જો સ્વતંત્ર દૃષ્ટિએ આપણી તરુણ જનતા નજર કરે તો તેને શેનો આભાસ થશે તે જાણો છો? દિનપ્રતિદિન જુનવાણી માનસ દૃષ્ટિમાંથી ભૂંસાતું જાય છે. આજે માત્ર ભૂતદેવોના ચિત્રોથી આપણું કાર્ય પાર પડનાર નથી. પગ પરની બેડીઓ છૂટી થવાથી શું કોઈ પણ કેદી સુખનો રસાસ્વાદ અનુભવે છે કે? આજ દિવસ સુધી આપણા લેખકોના મનમાં એક એવી માન્યતા રૂઢ થઈ ગઈ છે કે સાહિત્યમાં નવીન સમાજ-રચનાના પ્રતિબિંબો રજૂ કરવાથી જ આજના સાહિત્યમાં ખરેખરું જીવંતપણું આવી ગયું છે. આ જાતની બંડખોર વૃત્તિનો અંકુશ મરાઠી સાહિત્યમાં કેટલાય કાળ સુધી રહ્યો હતો પરન્તુ એનું પરિણામ જોઈએ તેવું આવ્યું નહીં. લલિત લેખકોની કલા હમેશ એક જ ધર્મને માન્ય રાખે એવી હોવી જોઈએ, અને તે ધર્મ તે માનવધર્મ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સાહિત્યના ક્ષેત્રમાં, રાજા રાજ્યને આગ લગાડે અને પ્રજા રડતી બેસી રહે એવી વાતો ન આવવી જોઇએ એ મારા આખાયે સૂચનનો ધ્વનિ છે. લલિત વાઙ્મયની સરહદ સંગીત અને ચિત્રકલાથી શરૂ થઈ ને છેક સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર સુધી જઈને અટકવી જોઇએ એમ હું માનું છું. કલ્પકતા અને સહૃદયતા એ લલિત વાઙ્મયના હાલતા ચાલતા પ્રાણ છે. શબ્દલાલિત્ય, અર્થગૌરવ, ચમત્મકૃતિ, રસવિલાસ એ બધાં લલિત વાઙ્મયમાં અજરામર સ્થાન ભોગવી રહ્યા છે.

'લેખકોને પેટ હોય છે એ વાત ખરી, પરન્તુ તેઓ કલમ પર જ જીવનનિર્વાહ કરે એ શકય નથી. દાઈપણું એ ધંધાની દ્રષ્ટિએ સ્ત્રીઓને શકય છે, પરંતુ તેમાં માતૃભાવનો અંશ સમાઈ જતો નથી. માતૃભાવ એ દાઈપણાથી જુદી જ વસ્તુ છે. એ સ્વાર્થત્યાગને તેમજ એવા બીજા ત્યાગોને માંગી લે છે એ આપણે ભૂલવું ન ઘટે. જગત-સાહિત્યની ટોચે જઈ બેઠેલા કોઈ પણ લેખકનો દાખલો લો, મનુષ્ય-માત્રનું ખરેખરું જીવન, તેનાં સ્વપ્નાઓ, તેમની ગડમથલો, તેમના જયપરાજયો, તેમના મનમાં ઊઠતી વિવિધ ભાવનાઓ એ સઘળીયે વસ્તુઓને પોતાની કલમમાં એ ઉતારે છે અને તેમાં જ એ પોતાનું જીવન ધન્ય માને છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. કથકલિના પુનરુદ્ધારક કવિ

શ્રી. વલ્લથોલ નારાયણ મેનોંનઃ કેરલના 'કવિ સાર્વભૌમન' જન્મ ૧૮૭૮ માંઃ મામા પાસેથી આયુર્વેદ અને સંસ્કૃતની શિક્ષા પામ્યા. ખાસ તો કાળીદાસના પ્રભાવે રંગાયા. દસમે વર્ષે મલયાલમમાં ને સંસ્કૃતમાં કવિતા લખવા લાગ્યા. પ્રથમ તો વૈદક સંબંધે પદ્યરચનાઓ કરી પૈસા કમાયા. ત્રિચુર જઈ એક છાપખાનાના મેનેજર બન્યા. સાથે વાલ્મીકિ રામાયણનો મલાયાલમમાં અનુવાદ કર્યો. એ અનુવાદે એમને કીર્તિ ને ધન બન્ને અપાવ્યાં.

બત્રીસમે વર્ષે બહેરા બન્યા. ઉપચારો એળે ગયા. કાન સદંતર ગયા. બહુ દુઃખ પડ્યું, છતાં કવિતાનું નિર્માણ ચાલુ જ રહ્યું. એ બધિરાવસ્થાએ જ 'બધિર–વિલાપ' નામના કાવ્યને એમના હૃદયમાંથી પ્રકટાવ્યું.

'મારા જીવનની સૌથી મોટી ઘટના મારું બહેરા થવું; એણે મને મૌનનું મધુર ઋંગીત સંભળાવ્યું.' એ કવિ વલ્લથોલનો ઉદ્‌ગાર છે.

એની કવિતા વર્તમાન દુનિયાને છોડી પુરાણો, ઇતિહાસો અને રાજપ્રશંસાઓમાં વિહાર કરતી હતી. માનવીના રોજિંદા જીવન જોડે એને કશો સંબંધ નહોતો.

યુરોપીય મહાયુદ્ધની તોપોએ આ બધિરની કલ્પના–સૃષ્ટિને પણ કંપાવી દીધી. એની આંખો માતૃભૂમિની વર્તમાન અવસ્થા પ્રત્યે મંડાઈ, આજ સુધીની વિમુખતાનો પશ્ચાત્તાપ એણે પોતાના 'મારી કૃતઘ્નતા' નામે કાવ્યમાં ગાયો. એના 'માતૃવંદન' ગીતે લોકોને જગાડ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી તો કવિ ગાંધીજીને રંગે રંગાયા. ગાંધીજી કવિના ગુરુદેવ બન્યા. રંકજીવનની વાસ્તવતાને ઝીલવા લાગેલી એની કવિતા પ્રથમ તો કેરલમાં કડવું સન્માન આપી. આજે એણે યુગાન્તર કરી નાખ્યું છે.

બીજો યુગપલટો એણે છંદરચનામાં આણ્યો. કેરલના કવિઓ સંસ્કૃતના છંદોમાં જ રાચતા. તેઓ માની બેઠેલા કે દેશી દ્રાવિડ છંદ ઢીલો ને કમજોર છે. પ્રથમ પ્રથમ તો વલ્લથોલ પણ આ ભ્રમણામાં હતા, પછી એને ભૂલ સૂઝી. એ દેશી તિરસ્કૃત છંદોમાં જ સુંદર પ્રયોગો કરી એણે નવીનોને સંસ્કૃત છંદોને માર્ગેથી પાછા વાળી લીધા.

કોચીનના સ્વ. મહારાજાએ એને 'કવિ તિલકન'ની ને 'કવિ-સાર્વભૌમન'ની પદવી આપી છે. ત્રાવણકોરના મહારાજાએ એને 'વીરશૃંખલા'નું સુવર્ણ કંકણ પહેરાવ્યું છે, ને બ્રિટિશ યુવરાજના આગમન પ્રસંગે પુરસ્કાર લેવા માટે મદ્રાસની યુનિવર્સિટીએ એમને ચૂંટ્યા હતા ત્યારે એ સન્માનનો કવિએ અસ્વીકાર કર્યો હતો.

એની છેલ્લી—ને મહાન સેવા કથકલીનો પુનરુદ્ધાર કરવાની. બહુ મુશ્કેલીઓ વટાવ્યા પછી જ એમને માર્ગ જડ્યો. કેરલ કલામંડળ સ્થાપ્યું. કથકલી શીખવાનું વિદ્યાલય ખોલ્યું. એ વિદ્યાલય આજે કલાનું તીર્થધામ બન્યું છે. કવિ વલ્લથોલ આજે એ કલાની સાધનામાં ને પોતાની કાવ્યોપાસનામાં મશ્ગુલ બન્યા છે.

['હંસ'માંથી ટુંકાવેલું.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. હિન્દી મહિલા-કવિઓ

હિંદી 'ચાંદ' માસિકના નવા અંકમાં 'નવીન કાવ્યક્ષેત્રમાં મહિલાઓ' નામે લેખ લખ્યો શ્રી. શાંતિપ્રિય દ્વિવેદીએ આઠેક હિન્દી સ્ત્રી-કવિઓનો પરિચય કરાવ્યો છે. હિન્દી સાહિત્યમાં મહિલાઓની જાગ્રતિ ને પ્રવૃતિ ધ્યાન ખેંચે તેવી તેજસ્વી જણાય છે.

ગુજરાતમાં લેખિકાઓની સંખ્યા સાવ થોડી છે. કાવ્યક્ષેત્રમાં તો રડીખડી કોઈક જ છેઃ પોતાને ગાવાના રાસ-ગરબાનેય પોતે રચી શકે તેવી તાકાત ગુજરાતણોમાં નથી. આનું કારણ શું ગુજરાતણોનું ઊર્મિધન ઓછું છે ને કર્મજીવન પ્રત્યે વધુ વલણ છે, તે હશે?

સંભવિત છે: શ્રી. લીલાવતી મુનશીનું લેખનજીવન એમની નવી રાષ્ટ્રપ્રવૃત્તિમાં વિલીન બનેલું જોઈ શકાય છે. નહિ તો તેમનું સહુથી પ્રથમ વ્યક્તિત્વ તો એક સાહિત્યકાર તરીકેનું જ હતું. એ જ રીતે શ્રી. વિદ્યાબહેન, શારદાબહેન, હંસાબહેન વગેરેની લેખનશક્તિ ચમકી ચમકીને વ્યવહાર-જગતમાં ડૂબી ગઈ.

આવા પ્રકારના વાસ્તવિક જીવનની શું હિન્દી સ્ત્રી-સમુદાયમાં સંકીર્ણતા છે, કે જેથી તેઓ કવિતા સાહિત્યની કાલ્પનિકતામાં વિશેષ રાચતાં થયાં છે? કવિતા એ શું સત્યજીવનની અંદર ગુંગળામણ અનુભવનારાંઓનું જ આશ્રયક્ષેત્ર છે? કોણ જાણે.

નવીન હિન્દી સ્ત્રી-કવિઓમાં ધ્રુવતારાનું સ્થાન આજે શ્રીમતી મહાદેવી વર્મા (એમ. એ.)ને વરેલું છે. 'નીહાર', 'રશ્મિ' ને 'નીરજા' નામે એના પ્રગટ થયેલા કાવ્યસંગ્રહો છે. એનો એક કવિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંપ્રદાય પ્રવર્તેલ છે. એની કવિતા વાસ્તવિક સંસારમાં નહિ પણ આંતરજગતમાં રમણ કરે છે, એના કવિતાને 'મિસ્ટિક' કહેવામાં આવે છે. બાહ્ય સંસારમાંથી અશાંત બનીને એ પોતાના અંતર્નિવાસી ભાવોનું જ એક જગત સરજે છે, ને એમાં એ અદ્રશ્ય અકલ કોઈ આરાધ્યને સંબોધે છે. એની વાણી દર્દભરી ને મધુર છે. અભાવની વેદના એની કવિતામાં ગુંજે છે.

હિન્દી સાહિત્ય સમ્મેલનના હસ્તથી કવિતા તેમ જ કથા બેઉના સર્જનની શ્રેષ્ઠતા માટે 'સેકસેરિયા પારિતોષિક' જીતી જનાર આ કવયિત્રીની કવિતામાં સ્વાભાવિકતા એ જ મોટી માર્મિકતા છે, નિત્ય જીવનની જાણીતી મનોવૃત્તિઓને જ એના યથાર્થ સ્વરૂપમાં કાવ્યબદ્ધ કરી છે. મહાદેવી વર્માથી ઊલટી જ રીતે સુભદ્રાકુમારી 'રીએલીસ્ટિક' કવયિત્રી છે. ઉદાહરણ તરીકે મહાદેવી જ્યારે—

यह कैसी छलना निर्मम! तेरा निष्ठुर व्यापार?
तुम मन में ही छिपे मुझे, भटकाते हो सारा संसार?

એવા કોઈ અકલિત 'પ્રિયતમ'ને મનોરાજ્યની ધુમ્મસભરી સૃષ્ટિમાં શોધે છે: ત્યારે સુભદ્રાદેવીએ તો—

झूनी भाव उठे उसके प्रति जो हो प्रियका प्यारा;
उसके लिये हृदय यह मेरा बन जाता है हत्यारा.

એવા મોહાસક્ત હૃદયના વાસ્તવિક હિંસાભાવને જ પકડ્યો છે.

વાસ્તવિક જીવનના પ્રણય–વાત્સલ્યના ભાવો સીધી સાદી શૈલીમાં ઝીલતી એની કવિતા 'મુકુલ' નામના સંગ્રહમાં પ્રસિદ્ધ થયેલી છે.

નાની વયમાં જ સાંધાતિક રોગ લાગુ પડી જવાથી જેના જીવનનું હાસ્ય ખરી પડ્યું, તે શ્રી. તારાદેવી પાંડેયના ગીતોમાં વિષાદ પેઠો, એ વિષાદમાં માધુરી છે. એનો પ્રિય કાવ્યવિષય સંધ્યા–તારા છે. એ સંધ્યા–તારકની પેઠે જ એનું કાવ્ય સજલ બની ઝમઝમે છે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અરે સંધ્યાકે પહેલે દીપ ! ઝલકતે હો તુમ મુક્તાકાર;
તુમ્હી મેરે જીવનકી જ્યોતિ, જગમગાતે પરદે કે પાર

સુનાતે મુઝકો કયા સન્દેશ
મૌન કિરણોંકી જ્યોતિ પસાર ?

'અંતર્વેદના' નામે સુંદર કાવ્યસંગ્રહ મૂકીને અકાળે ખરી જનાર કલિકાસમાં શ્રી પુરુષાર્થવતી દેવીને કવિતામાં નિરાશા ને ગમગીની જ વરેલાં હતા. પરંતુ એ ભાવોમાં સચ્ચાઇની કરુણતા ભરી હોવાથી એમાં માંદલાપણું નથી :

આહ! યાદ કરકે કયા હોગા, અપના ગત સંગીત,
ભૂલ જાય વિસ્મૃતિયોંમેં હી, મેરે રાગ પુનિત;
સુની—અનસુની કર દો મેરી, નીરસ કરુણ પુકાર,
જાતી હૂં વેદના ભરે મનસે, અનંત કે દ્વાર;

હિન્દી ભાષામાં સ્ત્રીઓએ સાહિત્યમાં અજબ જેવી ભાત પાડી છે. કવિતા–ક્ષેત્રે તો હિન્દીમાં નારી નરને ટપી જાય છે. એ સ્ત્રી–કવિઓમાં સુભદ્રાદેવી શુક્ર–તારા સમાં ચમકે છે.

અસહકારના આંદોલનમાં એણે શ્રી. મૈથિલીશરણ ગુપ્તની માફક જ કવિતાઓનો ધોધ ચાલુ કરેલો. એનું 'ઝાંસીકી રાની' નામનું કાવ્ય એક અમર કૃતિ મનાય છે.

કથાગીતમાં એક આધુનિક સ્ત્રી–કવિ ભારતવર્ષના ઇતિહાસની એક તેજ–મૂર્તિની ગાથા રચે છે. એ રચના સર્વગમ્ય છે. બાળકોના ને સ્ત્રીઓના, ભણેલાઓ અને અભણોના કંઠમાં આસાનીથી રમતી થનારી એની પ્રત્યેક પંક્તિ છે.

એની કડીએ કડીએ રટાતી ટેક તપાસો–

બુંદેલે હરબોલોં કે મુંહ હમને સુની કહાની થી,
ખૂબ લડી મર્દાની વહ તો ઝાંસીવાલી રાની થી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટેકની અંદર જે ગર્જન છે, તે ગઈ કાલનું નથી, આજનું નથી; ચિરકાલનું છે. રાણી લક્ષ્મીબાઈ આ કવિતામાં ઈતિહાસનું મૃત પાત્ર નથી રહેતી, શાશ્વતકાલનું પ્રતીક બની રહે છે.

વિચારપ્રધાન કવિતાનો પ્રાણ પકડવા મથનારા નવીન કવિતા-કારો હજુ 'ગાથાઓ' એલેડ્ઝ પ્રત્યે બહુ વળ્યા નથી. 'ગાથા'ની રચના નરી સરલતા સાથેનું પ્રાણવંત તાદાત્મ્ય માગી લે છે. વિચારનાં ઝાળાં જેમાં મનના વેગને રુંધીને અટવાવી ન નાખે તેવી પ્રાણવંતી સર-લતા આણવી દુષ્કર છે. માટે તો આપણે 'વિચાર–ઘનતા'ની ઇંદ્રજાળમાં નથી ચાલ્યા જનતાને, એટલું સૌએ એક વાર તપાસી લેવું રહે છે.

સ્વીકાર કર્યા વિના છૂટકો નથી, કે પ્રજાના કંઠમાં અનાહત ગુંજી રહેનારી 'ગાથાઓ' હજુ આગણા નવીનો નથી આપી શકયા, નહિ તો ગુજરાત સૌરાષ્ટ્રની તવારીખ કયાં વાંઝણી છે!

ખૂબી તો આ છે કે સુભદ્રાદેવીનું 'ઝાંસીકી રાની' અને દલપતકવિનું 'હરખ હવે તું હિન્દુસ્તાન' એઉ એક જ સરવૈયાના ઢાળમાં ઢળાયાં છે. ગુજરાતે મારી નાખેલ ઢાળમાં હિન્દી કવયિત્રીએ જીવનનું ઓજસ ભરી આપ્યું છે.

હજુ તો હમણાં જ એક અંગ્રેજ નાટકકારે અધમ રીતે અપ-માનિત કરેલી આપણી આ ઇતિહાસ—વિભૂતિ છે. સુભદ્રાદેવીની આ ગાથા એ કારણે દેશ–વ્યાપક ગુંજનને લાયક બની છે.

ઝાંસીકી રાની

સિંહાસન હિલ ઉઠે રાજવંશોને ભ્રકુટિ તાની થી,
બૂઢે ભારત મેં ભી આઇ ફિરસે નઈ જવાની થી;
ગુમી હુઇ આઝાદીકી કીમત સબને પહચાની થી,
દૂર ફિરંગી કો કરનેકી સબને મનમેં ઠાની થી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફૌરન ફૌજેં લેજ દુર્ગ પર અપના ઝંડા ફહરાયા,
લાવારિસ કા વારિસ બનકર બ્રિટિશ રાજ્ય ઝાંસી આયા.

અશ્રુપૂર્ણ રાની ને દેખા
ઝાંસી હુઇ વિરાની થી.
બુંદેલે હરબોલોં કે મુંહ
હમને સુની કહાની થી,
ખૂબ લડી મર્દાની વહ તો
ઝાં સી વા લી રા ની થી.—૬.

અનુનય વિનય નહીં સુનતા હૈ, વિકટ શાસકોં કી માયા,
વ્યાપારી બન દયા ચાહતા થા યહ જબ ભારત આયા;
ડલહૌઝી ને પૈર પસારે અબ તો પલટ ગઈ કાયા,
રાજાઓં નવ્વાબોં કો ભી ઉસને પૈરોં ઠુકરાયા.

રાની દાસી બની, બની યહ
દાસી અબ મહરાની થી
બુંદેલે હરબોલોં કે મુંહ
હમને સુની કહાની થી,
ખૂબ લડી મર્દાની વહ તો
ઝાં સી વા લી રા ની થી.—૭.

છિની રાજધાની દેહલી કી, લખનઉ છીના બાતોંબાત
કૈદ પેશવા થા વિઠુર મેં, હુઆ નાગપુર કા ભી ઘાત;
ઉદીપુર, તાંજોર, સતારા, કરનાટક કી કૌન બિસાત
જબ કિ સિંધ, પંજાબ,બ્રહ્મ પર અભી હુઆ થા વ્રજનિપાત.

બંગાલે મદ્રાસ આદિકી
ભી તો વહી કહાની થી—બુંદેલે૦ ૮.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાની રોઈ રનિવાસોં મેં, બેગમ ગમસે થી બેહ્વર,
ઉનકે ગહને કપડે બિકતે થે કલકત્તે કે બાજાર.
સરે–આમ નીલામ છાપતે થે અંગ્રેજોં કે અખબાર
'નાગપુર કે જેવર લે લો' 'લખનઉ કે લો નવલખહાર'
યોં પરદે કી ઈજ્જત, પરદેશી-
કે હાથ બિકાની થી.–બુંદેલે૦ ૯.

કુટિયોં મેં થી વિષમ વેદના, મહેલો મેં આહત અપમાન
વીર સૈનિકોં કે મનમેં થા, અપને પુરખોં કા અભિમાન;
નાના ધુન્ધૂપંત પેશવા જુટા રહા થા સબ સામાન
બહિન છબીલી ને રણચંડી કા કર દિયા પ્રકટ આહ્વાન.
હુઆ યજ્ઞ પ્રારંભ, ઉન્હેં તો
સોઇ જ્યોતિ જગાની થી.–બુંદેલે૦ ૧૦.

મહેલોં ને દી આગ, ઝોંપડીને જ્વાલા સુલગાઈ થી
યહ સ્વતંત્રતા કી ચિનગારી, અંતરતમ સે આઈ થી,
ઝાંસી ચેતી, દિલ્લી ચેતી, લખનઉ લપટેં છાઈ થી,
મેરઠ, કાનપુર, પટના ને ભારી ધૂમ મચાઈ થી.
જબલપુર, કોલ્હાપુર મેં ભી
કુછ હલચલ ઉકસાની થી.–બુંદેલે૦ ૧૧.

ઈસ સ્વતંત્રતા–મહાયજ્ઞમેં કઈ વીરવર આયે કામ,
નાના ધુન્ધૂપંત, તાંતિયા; ચતુર અજીમુલ્લા સરનામ,
અહમદશાહ મૌલવી, ઠાકુર કુંવરસિંહ સૈનિક અભિરામ
ભારત કે ઇતિહાસ–ગગન મેં અમર રહેંગે જિનકે નામ.
લેકિન આજ જુર્મ કહલાતી
ઉનકી જો કુરબાની થી.–બુંદેલે૦ ૧૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈનકી ગાથા છોડ ચલેં હમ, ઝાંસી કે મૈદાનોં મેં,
જહાં ખડી હૈ લક્ષ્મીબાઈ, મર્દ બની મર્દાનોં મેં
લેફ્ટેનેંટ વૈાકર આ પહુંચા, આગે બઢા જવાનો મેં
રાની ને તલવાર ખીંચ લી, હુઆ દ્વંદ્વ અસમાનોં મેં.

જખ્મી હોકર વૈાકર ભાગા
ઉસે અજબ હૈરાની થી.–ખુંદેલ૦ ૧૩.

રાની બઢી, કાલપી આઇ, કર સેા મિલ નિરંતર પાર
ઘેાડા થક કર ગિરા ભૂમિ પર ગયા સ્વર્ગ તત્કાલ સિધાર;
યમુના–તટ પર અંગ્રેજોંને ફિર ખાઇ રાનીસે હાર
વિજયી રાની આગે ચલ દી કિયા ગ્વાલિયર પર અધિકાર.

અંગ્રેજો કે મિત્ર સિંધિયા-
ને છોડી રાજધાની થી.–ખુંદેલે૦ ૧૪.

વિજય મિલી પર અંગ્રેજો કી ફિર સેના ઘિર આઈ થી
અબ કે જનરલ સ્મિથ સંમુખ થા, ઉસને મુંહકી ખાઇ થી;
કાના ઔર મંદિરા સખિયાં રાનીકે સંગ આઈ થી
યુદ્ધક્ષેત્ર મેં ઉન દેાનોંને, ભારી માર મચાઇ થી.

પર પીછે હ્યૂ રેાજ આ ગયા
હાય ઘીરી અબ રાની થી.–ખુદેલે૦ ૧૫.

તબ ભી રાની માર કાટકર ચલતી બની સૈન્ય કે પાર
કિંતુ સામને નાલા આયા, થા યહ સંકટ વિષમ અપાર,
ઘેાડા અડા, નયા ઘેાડા થા, ઇતને મેં આ ગયે સવાર
રાની એક, શત્રુ બહેતેરે, હેાને લગે વાર પર વાર.

ઘાયલ હેાકર ગિરી સિંહની
ઉસે વીરગતિ પાની થી.–ખુદેલે૦ ૧૬.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાની ગઇ સિધાર, ચિતા અબ ઉસકી દિવ્ય સવારી થી,
મિલા તેજ મેં તેજ, તેજકી વહ સચ્ચી અધિકારી થી;
અભી ઉમ્ર કુલ તેઇસકી થી, મનુજ નહીં અવતારી થી,
હમકેા જીવિત કરને આઈ, બન સ્વતંત્રતા નારી થી.

દિખા ગઇ પથ શિખા ગઈ
હમકેા જો સીખ સિખાની થી.–ખુંદેલે૦ ૧૭.

જાએા રાની યાદ રખેંગે યે કૃતજ્ઞ ભારતવાસી,
યહ તેરા બલિદાન જગાવેગા સ્વતંત્રતા અવિનાશી;
હેાવે ચુપ ઈતિહાસ, લગે સચ્ચાઇ કેા ચાહે ફાંસી
હેા મદમાતી વિજય, મિટા દે ગેાલેાં સે ચાહે ઝાંસી.

તેરા સ્મારક તૂંહી હેાગી
તૂ ખુદ અમિટ નિશાની થી.–ખુંદેલે૦ ૧૮.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. યશોધરાની કીર્તિગાથા

ભગવાન બુદ્ધની જીવન-ઘટનામાં જે અખૂટ, અતલ અને કરુણભીની વીર-કવિતા ભરી છે, તે કદી જૂની અથવા નીરસ નહિ થાય. એ જીવનકાવ્યમાંથી આર્નોલ્ડે 'લાઈટ ઑફ એશિયા' લખ્યું. બીજું ય વિધવિધ લખાયું હશે.

વિખ્યાત હિંદી કવિ શ્રી. મૈથીલીશરણનું રચેલું આ 'યશોધરા' બુદ્ધના ભવ્ય સંસારત્યાગને એક નૂતન દૃષ્ટિએ કાવ્યાંકિત કરે છે. કેમ કે એ બુદ્ધને અંતરાલે રાખી બુદ્ધે સૂતાં ત્યજેલાં મા-દીકરા યશોધરા-રાહુલની મનોવેદનાનું ઝીણું આલેખન કરે છે. મહાભિનિષ્ક્રમણની રાત્રિએ એક પછી એક સંસાર-ગ્રંથીઓને છેદતો ગૌતમ છેલ્લું ગાન ગાઈ, પોતાની પ્રિય સહચરી ગોપાને, યશોધરાને-

હૈ શુભ્રે, શ્વેત કે સાથ શ્યામ,
એ ક્ષણભંગુર ભવ રામ રામ

રામ રામ કરી જાય છે. તે પછીનાં લગભગ બસો પાનાંમાં યશોધરા અને રાહુલનાં જ મનોમંથનોભર્યાં ગંભીર ક્રંદનો કાવ્યબદ્ધ થયેલાં છે. એક પછી એક માનસ—ચિત્રમાં યશોધરા જીવન-શ્રેણીનાં પગથિયાં ચડતી આવે છે : એને અંતરે આશા છે કે—

ગયે, લૌટ ભી વે આવેંગે
કુછ અપૂર્વ—અનુપમ લાવેંગે
રાતે પ્રાણ ઉન્હેં પાવેંગે
પર કયા ગાતે ગાતે ?
સખી, વે મુઝસે કહ કર જાતે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યશોધરાનો ઓરતો એટલો જ છે, કે અરે, એ મને કહીને ગયા હોત !

તે પછીનો યશોધરાનો વિલાપ પ્રકૃતિનું દર્શન, જ્ઞાનનું મનોમંથન અને પુત્ર રાહુલ પ્રતિનું હેત વગેરે વાટે વિશુદ્ધતર બનતો ચાલે છે. જનની પોતાના બાલને રમાડતી, લાડ લડાવતી, પિતાજી ક્યાં ગયા ને શા માટે ગયા એવા એવા પ્રશ્નોના સજ્જ છતાંય મર્મગામી ખુલાસા કરતી એવી તો આલેખાઈ છે, કે જાણે દૂર દૂર સાધના કરી રહેલા સિદ્ધાર્થની સિદ્ધિ જ અહીં ઘરઆંગણે સદેહે તૈયાર ન થઈ રહી હોય ! મા–બાલક વચ્ચે આ કાલી ગોષ્ઠીઓમાં કવિશ્રીએ ભારોભાર નિર્વ્યાજતા મૂકી છે, ને પિતાજીને વિષે મા જે વાતો કરી રહી છેઃ તે દ્વારા રાહુલ પણ સ્વતઃ પાકતા ફળની પેઠે ત્યાગના રંગોને હૃદય પર ધારણ કરતો જાય છે.

આખરે પ્રભુ બુદ્ધ યશોધરાની પાસે આવ્યા તે પ્રસંગનું આલેખન તો કવિશ્રીના ગાનને સંધ્યાગગનની શોભા આપનારું છે. તત્પર બનેલી યશોધરાને અકળાવનારા ભાવો તો આ છે :

> કયા દેકર મેં તુમકો લૂંગી ?
> દેતે હો તુમ મુક્તિ જગત કો,
> પ્રભો, તુમ્હેં મૈં બન્ધન દૂંગી !

—તમને શું હું રડીને પાછા મેળવી લઈશ !

> લૂંગી ક્યા તુમકો રોત રહી ?

ઘણી રાહ જોયા પછી બુદ્ધ આવે છે. રાહુલ કહે છે કે મા,

> જિતના રોના હો તૂં રો લે
> ઇનકે આગે આજ
> ઓસ તૂં, તો યે સ્વયં પ્રભાત !
> શાન્ત હો અબ સારે ઉત્પાત.

તારે રડવું હોય એટલું હવે તું એક સામટું એની પાસે જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠાલવી નાખજે. તું આંસુડાંની મૂર્તિમંત ઝાકળ છે, તો એ તારાં તમામ અશ્રુબિન્દુઓને ઝીલનાર પ્રભાતસ્વરૂપ છે.

આમ, હતું તો રડવું, પણ દર્શન થયાં ત્યારે, માનિની બધું માન ગુમાવી બેઠીઃ—

નાથ, વિજય હૈ યહી તુમારી,
દિયા તુચ્છ કો ગૌરવ ભારી,
અપનાઇ મુજ સી લઘુ નારી
હો કર મહા મહાન !
પધારો ભવ ભવ કે ભગવાન !

બુદ્ધદેવનો પ્રત્યુત્તર એક જ કવિતાથી બસ થઈ જાય છે. હે ગોપા ! દીન ન બન, નારી કદાપિ હીન નથી. અરે, મારી પ્રત્યેક કસોટીની વેળાએ સ્ત્રીએ જ—તેં જ—મને ઉગારેલ છે.

તુમ તો યહાં થી, ધીર ધ્યાન હી તુમારા વહાં,
જુઝા, મુઝે પીછે કર, પંચશર વીરસે

તું અહીં હતી, છતાં ત્યાં તપશ્ચર્યામાં કામદેવની સામે, ચલિત કરનારાં તમામ દુષ્ટ તત્ત્વોની સામે તારું ધ્યાનં ધરવાથી જ હું ઊગર્યો. વધુ શું વર્ણવું હું નારીનો મહિમા !

ને પતિને રોકવાના વિચારો કરનારી યશોધરાએ ઝિલટાનો એ મુક્તપંથે પોતાના વહાલા પુત્રને પણ વળાવી દીધો.

તુમ ભિક્ષુક બનકર આયે થે, ગોપા કયા દેતી સ્વામી !
થા અનુરૂપ એક રાહુલ હી, રહે સદા યહ અનુગામીઃ
મેરે દુઃખમેં ભરા વિશ્વસુખ, કયોં ન ભરું ફિર મેં હામી
બુદ્ધં શરણં, ધર્મં શરણં, સંઘં શરણં, ગચ્છામિ,

આખા કાવ્યની, વિના પ્રયત્ને વહન કરતી લલિત, ગંભીર અને સરલ વાણીઃ તેમ જ વિવિધ, તરંગિત, તો યે સ્વાસ્થ્યવતી છંદરચના કાવ્યને સુવાચ્ય અને પાવનકારી બનાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭. કવિ મૈથિલીશરણ અને કાકા કાલેલકર

[કવિશ્રી મૈથિલીશરણ અને કાકા કાલેલકર વચ્ચે કાશીમાં થયેલો વાર્તાલાપ]

કાકા સાહેબ:—આપને કાવ્યરચનાની પ્રેરણા કેવી રીતે થઈ?

મૈથિલીશરણ:—કવિતા પણ એક માદક ચીજ છે. શરૂશરૂમાં વિનોદ અને કુતૂહલની દૃષ્ટિથી કવિતા કરવા લાગ્યો. પણ પછી તો એણે જ મને કબજે કરી લીધો. મારા પિતાજી કુળદેવતાઓને ઉદ્દેશીને કવિતા રચ્યા કરતા હતા. મને પણ એમની માફક સ્તુતિ-ગુણગાન કરવાની ઇચ્છા ઉત્પન્ન થઈ. એ જ ઇચ્છા પ્રેરણા બની. ને એનું પરિણામ આત્મનિવેદન—આત્મસમર્પણરૂપે આવ્યું.

કાકાસાહેબ:—કાવ્યક્ષેત્રમાં આપને જે અસાધારણ સફળતા મળી છે, તેનું કારણ હું જાણવા માગું છું.

મૈથિલીશરણ:—પ્રત્યેક કવિ પોતાના ભાવને પોતાની કવિતામાં વ્યક્ત કર્યા કરે છે. મેં મારી કવિતામાં જે ભાવ વ્યક્ત કર્યો છે, એના પ્રત્યે મારા વાચકમંડળની જે સહાનુભૂતિ છે, તે સહાનુભૂતિ જ મારી અલ્પ-સ્વલ્પ સફળતાનું કારણ છે.

કાકાસાહેબ:—જીવનની કઈ કઈ ઘટનાઓનો આપની કાવ્ય-વૃત્તિ પર વિશેષ પ્રભાવ પડ્યો છે?

મૈથિલીશરણ:—જીવનને જે ઘટનાઓ બોધક બની છે, તેનો જ પ્રભાવ વધુ પડ્યો છે. સાધક, અનુકૂલ ને પોષક જે ઘટનાઓ છે, તે તો વિશ્રાંતિ દેનારી છે. ક્રાંતિ તો હમેશાં પ્રતિકૂલ સંજોગોમાંથી જ જન્મ્યા કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાકાસાહેબ:–આપ આ યુગના પ્રતિનિધિ કવિ મનાઓ છો. તો આપની કઈ કઈ કૃતિઓમાં આ યુગને માટેનો સંદેશ છે?

મૈથિલીશરણ:–હું આટલું જ કહી શકું છું કે કોઈ પણ યુગની કાવ્યરચના કરતી વખતે હું મારા યુગને ભૂલ્યો નથી. જ્યારે કોઈ ઐશ્વર્યશાળી પ્રદેશમાં પ્રવેશ કરવાનો હું પ્રયત્ન કરું છું ત્યારે મારી મતિ મને કહે છે કે–

मैं सुनती हूं वह दूर देश है सपना
तुम उसे देख, घर भूल न जना अपना.

[એ દૂર દેશ તો સ્વપ્ન છે. એને દેખીને તું પોતાના ઘરને ભૂલી ન જતો.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮. કાકી

(શ્રી૦ સિયારામશરણ ગુપ્તના વાર્તાસંગ્રહમાંથી)

[૧]

તે દિવસ સવારને પહોરે જ્યારે શ્યામુની નીંદ ઊઠી ત્યારે એણે જોયું તો આખા ઘરમાં પોકરાણ પડી રહેલ છે. એની કાકી ઉમા, એક કામળી ઉપર પગથી માથા સુધી એક કપડું ઓઢેલી, ભોંય પર સૂતેલી છે, અને ઘરનાં બધાં લોકો એને વીંટળાઈ અતિ કરુણ સ્વરે વિલાપ કરી રહ્યાં છે.

લોકો જ્યારે ઉમાને સ્મશાને લઈ જવા માટે ઉઠાવવા લાગ્યા, ત્યારે શ્યામુએ ભારી તોફાન મચાવ્યું. લોકોના હાથમાંથી છૂટીને એ ઉમાની ઉપર ઢળી પડ્યો. કહે કે, કાકી તો સૂતેલી છે: એને આમ ઉઠાવીને ક્યાં લઈ જાઓ છો ? નહિ લઈ જવા દઉં.

લોકોએ બહુ મુશ્કેલીથી એને દૂર ખસેડ્યો, એક દાસીએ રામ રામ કરતાં કરતાં એને ઘરમાં સંભાળી રાખ્યો.

[૨]

બુદ્ધિશાળી મોટેરાઓએ એને ખાતરી આપી કે કાકી તો મામાને ઘેર ગઈ છે. પણ વાત છૂપી ન રહી શકી કે કાકી બીજે ક્યાં ય નહિ, ઊંચે ભગવાનને ઘેર ગઈ છે. શેરીનાં છોકરાંએ આ ભેદ ખોલી નાખ્યો હતો.

દિવસો સુધી શ્યામુએ સતત રોયા કર્યું. ક્રમે ક્રમે રુદન તો શાંત પડી ગયું, પણ શોક ન શમ્યો. વર્ષાનું પાણી પૃથ્વી પર પડ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી અગોચર અને છતાં ઊંડે ઊંડે તો એની ભીનાશ બહુ દિવસો સુધી પડી રહે છે, તે જ રીતે આ શોક શ્યામુના અંતઃકરણને ઉંડાણે જઈ સંઘરાયો. ઘણું ખરું એકલો બેઠો બેઠો એ સૂનકારભર્યા દિલે આકાશ તરફ તાકયા કરતો.

[૩]

એક દિવસ એણે એક પતંગ ઊડતી દીઠી. કોણ જાણે શા વિચારથી એનું હૃદય એકદમ પ્રફુલ્લ બની ઊઠ્યું. વિશ્વેશ્વરની પાસે જઈ એણે કહ્યું, 'કાકા, મને એક પતંગ મંગાવી દો. હમણાં જ મંગાવી દો ને!'

પત્નીના મૃત્યુ પછી વિશ્વેશ્વર બહુ અન્યમનસ્ક રહેતો હતો. 'મંગાવી દઈશ' કહીને ઉદાસ ભાવે એ બહાર ચાલ્યો ગયો.

શ્યામુ તો પતંગ સારુ બહુ અધીર બન્યો. એણે એક ખીંતી ઉપર વિશ્વેશ્વરનો કોટ ટીંગાતો દીઠો. આજુબાજુ નજર કરી, એક સ્ટૂલને ખીંતી નજીક સરકાવી, ઉપર ચડી, કોટના ખિસ્સામાંથી એક પાવલી લઈને એ રપૂચક થઈ ગયો.

[૪]

કામવાળી બાઈ સુખિયાનો છોકરો ભોળો, શ્યામુની ઉંમરનો હતો. એને કહીને શ્યામુએ છાનીમાની પતંગ મંગાવી. એક અંધારા ઓરડામાં બેસીને બેઉ છોકરા પતંગને દોર બાંધવા લાગ્યા. શ્યામુએ ધીરેથી કહ્યું: 'ભોળા! કોઈને ન કહી દે તો એક વાત કરું.'

ભોળો કહે: 'નહિ, નહિ જ કહી દઉં કોઈને.'

શ્યામુએ રહસ્ય પ્રકટ કર્યું.

ભોળો શ્યામુથી વધુ સમજણો હતો. એણે કહ્યું: 'એ વાત તો બરાબર; પણ એક મુશ્કેલી છે. આ દોરો બહુ પાતળો છે, તૂટી જાય. એ માટે તો મોટી રસ્સી જોઇએ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્યામુ ભારેખમ બની ગયોઃ 'હા, બરાબર કહ્યુંઃ લાખ રૂપિયાની વાત. પણ હવે મોટી રસ્સી કાઢવી ક્યાંથી? પૈસા તો નથી. ને કાકીને બાળી આવનારાં આ નિર્દય લોકો આ કામને માટે તો પૈસા આપે જ શાનાં?'

એ દિવસે આખી રાત શ્યામુભાઈને નીંદ ન આવી.

બીજે દિવસઃ આગલા દિવસની માફક જ શ્યામુએ વિશ્વેશ્વરના કોટના ગજવામાંથી એક રૂપિયો ભોળાને આપીને કહ્યુંઃ 'જો ભોળા, કોઈને ખબર ન પડી જાય હોં! મજબૂત મજબૂત બે રસ્સીઓ જ લઈ આવજે. એક તો ઓછી પડશે. અને તને કે મને લખતાં આવડતું નથી. માટે જવાહિરભાઈની પાસે જઈ હું આ પતંગ પર 'કાકી' એટલું લખાવી આવું છું. તું ઝટ રસ્સી લઈ આવ.'

[૫]

બે કલાક પછી બેઉ છોકરા પ્રફુલ્લ દિલે અંધારા ઓરડામાં બેઠા બેઠા પતંગને જાડાં દોરડાં બાંધી રહ્યા છે. એમાં એકાએક વિશ્વેશ્વર જ આવી પહોંચ્યા. એનું મોં લાલચોળ હતું. બેઉ છોકરાઓને ધમકાવીને પૂછ્યુંઃ 'તમે મારા ખિસ્સામાંથી રૂપિયો લીધો છે?'

એક બે ત્રાડમાં તો ભોળો ફસકી પડ્યો. માની ગયો. શ્યામુભાઈએ રસ્સી અને પતંગ મંગાવવા માટે રૂપિયો કાઢ્યો હતો.

વિશ્વેશ્વરે શ્યામુને બે તમાચા ખેંચી કાઢ્યા. કહ્યુંઃ 'ચોરી શીખીને જેલમાં જવું છે કે? એમ કે? ઠીક છે. હું તને બરાબર સીધો કરું છું.'

બે ચાર વધુ થપ્પડો લગાવીને પતંગ લઈ ફાડી નાખી. પછી રસ્સીઓ સામે જોઈને પૂછ્યુંઃ 'આ કોણે મંગાવી?'

ભોળાએ કહ્યુંઃ 'આણે મંગાવી'તી. કહે કે રાંઢવાં વડે પતંગને ઊંચે ઉડાવીને કાકીને ભગવાનને ઘેરેથી નીચે ઉતારીશું.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'શી રીતે ?'

'એ કહે કે કાકીનું નામ વાંચીને ભગવાન એને અહીં આવવા દેશે, કાકી ગાંઠવું ઝાલીને નીચે લસરી આવશે.'

પલભર ભાન ભૂલીને વિશ્વેશ્વર સ્તબ્ધ બન્યો. એણે એ ફાટેલી પતંગ ઉઠાવીને નિહાળી. પતંગ ઉપર એક કાગળની ચબરખી ચોડી હતી, ચબરખી ઉપર લખેલું હતું 'કાકી.'

[ખુલાસો—આ વાર્તામાં અમે એક છૂટ લીધી છે. પતંગ ચડાવવાનું જે રહસ્ય શ્યામુએ ભોળા પાસે પ્રકટ કરેલું છે તે અમે તે બેઉના આગલા વાર્તાલાપમાંથી બાદ રાખીને વાર્તાને છેડે જ ખૂલવા દીધું છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯. કારાવાસ—કાવ્યો

(ભુસાવળ બોમ્બ કેસના કેદી શ્રી. ભગવાનદાસને મુંબઈ ઇલાકાની સરકાર આજકાલમાં છોડી દેશે. દૃઢ મનથી અહિંસક બનેલા કહેવાતા આ ક્રાંતિના ઉપાસક જુવાન એક તેજસ્વી શાયર છે. એણે જેલમાં રચેલી કૃતિઓ બંધુ કેદીઓએ કંઠસ્થ કરી બહાર આણી છે. તેમાંની આ બે છે. ભાઈ ભગવાનદાસે ગુજરાતી કાવ્યો પણ વાંચ્યાં છે.

૧. નિકલ ગઈ

એક બાત મેરે દિલકી બેજુબાં નિકલ ગઈ,
ઉફ્ ! ચશ્મસે એક બુંદ પરેશાં નિકલ ગઈ.

ક્યા સબ્રકે મેરે યે જખીરે કો જલા કર
એક આહ બનકે આતિશે પિનહાં નિકલ ગઈ !

પીતા તો હૂં પર દિલ સે કયેાં મિટતા નહી મલાલ,
મસ્તી કયા મય સે મુશીદે મુગાં નિકલ ગઈ !

હોશિયાર કિ આતા હી હૈ કાતિલ લિયે સમશીર,
દેખો યે બુયે ખૂને શહીદાં નિકલ ગઇ !

જો રૂતબાયે મીરી પે થા દિલમેં રહા બાકી
કાતિલ સે મિલકે મેહફિલે અરમાં નિકલ ગઇ.

બોલા વો કયા દિલમેં હે તમન્ના એ શહાદત
બેઅખ્તિયાર મેરે મુંહસે હાં નિકલ ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અફ્સોસ રે ક્રાંતિલ હુવા બેકાર તેરી વાર
અરમાં તો બચ રહા ગરીબ જાં નિકલ ગઈ
કહેતા તો થા કુછ ઔર મગર કયા કરે આશીક
અબ તો જુબાં સે તાકતે બયાં નિકલ ગઇ.

[આ ઊર્દૂ કાવ્યનો ભાવાર્થ એવો જણાય છે કે, ક્રાંતિના આશકની સબૂરીનો બન્નો ખૂટી ગયો. મોંમાંથી એક વાત ઓચિંતી નીકળી પડી. આંખમાંથી એક આંસુ નીકળી પડયું. જલ્લાદ સમશેર લઇને આવ્યો. પ્રશ્ન કર્યો કે, 'કેમ, દિલમાં શહીદ બનવાની ઝંખના છે ને?' જવાબમાં મારાથી હા પડાઈ ગઈ. જલ્લાદ બિચારો કામ પૂરું કરીને બેકાર બન્યો, પણ અફ્સોસ, એણે મારવા ધારેલું મારું અરમાન તો ન છેદાઈ શકયું, ગરીબ બાપડી કાયાનું જ છેદન થયું. અને હવે તો કહું યે શું? જીભમાંથી વર્ણન કરવાની તાકાત જ નીકળી ગઇ છે.]

૨. દિખા દે તૂં હૈ કયા ઓ ક્રાન્તિ!

[૧]

વિશ્વ–જીવનકા અવિચલ ધર્મ?
પ્રગતિ કા ધ્યેય? નિયતિ કા મર્મ?
ભૂતકી આત્માકા નર્તન–
કી તૂં અભિનવ ભવિષ્ય–સર્જન?
સૃષ્ટિકા નીરા મનોરંજન?
લોકકા યા તૂં દુઃખ ભંજન?
કાલ ભૈરવ મૃદંગ પર ધમ?
પ્રકૃતિ કે નૃત્ય—તાલ કા સમ?
દૂર કર દેવી હમારી ભ્રાંતિ
દિખા દે તૂં હૈ કયા ઓ ક્રાંતિ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨]

યુગોયુગ સંચિત પીડા કે
વંચના કે પ્રતારણા કે
દાહ કે એકત્રિત બલ સે
તોડ કર બાંધ રૂઢિ છલ કે.

અકાતા ઉત્પીડન કે ગ્રામ
પ્રતિષ્ઠિત સ્વાર્થ શાંતિકા ધામ
ન ચાતા તુંગ તુરંગ અથાહ
વહી તૂં જીવન–સરિત પ્રવાહ

સ્વયં બની જાતી ફિર જો શાંતિ
દિખા દે તૂં હૈ કયા ઓ ક્રાંતિ !

[૩]

હૃદય કી ધડકત જગ—વપુ મેં
કહે કોઈ કસાં કર ન તુમ્હેં
શુદ્ધ કર દોષિત રક્ત પ્રસાર
કરે જો નવશોણિત સંચાર

સત્યકા કર નવીન ઉત્સાહ
નરે શિવકા ફૈલા વિસ્તાર
નયી સુંદરતા કા શૃંગાર
સજાતી તૂં નૂતન સંસાર

હટાતી ઉચ મિટાતી કલાંતિ
બતા દે તૂં હૈ કયા ઓ ક્રાંતિ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪]

પતન ઉત્થાન પદદ્વય મેં
કલહ ઘુંઘરું કર દુતલય મેં
નૃત્ય કરતી અદ્રશ્ય કી ઓર
ચલી તુ કિસ ભવિષ્યકી ઓર

ઘની ભીષણ આકર્ષક કાન્તિ
ઘતા દે તૂં હૈ કયા ઓ કાન્તિ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦. 'સાહિત્યમાંથી પ્રકાશ માગું છું'

[અલમોડાની ડિસ્ટ્રિક્ટ જેલમાં બેઠાં બેઠાં પંડિત જવાહરલાલે સાહિત્યજગતનાં આંદોલનો અનુભવ્યાં, એ આંદોલનો એમના કેટલાક લેખોમાં ઊતર્યાં. એક તો હિન્દી સાહિત્यका अन्य भाषाओंके साहित्योंसे संबंधः બીજો હમારા સાહિત્ય, ત્રીજો શબ્દોંકા અર્થ. એ ત્રણેમાંથી એમનાં માર્મિક મંતવ્યોનું તારણ અહીં રજૂ થાય છે.]

એક વાર આપસની વાતચીતમાં મેં કહેલું કે પાછલાં ચાલીસ પચાસ વર્ષમાં આપણી પ્રાંતીય ભાષાઓમાં બંગાળી, મરાઠી તથા ગુજરાતીએ હિન્દી ભાષા કરતાં અધિક પ્રગતિ કરી છે. આ વાતથી કેટલાક હિન્દી સાહિત્યકારોને દુઃખ થયેલું. પણ પછી તો એ ભાઈઓથી વિશેષ જાણકારોનો પણ મારા મતને મળતો જ મત હોવાનું મેં જાણ્યું હતું.

હરકોઈ દેશની ભાષા અને સંસ્કૃતિની તથા રાજનૈતિક અવસ્થાની વચ્ચે બહુ નજીકનો સંબંધ છે. ઘણું કરીને તો કવિ મિલ્ટને જ કહ્યું હતું કે મને હરકોઈ દેશની ભાષા બતાવો, તો બીજું કશું જ જાણ્યા વિના હું તમને કહી દઈશ કે એ દેશ કેવો છેઃ આઝાદ છે કે ગુલામ, ઉચ્ચ છે કે અસભ્ય, બહાદુર છે કે ડરપોક.

આપણો દેશ પડ્યો, એટલે ભાષાઓ પણ પડી, ને બહુ કાળ પડેલી જ રહી. દેશ જાગવા લાગ્યો, એટલે ભાષાઓ પણ જાગી. હિન્દી ભાષા પછવાડે રહી ગઈ કેમકે હિન્દી પ્રાંતો રાજદ્વારી જાગૃતિમાં પછાત પડ્યા. તેમ અન્ય પ્રાંતોની જાગૃતિનો લાભ પણ ન ઉઠાવી શકાયો કેમકે ભાષાઓનો પરસ્પર સંબંધ પૂરતા પ્રમાણમાં જન્મ્યો ન હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ તમામ ભાઈઓને એકમીજાની જોડે સાંકળનારું એક સમગ્ર ભારતીય સમ્મેલન સ્થપાવું જોઈએ. એમાં ભારતની નાની મોટી ભાષાઓની જોડાજોડ અંગ્રેજીને પણ–ભલે સાવકી છતાં બહેન તરીકે અપનાવી લેવી જોઈએ.

બીજો સવાલ દુનિયાનાં અન્ય સાહિત્યો જોડે સંબંધ નિપજાવવાનો છે. આંતરરાષ્ટ્રીય સાહિત્ય સંઘોમાં આપણે શામિલ થવું જ જોઈએ. ને એક અંગ્રેજી ઉપરાંત કેટલીક વિદેશી ભાષાઓ શીખી લેવી જોઈએ. કેમકે ફક્ત અંગ્રેજી જ જાણવાને કારણે આપણને ઘણી હાનિ પહોંચી છે. એની જ કિતાબો, એનાં જ છાપાં, એની જ મોકલેલી ખબરો વાંચી આપણે દુનિયાને એનાં જ ચશ્માં વડે જોતા થઈ ગયા છીએ.

એ વિદેશી સાહિત્યના પ્રસિદ્ધ પુસ્તકોના તો હિન્દી અનુવાદો બહુ કમ છે, જે છે તેમાં ય સાચો ભાવ–મૂળનો, ઊતર્યો નથી. આપણા અનુવાદકો–ખાસ કરીને વર્તમાનપત્રોવાળા–કેવળ શાબ્દિક અનુવાદો જ કરે છે. શબ્દોની પાછળ પડેલા રહસ્યના વિચાર જૂજ જ કરે છે.

શબ્દોના પ્રેમીઓ જાણે છે કે હરએક શબ્દમાં પ્રાણ છે, આત્મા છે, એક પુરાતન ઇતિહાસ છે, અને એથી કરીને એનું રહસ્ય બતાવવું સહેલું નથી. અનુવાદ કરવો બહુ કઠિન છે.

છતાં આપણી યુનિવર્સિટીઓમાંથી નીકળનારા ભાઈઓ આગળ-પાછળ જોયા વગર બહાદુરીથી, બહુ તેજીલી રીતે અનુવાદ કરે છે. શબ્દોના અર્થો શબ્દકોષોની મદદથી બંધ બેસારવામાં આવે છે. પરિણામે જે વસ્તુ ઊછળતી, કૂદતી, થનગનતી, જીવતી હતી, તે મુર્દું જ બની જાય છે, અર્થોના અનર્થો થાય છે.

હિન્દી સાહિત્યને વિષે હું ઘસાતું બોલેલો તેથી કેટલાકો છેડાયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા. કેટલાક દિવસો પર મેં ' વિશાલ ભારત 'માં એક લેખ વાંચ્યો, તેનું તાત્પર્ય એ હતું કે ઘણા ભાઈઓના માનવા મુજબ હિન્દી સાહિત્ય ખૂબ ઊંચે આવી ગયું છે, એટલું જ નહિ પણ એના કેટલાક લેખકોની તુલના શેકસ્પિયર, ટોલ્સ્ટોય, બર્નાડ શૉ વગેરેની જોડે થવા લાગી છે. વાંચીને હું રાજી થયો. શેકસ્પિયર વગેરેના સમોવડિયા મારા સાહિત્ય–લેખકોનો સાહિત્યપરિચય કરવા હું તલસી ઊઠ્યો. મિત્રોને વિનંતી કરી કે એવી કિતાબો મને મોકલો. મેળવીને વાંચી, પણ મારી આશા પૂરી ન જ થઈ.

મારી પ્રથમ મૂંઝવણ તો એ છે કે હું આજકાલની દુનિયાને સમઝવા માગું છું; વર્તમાનપત્રોમાં અપાતા ઉપરછલ્લા ખ્યાલોથી ઊંડેરું, સાચું દર્શન કરવા ચાહું છું: કે કયાં કયાં આંતરિક બળો દુનિયાનાં લોકોને અહીં તહીં ધકેલી રહ્યાં છે; કયા કયા ખ્યાલો એના માનસમાં ભર્યા છે: કઈ કઈ ભાવનાઓ એનાં દિલોમાં રમે છે; કયા કયા મહાપ્રશ્નો સંસારભરને સતાવી રહ્યા છે: આ બધો અંધકાર ભેદનારી રોશની મને બતાવનારી ચોપડીઓ હિન્દી ભાષામાં બહુ થોડી છે.

દુનિયાને સમજવા માટે કેવળ રાજકારણને સમજવું બસ નથી. રાજકારણ તો મોટે ભાગે કાષ્ઠની પૂતળીઓનો તમાશો છે, જેની પછવાડે રહી સંચાલન કરનારાં બળો તો જુદાં જ છે. ઉપરાંત આજ-કાલ સોના, ચાંદી તેમજ નાના પ્રકારના સિક્કાઓના બદ્દુ–બેસો, રાષ્ટ્રવાદ, લોકતંત્રવાદ, પૂંજીવાદ, સામ્યવાદ વગેરે બધા શું છે: એ તો એવા મામૂલી સવાલ છે, કે જેના ઉપર અનેક મનુષ્યો કંઈક ને કંઈક લખી કહી નાખવા તૈયાર થશે. પણ એ મોટી વાતોને ડહોળવાથી વિશેષ લાભ નથી. એ તમામ વાતોને અસલ સ્વરૂપમાં સમજવી હશે તો ઊંડાણોમાં ઊતરવું પડશે. એ ઊંડાણોમાં તલસ્પર્શ કરવા પર્યંત લઈ જનારાં પુસ્તકોની આપણને જરૂર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિતા, વાર્તા વગેરે શુદ્ધ સાહિત્ય જેને કહેવામાં આવે છે, તેની ય કેટલીક ચોપડીઓ મેં વાંચી. એમાંની કવિતાઓ મીઠી તો ખરી, પણ કોઈ કોઈ વાર એ મીઠાશમાં લચપચતાં શીરા જેવું બહુ બની જાય છે. અમુક ચોકસ કરેલા વિષયોના કુંડાળા બહાર તો કવિતા ઘણે ભાગે નીકળતી નથી. મારું દુર્ભાગ્ય કે કોઈ સુવિખ્યાત વિદેશી વાર્તાઓની જોડે જેનો મુકાબલો કરી શકું એવો કોઈ ઉપન્યાસ પણ મને ન લાધ્યો.

એક બીજી વાત પર હું મદદ ચાહું છું, કે હિન્દી સંસારમાં આજકાલ કઈ કઈ વિચાર-ધારાઓ ચાલી રહી છે તેનો સાફ ઉત્તર હિંદી પત્રિકાઓ અને પુસ્તકોના સેવનમાંથી મને નથી જડ્યો. ૧૯૩૫ ના અધિવેશનમાં સૌથી મોટો પ્રશ્ન એક લાખ રૂપિયાની થેલીનો હતો, એટલું જ હું છાપામાંથી જાણી શકેલો. અન્ય દેશો અને અન્ય ભાષાઓ વિષે, એટલે કે અમેરિકા, ઈંગ્લાંડ, ફ્રાન્સ, રૂસ, જર્મની, ચીન અને તૂર્કીમાં સાહિત્યના તેમજ ભાષાના પ્રશ્નો પર આજકાલ શાં શાં આંદોલનો ચાલી રહેલ છે તે વિષે હું કંઈક ને કંઈક કહી શકું: નથી કહી શકતો કેવળ મારા જ ખુદ દેશ અને મારી જ માતૃ-ભાષાના સંબંધમાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧. એક ગ્રંથકારની શહીદી

['ગ્રંથસાહેબ' અને 'સુખમની'ના કર્તા ચોથા શીખ ગુરુ અર્જુનદેવના આ જીવન-પ્રસંગો 'સુખમની'ના ઉપોદ્ઘાત પરથી તારવ્યા છે.]

અમૃતસરનું સરોવર અને તેના કિનારા પરનું હરમંદર તૈયાર થયાં. હવે તેમાં દેવની પ્રતિષ્ઠા કરવાની રહી.

કયા દેવને પધરાવવા ? શીખ લોકો નહોતા મૂર્તિભંજક, તેમ નહોતા મૂર્તિપૂજક. એક 'સતનામ નિર્ભય નિર્વૈર અકાલ પ્રભુ' અને તેના માર્ગ દેખાડનાર ગુરુ એ એની એક માત્ર વ્યાપક અને સીધી માન્યતા.

એને અનુરૂપ જ ગુરુ અર્જુનદેવે હરિમંદિરની પ્રતિમા શોધી : ગુરુઓની વાણી એ જ સાચો ગુરુ: માટે એનો સંગ્રહ કરવો ! એ સંકલ્પનું પરિણામ 'ગ્રંથસાહેબ' નામના મહાન શીખ-ગ્રંથનું સંપાદન.

'ગ્રંથસાહેબ'ની રચના કરવાની બીજી પણ તાકીદ થઈ. ઝેરીલો પિતરાઈ પૃથ્વીચંદ ગુરુ અર્જુનને પદભ્રષ્ટ કરવા અનેક રસ્તાઓ યોજતો હતો. એક તો એ કે પૂર્વ ગુરુઓને નામે એ ફાવે તેવાં ભજનો બનાવવા લાગ્યો. આમ ચાલુ રહે તો તો લાંબે કાળે ગુરુઓની સાચી વાણી નાશ પામે, માટે ગુરુઓની સાચી વાણીનો સત્તાવાર સંગ્રહ કરી નાખવો જ જોઈએ.

આગલા ચાર ગુરુઓની વાણી ત્રીજા ગુરુના દીકરા મોહન પાસે પડી હતી. એની પાસે ગુરુ અર્જુનદેવે આજીજીઓ મોકલી. મોહને કહાવ્યું કે 'એક તો મારા કુટુંબની ગાદી પચાવી પડયો, ને હવે પાછો અમારો ધર્મવાણી ને સાહિત્યનો વારસો પણ ઝુંટવવા માંગે છે ?'

પણ એ જવાબોથી ગુરુ અર્જુનદેવ ન હાર્યા. એ જાતે જઈને મોહનને દ્વારે ઊભા રહ્યા. આજીજી કરતા જ રહ્યા. મોહન પીગળ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને પ્રથમ ત્રણ ગુરુઓની વાણીનો મહત્ત્વનો સંગ્રહ ગુરુને મળ્યો.

પણ અર્જુનદેવને તો માત્ર અમુક વ્યક્તિના નામે ગુરુઓના જ વચનોનો નહિ પણ સત્ય શબ્દનો જ્યાં જ્યાંથી મળે ત્યાંથી સંચરો કરીને 'ગુરુવાણી' રચવી હતી.

કેવી રચવી હતી એ ગુરુવાણી? કેવો હવો ઘટે એ રંગ ગુરુ–શબ્દ? દેશની તેમજ પરદેશની બધી ભાષાઓમાં ઊતરે, અને પાણી પર જેમ તેલ પ્રસરે છે તેમ એ જગતભરમાં પ્રસરે એવી એમની ઇચ્છા હતી.

જયદેવથી માંડી પોતાના સમકાલીન સુધીના બધા ઈશ્વર ભક્તોને–હિન્દુ, મુસલમાન, સ્ત્રી, પુરુષ, ગમે તેને–એમની વાણી મોકલવા નોતર્યા. ગુરુ નાનકનો ધર્મપ્રવર્તનને પોષક એવી જેટલી ભક્તવાણી લખેલી કે મૌખિક એમને મળી તે બધી તેમણે સ્વીકારી, તમામને તપાસીને ગ્રાહ્ય ભાગ વીણ્યો.

કોની કોની વાણીને અપનાવી? જયદેવ, નામદેવ, ત્રિલોચન, રામાનંદ, રામાનુજ, સદનો, ધનો, પીપો, રવિદાસ, મુસલમાન ફકીર ફરીદ ને ભીખન, નભાજી, ચિદ્‌ઘન, મહીપતિ, ગણેશ દત્તાત્રેય, ડાહ્યાભાઈ ઘેલાભાઈ પંડિત વગેરેના મધ્યકાલીન સંતો વિષેના ગ્રંથો: મીરાંબાઈનાં ભજનોઃ દેશની ભિન્ન ભિન્ન ભાષાઓનાં પદો–તમામને જોઈ તપાસી પચાવ્યાં–તેમાંથી દોહન કર્યું ગુરુગ્રંથનું.

એ ગુરુના વિરોધીઓએ શાસ્ત્રીઓને ને કાઝીઓને પકડ્યા. તેમને આ નવા ધર્મ ને નવા ગ્રંથ સામે ઉશ્કેર્યા. કહ્યું કે એમાં તો હિન્દુ–મુસ્લિમ બેઉ ધર્મની હાંસી છે.

બાદશાહ અકબરશાહ પંજાબ આવ્યા હતા, દ્વેષીઓએ નવા શીખ ગ્રંથ સામે આવી ભંભેરણી એના કાને પહોંચાડી. અકબરે ગુરુગ્રંથના એ ફકરા સાંભળ્યા. પોતે ફેંસલો આપ્યો કે, 'આમાં ઈશ્વર-પ્રેમ અને ભક્તિ સિવાય અન્ય કશું જ નથી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલું જ નહિ, ગુરુને ભેટ મોકલી પ્રણામ કહાવી દર્શને આવવાની પોતાની ઇચ્છા જણાવી. ગયા, ઉપદેશ સાંભળ્યો, ને ગુરુની માગણીથી પંજાબનું તે વર્ષનું મહેસૂલ માફ કર્યું.

ગાદી પર જહાંગીર આવ્યો. જહાંગીરના શત્રુસમ બનેલો શાહજાદો ખુરમ અફઘાનિસ્તાન તરફ ભાગતો ભાગતો ગુરુનો આશ્રય ખોળતો આવ્યો. ગુરુએ શરણાગતને સત્કાર્યો.

'રાજદ્રોહ!' ખટપટીઓએ શહેનશાહના કાન ભંભેર્યા. ગુરુને લાહોર હાજર થવા તેડું આવ્યું. પોતાનું મૃત્યુ આવ્યું સમજી ગુરુએ બાળબચ્ચાંની વિદાય માગી.

બાદશાહે ગુરુને પૂછ્યું કે, સંત થઈને રાજશત્રુને કેમ સહાય આપી? ગુરુએ કહ્યું કે, એ રાજશત્રુ હો કે ગમે તે હો, મારો તો શરણાગત હતો, દુઃખી હતો; મદદ ન કરું તો જગત મને ક્રૂર ને ડરપોક કહે.

'એ લાખ રૂપિયાનો દંડ ભરો ને ગ્રંથમાંથી હિન્દુ-મુસલમાન વિરુદ્ધ ભજનો કાઢી નાખો!' એવો શાહી આજ્ઞાનો જવાબ ગુરુએ એટલો જ આપ્યો કે, 'મારી પાસેનું ધન દંડ ભરવા તો એક કોડી પૂરતું પણ નથી. છે કેવળ ગરીબોને તેમ જ અતિથિઓને માટે. દંડ તો લેજો ચોરડાકુઓ પાસેથી. ગ્રંથસાહેબનાં ભજનોમાંથી પણ એક અક્ષર સુદ્ધાં નહિ નીકળી શકે. એ તો ગુરુઓએ સુઝાડેલા સતજ્ઞાનનો સંગ્રહ છે. એને અનુસરતાં આ માટીનું પૂતળું ઘસી નાખવું પડે તોય મારું અહોભાગ્ય માનું.'

ગુરુને કેદ કર્યા. બેડીઓ પહેરાવી, ઊની રેતી એમના પર નાંખી, ગરમ પેનીઓ પર બેસાર્યા, ઉપર ઉકળતાં પાણી રેડ્યાં; પણ ગુરુએ વિચાર ન બદલ્યો.

યાતનાઓને પરિણામે મૃત્યુ આવ્યું. છેલ્લો સંદેશો ગુરુએ આ કહાવ્યો: 'પ્રભુનાં ગુણગાન કરજો, ગુરુગાદી પર શસ્ત્રસજ્જ બેસજો, લશ્કર રાખજો, મારું શબ બાળતા નહિ, નદીમાં વહેતું મૂકજો!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨. આંગ્લ ભારતીય સાહિત્યવન

સરોજિનીનો અપરાધ

'તમે રાજકારણના વંટોળમાં વીંટાઈને કવિતા લખવાનું બંધ કર્યું', એ કંઈ જેવી તેવી હાનિ.....'

હું આટલું બોલું છું ત્યાં તો શ્રી. સરોજિની નાયડુએ મારું વાક્ય કાપ્યું: 'કોણ કહે છે કે મેં કવિતા રચવાનું બંધ કર્યું છે? મારી પાસે તો થોકેથોક સાહિત્ય રચેલું પડ્યું છે.'

'સાચે જ? તો તો તમારા પર ગુસ્સો જ આવે છે. તમે શા માટે એ થોકેથોક કવિતાને દબાવી રાખી બેઠાં છો?'

'હું એવા વાતાવરણની રાહ જોઉં છું કે જ્યારે મારી કવિતાનો પ્રાણ પ્રજાહૃદય ઝીલી શકે.'

તાજમહાલ હોટેલના એના વાસમાં આટલી વાત થયા પછી સરોજિની દેવીની અપ્રકટ કાવ્યસામગ્રીની હસ્તપ્રત ચોરી લાવવાની ઉમેદ મારા મનમાં રહ્યા કરે છે. સરોજિનીને આ કાવ્યસમૃદ્ધિથી પ્રજાને વંચિત રાખવાનો કશો જ હક્ક નથી. એની શાયરીની સાચી પ્રસાદી તો હજી આપણને મળી જ નથી.

હરીન્દ્રનો નવો કાવ્યસંગ્રહ

'On the borderline of the human and divine my agony lies': મારી વેદના ત્યાં ખડી છે, જ્યાં સ્વર્ગ અને મર્ત્યલોકના સીમાડા મળે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવો એક ભાંગ્યોતૂટ્યો, અસ્પષ્ટ ભણકાર મુદ્રણાલયનાં યંત્રો પરથી આવે છે. હરીન્દ્ર ચટ્ટોપાધ્યાયનાં અંગ્રેજી નવાં કાવ્યોનો એક સંગ્રહ છપાઈ બંધાય છે. તે જોવા દિલ તલપાપડ થાય છે. એનું એક કારણ છે: આરેક મહિના ઉપર છૂટાછેડામાં પરિણમેલ આ કવિના દંપતી-સંસારનાં છેલ્લાં થોડાંક વર્ષોના કરુણ રંગો પ્રસ્તુત કાવ્યસંગ્રહમાં નીતર્યા હોવા જોઈએ. હરીન્દ્રના બાનગી જીવનમાં ઊતરવાની મારી ઇચ્છા નથી. કોઇક કહી રહ્યું છે કે એને વિષે ઘણી ગેરસમજ પ્રવર્તે છે! કોણ જાણે, અહીં તો હું એટલું જ વિચારી રહ્યો છું, કે એની એકેકેક કવિતાએ એની કનેની કેટલા ભોગ લીધા હશે? કેટલા ઉરદાહ, કેટલા મૂંગા પરિતાપો, કેટલી અણકથી મર્મવ્યથાઓ એને ચૂકવવી પડી હશે!

લોહીથી કવિતા લખનાર

નૂતન રશિયાનો લાડીલો કવિ યેસેનિન મને યાદ આવે છે. એ નવસ્વપ્નનો, ક્રાંતિનો, પરિવર્તનનો શાયર હતો. ભરજુવાનીમાં એણે અમેરિકન નૃત્યસુંદરી ઇઝાડોરા ડન્કનને દીઠી. બન્ને એકબીજામાં ઢલવાઈ ગયાં. પણ આખરે ઇઝાડોરાને એના મનસ્વી સ્વભાવે બહુ સંતાપી. ઇઝાડોરા એનો ત્યાગ કરી ચાલી ગઈ. પછી કવિ યેસેનિને એક હોટેલની ઓરડીમાં પોતાના અસ્તરા વતી ડોક કાપી આપઘાત કર્યો, ને પોતાના વહી રહેલા લોહીમાં લેખણ બોળી એક કાગળ પર છેલ્લી કવિતા લખી નાખી. પ્રાણ નીકળતાં સુધી એણે લખ્યા કર્યું.

આપણી યુનિવર્સિટીઓને—

હરીન્દ્ર, સરોજિની, તરુ દત્ત, રવીન્દ્રનાથ વગેરે હિન્દી શાયરોએ અંગ્રેજી ભાષામાં જે કવિતા લખી છે, તેના ઉપર તો યુરોપે પોતાની મહોર છાપી નાખી છે. અંગ્રેજી સાહિત્યના ખેરખ્વાહો આ કાવ્યધનને પોતાનું ગણી સન્માને છે. બેએક વર્ષો પર 'મોડર્ન રિવ્યુ'માં આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંગ્લ–ભારતીય કાવ્યસમૃદ્ધિનો પરિચય–લેખ પ્રગટ થયેલો. એવી જ અદ્‌ભુત પ્રભુતા અંગ્રેજી ગદ્ય પર દાખવનારા પણ હિન્દીઓ થોડા નથી. વિશ્વભારતીના સાહિત્યવર્ગ સામે એક વાર શ્રી. એન્ડ્રુઝે જણાવેલું કે ગાંધીજીનું અંગ્રેજી ગદ્ય અંગ્રેજી સાહિત્યમાં નવી મૌલિક ભાત પાડી રહ્યું છે. એજ દૃષ્ટિએ આપણા રાજગોપાલાચારીનાં નાનાં કથાનકો જુઓ, અરવિન્દનાં તત્ત્વવિવેચનો તપાસો, અનેક પત્રકારોનું અંગ્રેજી અખબાર–સાહિત્ય કસી જુઓ. હિન્દી જીવન–સંસ્કારને કેટલી આસાનીથી અંગ્રેજી વાણીમાં આ લોકોએ વ્યક્ત કર્યો છે! તે છતાં આપણી યુનિવર્સિટીઓનાં પાઠ્ય પુસ્તકોને હજુ વિદેશી કચરાપટ્ટીથી ભરવામાં આવે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩. લૂખા સૂકા હિસાબમાંથી

['ધી ક્રોપ્લર એન્ડ અધર સ્ટોરીઝ' નામની ચોપડીમાંની 'ધી પર્પલ બુક' નામે કથા.]

નીલગીરી પરનું એક શીતળ સવાર હતું. પહાડની ચડતી ઊતરતી ઘટાદાર પગદંડીઓ વટાવીને હું 'સ્નોડન હિલ' પર ફાહીમાને ઘેર પહોંચ્યો.

ફાહીમાની ચોપડીઓનાં કબાટ ફેંદતાં ફેંદતાં એક લાલચોળ પૂંઠાની સ્વચ્છ મોટી ચોપડી ઉપર મારો હાથ પડ્યો. અંદર જોઉં ત્યાં કોઈ હસ્તલિખિત પ્રત લાગી. અંદર ચોખ્ખા મરોડદાર અક્ષરે હિસાબના આંકડા લખેલા. 'ઓહો, માફ કરજે, આ તો ખાનગી હિસાબ-પોથી લાગે છે.' કહીને મેં એ પાછી મૂકી દીધી, ઉમેર્યું, 'પણ આ કંઈ તારા અક્ષરો નથી જણાતા.'

'એ મારા હિસાબની પોથી નથી.' ફાહીમા બોલીઃ 'કોની છે તેય મને માલૂમ નથી. એક દુકાનમાં દેખી ને ખરીદી લીધી. પૂંઠાની બાંધણી સરસ છે નહિ? હિસાબ વાંચી જોતાં મને તો એમાં રસ પડ્યો. હિસાબ રાખનારો કોઈ ગરીબ કારકુન હશે એમ તો ચોખ્ખું લાગે છે.'

મેં કહ્યુંઃ 'પણ મને તો એ કશા જ માલવાળો આદમી નથી લાગતો; કે પછી તને શું એના હિસાબમાં કંઈ માલદાર ગોટાળા માલૂમ પડ્યા?'

'ના રે ના,' ફાહીમાએ કહ્યું, 'હિસાબની રકમો ને વિગતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવી ચોપી ચોપીને લખી છે કે નક્કી એ કોઈક સાધારણ આદમી હોવો જોઈએ, છતાં એના હિસાબમાં એક કરુણતા તો દેખાઈ આવે છે.'

'તું યે ભલી છે!' હું હસ્યોઃ 'સૂકા લૂખા હિસાબમાં ય કરુણતા!'

એમ કહીને મેં એ રાતી પોથી ફરીથી હાથમાં લીધી. 'એ તો ઠીક, પણ એક મામૂલી કારકુનની હિસાબ-પોથીની આવી ભભકદાર બાંધણી શી રીતે હોઈ શકે?'

'એણે સેકન્ડહેન્ડ ખરીદી હોવી જોઈએ. જુઓને, શરૂનાં થોડાં પાનાં ય કાપી નાખેલાં છે.'

'શરૂઆત જ કેવી નમાલી કરી છે!' પોથી ઉઘાડતાં જ મેં કહ્યું: 'શહેર સુધીનું ટાંગાભાડું છ આના', 'ઘર સુધીનું ટાંગાભાડું છ આના': લો, પાનાંનાં પાનાં એમ જ ચીતરેલાં છે.'

'હું જાણું છું.' ફાહીમા બોલી, 'પણ એથી જુદી જાતની બાબતો ય એમાં છે.'

'હા, હા, આ રહ્યું: 'ન્યુસપેપર, એક આનો!' આ રીતે તો એ માણસે વર્ષભરમાં કેટલાં છાપાં ખરીદ કર્યાં ને કેટલું ટાંગાભાડું ખર્ચ્યું તેની તારીજ નીકળી શકે. પણ એમાં શી મામલત છે? ને એના રોજના ખાવાની તો કોઈ રકમ જ ન મળે. બહુ ખાતો માતો નહિ હોય બાપડો, એમ લાગે છે.'

'કશાક માટે બચત કરતો હોવો જોઈએ'

એમ કહી ફાહીમાએ મારા હાથમાંથી પોથી લઈને અમારી બેઉની વચ્ચે ખુરસીના હાથા પર મૂકી. 'આમાં કયાંય બીડી કે પાનપટીની પાઈયે ન મળે. કોઈ મુડદાલ, લૂખો માણસ હશે. બરી જરૂરતની ચીજ માટે નાની નાની રકમોથી પાનાં ને પાનાં ભરેલાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ હા, જુઓ. અહીં એક સહેજ નવીનતા આવી.' એમ કહીને ફાહીમાએ મને બતાવ્યું: 'જુઓ, આગ્રાનું ટ્રેન-ભાડું રૂા. પાંચ ને પછી હોટેલના બિલની એક નજીવી રકમ. પણ આગ્રા જવાની એને શી જરૂર પડી?' ફાહીમા પાનાં ફેરવવા લાગી.

'હવે છોડને એને!' હું કઠોરતાથી વચ્ચે બોલી ઊઠ્યો.

'હા જુઓ, આ રહ્યું આગ્રા જવાનું કારણ.' ફાહીમાએ મારી દખલને ગણકાર્યા વિના એક લીટી તરફ આંગળી ચીંધી: 'દિલારાની જોડે તાજ જોવા જતાં ટાંગાભાડું, રૂા. બે.' પણ આ દિલારા કોણ હશે? ને જુઓ, આ બીજે દિવસે તેઓ તાજ ઉપર વધુ રોકાયાં હશે; જુઓ 'દિલારા જોડે તાજનું ટાંગાભાડું, રૂા. ત્રણ. ત્યાં એને દિલારા પાસે કશુંક કહેવાનું હશે, એટલે વધુ વાર રોકાવું પડ્યું હશે. એ વધુ વાર રોકાવાનો સમય, જુઓ, આ રહ્યો બીજા દિવસની વિગતમાં: 'દિલારા સારુ એક વીંટી, રૂા. પંચાણું.'

'હું, અચ્ચાની અચ્યતમાં જબરું ગાબડું પડ્યું હોવું જોઈએ.' મેં મોજ લીધી.

'પછી જુઓ,' ફાહીમાએ સડસડાટ પાનાંની રકમો પર આંગળી ચલાવી; 'ચાચાની પાયદસ્તમાં ટેકસી-ભાડું: પાયદસ્તમાંથી ઘેર આવતાં ટેકસીભાડું': ને આ ટેકસી ભાડાનું રહસ્ય જુઓ. આ રહ્યું એક મહિના પછીના જમા પાસા ઉપર, લાલ અક્ષરે લખેલું, ચાચાનો વારસો રૂા. ત્રણ હજાર!'

'હા રે હા,' મેં રમૂજ કરી: 'આગ્રાવાળી દિલારાને તો લહેર થઈ ગઈ ને શું!'

'હા જ તો;' ને ફાહીમા આગળ ચાલી: 'બીજા જ પાના પર 'દિલારાને તાર, વારસા સંબંધેનો, પંદર આના:' આખી પોથીમાં આ એક જ તાર. પછી 'શાદીની વીંટી, રૂા. પચાસ': પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'દિલારાને શાદીના પોશાક માટે મોકલ્યા રૂા. બસોઃ' પછી તો જુઓને શાદી બાદીના મામૂલી આંકડા છે. પછી આ 'ઘર શણગારવા માટે છ તસ્વીરોની ફ્રેમો મઢાવી': ને 'ત્રણ ફૂલદાની લીધી': ને પછી મહિનામાં સહેજ સ્હાજ ખર્ચ છે.'

'પછી' ફાહીમા પાનાં ફેરવતી હતી તેટલામાં મેં ટકોર કરી, 'એ દિલારાને અવારનવાર જાહેર સભાઓમાં લઈ ગયો હશે ખરું! કે દિલારા એને લઈ ગઈ હતી?'

'પછી જુઓ,' ફાહીમાએ પછીના આકડા વાંચ્યા; 'આ દિલારા માટે ટાગોરનાં પુસ્તકો ને સ્ત્રીઓનાં સામયિકોઃ પછી આ મહત્ત્વનો આંકડો —'દિલારા માટે દાક્તરનું બિલ રૂા. દસઃ' તે ઉપરાંત દાક્તરની કેટલી વધુ વિઝિટો. નવા એક બાળકને દુનિયામાં ઉતારવાની તૈયારી લાગે છે!'

વળી ફાહીમાએ પાનાં ઉથલાવતાં ઉથલાવતાં કહ્યું: 'પણ દિલારા બાપડી બહુ નાજુક બદનની બની ગઈ હોવી જોઇએ. જુઓ, 'દરિયાકાંઠે હવાફેર': 'બચ્ચાંને લઈ એની જોડે રહેવાનું ભાડુંઃ આ જુઓ, જમા પાસું ક્ષીણ થઈ ગયું. બાપડાની બચત બધી તણાઈ ગઈ લાગે છે. ને એની પોતાની જરૂરિયાતોના ખરચા તો બહુ જ ઘટાડી નાખ્યા જણાય છે. લાગે છે કે તદ્દન મતલબી આદમી તો નહિ જ હોય. વળી આ જુઓ, દિલારાને પાછી શહેરમાં લાવવાનું ગાડીભાડુંઃ ફરી પાછાં દાક્તરનાં બિલોઃ ને છેવટે કરુણ બનાવઃ જુઓને, આ બે ત્રણ પાનાં પછી મૂવેલી ઔરતની દફનક્રિયામાં થયેલા ખર્ચની ટીપઃ વિગતે વિગત ચોકસપણે ટપકાવી છે.'

ફાહીમા અટકી પડી. વચ્ચે બોલી ઊઠીઃ 'આવી કરુણતાઓ વિનાની જિંદગી કિંમત વગરની બની જાય ખરું?'

'હા-હા-હા-ચોખ્ખો ચટ હિસાબ રાખવાનો પણ કેવો વિચિત્ર શોખ!' હું ફાહીમાની ફિલસૂફીને હસવામાં બોલ્યો.

CC-0.In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હા જ તો.' ફાહીમાએ ઉદ્‌ગાર કાઢયો : 'ઓરતની મૈયતના ખર્ચનું નામું લખતાં લખતાં ય કયાંય એની આંગળીઓ કાંપી નથી લાગતી. એ તો 'સૂક્ષ્મદર્શક કાચ' લઈને જોઈએ તો માલૂમ પડે. છતાં તદ્‌ન નિર્દય તો નથી લાગતો, જુઓ—" નવા પાનાં જોઈને એ બોલી ઊઠી :

'જુઓ, જુઓ, જુઓ: 'દિલારાની કબ્ર પર ફૂલો, પાંચ આના': ઉપરાઉપરી ફૂલોની રકમો. પણ પછી એની કને કંઈ રહ્યું નથી લાગતું. કેમ કે આ જુઓ, જમા પાસામાં એકેય પગાર જ ન મળે. કાંતો એની પેઢીએ દેવાળું કાઢયું હશે, અથવા તો પછી સ્ટાફ કમતી કર્યો હશે. બાકી આવો સુંદર હિસાબ રાખનાર પોતાને રુખસદ મળે એવી કોઈ ગલતી તો કરે જ નહિ ને ! ને હવે હિસાબ બહુ આગળ ચાલતો નથી.'

'ત્યારે તો બચ્ચું ને એ, એઉ દુનિયામાં એકલાં રહી ગયાં !' મેં નિશ્વાસ નાખ્યો.

'હા, એકલાં જ.' કહીને ફાહીમાએ આગળ ચલાવ્યું : 'જુઓ, એનું સ્ટેશનરીનું ને સ્ટાંપોનું ખર્ચ વધી રહ્યું છે. મને લાગે છે કે 'જોઈએ છે'ની જાહેર ખબરોના જવાબો લખતો હશે. પણ ટાંગા-ભાડાની તો એકેય રકમ ન મળે હવે. બેશક હવે તો નોકરીની શોધમાં પગ ઘસડીને જ જતો હશે. પણ આ એક વિગત તો જુઓ, એ મારા ધ્યાનમાં ઊંડી છપાઈ ગઈ છે. એ વિગત બે ત્રણ વાર આવે છે.'

મેં એ વિગત તરફ નજર કરી.

'બેબી માટે રમકડું, આઠ આના : બાપડો બેબીથી કંટાળી ગયો હોવો જોઈએ.'

થોડીવાર ફાહીમા થંભી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછું ફાહીમાએ ચલાવ્યું : 'દર મહિને એણે ચોપડામાં 'રૂા. વીસ ફઈઆને બચ્ચાની સંભાળ રાખવાના' ઉધાર્યા છે. દર ગુરુવારે બાપ અને બચ્ચું ભેળાં થતાં હતાં એવું જણાઇ આવે છે, બચ્ચું કદાચ બાપની જોડે કબ્રસ્તાનમાં ફૂલો લઈને જતું હશે ને કબ્રસ્તાનનો રસ્તો જાણી લેતું હશે.'

ફાહિમાએ એ પાનું ફેરવ્યું. મેં જોયું કે હિસાબ ખતમ થવા આવ્યો છે. છેલ્લી નોંધમાં કોઈ આંકડો – ખર્ચની વિગત નહોતી. હતા ફક્ત બે જ દિલ ભેદનારા શબ્દો : 'બચ્ચાનું અવસાન' : ને તારીખ.

'એને માટે તો દુનિયાનો છેડો જ આવી ગયો હશે.' એટલું બોલીને ફાહીમાએ ધીરેથી પોથી બંધ કરી.

એની આંખોમાં મૂંગાં આંસુ હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરદેશનો પરિમલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેટા-ક્રમ

૧ : સૃષ્ટિનાં સ્ટેમ્પ અને સાહિત્યકારો
૨ : લોકસુધારક સાહિત્યકાર
૩ : નીરવતાને ખોળે રમતી કવિતા
૪ : કલાનું કારાગૃહ ખૂલે છે
૫ : સાહિત્યકારોનું આત્મનિરીક્ષણ
૬ : આત્માના ઇજનેરોનો અગ્રણી
૭ : 'માનવતાનું દર્દ'
૮ : એ પણ એકવાર નિશાળિયો હતો
૯ : પ્રજાની સામે દર્પણ ધરનાર
૧૦ : કોઈક જાતિની મહાકથા
૧૧ : મરુભોમની લીલી લીમડી
૧૨ : જિપ્સી જીવનનાં રહસ્યો
૧૩ : ચોરી—એ પ્રકારની
૧૪ : નાઝી રાષ્ટ્રગીતની તુમાખી
૧૫ : 'નર થયો નારીરૂપ!'
૧૬ : સાહિત્યમાં રોટીનો મહિમા
૧૭ : આવેશકાળ ખતમ થયા પછી
૧૮ : આરસની અટારીએથી નહિ
૧૯ : એણે કલમ શામાં બોળી?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. સૃષ્ટિનાં સ્ટેમ્પ અને સાહિત્યકારો

મથાળું અર્થહીન અને અરસિક લાગશે, પણ એમાં કવિતા પડેલી છે. દુનિયાના અનેક દેશોએ પોતાની સ્ટેમ્પ ઉપર સાહિત્યકારોને ગૌરવારૂઢ કર્યા છે, તે આપણે આ કલ્પનાહીન અને કાવ્યત્વવિહોણા બ્રિટિશ શાસન હેઠળ જીવનારાઓ જાણતા નથી.

કેટલાય દેશોએ પોતાના ધર્મગ્રંથોનાં મોરાં સ્ટેમ્પો પર આલેખ્યાં છે. બાઈબલ અને કુરાનની તસ્વીરોથી અંકિત સ્ટેમ્પોનો ઇતિહાસ બહુ જૂનો નથી.

એથીય વધુ સમૃદ્ધ તો ધાર્મિક નહિં પણ સાંસારિક સાહિત્ય સાથે સંબંધ ધરાવનારી સ્ટેમ્પોનો ઇતિહાસ છે.

૧૯૩૦ની અંદર ઇટાલીના પુરાતન કવિ વર્જિલની દ્વિસહસ્રાબ્દી ઉજવાઈ, અને વર્જિલની તસ્વીરથી વિભૂષિત સ્ટેમ્પ ઇટાલીની સરકારે છાપીઃ માત્ર વર્જિલનું મોરું જ નહિ, પણ એની જૂદી જૂદી કૃતિઓમાંથી તારવેલાં સુંદર દ્રશ્યો, યાદગાર અવતરણો વગેરે આ સ્ટેમ્પો પર આલેખ્યાં.

એ જ ઇટાલીએ ૧૯૩૬માં એના પુરાતન શાયર હોરેસનો ઉત્સવ કર્યો અને એની મુખમુદ્રાનું તેમજ એની કૃતિઓની કવિતા-પંક્તિઓનું શિલ્પ સ્ટેમ્પો પર ઉતાર્યું. ૧૯૨૧માં કવિ દાન્તેને સ્ટેમ્પો પર ચિરસ્મરણીય કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસિકા હોવા જોઈએ આ ઇટાલીના નવયુગ નિર્માતાઓ. એમણે તો મેન્ઝોની નામના વાર્તા લેખકની 'ધી બીટ્રોથ્ડ લવર્સ' (અપરણ્યાં પ્રેમીઓ) નામની વાર્તામાંથી અમુક દ્રશ્યોને પણ સ્ટેમ્પો પર સજાવ્યાં.

સ્પેનની પ્રજા અને સરકાર આથી પણ વધુ મર્માળી હોવી જોઈએ, કેમકે એમણે તો પોતાની જ પ્રજાકીય એવકૂફીઓ પર કટાક્ષ કરનાર મશહૂર ગ્રંથ 'ડોન ક્વિકઝોટ'માંથી રમૂજી ઘટનાઓ સ્ટેમ્પો પર ચિતરાવવાનો રસ ૧૯૦૫ માં એ પુસ્તકની ત્રિશતાબ્દીના ઉત્સવમાં માણ્યો.

અત્યારે (૧૯૩૬માં) ત્યાં ચાલતી જાદવાસ્થળીના આરંભ પહેલાં થોડા જ વખતે તેમણે 'લકડિયા ઘોડાનો અસવાર ક્વિકઝોટ' સ્ટેમ્પો ઉપર આલેખ્યો હતો.

પોર્ચુગાલ દેશનો લોકપ્રિય કવિ કેમોન્સઃ ૧૯૨૪ માં એની ચોથી શતાબ્દી ઉજવાઈ. તે વખતે નીકળેલી નવી સ્ટેમ્પો ઉપર આ કવિના 'ઓસ લુસીઆડાસ' નામના કાવ્યગ્રંથની પહેલી આવૃત્તિના મુખપૃષ્ઠને અંકિત કર્યું.

એમાંથી પાંચ સ્ટેમ્પો પર તો અદ્‌ભુત દ્રશ્ય છે. કવિના જીવનની એક ઘટના તરીકે, કે પછી રૂપક લેખે એ દ્રશ્ય મુકાયું છેઃ મધદરિયે વહાણ ડૂબે છે, કવિ તરતો તરતો બહાર નીકળવા મથે છે; તેના હાથમાં એ મહાકાવ્યગ્રંથની હસ્તપ્રત મુકાઈ છે!

રશિયાએ પોતાની સ્ટેમ્પો ઉપર ગોર્કીને, ટોલ્સ્ટોયને, કાર્લ માર્ક્સને તેમજ તાજેતરમાં જ ઉજવાયલી શતાબ્દી સમયે પુશ્કિનને પણ માન આપેલ છે. ૧૯૩૩ માં કાર્લ માર્ક્સના અવસાનની અર્ધ શતાબ્દી ઊજવી ત્યારે રશિયાએ પોતાની સ્ટેમ્પો પર કયું દ્રશ્ય આલેખ્યું, કલ્પી શકો છો? એની કબર!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હંગેરીએ એ જ પ્રણાલિકાનું માન પોતાના શાયર સાન્દોર પેતોફીને તેમજ મોરસ જોકાઈને આપ્યું. જર્મનીએ ગટે, શિલર, લેસ્સીંગ અને કેન્ટને પોતાની સ્ટેમ્પો પર સત્કાર્યા. ઓસ્ટ્રેલિયાએ પણ એ કર્યું, અને આઇસલેન્ડે પોતાનો પ્રાચીન લોકગાથા 'સાગાઝ'-નાં દ્રશ્યો સ્ટેમ્પો પર શોભાવ્યાં.

નોર્વેએ ઇબ્સિનને, જોનસનને અને હોલબર્ગને, અને ફિનલેન્ડે તો ત્રણેક વર્ષ પર જેની શતાબ્દી ઊજવી તે પોતાના લોકગીત-સંગ્રહ 'કાલેવાલા' ને.

ગ્રેટ બ્રિટન તો કલ્પનાહીન છે. એણે આ પ્રણાલિકા વડે પોતાની જડતાને અભડાવા દીધી નથી, પણ એના સુકવિઓ પરરાષ્ટ્રોની સ્ટેમ્પો ઉપર સન્માન પામ્યા છે.

૧૯૨૪ માં ગ્રીસે બાયરનનું સુંદર ચિત્ર સ્ટેમ્પ પર બેસાડ્યું; એકવાડોર દેશે ડારવિનનું, બેલ્જિયન કોંગોએ સ્ટેનલીનું, પશ્ચિમ સેમોઆ નામના દેશે 'ટ્રેઝર આઇલેન્ડ' ના અંગ્રેજ લેખક રોબર્ટ લુઇ સ્ટીવન્સનનું.

અને કોઈક દિવસ જો ભારતવર્ષને આવું ગૌરવદાન કરવાનો અવસર આવશે તો હું કયું નામ સૂચવીશ, કહું?-મારું પોતાનું નહિ હોં કે?-રામાયણના મહાકવિ વાલ્મિકિનું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. લોકસુધારક સાહિત્યકાર

"**નવલકથાઓ** લખીને તો હું વેશ્યાઓ સમાં લોકોને પહોંચી શકીશ કે જેમને ઉચ્ચતર સાહિત્ય કયાંયે સ્પર્શતું નથી."

આ શબ્દો બોલનારનું નામ છે કાગાવા: જાપાનનો સમર્થ લોકસુધારક ખ્રિસ્તી. સાહિત્યની કલાનો એ ભક્ત નથી, પણ પોતાના મતપ્રચારને માટે એ સાહિત્યને વાપરે છે. સુડતાલીશ જ વર્ષની ઉમ્મરમાં એણે સાઠ પુસ્તકો લખ્યાં છે. ધર્મથી માંડી કવિતાનાં અને વાર્તાથી લઈ અર્થશાસ્ત્ર સુધીના પ્રદેશો પર એની કલમ ઘૂમી વળી છે. જાપાની વાર્તાસાહિત્યમાં એની કેટલીક કૃતિઓ 'બેસ્ટ-સેલર' બનેલી—ચમત્કારિક ખપત પામેલી જણાય છે.

લેખક તરીકેની કીર્તિની રોચે એને બેસાડનાર પુસ્તકનું નામ છે 'એક્રોસ ધી ડેથ-લાઈન.' એમાં કાગાવાએ આત્મકથાને ગુંથેલ છે. એની ચારસો આવૃત્તિઓ નીકળી ચૂકી છે.

આમ છતાં પણ જ્યારે એની પાસેથી એમની કૃતિઓની ટીપ માગવામાં આવી ત્યારે કાગવાએ કહ્યું કે 'હું તો નપાવટ લેખક છું. મારે થોકબંધ લખવું પડે છે, કારણ કે મારા દેશબાંધવોના મન પર સામાજિક તથા રાજનૈતિક સુધારની જરૂરત ઠસાવવાનો એ એક માર્ગ છે.'

કાગાવા તો કવિ યે છે. જાપાનીઓ કબૂલ કરે છે કે કાગાવાની કવિતામાં તો ઊર્મિમય ઉચ્ચારણની નૈસર્ગિક શક્તિ પડેલી છે. 'સોંગ્ઝ ફ્રોમ ધી સ્લમ્સ' નામનાં ગીતો માંહેલું એક ગીત એ વાતની સાક્ષી પૂરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ગીતનું આ પંક્તિબંધ ભાષાન્તર છે :

: કટાવ :

મને ન'ાવડે
શોધખોળ કો'
નવી ચીજની;
રૂપલા પાંખે
વ્યોમ-તરંતાં
વાયુ-વ્હાણની
મને ખબરના.

આજ પરન્તુ
ભોર ભળકડે
મને જડયો'તો
અજબ ખ્યાલ-ને
દિવ્ય લોકની
પ્રભા ત્રિરંગી
ઝરમર વરસી
ગઈ ભીંજવી
—મુજ કફનીની
કસો ભૂખરી.

અજબ ખ્યાલ એ
હતો આટલો—
અહો છુપાયું
મુજ મુઠ્ઠીમાં
જગ-રહસ્ય કો!
અને માહરા
હાથ નાનકા
બન્યા પહોળા-
ખૂબ પહોળા
એ રહસ્યથી;

અને પ્રભુ મુજ
કરપુટવાસી—
સમજે છે આ
જગત-ત્રાણની
મુજ હસ્તક સોં-
પેલ યોજના.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. નીરવતાનો ખોળે રમતી કવિતા

[કલકત્તા વિદ્યાપીઠમાં જપાનના કવિ શ્રી. નોગુચીએ જપાની કવિતા પર આપેલ પ્રથમ વ્યાખ્યાનનો સાર]

જ્યારે જ્યારે મેં પશ્ચિમનાં ચિત્રો નિહાળ્યાં છે, અને પશ્ચિમની કવિતાઓ વાંચી છે; ત્યારે ત્યારે મને એવી લાગણી થયા વિના ભાગ્યે જ રહી હશે, કે એ કૃતિઓના સર્જકો નમવાની–પૂજવાની નહિ પણ ટટ્ટાર અક્કડ છાતીએ ઊભા ઊભા કેવળ વિવરણ કરવાની, સમજણ પાડવાની જ વૃત્તિથી પ્રેરાયેલા હોવા જોઈએ. આથી ઊલટી રીતે, ધરતી પર એકેક લેનાર વંદનશીલ મનુષ્યને લાભ એ છે કે ઋતુ જો વસંતની હોય, તો એ શ્વેત ફૂલપાંદડીઓની ભરતભરી પૃથ્વીને નીરખી એ નિહાલ બની જશે.

આપણને પૂર્વનાં વાસીઓને તો વિજનતામાં જ કવિતાની અવધિ નિહાળવાનો આનંદ મળે છે. એકલતાના નરમ ઝાંખા અજવાળે પંથ જોતા આપણે તો ધીરે પગલે એ સુખસમાધિના મંદિરમાં, સૌંદર્યની એ કંદરામાં, આદર્શવાદના એ પુનિત ગર્ભાગારમાં પ્રવેશ કરીશું.

કોટ–પાટલૂનીઆ સાધારણ પશ્ચિમવાસીઓ આ મારી વાતને ન સમજી શકે તેમાં દોષ તેમનો નથી. કેમકે પ્રકૃતિ અને જીવન જ્યાં અન્યોન્યમાં રંગાઈ વિલીન બની જાય છે તે જ આપણી કલાનું સર્વોત્કૃષ્ટ લક્ષ્યબિંદુ હોવાના આપણા આદર્શની તેમને ખબર નથી.

આત્મજીવનની આધ્યાત્મિક નિર્મલતાને સંપૂર્ણપણે સાચવનાર આ એકલતા સમું અન્ય કોઈ નથી. જાપાનની પુરાતન તવારીખમાં કવિઓ અને કલાકારો નગદ અને સમૃદ્ધ હતા એનું કારણ એ જ કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓએ એકલવિહારીઓ તરીકે જ પોતાનાં જીવનગીતોનો મંજુલ રૂપાં–રવ અનંતના નિઃસીમ પટ પર પાથરી દીધો હતો.

કવિતા અને કલામાં જો આપણે આપણું એકાંત ત્યજી દઈશું, તો આપણી કલા અંધેરની અવસ્થાને પામશે. ઓહ, પછી તો આપણે સંસ્કૃતિનાં ચીંથરાં વીણતા દીન ગૃહહીન લોકો જેવા પશ્ચિમના દેશોમાં પાટકતા રહેશું! ને આત્રી રાખજો કે એકવાર આપણે કલાના કંગાલ રખડુઓ બન્યા, એટલે આપણે આપણું કલામય મનોરાજ્ય સદાને માટે હારી બેસવાના. કેમ કે આપણને બરાબર ખબર છે કે મેળ વગરની બેઢંગી બહુલતા આજે દુનિયામાં 'મારો કાયો'ના યુદ્ધનાદ કાઢતી એકાત્મતાના વિજન કિલ્લાનો ચૂરો કરવા ચઢી આવી રહેલ છે.

અવ્યક્તિત્વની, આત્મવિસ્મૃતિની મોહિની પર હું વારંવાર ફિદા થયો છું, કેમકે કલા અને જીવન વચ્ચેની સીમારેખા જ્યાં ભૂંસાઈ જાય છે તેવી એ મૂળભૂત જીવનદશા છે. મહાન કવિની જબાન પણ જ્યાં નિજાનંદની વિસ્મૃતિમાં ગેબ થઈ જાય, અને એ આનંદ બીજાઓને કેવળ બાળકના બડબડાટ જેવા ભાસતા બે ચાર શબ્દોમાં જ સરી પડે તે અવસ્થા કેવી ધન્ય, કેવી સુખભરી છે!

મિત્રોની દિલસોજી ઉપર નિર્ભર રહેવાનું જાપાનના કવિઓને જેટલું છે તેટલું કોઈને નથી. કેમકે એ દિલસોજી જ એની અપૂર્ણતાને પૂર્ણ બનાવે છે. વળી વાંચકની અવગાહન શક્તિને સાદ દઈને સહાયે બોલાવવાની જે કરુણ દશા જાપાનની વેરણછેરણ અસંકલિત કવિતાની છે, તેવી દુનિયાની બીજી કોઈ કવિતાની નથી.

આઠમા સૈકા દરમિયાન તો જાપાની સાહિત્ય એક પ્રજ્ઞના ઉચ્ચારણ તરીકે સ્થિરતા પામી ચૂકયું હતું. 'મેં–યો–શુ' અર્થાત 'કોટી–પર્ણ' નામના અમારા કાવ્યસંગ્રહમાં ઉગતા કવિઓનું આર્ષ–દર્શન સૂર્યતેજસમું સ્વચ્છ અને નિદ્રામાંથી જાગ્રત થતા પુષ્પ જેવું નૂતન હતું. તે પછીના કાળની કવિતા સ્વાભાવિક રીતે જ નિષ્પ્રાણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બનેલી, કેમકે કવિતના કલેવરનું ઘડતર પ્રગતિ કરવા ગયું એટલે સરલતાને તે હારી બેઠું. પણ 'મેં-યેા-શુ' યુગના કવિઓ વિવેચનના અધોગત પ્રદેશોથી પર જ રહ્યા, કેમ કે તેઓ પ્રભાતનાં ઝુલણુંસેા હતાં. પ્રકૃતિ અને જીવન પ્રતિની સ્વયંભૂ ઊર્મિઓને તેઓએ સહજપણે જ ઢાલવી નાખી. ચાહે તેવી અણઘડ અને સાદી એ કવિતા હતી, છતાં અમારા જ્ઞાતિ-અભિલાષોમાં સાહિત્ય-ગાંભીર્ય અચલ છે.

આજે જ્યારે આપણે બહુરંગી માનસિક ગુંચવાડા વચ્ચે આત્મ-વિસ્મૃતિને પામી લેાથપેાથ થઈ ગયા છીએ, ત્યારે એ થાક-ગુંચવાડાના અકસીર ઉપચાર તરીકે અમે એ 'મેં-યેા-શુ' યુગને આરે જ અમારાં મન-પંખીડાંને રમતાં મૂકીએ છીએ.

કબૂલ કરીએ છીએ, કે અમેા જાપાનીઓમાં સર્જન-શક્તિનેા અભાવ છે. ને પાશ્ચાત્ય કવિઓની પેઠે અમારે જીવનના નવરચનાકાર નથી બનવું. કવિતાને કેવળ કલા લેખે નહિ પણ વાસ્તવિક જીવનને વિકસાવ-વાના અનિવાર્ય સિદ્ધાંત લેખે નિહાળવાનું અમને શીખવવામાં આવેલ છે.

કવિતાના ધૂપદાન સમક્ષ નમતી વેળા અમારી મનેચ્છા આટલી જ હેાય છે, કે અમારા પેાતાના જ અંતઃકરણને સુવ્યસ્થિત કરવા જેટલેા પુનિત, પ્રકાશિત પ્રદેશ અમે સર્જી શકીએ.

શ્રદ્ધાના આ વિસ્મય-ભુવનમાં પુરાતન ગીતના સાચા પડછંદા નૂતન વિસ્મયના ઝંકાર કરી ઊઠશે. કલ્પનાનેા સાચેા સ્પર્શ પામનાર એકાદ સાદેા લઘુભાવ પણ હરકેાઈ કલાના કરતાં વધુ તેજસ્વી અને જીવનના કરતાં વધુ સુંદર બની જશે.

સાચેા પ્રશ્ન તમારા ગીતની કે તમારા વિચારની લંબાઈ પહેાળાઈનેા નથી, પણ તમારા ભક્તિભાવનેા છે. એ શ્રદ્ધાના ને ભક્તિભાવના મંદિરમાં એકવાર પ્રવેશ પ્રાપ્યા પછી આપણે ઊર્મિ અને સત્ય-પ્રેમના એ યુગમાં પહેાંચી જશું, કે જ્યાં થેાડાક શબ્દેા કવિતાને સર્જશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. કલાનું કારાગૃહ ખૂલે છે

[**નવીન** સંસ્કૃતિની પ્રયોગશાળા આજે રશિયા ચલાવી રહેલ છે. જગતનું વંદનપાત્ર રશિયા પરંતુ રશિયામાં ચાલતી સ્થિતિ વિષે બન્ને પક્ષે ભ્રમણા પણ બેસુમાર છે. છેલ્લામાં છેલ્લો બોલ પડ્યો છે મોરીસ હીન્ડસ નામના રૂસ-યાત્રીનો. એની રશિયા વિષેની કિતાબો ચાર : બ્રોકન અર્થ, રેડ બેડ, હ્યુમેનિટી અપરૂટેડ, ગ્રેટ ઓક્ટ્રન્સિવ : નિષ્પક્ષપાત તપાસ અને નિર્મલ દેશદર્શન માટે પ્રમાણભુત ગણાયેલ આ અમેરિકન પ્રવાસીનો આધાર લઈ લખાયેલ આ લેખ છે. આપણી કલાના ને સાહિત્યના ભાગ્યનિર્માતાઓએ આ રશિયન પ્રકરણમાંથી આપણાં ભાવિ ભયસ્થાનો વિચારી લેવાનાં છે.]

ઈ. સ. **૧૯૩૨** ના એપ્રિલની ૨૩ મી તારીખે એ દેશના રાજકર્તાઓએ એક મહાન બંદિનીને બંધનમુક્ત કરી, અને છેલ્લા પંદર વર્ષોની પોતાની ભૂલભરી રાજનીતિનું પ્રાયશ્ચિત કરી લીધું.

એ દેશ રશિયા, અને એ બંદિનીનું નામ કલા.

દેશભરના કલાકારોએ, સાહિત્યકારોએ, શાયરોએ, વાર્તાલેખકોએ અને ચિત્રકારોએ, શિલ્પીઓએ–સહુએ પોતાના મોંમાંથી ડૂચા દૂર થયેલા અનુભવ્યા. મુક્તિનો પ્રાણવાયુ પીધો. નવી આશા ને નવ ઉલ્લાસ વડે એની નસો ધબકવા લાગી.

હવે આપણે પ્રેમનાં, જીવનનાં ને મૃત્યુનાં ઊર્મિગીતો રચી શકીશું: હવે આપણે જૂના કામરૂ સંગીત-જિપ્સી મ્યુઝિકના પાગલ તાન જમાવી શકશું. હવે લોકગીતો લલકારી શકાશે : રંક અથવા રાય અને મજૂર અથવા માલિક હરકોઈ પ્રજાજનનાં જીવન-મંથનો નાટકોમાં રજૂ કરી શકાશે. ચિત્રપટોમાં પણ માનવજાતના હરકોઈ જીવનપ્રદેશનું આલેખન રજૂ થઈ શકશે. અરે, શક્ય અને કપોળકલ્પિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યૌવનકથાઓ પણ લખી શકાશે: ખુદ લેનિનની પત્નીએ જ બહાર આવીને ઉચ્ચાર્યું કે નવી ઢબની પરી-કથાઓ પણ લખાવી જ જોઇએ, એટલું જ નહીં, ખુદ સ્વ. લેનિનના જ મોંમાંથી એકવાર સરેલા બોલ શોધવામાં આવ્યા કે 'બાલવાર્તાઓમાં તો પક્ષુપક્ષીઓનાં પાત્રોને માનવભાષા બોલતાં બતાવવાં જ જોઇએ, નહિતર તો બાલકને એ પ્રાણીસૃષ્ટિ અવાસ્તવિક જ લાગવાની.' પરિણામે માનવ-બોલી બોલતાં કૂતરાં, બિલાડાં ને મેનાપોપટની પણ બાલકથાઓ રચાવા લાગી.

કલા અને સાહિત્યનું કારાગૃહ તે દિવસે ખુલ્લું થયું. કલાના હાથપગની બેડીઓ તૂટી. કલાકારોએ હેઠો શ્વાસ મેલ્યો કે, 'હાશ! જાલીમ 'રેપ' ની ઝારશાહી નાબૂદ થઈ.'

કલાકારોની દુનિયા ઉપર દીવાલો ઊભી કરનાર આ 'રેપ' કોણ! રાજસત્તાને એના શા કડવા અનુભવો થયા? શા માટે 'રેપ'નું શાસન ઉથલાવી પાડવામાં આવ્યું, એ ઇતિહાસ સમજવા જેવો છે. નૂતન રશિયા એટલે મહાન અનુભવોની પ્રયોગશાળા. એ વિરાટ પ્રયોગાલયમાં સાહિત્યકલાનો જે ક્રાંતિ-પ્રયોગ કરવામાં આવ્યો તેનું આ એક પ્રકરણ છે.

જૂના યુગના સાહિત્યના મુખ્ય બે પાયા: એક ધર્મ, ને બીજું કુટુંબ. કલા અને સાહિત્ય એ બે ભાવનાઓને અવાજ આપતાં નાટકોનું વસ્તુ, ચિત્રનો વિષય, કવિતાનો ભાવ; આ બે ક્ષેત્રોમાંથી જ પસંદગી પામતા, ને એની જ સંસ્કારપરંપરાને પોષતા. રશિયાઈ રાજક્રાંતિની સાથોસાથ આવી પહોંચેલી સમાજ-ક્રાંતિએ આ બન્નેને, ધર્મને તેમજ કુટુંબને જડમૂળથી ઉખાડી ફગાવી દીધાં. એટલે નવી રચાતી કલાની કૃતિઓમાં, શું નાટકમાં કે શું નવલમાં, ચિત્રમાં કે શિલ્પમાં, ધર્મગુરુને ધૂર્તના અથવા વિદૂષકના પાત્ર માટે વાપરવામાં આવ્યો, અને કુટુંબજીવનમાંથી કશા જ સ્નેહ, સાહસ અથવા દિલાવરી કે વીરતાના ઉદાત્ત ભાવો સર્જવાનું કલાકારોએ બંધ કર્યું. યુવતીનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંડ–તોફાનો, સૈન્યોના રણસંગ્રામો, સમાજની બદીઓ, પ્રજાના આંતર-કલહો વિગેરે ચાલુ જીવનસંઘર્ષણોમાંથી કલાકારોએ પ્રેરણા મેળવી.

પણ પછી સને ૧૯૨૬ માં નવા સંજોગો જાગ્યા. રશિયાઈ રાજસત્તાએ ભાંગકામ પૂરું કરી નવી સમાજરચનાનું બાંધકામ હાથ લીધું. પંચવર્ષીય યોજનાનું સાહસ ઉપાડ્યું, તે એ કાર્યમાં સાથ આપવા સરકારે કલાકારોને, સાહિત્યકારોને હાક દીધીઃ કે હવેથી તમારી કલમોએ, પીંછીઓએ અને વાદ્યિંત્રની કામઠીઓએ માનવહૃદયની ઊર્મિઓનો વિષય છોડી દઈ સામાજિક સાહસો પર ભાર દેવાનો છેઃ એટલે કે તમારે કારખાનાંને, સંયુક્ત ખેતીનાં ખેતરોને, તથા નવી સમાજ–રચનાને જોર દેવા બેસી જવાનું છે.

આ નવા રાજઆદેશે રશિયન કલાકારને મૂંઝવણમાં નાખ્યો. એણે દીઠું કે પોતે પોતાની સર્જનશીલ તમામ ઊર્મિઓને બુઝાવી નાખી, માત્ર સરકારી યોજનાના પ્રચારક બની જવાનું છે. નવો સમાજ તો હજુ રચાય છેઃ એમાં પોતે રહ્યો નથી, એની હવા પોતે લીધી નથી, નવાં જીવન-તત્ત્વોને પચાવ્યાં નથીઃ છતાં નવજીવનની ઊર્મિઓને શી રીતે સાકાર કરવા? જુનવાણી તેમજ નૌજવાન, તમામ કલાકારોએ આ મુંગળામણ અનુભવી, રાજસત્તાનું નિયંત્રણ–સેન્સર-શીપ એટલું તો કડક બન્યું કે કલાકારે કલાને રાજકારણી નીતિ-રીતિઓની તેમજ વિપ્લવના આખરી સિદ્ધાંતોની જ ગુલામડી બનાવી દેવી રહી. સર્જનશીલ કલાકારોની આ અવદશાને બદતર બનાવનાર એક બીજું બળ ઊભું થયું.

એનું નામ રેપ્પ (Rapp) અર્થાત 'લોક–લેખકસમૂહ' નામની સંસ્થા. એ લેખક સમુદાયે પોતાની સામે એક જ નેમ મુકરર કરીઃ એ હતી હરકોઈ પ્રકારે ક્રાંતિની સિદ્ધિ હાંસલ કરવાની નેમ. એ નેમને ખાતર એણે સાચી કલાને તિલાંજલિ દીધી. નજીવી કેળવણી પામેલાં નરનારીઓનો એ મેળો બન્યો. કલા, સંસ્કાર, સંયમ, સૌંદર્ય, ઇત્યાદિને ઠોકરે મારી તેઓએ ખેડુ, મજૂર, કારખાનાં વગેરેનું અવાસ્ત-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિક સૂકું, પાંચરું ચિત્રણ માંડી દીધું. ક્રાંતિના કાર્યક્રમનો પ્રચાર કરવામાં નર્યો દેકારો બોલાવ્યો. રાજદ્વારી યોજના એ વર્ગની "ફૂટપટી" બની. સરકારી રચનાકાર્યને સીધું જોર ન આપે તે કલા નહીં!

એવું તો જોર જામ્યું આ '૨૫૫'નું, કે ચિત્ર, શિલ્પ, સંગીત, સાહિત્ય, રંગભૂમિ ને સિનેમા, એ સહુની બૂરી વલે થઈ. લોખંડ અને હથોડાના ગુણ ન ગાય તે કાવ્ય નહિ. કોલસા અને ખાણિયાનો મહિમા ન આલેખે તે વાર્તા નહિ. એજિન અને કોઇનનું સૌંદર્ય ન બતાવે તે સિનેમા નહિ. નાટક તો એ જ, જેનો નાયક હોય મજૂર અથવા ઇજનેર; સાહસ હોય કોઈ સરકારી યોજનાને પાર કરવાનું. દુર્જન તો હમેશાં કોઈ વ્યાપારી, મૂડીદાર, ધર્મગુરુ અથવા જાસૂસ જ હોય; નાયક હમેશાં અંતમાં વિજય કરતો હોય: ને સમાપ્તિ હમેશાં કોઈ ક્રાંતિપક્ષી વકતૃતા, ક્રાંતિ–ગીત તેમજ લાલ વાવટાના ફરકારથી જ થતી હોય.

'૨૫૫'ની પ્રતિષ્ઠા વધી. એની છાયા નીચે બે સારી અસરો પડી. એક તો એણે સામાન્ય મજૂરોને લખતા કર્યા. બીજાં નવાં ભજવાતાં નાટકોમાં જ ગંજાવર મજૂરસંઘનું આલેખન થયું. તે આલેખને રંગભૂમિ પર લોકપ્રભાવ, સંઘશક્તિ, સમૂહગૌરવ અને સંઘક્રિયાની દુર્દમનીય વીરશ્રીને, ઉગ્રતાને, જ્વાલાને મૂર્તિમાન બનાવી. પ્રજાએ રંગાલય ઉપર સો બસો પાત્રો વડે ભજવાતા નાટકોમાં લોકશક્તિની ભીષણતા, રાજપ્રભા, અને અપરાજિત ઇચ્છાશક્તિનું દર્શન કર્યું. મૂળ તો નમાલાં ને ટાયલાં નિત્યજીવનના બીબામાં ઢાળેલાં નાટકો પણ રંગભૂમિ ઉપર આવા ઉઠાવ થકી તેજસ્વી બન્યા.

પરંતુ '૨૫૫'ની આ પ્રચારઘેલડી ને કલાદ્રોહી પ્રણાલિકાએ સાચા, સર્જનશીલ કલાકારોનું મોત નિપજાવ્યું. ક્રાંતિ અને સમાજ-વાદના બીબાંમાં કલારસ રેડવાની ના કહેનાર કલાકારો ભૂખમેળા થયા, ને બીજા કેટલાકે પોતાની વિભૂતિને અભરાઈએ ચડાવી દઈ પ્રચારકિયા ચોપડીઓ ઘસડવા માંડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખરે આ નવો પંથ અતિરેકની દશાએ આવી ઊભો, મજૂરીનાં કલાહીન કીર્તિમાનોથી મજૂર જનતા જ કંટાળી ગઈ. કલામાં યોજાયેલ ઉપદેશકવેડાનો પ્રજાને અપચો થયો. લોકો નાટકશાળામાં જઈ જે રોજિંદી જિંદગીની ગડમથલ ભૂલવા માગતાં હતાં તેની જ રજુઆત રંગભૂમિ પર તેઓ ન સહી શકયા. તેઓને ત્રાસ છૂટયો. તેઓએ માગ્યું: "અમને રંગભૂમિ પર વાર્તા આપો, પાત્રાલેખન આપો, ઊર્મિઓ આપો, વિનોદ આપો, સામ્યવાદનાં પૂતળાં અમારે નથી જોઈતાં હવે."

આ અવાજ લોક-હૃદયમાં જાગેલી કલાવૃત્તિનો હતો.

રશિયાનો લોખંડી સરમુખત્યાર સ્ટેલિન તેમજ સ્ટેલિનના સાથીઓ આ કલાના અવાજને ન ઉવેખી શકયા. કેમકે પ્રજાના ગંભીર આત્માનો એ અવાજ હતો. રાજસત્તાએ પોતાની ભૂલ કબૂલી. 'રેપ'ની જાલીમશાહીને નાબૂદ કરી. કલાકારોને માનવ-જીવનની ચાહે તે ઊર્મિઓ ચિતરવાની મુક્તિ બક્ષી. શર્ત માત્ર એટલી મૂકી કે ક્રાંતિના આદર્શની વિરુદ્ધ જનારી ભાવનાઓનો મહિમા ન વધારવો.

કલાના બંધમોચનનો જે નવયુગ આ પ્રમાણે મંડાયો, તેણે શાં શાં પરિવર્તન હાંસલ કર્યાં છે? એક જ દાખલો દઈએ. ક્રાંતિનું સાહિત્ય સર્જનાર મહાપુરુષ ગોર્કીનું નામ તો જાણીતું છે. એ ગોર્કીએ જ નવું એક નાટક લખ્યું ('યેગોર બ્યુલીચેવ'): એ નાટકનો નાયક એક મૂડીદાર છે: ખાય છે, પીએ છે, મોજ કરે છે: એનાં બાળબચ્ચાં હીરચીરમાં મહાલે છે. આખા નાટકમાં કયાંય કાર્લ માર્કસના વર્ગવિગ્રહનો, કે સામ્યવાદી સૂત્રનો ઉલ્લેખ નથી. પણ એમાં માનવતાનું ચિત્રણ છે. પ્રેક્ષકોનું એ પ્રિય નાટક બન્યું છે. કોઈ એને 'ક્રાંતિવિરોધી' કહી પથ્થર મારતું નથી, કેમકે એમાં જીવનના સાચા ધબકારા છે; ને ત્રાસદાયક નવાં પ્રચાર-વચનોથી મુક્ત એવી સરલ ભાવભરપૂર ઉમદા શૈલીમાં લખાયેલ સંવાદો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ નવયુગના મંડાણે કલાકારોની આર્થિક સ્થિતિ સર્વની ટોચે આણી દીધી છે. પંચવર્ષીય યોજનાનો જે આખો કાળ પ્રજાના બીજા તમામ વર્ગોને માટે, સોવિયેટ સરકારના વહાલાસોયા મજૂરોને માટે પણ કઠિનમાં કઠિન કાળ બન્યો, માથાના વાળની પીનથી લઈ માખણ-રોટી સુધીની જીવન-જરૂરિયાતોની કાળી અછતનો જે કાળ, તે કાળમાં પણ કલાકારનાં સુખસગવડ સરકારે બરાબર સંભાળ્યાં છે. સારામાં સારા પગારો સરકારે બે જ વર્ગને આપ્યા છે : ઈજનેરોને તથા કલાકારોને. કલાકારનાં મકાન, પોશાક, અને ખાનપાન અવલ દરજ્જાનાં જ રહેલાં છે. કલાકારોને પોતાની કૃતિઓ માટે ઘરાકી ભીખવા કે ઉત્તેજન શોધવા ભટકવું નથી પડતું.

ક્રાંતિએ પ્રજાને કલાસાહિત્યની એવી તો ભૂખ લગાડી છે, કારખાને કારખાને તેમજ ગામડે ગામડે ઊઘડેલાં પુસ્તકાલયો, વાંચનાલયો, ક્રીડાંગણો, ભોજનગૃહો, બાલ-ઉછેરગૃહો, ને રંગભૂમિઓની સંખ્યા એટલી ગંજાવર બની છે, કે કલાની કૃતિઓ માટે પડાપડી થાય છે. નાટકકારનું એક નાટક દેશભરમાં એક સામટાં એકસો નાટ્યગૃહો ભજવે અને પ્રત્યેક નાટ્યગૃહ એને રોજિંદી કમાણીમાંથી કસદાર રોયલ્ટી આપે : અક્કેક સારા પુસ્તકની પહેલી જ આવૃત્તિનો ઉપાડ ચાલીસ હજાર સુધી પહોંચે : પ્રકાશકોની પેઢીઓ ઉપર લોકોના એવા દરોડા પડે છે કે પુસ્તકોની જાહેરાત કરવાની પણ જરૂર ન રહે. નાટકશાળાઓના માલેકોને ખુરસીઓ ભરવાની ચિંતા નથી કેમકે લોકોનાં જુથ આખા ને આખા ખેલની સામટી બેઠકો ખરીદી લે છે. દાખલા તરીકે ગોર્કીના ઉપર કહેલા નાટકના માટે ત્રણસો જેટલાં કારખાનાંઓએ સામટી સેંકડો બેઠકોનાં 'બુકિંગ' કરાવ્યાં છે. ક્રાંતિએ પ્રજામાં વિદ્યાની, કલાના ને ઉચ્ચ વિનોદની આવી બુલંદ ભૂખ લગાડી દીધી છે. સાચા કલાકારને માટે રશિયામાં સમૃદ્ધિ રાહ જોતી ખડી છે; કલા રશિયામાં મુક્ત બની છે: શર્ત એટલી કે કલાએ ક્રાંતિના વિરોધી આદર્શોને પ્રતિષ્ઠા ન આપવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. સાહિત્યકારોનું આત્મનિરીક્ષણ

મોસ્કો નગરમાં નૂતન રશિયાના ગ્રંથકર્તાઓની પરિષદ મળેલી. છસો પ્રતિનિધિઓ અને એક હજાર અતિથિઓ હાજર હતા. સંમેલન ત્રણ અઠવાડિયાં સુધી ચાલ્યું.

સંમેલનના સાઠ ટકા સામ્યવાદીઓ હતા: સરકારપક્ષી સાહિત્યકારો, કે જેની જેમ સરકારી વિચારનીતિને જ જોર દેવાની છે–તેઓનાં ભાષણોમાં સામ્યવાદી સંસ્કૃતિના જ અહોધ્વનિ ગૂંજી ઊઠ્યા.

અધ્યક્ષસ્થાને મેક્સિમ ગોર્કી હતા. એમણે તો મધ્યમ વર્ગના સાહિત્યની ઝાટકણી જ કાઢી: એ સાહિત્યની કૃતિઓના તમામ નાયકો કાં ઉઠાઉગીરો, કાં ચોટ્ટાઓ, કાં જાસૂસો ને કાં 'સફેદ' ઉઠાઉગીરો જ હોય છે આ પ્રકારનું સાહિત્ય એના વાંચકોની સાચી અભિરુચિનાં, નિષ્ઠાઓનાં, તેમ જ વ્યવહારનીતિનાં પ્રતિબિમ્બો પાડે છે: આપણે તો સાચી શ્રમજીવી માનવતાના પ્રાણધારીઓ છીએ. એ સાચો લોકસમૂહ જ જગતને ધર્ષા, લાલસા, પામરતા અને નાદાનીમાંથી મુક્ત કરશે, વગેરે વગેરે.

બીજા એક વક્તાએ ડંફાસ ચલાવી કે જગતભરમાં સહુથી વધુ પ્રગતિશીલ અને ઉત્તમ સાહિત્ય તો એક આપણું જ છે!

પછી ઊઠ્યા અસંતોષના સૂરો: આત્મશ્લાઘાને સ્થાને આત્મસંશોધન શરૂ થયું. રશિયનો પોતાના સાહિત્યને પ્રમાણિક છાબડામાં તોળવા બેઠા.

'સીમેન્ટ' નામની સુવિખ્યાત નવલનો કર્તા ગ્લાડકોફ બોલ્યો કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આપણા લેખકોમાં કલાની કંગાલિયત ભરેલી છે. આપણને ઉત્તેજના અને પ્રેરણા આપનાર સચોટ નાયકો સર્જવાની તાકાત આપણામાં નથી. કમજોર અને ઢીલાંઢફ પાત્રોથી આપણી કૃતિઓ ભરપૂર છે.'

યુરોપનાં પર્યટનો કરવાની છૂટ ભોગવતા એકલ ગ્રંથકાર ઈલીજાએ તો વધુ કડક શબ્દો વાપર્યા: 'આપણી નવી દુનિયાનો સાચો માનવ આપણાં થોથાંમાં આલેખાતા ઓળા માત્ર કરતાં ય વધુ સમૃદ્ધ અને સૂક્ષ્મ છે. મધ્યમવર્ગી નવલકથાઓ જેમ જીવનની એક જ બાજુ બતાવે છે, એટલે કે એ કથાઓનો નાયક પ્રેમ સિવાય બીજું કશું જાણતો જ નથી, તે જ રીતે સામા પલ્લામાં આપણા સાહિત્ય-નેય એ જ રોગ લાગુ પડ્યો છે. ઑફિસોમાં ને કારખાનામાં જ આપણાં કથાપાત્રો પુરાયેલાં છે.

'શ્રમજીવી વાર્તાનાયકને શું સ્વપ્નો નહિ ઊઠતાં હોય? પ્રેમ અને ઇર્ષ્યાનો ભોગ એ નહિ બનતો હોય? કોઈક છુટ્ટીને દિવસે કોઈ એક સરોવરના પારદર્શક નીરમાં પોતાનું પ્રતિબિમ્બ જોતો જોતો એ શા શા વિચારો સેવી રહ્યો હશે, તે તમે વાર્તાકારો કાં નથી કહેતા?

'ગોપ—ગોપીઓના ગીતોમાં ગવાયેલા પેલા રંગીલા કનૈયાલાલથી બાપડા આપણા પૂર્વજો જેટલા વેગળા હતા તેટલા જ વેગળા આપણી ચોપડી માંહેના કલ્પિત મજૂરોથી આજના આપણા સાચા શ્રમજીવીઓ પડેલા છે.'

પ્રજાયુદ્ધનો મધુરો ઊર્મિગીતકાર બાબેલ બોલ્યો કે, જીવનનાં નર્યાં વર્ણનો બસ નથી, ભવ્ય ભાવનાઓ તથા ચિંતનશીલ પ્રાણ-તત્ત્વવિહોણું સાહિત્ય તે સાહિત્ય જ નથી.

સાચેસાચા જીવન–વીરને સોવિયેટ સાહિત્ય શા કારણે પોતાની કૃતિઓમાં નથી સરજી શકયું? એ પ્રશ્નનો જવાબ પેલી લેખિકા ગેરાસ્સીમોવાએ સંભળાવ્યો: 'કારણ કે લેખકો એકના એક સિદ્ધાંતની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પીંજણ લઈને બેઠા છેઃ કે મૂડીવાદ ખરાબ છે, ને સામ્યવાદ સારો છે! એ એક જ ડંડો વીંઝીને જુનવાણી દુનિયાની જોડે લડવું નિરર્થક છે. જૂની દુનિયા એટલી બધી કંગાલ ને નકામી નહોતી. એણે તો આપણને વિચારજીવનના ઝીણામાં ઝીણા વાણાતાણા આપેલા છે. એ દુનિયાએ આપણને ટૉલ્સ્ટૉય, ડૉસ્ટોયેવ્સ્કી ને નીત્સે દીધેલા છે. આપણા સાહિત્યે તેઓની વિચારકક્ષાને સિદ્ધ કરવી જોઈએ.

સહુથી ભારે વજ્રપ્રહાર તો સાહિત્યની સહુથી વધુ કુમળી, ઊર્મિગીતોની ડાળી ઉપર થયો. એ પ્રહાર કરનાર પણ પાછો બીજો કોઈ નહિ–સરકારી મુખપત્ર 'પ્રવદા'નો અધિપતિ ખુદ ખુખારીન!

એણે તો નૂતન રૂસ–શાસનના રાજકવિ માયાકૉવ્સ્કીની જ ગીત-પ્રણાલિની ઝાટકણી કાઢી. માયાકૉવ્સ્કી રશિયાઈ આંતરવિગ્રહનાં રણશીંગાં ફુંકનાર ધગધગતો રાષ્ટ્ર–શાયર હતો. ખુખારીને જાહેર કર્યું કે માયાકૉવ્સ્કીનાં પ્રચારકિયાં ગીતોનો યુગ હવે ગયો છે. ક્યાં આપણી વાસ્તવિક જીવનમાં ભરેલી વીરતા! ને ક્યાં આ કવિતામાં ભરેલી દરિદ્રતા! પદ્યબંધોમાં કેવળ રાજપ્રકરણી પ્રચાર–ઉક્તિઓ સંધરતી આજની કવિતાને સ્થાને હું તો નવી વિપ્લવી અદ્‌ભુતતાને પ્રકટાવનાર કવિતા માગું છું. આજે આપણને જરૂર છે સંસ્કારની, સંસ્કારની, સંસ્કારની.

આ અસંતોષના મૂળમાં કયું કારણ છુપાયું છે? એ અસંતોષની પાછળથી હરએક સર્જનશીલ સાહિત્યકારની સ્વાતંત્ર્ય ભાવના પુકારી રહેલ છે. કેમ કે સોવિયેટ શાસનમાં સાહિત્યસર્જનની સ્વતંત્રતાને કોઈ ઓળખતું નથી. 'સ્વતંત્રતા' શબ્દ સારા યે અધિવેશનની અંદર અણઉચ્ચરેલો હતો છતાં પ્રત્યેક ફરિયાદ અને પ્રત્યેક માગની પાછળ એ ભયાનક ગણાતો શબ્દ જ ગુંજતો હતો.

કલાકારના વ્યક્તિત્વને જો સ્વાતંત્ર્ય ન હોય, તો કલાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંઠમાંથી સત્યની આશા રાખવી અશક્ય છે. માટે જ મહાન સાહિત્ય ઘણુંખરું બંડનું, વિપ્લવનું, ક્રાંતિનું જ સાહિત્ય બનેલું હોય છે.

સાહિત્યસર્જનની સ્વાધીનતા ત્યાં કેટલી હદે રુંધાઈ હતી તેનું એક ઉદાહરણ ત્યાંનું કટાક્ષલક્ષી સાહિત્ય પૂરું પાડે છે.

કટાક્ષ-પત્રકાર કોલ્ઝોફે એક વાત જાહેર કરી કે, મોસ્કોના એક વિદ્વાન તંત્રી ઉપર એક કટાક્ષ-કથા આવી. વાંચીને એ શ્રીમાને નાકનાં ફેરણાં ફુલાવ્યાં: ભ્રકુટિ ચઢાવી કહ્યું: 'આ શું? અત્યારે શું આપણે આપણી હાંસી કરવાનો કાળ છે? હાંસી તો આપણા શત્રુઓ હોય તે જ કરે!'

કારણ? કારણ એ કે સોવિયેટની ભૂમિમાં, પ્રજાપક્ષની સર્વ-સત્તાધીશી તળે હસવા કે કટાક્ષ કરવા જેવી કોઈ ખામી જ ન હોઈ શકે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. આત્માના ઇજનેરોનો અગ્રણી

પહેરેગીરનો પ્રહર પૂરો થાય છે, છેલ્લા ઘડિયાળાં બજવીને એ વિદાય લે છે. પોતાનો પહેરો આંખનું મટકું ય માર્યા વિના એણે બજાવ્યો છે. રાત કાળી હતી. ચોરડાકુ ચોમેર હતા. વેરાન હતું. ભૂખ, ટાઢ અને ભય હતાં, તો પણ પ્રહરી બેઠો નહિ, ગફલતને વશ બન્યો નહિ, સંસ્કૃતિના બજના એ સીલબંધ સોંપી ગયો.

સિત્તેર વર્ષના દેશ-પ્રહરી ગોર્કીને આવી લાંબી આકરી ચોકી બજાવ્યા પછી ચાલ્યા જવાનો હક્ક હતો. રશિયામાં સર્જાતી નવ-માનવતાનું જતન કરવામાં એ સાહિત્યકારનો હિસ્સો સ્ટેલિન કરતાં કદાચ વધારે ને લેનિન કરતાં લગરીક જ કમતી હશે. કેમ કે પ્રજાના પાર્થિવ જીવનની સરમુખત્યારી સહેલી છે, પ્રજાના સંસ્કાર-જીવનનું સત્તાવિહોણું ઘડતર મુશ્કિલ છે.

રશિયાની ક્રાંતિ એટલે એક અતિ પુરાતન પ્રજાસંસ્કૃતિની ઉથલપાથલ. એવો ભૂકમ્પ, કે જેમાં બિહારનો ધરતીકંપ તો એક શિલા જેટલું ય સ્થાન ન પામે. જુનવાણી પાયામાંથી કોટાનકોટિ માનવજનતા ત્યાં ઊખડી પડી. નવા જીવનના આઘાતો ત્યાં સાત સાગરોના ઘોડાપૂર શા અથડાયા.

ગોર્કી ત્યાં પ્રજાનો આત્મા સાચવીને ઊભો રહ્યો. સાહિત્યની આલમનો એ અધિષ્ઠાતા બન્યો. કલમોને એણે નવદૃષ્ટિની નાજુક તાલીમો આપ્યા જ કરી. વિઘાતક શબ્દોને એણે દેશની તમામ લેખિનીઓમાંથી ચૂંટી કાઢ્યા, તે સત્તાના ફરમાનથી નહિ, પણ લેખકોના મનમાં નૂતન જીવનની શ્રદ્ધાભરી દૃષ્ટિ મૂકીને.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવરચનાનો દોર એણે ન ચૂકવા દીધો. સાથોસાથ પુરાતનમાં પડેલી તાકાતને ય એણે ન અવગણવા આપી. 'ઓ મારા બિરાદરો!' એણે સાહિત્યકારોની પ્રચંડ રશિયન આલમને ચેતાવી : 'ન ભૂલજો, કે ગયા જમાનાની કૃતિઓમાં પડેલી તાકાત, કલા–આલેખનની વેધકતા અને નિરૂપણની માર્મિક શૈલીનું સતત સેવન કર્યા વિના નવસર્જનની સાચી દૃષ્ટિ આવવી અશકય છે.'

નવીનોને આ રીતે કેવળ પ્રચારવેદિયા એણે થવા ન દીધા. જુનવાણી એટલા તમામ ઉપર વગરવિચાર્યો હથોડો ચલાવવાની આખાર્ય એણે ન ચાલવા આપી. અને છેલ્લું કલ્યાણ કૃત્ય એણે સ્ટેલિનના હાથે કરાવ્યું તે પેલી R. A. P. P. સંજ્ઞાથી ઓળખાણી બનેલી સૌંદર્યશત્રુ સાહિત્યસરમુખત્યારીનો વિનાશ કરાવવાનું.

યુરોપી સાહિત્યકારો વાર્તાઓ લખતા હતા? ના, ના, લાગણી-ઓનાં–પોકળ લાગણીઓનાં મક્કોખાં ચોંટાડીને જૂઠી નાજુકતાનું જગત રચતા હતા. એ સાહિત્યની દાંભિક અને તકલાદી શિષ્ટતા સામે ગોર્કીએ ઠંડી જેહાદ ચલાવી, ને ઘરઆંગણે પણ એ વર્ગીય સાહિત્યના ઢોંગને ડામતો ઊભો. એણે યુરોપી સાહિત્યભાવોને નિષ્પ્રાણ અને નિર્વીર્ય કહ્યા. એણે ઘરના કલાકારોની પણ સાંકડી સૃષ્ટિને સુવિશાલ બનાવી.

ગોર્કીની કલમનો પ્રબલ બોલ આ હતો, કે માનવ–સમાજને એ જેવો છે તેવો જ આલેખતાં શીખો. નીચલા થરોમાં કલાનો દીવો લઈ જાઓ; પણ એના નિદર્શનમાં બનાવટ ન કરશો. પવિત્રતા, નિર્દોષતા અને શાણપણાની સુનેરીઓ ચોડીને સમાજની ગરીબીના શરીરને ન સજશો. ગરીબોની નેકી અને બદી, ભોળપ અને બદમાશી, બુદ્ધિ અને જડતા, સદાવેશો ને દુરાવેશો, અણિશુદ્ધ એ જેવાં છે તેવાં જ આલેખો. લાકડીઓનાં ચોગઠાંને પુરુષનાં કપડાં પહેરાવી ખેડૂતો ખેતરોમાં જે ચાડિયા ખડા કરે છે, તેવાં અવાસ્તવિક પાત્રો ન સર્જો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યું તે પૂર્વે એણે કરી બતાવ્યું. એની ટૂંકી વાર્તાઓ તપાસો: 'છવ્વીસ મરદો અને એક છોકરી', 'તરાપા ઉપર', 'એક શિશિર-રાત્રિ'; એ તમામ ટૂંકી કથાઓ રશિયન સમાજની ગંદામાં ગંદી ગલીકૂંચીઓમાં પડેલું જીવન સંપૂર્ણ વફાદારીથી ઉતારે છે. એ વાર્તાઓમાં ક્રાંતિના ટેકારા નથી, પણ ક્રાંતિને નોતરતાં પહેલાં માનવતાનું શુદ્ધ સંપૂર્ણ સ્વરૂપ પિછાનવાની જે અણુ અણુમય ઉકેલદૃષ્ટિ જોઈએ તે છે.

જગતના ઉકરડામાં દટાઈને જીવતો રહેનાર આ મહામાનવ પોતાને 'સંસારનો અણુસાનેતો પુત્ર' કહી ઓળખાવી ગયો. ને એણે ધારણ કરેલું તખલ્લુસ 'ગોર્કી' (એટલે કે 'કડવો ઝેર') ઇતિહાસના ચોપડે જ્યાં સુધી જીવશે ત્યાં સુધી એ માનવે પીધેલા કડવા જીવન-કટોરાની કથા પણ જીવતી રહેશે. પણ એથી યે વધુ યાદગાર તો રહેશે એ કડવા કટોરાના પીનારનો અમીમય સાહિત્ય-ઓડકાર: કેમ કે જગતે એને કડવાશ પિવરાવી, તેના બદલામાં એણે જગતની બદઓઈ ન કરી, એની કલમ ઝેરીલી ન બની, એણે કોઈને વિષદંશ દીધા નથી: એણે માનવતાનું જ કરુણાભીનું પુરાણ લખ્યું છે.

ઘણી ઘણી ગેરસમજો રશિયાની નવરચનાના સંબંધમાં ફેલાવા પામી છે. બોલ્શેવિઝમ અને માર્કસીઝમના અધૂરા-અને તે ય પાછા અણપચ્યા—પોપટ-પ્રયોગોએ એક નવજાત માનવતાનું ભવ્ય દર્શન વિકૃતિના કાચમાંથી કર્યું-કરાવ્યું છે. નવા ઢોંગોના આપણે ભોગ થઈ પડ્યા છીએ. હથોડા-દાતરડાંની દ્વારકા-છાપો દેખીને નથી છેતરાવાનું, તેમ નથી ગભરાવાનું. રશિયાના નવવિધાયકોએ માનવતાનું જે નૂતન-મૂલ્યાંકન કર્યું છે તેને સમજવાને માટે તો આપણે શાંતિથી ગોર્કીના સાહિત્ય-ખોળો વાંચીએ.

[૨]

ગોર્કીના અવસાને એક અવસર ઊભો કર્યો છે: એ અવસર સાહિત્યની નવી દૃષ્ટિ સમજવાનો છે. આજે આપણે નહિ સમજીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો પાનખરનાં સૂકાં સડેલાં પાંદડાંની પેઠે યુગના વટોળમાં આપણે ઊડી જવાના—આપણે એટલે લેખકો.

અહીં ઉભેલો મહાકાય માનવ શું પોતાની જાજ્વલ્યમાન એકલતા સન્મુખ આપણને નમાવે છે? અદ્‌ભુત સાહિત્ય લખનારી અથાક એની કલમ શું આપણી તારીફ માગે છે? એક મોચીનો કંગાળ રઝળુ છોકરો સંસારની ગટરોમાં ને જગતનાં ભઠિયારખાનાંને ભંડક–તળિયે ઊંદરો સાથે ઉઝરતો ઉઝરતો અચાનક એક વાર્તાનવેશ બની સમસ્ત રશિયાના સાહિત્યના શિખર પર ચડ્યો. તે કથામાં પડેલી પ્રારબ્ધની બલિહારી શું આપણને આંજી દેશે એટલે બસ થશે?

એ તો સાહિત્યની વીરપૂજા થઈ. પણ ગોર્કી વિષેની આપણી એ સમજ ખરી સમજ જ નથી. ગોર્કી વ્યક્તિ હતો તે વાત જ ભૂલવી પડશે. ગોર્કી એક સમષ્ટિ હતો. નૂતન રશિયાના સકલ સાહિત્યોચ્ચારે ગોર્કીના જીવનનો આકાર ધારણ કર્યો, ને નૂતન રશિયાનો સાહિત્યોચ્ચાર એટલે વાસ્તવિક જીવનનો ઉચ્ચાર.

ગરીબો ને અમીરો વચ્ચેની વિષમતામાંથી ઊઠતાં આક્રંદો હજુ આપણે ત્યાં અત્યારે શરૂ થાય છે, એટલે આપણને બહુ ઓછું જ ભાન રહે છે કે એ આક્રંદના યુગની તો વિકટર હ્યુગો જેવાએ યુરોપમાં કયારની પૂર્ણાહુતિ કરી નાખી હતી. એનો છેલ્લો પ્રતિનિધિ ટોલ્સ્ટોય પણ રવાના થયો હતો. વેદનાની એ મહાચીસોની અંદર અસહાયતાનું ને નાતાકાતનું કરુણ તત્ત્વ ભર્યું હતું. જીવનની ભયાનકતાને ભાંગી ભુક્કો કરવાની એ ચીસોમાં તાકાત નહોતી.

ને ગોર્કી તો તે પછી આવ્યો. નૂતન રશિયાના સંદેશવાહક જેવો એ આવ્યો. પ્રથમ તો એ કેવળ કલાકાર જ બનીને આવ્યો. પછી જ એ રાજનીતિજ્ઞ અથવા રાજદ્વારી ક્રાંતિકાર બન્યો એમ ઘણા કહે છે. વીસમી સદીના પ્રારંભકાળમાં એણે જે નવલિકાઓ લખી તેમાં પ્રચારવાદ નહોતો એમ ઘણાનું માનવું છે. એ વાર્તાઓ માનવ–સંસારના એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ડલ, ડિમ, ગ્રે,' નીચલા થરોની શબ્દચિત્રમાલાઓ તો એની આંગળી-ઓમાંથી અનાયાસી પ્રેરણારૂપે ટપકી પડી એમ કોઈ કહે છે.

પરંતુ હકીકત તેમ નથી. કલાકાર ક્યાંથી ઊઠે છે? પોતાના પગ નીચે પડેલી પૃથ્વીના સળવળતા પોપડાઓમાંથી. એ સળવળાટ એને સર્જવે છે. મહાન ભૂકમ્પની ભૂમિકા એના હસ્તે રચાવે છે, ને પછી પૃથ્વી ફાટે છે.

ગોર્કી એ મહા ભૂકમ્પનું પ્રથમ સર્જન બન્યો. એણે વાર્તાઓ જ લખી. જરાય પ્રચારલક્ષી નહિ એવી વાર્તાઓ લખી. hideous scenes and hideous personsની-વિકૃત દ્રશ્યોની ને વિકૃત માનવીઓની વાર્તા લખી. બીજા કોઈક હાથમાં એ જ વાર્તાઓ અશ્લીલ બનત, કાં બીભત્સ બનત, ને કાં અન્યાયના મરશિયા બની જાત. ગોર્કીના હાથમાં એ વાર્તાઓનો જે ઉઠાવ થયો, તેમાં માનવતા મહેકી, માનવીઓના અંતરમાં અગોચર પડેલા મનોભાવો એમાં સળવળી ઊઠ્યા, ને એના નિરૂપણ માત્રમાંથી જ એક એવું બિભીષણ સંસારદર્શ્ય ખડું થયું, જેણે સમાજની પુરાણી રચનાને મૂંગા આંચકા લગાવ્યા.

એ રચના જમીનદોસ્ત તો બની છેક ૧૯૧૭ના વર્ષમાં અથવા તેની પણ પછી ચારેક વર્ષે. ગોર્કીનાં ઘણાં ઘણાં પુસ્તકો તે પૂર્વે પ્રજામાં વ્યાપક બન્યાં હતાં. એમાં કેવલ કલા જ હોત તો શો અર્થ હતો? કેવળ વસ્તુસ્થિતિનું સ્વચ્છ દર્શન હોત તો પણ શી ખૂબી ગણાત? એવું તો બીજાઓ કરી શકે છે. ગોર્કીની અધિકતા તો આ હતી કે એણે પોતાની વાર્તાઓ દ્વારા સમાજની જે ભાવિ ગતિ થવાની હતી તે બતાવી.

નિષ્પ્રાણ જમીનદારશાહી પડવાની હતી, તેના પર ચઢશે નવા-યુગનો વાણિયો વેપારી. વાણિયો વાણિજ્યનું વર્ચસ્વ જમાવશે. એ વર્ચસ્વ તળે લોકગુલામી વધુ ભયાનક બનશે. વાણિયો દેશભક્તિનાં, દાતારવટીનાં ને જનહિતકારી યોજનાઓનાં ઊઠાં ભણાવશે સમાજને;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાત પેઢી સુધી લીલાલહેર કરજો એવું એ પોતાનાં સંતાનોને કહેતો જશે, ને એનાં સંતાનોની પણ એક દિવસ ઓચિંતી આંખ ફાટી રહેશે, કે બાપે સાત પેઢી સુધી જડબેસલાખ માનેલાં કળ કારખાનાં પર આક્રમણ આવ્યું; ને બાપની તાકાતો તો બાપ છોકરાંને આપતો નહોતો ગયો. છોકરાં ક્રાંતિરથના વેગ આડે છુંદાઈ ગયાં. એ બધું હજુ તો નહોતું થયું ત્યાં જ ગોર્કીએ બતાવ્યું.

સમાજ રચનાના અટલ અફર પલટાઓનું નિર્માણ ગોર્કીને એક વૈજ્ઞાનિકના જેવી સ્વચ્છ દ્રષ્ટિથી સૂઝયું. એણે આ સંસારને પોતાના સાહિત્યમાં વિજ્ઞાનદ્રષ્ટિએ આલેખ્યો, ને એણે દુર્દમ્ય પરિવર્તનનું રહસ્ય સમજાવ્યું.

રશિયા મુક્ત થયું ને એનું ઘડતર મંડાયું. સ્ટેલિને ઉચ્ચાર કર્યો કે ' writers are the engineers of the soul : લેખકો તો આત્માના નિર્માતાઓ છે.' લેનિને કહ્યું હતું કે ગોર્કી આપણી સંસ્થા છે. ગોર્કીએ કહ્યું કે, ' મને કદી નથી લાગ્યું કે હું સદંતર સાહિત્યજગતનો આદમી છું. આજ પણ મને એમ થતું નથી. મારું જીવન હમેશાંને માટે કોઇક ને કોઇક સામાજિક પ્રવૃત્તિના ક્ષેત્રમાં રોકાયું છે. અત્યારે પણ મને એ જ ગમે છે.'

એ આત્મધ્વનિ સાચો હતો. નવસર્જિત રશિયન સમાજમાં સાહિત્યકાર ત્રિકાલાબાધિત અને નિરપેક્ષ શબ્દસૌંદર્ય રચવા માટે એકલતાના સ્વૈચ્છિક રાજમોલમાં અથવા વિજન પ્રકૃતિસ્થાનમાં બેસનાર માનવી નહોતો રહ્યો. નવા સમાજનિર્માણમાં સાહિત્ય પણ એક કાર્યશાખા હતી, મજૂરો જેમ યંત્રો અને નહેરો બાંધતા, જેમ પ્રજાજનો સ્વરક્ષણની ફોજો રચતા, તેમ કલમના ધણીઓ પ્રજાની આ સર્વદેશીય સંઘવીરતામાંથી પોતાની પ્રેરણાઓ લઈ લઈ પ્રગતિશીલ બળોને મહાઉછાળ આપે તેમજ પીછેહઠની મનોવૃત્તિને પ્રચંડ આઘાતો દઈ ચૂર્ણ કરે તેવી વાણી સર્જતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહિત્યકારોના એ મહાસંઘનો મોવડી ગોર્કી : ક્રાંતિની ઉથલ-પાથલો વચ્ચે કલામય કૃતિઓ ન ઉતારી શકાય તેવી સ્થાપિત મિથ્યા-વાણીને એ જૂઠી પાડનાર બન્યો, એકેએક નવલોદિયા સાહિત્યલેખ-કને એણે પોતાની ગોદ આપી. પોતાને સોંપાતી હજારો હસ્તપ્રતોને એણે બારીક નજરે વાંચી જઈ લખનાર લેખકની ત્રુટિઓ બતાવી. ને ગોર્કીના સૂચવેલ સુધારા મુજબ તો અનેકોએ પોતાનાં મુદ્રણયંત્ર પર ગયેલાં પુસ્તકોય પાછાં લાવી નવેસર રચ્યાં. એવું કરનારા લેખ-કોનું સર્જન નિહાલ થઈ ગયું.

અનેક લેખકોને એણે સંઘકાર્યો લેવરાવીને નવરશિયાનાં અતુલ યાંત્રિક સાહસોના તેમજ નહેરો–બંદરોના નિર્માણોનો ઇતિહાસ લખવા રોકી દીધા. અનેકને એણે પરભાષાઓના ગ્રંથમણિઓના રશિયન અનુવાદો કરવા બેસાર્યા. અનેકોને એણે રશિયાનાં જ સુંદર પુસ્તકોને તમામ રશિયન પ્રાંતભાષાઓમાં ઉતારવા રોક્યા. જગતસંસ્કૃતિનો એ શત્રુ નહોતો.

પણ નવલેખકોના આ મહાન કાર્યને એણે એક વાતે તો વધુમાં વધુ કડક નિયમનમાં લીધું. પુરાણી સ્થિતિની ભાંગફોડના નશામાં ચકચૂર થઈને રખે તેઓ ભાષા અને શૈલિનું શૈથિલ્ય સેવતા બની જાય, પ્રચારના મદમાં રખે તેઓ લખવાની કલાની ઉપેક્ષા કરી બેસે; રખે તેઓ લખાવટના કસબને ગૌણ માની બેસે; એ બાબતની એણે ઉગ્ર ચોકીદારી કરી છે. પ્રત્યેક પુસ્તકની જ્યાં હવે લાખોની સંખ્યામાં પ્રતો ઉપડે છે, તેવા વાચનરસિક એ દેશની કલારુચિ વિકૃત ન બની બેસે તેની એણે સતત ચિંતા સેવી, અને જગતભરના નિર્મલ સાહિ-ત્યને એણે રશિયાને દ્વારે માનભેર ઉતાર્યું.

એવો માનવી કેવલ એક કલાકાર કેમ હોઈ શકે ? રશિયન પ્રજા-જીવનમાં ત્રણ પ્રચંડ દૃશ્યોનો પર જેનું મહાજીવન ગરુડની કોઈ પાંખો શું પથરાયલું હતું, તેવો માનવી સારીય જનતાના પરિવર્તન ભૂખ્યા આત્માનો એક સમુચ્ચય હતો; દધીચિનાં હાડકાંમાંથી ઘડેલું જાણે એ વજ્ર હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭. 'માનવતાનું દર્દ'

રશિયાની સોવિયેટ રંગભૂમિ અહીંના સમાજવાદી વિચારોને હિસાબે 'જુનવાણી' ગણાવી જોઈએ. કેમ કે ત્યાંની રંગભૂમિના નિર્માતાઓ જગતભરના પ્રાચીનોનાં નાટકોને પોતાના નૂતનવાદી નાટકોની પડખોપડખ સન્માન આપી રહેલ છે.

શેકસ્પિયરને પોતાના તાજનો કોહીનૂર માનતા અંગ્રેજો એને જે સ્થાન નથી આપી શકયા, તે સ્થાન આજે સોવિયેટ રંગભૂમિ પર શેકસ્પિયરને મળી રહ્યું છે.

શેકસ્પિયરનાં અગિયાર નાટકો એ રંગભૂમિ પર શાસન કરે છે. અને એનું 'ઓથેલો' નાટક એકલું જ આજે સત્તાવીશ નગરોમાં ભજવાયે જાય છે.

એકલી અંગ્રેજી કૃતિઓ જ નહિ, પણ જગતના તમામ દેશોની શ્રેષ્ઠ કૃતિઓ રશિયામાં લાખો પ્રતોને હિસાબે ખપી રહેલ છે. દેશ દેશના સાહિત્ય-મણિઓ રશિયાના લાડીલા બન્યા છે.

પરિહાસ-લેખક ચાર્લ્સ ડિકન્સને વિષે આંહીના પ્રગતિવાદીઓ શો મત ધરાવે છે? એની 'પિકિવ્રક કલબ' નામની કૃતિને રશિયાની રંગભૂમિ પર બુલંદ લોકાદર મળ્યો છે. જ્યારે જ્યારે એ ભજવાયું ત્યારે ત્યારે લોક-મેદનીએ રંગશાળાને ભરચક્ક કરી નાંખી હતી.

ક્રાંતિ પછીના ગાળામાં એકંદર ડિકન્સની ૭૦ કૃતિઓની આજ સુધીમાં અગિયાર લાખ પ્રતો પ્રકટ થઈ ચૂકી છે. એમાંની અગિયાર કૃતિઓની કુલ ૬૪ હજાર પ્રતો તો સોવિયેટ શાસન તળેના બિન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રશિયન લોકની ભાષામાં અનુવાદ પામીને પ્રસરી વળી છે.

'માનવતાનું દર્દ– પેશનેટ હ્યુમેનિઝમ,' એનાં ગીત ગાનાર 'રશિયન શેક્સ્પિયર' પુશ્કિનની શતાબ્દિ ઉજવીને ક્રાંતિકાર દેશ રશિયાએ સાહિત્યમાં યોગ્ય સ્થાન બતાવી આપ્યું છે.

સો વર્ષ પૂર્વના ફેબ્રુઆરી મહિનામાં મૃત્યુ પામનારો પુશ્કિન ઉત્તર રશિયાની ભટકતી 'નોમેડ' જાતિઓથી માંડી મધ્ય એશિયાનાં રૂનાં વાવેતર કરનાર કિસાન પર્યંત સમસ્ત પ્રજાનો શતાબ્દિ ઉત્સવનું માન પામ્યો. સોવિયેટ સરકારે જ નીમેલી શતાબ્દિ–સમિતિએ પૂરા બાર મહિના સુધી આ ઉત્સવને રાષ્ટ્રવ્યાપક સંકલનામાં ગોઠવી કાઢયો.

રશિયાની એકેએક ભાષામાં એની કૃતિઓના અનુવાદો પ્રસિદ્ધ કરવામાં આવ્યા. એની કવિતાનાં ગાન ગ્રામોફોનની તાવડીઓમાં ઊતર્યાં. અખબારોએ એની શતાબ્દિને માટે વિશિષ્ઠ પાનાં રોકયાં, શતાબ્દિ અંકો કાઢયા, અને પુશ્કિનનાં પુસ્તકો પરનાં અવલોકનો–વિવેચનો પ્રસિદ્ધ કર્યાં.

એકેએક રંગભૂમિ પર, બાળકોની રંગભૂમિ પર, પુશ્કિનની વાર્તાઓને નાટયરૂપે રજૂ કરવામાં આવી, અને રૂપેરી પરદો પણ પુશ્કિનની કૃતિઓને રજૂ કરી ચૂકયો.

ક્રાંતિ પૂર્વે એક સૈકા પર થઈ ગયેલ સાહિત્યકારનું આ બહુમાન કરનાર રશિયા આપણી ઝાઝી ભભૂત ચોળનારી નવમતવાદી જમાતની દ્રષ્ટિમાં કેવું ભાસે છે તે જાણવું રસભર્યું થઈ પડશે.

ગોર્કીના ઉત્સવમાં એને ક્રાંતિના જ ચોગઠામાં મઢવાનો મોટો પ્રયત્ન થયો હતો. ગોર્કીની મહત્તા એનાં પ્રચારલક્ષી ક્રાંતિવાદી પુસ્તકોને જ આભારી છે, અને ગોર્કીની પૂર્વાવસ્થાનું સર્જન તો ઉદ્દેશહીન હતું, વગેરે વગેરે વાતોના પ્રતિપાદન પાછળ પુષ્કળ ગરમી ખર્ચવામાં આવી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોર્કીનો ઉત્સવ 'કહેવાતી ક્રાંતિ'ના પેગામોને પલાણવાનો ઘોડો જ જોઈએ બનાવી દીધો હતો, તેમને પુશ્કિન વિષે બેશક તુચ્છકારની જ વૃત્તિ હોવી જોઈએ. તેઓને મન પુશ્કિનનાં ઊર્મિ-ભરપૂર ગીતો-કાવ્યો ક્રાંતિને પાછી હટાવનારાં જ ભાસે.

પણ એ દ્રષ્ટિ સાહિત્યનાં મૂલ્યાંકનની નથી. 'માનવતાનું દર્દ' ગાનાર પુશ્કિન ક્રાંતિને ત્રાજવે તોળાય કે ન તોળાય, છતાં તે જગતનો મહાસર્જક રહેવાનો.

રશિયામાં ક્રાંતિ ન આવી હોત તો પણ પુશ્કિન તો મહાન જ રહ્યો હોત. 'માનવતાનું દર્દ' વહનારી કલમ જગત સમસ્તની ક્રાંતિ-ઝંખનાને વાચા આપે છે. ક્રાંતિ લાવવાનું કામ સાહિત્યકાર નથી કરતો.

આજકાલ સાહિત્યના સર્જકને શિરે એવા કંઈક ટોણા મારવામાં આવે છે, કે તમે ક્રાંતિને ઉપાસો! તમે જ તમારી પ્રત્યાઘાતી કલમોને જોરે ક્રાંતિને ઢીલમાં નાખો છો, તમે જ ક્રાંતિનો સીધો પ્રચાર કરતા નથી. લેખકોને એવા પ્રચારનાં ગધેડાં બનાવી આખરે પોતાની ભૂલ સમજનાર રશિયા જેવી ગયું છે.

પુશ્કિન-શતાબ્દિનો રાષ્ટ્રવ્યાપક ઉત્સવ ઉજવીને રશિયામાં સર્જકોની ચોપાસ માનવતાનું મોકળું વાતાવરણ પાથરી દીધું છે. કલા-સાહિત્યના ચિંતકો સર્જકોનું વિચાર અને કલ્પનાનું સ્વાતંત્ર્ય વણુરૂંધ્યું રાખનારા રાષ્ટ્રો અનેક ગોટાળાભરી વિચારસરણીમાંથી, અનેક લઘુતામાંથી, વિચારસમૃદ્ધિના દારિદ્રયમાંથી બચી જશે. સર્જકોને કોઈ ચોગઠામાં જડશો નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮. એ પણ એકવાર નિશાળિયો હતો

જગતના એ શિરોમણી અભિનેતાનું નામ સ્ટેનીસ્લાવસ્કી. એ રશિયન છે. રશિયન જ હોવો જોઈએ. 'અભિનય' જેનું સૌ પહેલું પ્રકૃતિતત્ત્વ હોય એવી પ્રજા રશિયા સિવાય બીજી નથી.

સ્ટેનીસ્લાવસ્કીએ નવું પુસ્તક લખ્યું છે: 'એન એક્ટર પ્રિપેર્સ' એક એક નટને ઘડવામાં શી શી ઝીણવટો જોઈએ છે, તેની માહિતી આ પુસ્તક આપે છે.

અંગો અને અવયવોનું હલનચલન એ અભિનયની છેક જ પ્રાથમિક ભૂમિકા અને અદ્રશ્ય આંતર પ્રદેશોમાંથી જન્મતા ઊર્મિના છંદો આલાપો એ એની ટોચ. જગતનો શ્રેષ્ઠ અભિનેતા એ પહેલેથી લઈ છેલ્લી ભૂમિકા સુધીનાં ભુવનોમાં ઘૂમી વળે છે. અટપટી મનોમીંઓના નાજુકમાં નાજુક ઉચ્ચારણને માટે શરીરે કેટલી ભગીરથ તાલીમ મેળવવાની છે તે આપણે નથી જાણતા, સ્ટેનીસ્લાવસ્કી જાણે છે.

એ પુસ્તકમાં એક પ્રસંગનું નીચે પ્રમાણે આલેખન છે:

'મારા શિક્ષકે જોયું કે બોલતો બોલતો હું મારા હાથનાં કાંડાં અને આંગળીઓ વધુ પડતાં વાપરતો હતો. એણે આજ્ઞા કરી: 'આનાં કાંડાં અને આંગળાં પર સખ્ત પાટા બાંધી દો.'

'શા માટે!' મેં પૂછ્યું.

'એટલે તને ખબર પડશે કે આપણે કેટલી વાર આપણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓજારની કિંમત સમજતા નથી. હું તને ખાત્રી કરાવવા માગું છું કે આપણી આંખો જેમ આત્માની આરસીઓ છે તેમ આપણી આંગળીઓનાં ટેરવાં શરીરની આંખો છે.'

મારા હાથ બાંધી લેવામાં આવ્યા, એટલે મારો અવાજ મેં વધુ મોટો કર્યો. એટલે શિક્ષકે મને તુર્ત કહ્યું: 'અવાજ ન ચડાવો.'

મારે મારી આંખો, મોંના હાવભાવ, ભવાં, ગરદન, માથું તો વાપરવાનાં જ હતાં, એટલે મારી પાસેથી લઈ લેવામાં આવેલ ઓજાર (હાથ) ની ન્યૂનતા પુરવા મેં પ્રયત્ન કર્યો. એટલે પછી મને ખુરસી સાથે બાંધી લેવામાં આવ્યો, ને ફક્ત મારું મોં, મારા કાન, ચહેરો અને આંખો છૂટાં રહ્યાં.

પછી તુર્ત એ બધાં પણ બાંધી લેવામાં આવ્યાં, ને હવે મારે ફક્ત બરાડા જ પાડવાનું રહ્યું, એથી કાંઈ વળ્યું નહીં.

આ ક્ષણે બહારની દુનિયાએ મારે માટે જાણે કે અસ્તિત્વ ગુમાવી નાખ્યું. મારાં મનો-ચક્ષુઓ, માનસિક કરણેન્દ્રિય અને મારી કલ્પના સિવાય મારી કને કશું ન રહ્યું.

ઘણીવાર સુધી મને આ સ્થિતિમાં બેસારી રાખવામાં આવ્યો. પછી એક અવાજ સંભળાયો. એ સ્વર જાણે દૂર દૂરથી આવતો હતો. 'તારે કોઈ એકાદ અંગ પાછું જોઈએ છે ? કયું એક જોઈએ ?'

'હું વિચારી જોઉં.' એમ કહીને થોડી વાર પછી મેં ગુસ્સાથી જવાબ આપ્યો : 'અભિનેતાને અપંગ ન રાખી શકાય. એને તો તમામ અંગો જોઈએ.'

ડાયરેક્ટરે મને ધન્યવાદ દેતે દેતે કહ્યું : 'બસ, આખરે તું પોતાના પ્રત્યેક અંગપ્રત્યંગની ખરી કિંમત સમજનાર કલાકારની માફક વાત કરી છે. આંખોમાંથી થતાને, આપણે મુખમુદ્રાને,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કડક ભવાંને, નિષ્પ્રાણ અવાજને, બરડાની અક્કડ કરોડને ને ગરદનની લાકડા જેવી કડકાઈને, લાકડા જેવા હાથને, આંગળાંને, ગતિવિહોણા ટાંટિયાને અને મરેલા હાવભાવને સાચા અભિનેતાએ એકદમ રૂખસદ આપી દેવી.'

મનોવ્યાપારના અગમ અદીઠ પ્રદેશો વિષેની ડંફાસો હાંકનાર શાસ્ત્રજ્ઞો પોતાની નાક-લીટી પર જ શું શું બની રહેલ છે તેની ખેવના કરતા નથી. સાચા અભિનેતા સ્ટેનીસ્લાવસ્કીનું ઊર્મિતંત્ર એની આંખો સામે બનતા શેરીઓના બનાવોમાંથી પોતાનું ઘડતર મેળવે છે. તેનો પોતે એક દાખલો આપે છે.

" હું ઘેર જતો હતો. રસ્તે એક ટોળું હતું. મને રસ્તા પરનાં દ્રશ્યો ગમે છે, એટલે હું ટોળામાં ઘૂસીને છેક વચ્ચોવચ્ચ પેસી ગયો. ત્યાં મારી નજર એક ભયાનક દેખાવ પર પડી. મારા પગ પાસે જ એક ચીંથરેહાલ ડોસો પડ્યો હતો. એના જડબાં છુંદાઈ ગયાં હતાં. એનો ચહેરો કમકમાં આવે તેવો હતો. એનો ભોગ લેનારી એક બસ ગાડી ત્યાં ઊભી હતી. ગાડીનો કન્ડકટર પોતાની મશીનરીનો વાંક કાઢતો, ને પોતાને નિર્દોષ પુરવાર કરવા મથતો હતો. નજીકના દવા-ભંડારનો એક માણસ બુઢ્ઢાને નાકે રૂનું પોતું મૂકતો હતો. થોડે દૂર છોકરાં રમતાં હતાં. એક છોકરાએ ડોસાના હાથમાંથી કપાઈ ગયેલ એક હાડકાનો ટુકડો ઉપાડીને એક કચરાની પેટીમાં નાખી દીધો. એક ઓરત રડતી હતી, પણ બાકીનું આખું ટોળું બેપરવાઈથી ને કૌતૂકથી જોઈ રહ્યું હતું. આ દેખાવે મારા મન પર ઊંડી અસર પાડી.

" આ દ્રશ્યને યાદ કરું છું તેની સાથેજ મારા સ્મરણમાં એક બીજો પ્રસંગ તાજો થાય છે. ઘણા વખત પર મેં એક રસ્તે એક મુએલા વાંદરાને માથે નમતા એક ઇટાલિયનને જોયો હતો. એ રડતો હતો અને મુએલા જનવરના મોંમાં મોસંબીની છાલ ઘોંચતો હતો. મને લાગ્યું કે આ ભિખારીના મૃત્યુ કરતાં એ વાંદરાનું મોત મારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મન પર વધુ ઊંડી અસર પાડી ગયું હતું. મને લાગે છે કે જો મારે શેરીનું દ્રશ્ય રંગભૂમિ પર ઉતારવું હોય તો હું આ માનવીના મૃત્યુને નહિ પણ મુએલા વાંદરા પર ઝૂકીને રડતા એ ઇટાલિયનના દ્રશ્યને જ વધુ પસંદ કરું. આમ શા માટે, તેની મને ખબર નથી."

જગતના શિરોમણિ નટને પોતાની પસંદગીના જે કારણની જાણ ન હતી તે કારણ આ રહ્યું : ભિખારીના મૃત્યુના અકસ્માતમાં ઊર્મિનું તત્ત્વ નહોતું. મરેલા ડોસાના શબ ઉપર માનવીઓની હૃદય-હીનતા ઊભી હતી : વાંદરાના મુર્દા પર એક જ માનવીનો પ્રશુપ્રેમ ઝળતો હતો. અકસ્માતની અને કરુણતાની વચ્ચેનો તફાવત આ છે. આ છે ઊર્મિનું તત્ત્વ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯. પ્રજાની સામે દર્પણ ધરનાર

સમાજનાં કે વ્યક્તિનાં દૂષણો ઉપર ઠેકડીના જેવો ચોટદાર બીજો કોઈ પ્રહાર નથી. સમૂહની કે વ્યક્તિની દુષ્ટતા, દાંભિકતા, બુદ્ધિભ્રમ ઇત્યાદિની સામે સાહિત્યનું દર્પણ ધરાઈ, એ દર્પણમાં પોતાની શકલ નિહાળનાર દોષિતને ખુદને જ 'શું ખરેખર હું આવો બદસૂરત છું!' એવી મૂંઝવણ થઈ પડે, એટલે સમજવું કે એનો ઉપાય નજીક છે.

બ્રિટનમાં આ ઠેકડીનું દર્પણ નાટ્યકાર બર્નાર્ડ શૉએ દેખાડ્યું. ફ્રાન્સમાં મોંપાસાં જેવા નવલિકા-સ્વામીએ ને રશિયામાં તાજેતરમાં કેટેયેવે. શૉની માફક આ રશિયન કટાક્ષકારે નાટકને ઠેકડીનું વાહન બનાવ્યું. કેમકે નાટક લાખો નરનારીઓને પહોંચી શકે, ને રંગભૂમિ પર આ ઠેકડી હૂબહૂ બને.

રશિયાની સ્થિતિ, ૧૯૨૮માં આ નાટક રચાઈ રંગભૂમિ પર ચડ્યું ત્યારે વિકટ હતી. સાહિત્યકારોની, ભલભલા સાહિત્યસ્વામીઓની કલમો સુદ્ધાં નવા સોવિયેટ શાસનની નીતિપ્રચારક બાંદીઓ હતી. રાષ્ટ્રની નવરચનાને પ્રતિકૂલ શબ્દ ઉચ્ચારનાર ઉપર રાજદંડ પડતો. નવઘડતરની ખોડખામી પણ ન બતાવી શકાતી. સર્વ લેખકો શાસન-કર્તાના આજ્ઞાંકિત સિપાઈઓ હતા. એ એક દસકાની જે દુર્દશા સાહિત્યને વેઠવી પડી, તેનો ચિતાર અતિ કરુણ છે.

એવી ધાક વચ્ચે જુવાન કેટેયેવ ખડો થાય છે: અને પ્રજાનાં મનોરાજ્યને ગુંગળાવી રહેલ ચોક્કસ પ્રકારનાં રાજદ્વારી મંતવ્યોએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રજાના અંતરતમ મન-પ્રાણની કેવી વલે કરી મૂકી છે તેનું બારીક ચિત્ર આ નાટકમાં આંકી બતાવે છે.

નાટકનું વસ્તુ આટલું જ છે : ક્રાંતિ પછીનું પાટનગર મોસ્કો અનેકગણી વસ્તીથી ધબધબતું હતું, દેશનાં જુવાન સ્ત્રીપુરુષો સામ્યવાદી નવરચનામાં લઈ દઈને મચી ગયાં હતાં, વ્યક્તિગત લાગણીઓ, જાતીય ઊર્મિ-પ્રવાહો, સુંવાળા મનોભાવો, અંતરગત જીવન-રહસ્યો, નીતિ, રૂઢિ, શ્રદ્ધા, સંસ્કૃતિ વગેરે બધાં 'જુનવાણી' 'પીછેહઠવાદી' 'ચોખલિયાં', 'ઊજળિયાત વર્ગની ક્રાંતિવિરોધી મનોદશાનાં પરિણામો', 'ગંદા તકિયા કે મૂએલા ઊંદર જેવાં' અસ્પૃશ્ય ગણાતાં.

એ માન્યતાની વચ્ચે મોસ્કો નગરની એક બીચોબીચ ધબધબતી અંધારી ચાલ પરના એક નાનકડા કંગાલ ખંડમાં બે સોવિયેટ જુવાનો વસે છે. એક દિવસ સાંજરે આ બેઉ જણા ઓચિંતાં લગ્ન નોંધાવીને પોતપોતાની લાડીઓને લાવે છે. બેઉના ઘરસંસાર એ ઓરડીના અરધ અરધ ભાગમાં મંડાય છે. વચ્ચે લટકાવાય છે ફક્ત કપડાનો પરદો. પણ આ ઘરસંસારમાં મોટી ગરબડ મચે છે, બેઉ જોડલીનાં લગ્ન પ્રેમપ્રેરિત નથી, પણ રાજદ્વારી તેમજ સામાજિક નવસિદ્ધાંતોની સમાન માન્યતા માત્ર પર રચાયેલાં છે. જોતજોતામાં જ આ સમાન માન્યતાઓનું જોર ઊડી જાય છે, જાતીય આકર્ષણનો પુકાર જાગે છે.

પણ એ આકર્ષણ આ કૃત્રિમ લગ્ને જોડાયેલ વરવહુની વચ્ચે ન જાગતાં એક બીજાનાં પતિ-પત્ની વચ્ચે ચોરીથી ચેતાય છે. એટલે કે ત્રણ જણા વચ્ચેના પ્રણયમંથનને ત્રિકોણ કહેવામાં આવે છે, તેમ અહીં એક માનવ-ચતુષ્કોણના સામસામા ખૂણા વચ્ચેનું ખેંચાણ બહુ થાય છે. ચારે જુવાનિયાં નિર્દોષ છે. બનાવટી સ્થિતિનાં ભોગ થઈ પડ્યાં છે. કુદરત ચારેને એથી ઊલટી દિશામાં ખેંચે છે. નીતિ-અનીતિનો સિદ્ધાંત ક્ષણે ક્ષણે પ્રક્ષોભ કરાવે છે પણ કૃત્રિમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દશાને ન સાંખી શકતી પ્રકૃતિ, પેલી બનાવટી લગ્નરચનાની વિકૃતિને ભેદી છેવટે એવી સ્થિતિ ઊભી કરે છે, કે આ બેટી જોડીઓ તૂટી જઈ, નવી હૃદયપ્રેરિત સાચી લગ્ન–જોડલીઓ રચાય છે. એ ચાર મુખ્ય પાત્રોની ચોપાસ પ્રહસનને જમાવવાનું કામ કરતું, ગોટાળો જન્માવતું મિત્રમંડળ પણ ચારે જણાંને ઠેકાણે પાડી આ નવરચિત યુગલોને આશીર્વાદ આપે છે અને કર્તાના હૃદયમાં રમતો આ નાટકનો સાર રજૂ કરે છે કે 'ક્રાંતિને હાસ્ય મરહમથી તેમજ પ્રેમચર્ચા અને પ્રેમવૃદ્ધિથી કશી ઈજા થવાની નથી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦. કૉસેક જાતિની મહાકથા

કલાને ખાતર કલા : પ્રચારને ખાતર કલા : એ વાદ વચ્ચે સમશેરબાજી ચાલી છે: ભયાનક અને વૃથા.

કલા ખાતર કલા, અને પ્રચાર ખાતર કલાના સીમાડા કયાં છે? કોણે દોર્યા છે? દોરેલા ટકયા છે કયારે?

'પ્રચાર ખાતર કલા'ના ઉપાસકોએ પોતાની અનઆવડતને, કલાની કચાશને 'હાંકયે રાખવા માટે' કોઈ મહત્ત્વના પક્ષનો પોશાક સજ્યો નથી લાગતો? સાચો પ્રચારક તો માનવ-હૃદયોને મુગ્ધ કરી લેવાનો જ કામિયો જાણી લે છે, એને વકીલાત નથી કરવી પડતી.

આ તકરારના શોખીનોની સન્મુખ હું એક રશિયન મહાકથા મૂકું છું. એનું રશિયન નામ 'તિખિ ડોન': અંગ્રેજી નામ 'એન્ડ કવાયટ ફ્લોઝ ધી ડોન'; ગુજરાતી અર્થ 'અને વહે ડોન ગભીરવેરા.' એનાં પાનાં ૭૫૫. એનો લેખક મીખઇલ શોલોકોવ. મૂળ રશિયનમાં બહાર પડી ઈ. સ. ૧૯૨૯ માં, અંગ્રેજીમાં ઊતરી ૧૯૩૪ના એપ્રિલમાં. ૧૯૩૫ ના માર્ચે એની સાતમી આવૃત્તિ દેખી. કુલ પ્રતો એની સત્યાવીસ હજાર ઊપડી ગઈ.

એ છે રશિયન મહારાજ્યના લોખંડી પાયા સમી લેખાતી કૉસેક નામની ખેડુ-સિપાહી ક્ષાત્ર જાતિની મહાકથા.

કૉસેક જાતિ એટલે રશિયન સેનાનું ગુલાબ ફૂલ: એના કિસાન-જીવન વચ્ચે એના મરદોની લશ્કરી તાલીમ નિયમસર ચાલુ રહેતી. પ્રત્યેક સશક્ત કૉસેક વણનોંધ્યો સૈનિક હતો. એની લશ્કર-ભરતી કરવામાં આવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચેઢાનપેઢી ઝારશાહીના જુલમાટનો આધારસ્થંભ આ કૉસેક : યુદ્ધના મોરચાનો છેલ્લી ઘડીનો રક્ષણહાર કૉસેક: રાજનિષ્ઠામાં અડગ, ને રાજ–આદેશે કહ્યો તેવી ભયાનકતા આચરનાર આ કૉસેક.

એવી રાજનિષ્ઠ વીરજાતિનું રાજનૈતિક દૃષ્ટિપરિવર્તન અને આજના પ્રજાશાસનના પક્ષમાં એનું આત્મસમર્પણ કેવી રીતે થઈ શકયું તેનો ચિતાર આપતી આ મહાકથા છે.

ડૉન એટલે રશિયાની સિંધુ, રશિયાનો મહાનદ. એ મહાનદની ગોદમાં કૉસેક જાતિનો જીવનનિર્વાહ ચાલે. Don ! The Don ! The gentle Don ! Our father; giver of our food ! Hurr-ah ! યુદ્ધેથી વળતા વીરોનો, ડૉન–સેતુ ઉપર આ હમેશનો હર્ષલલકાર.

મહેનતે તૂટતૂટ તંદુરસ્ત જીવન, પ્રબલ કામેચ્છાના રુધિર ધમધમાટ: પ્રબલ પ્યાર–સાહસો, પ્રબલ પ્રેમ–ઈર્ષ્યાના દાવાનલો, પ્રબલ વેર, પ્રબલ ઔદાર્ય, પ્રબલ મૈત્રી, પ્રબલ શત્રુતા–નેકી અને હૃદયસરલતાથી અંકિત પ્રાબલ્ય એટલે કૉસેકનું જીવન.

રંગીલા કૉસેકો ૧૯૧૫માં મહાયુદ્ધને મેદાને ગયા, સંહાર ખેલ્યા, મ્યાનના હવાલને પામ્યા. સાડાત્રણ વર્ષોએ એમના મનમાં સવાલ ટકુરાવ્યો. કોને માટે આ યુદ્ધ ? શાને માટે ? આની પછી શું ? અંત છે કે નહિ ? ડૉનનાં પાણી ફરી દેખશું કે નહિ ?

કૉસેક: હિંસા અને નિર્દયતાની મૂર્તિ મનાતા કૉસેકના હૃદયમાં સાદ સંભળાયો–જીવનદાત્રી સિંધુ ડૉનના, બુઢ્ઢાં માવતરોના, ઝૂરતી પત્નીઓના, ભૂખ્યાં બાલકોના, ખેતરોના ને હળ ખેંચતા ઘોડાઓના સ્નેહના સાદ.

ને સામે અકારણ નરમેધ જોયો. કોને માટે ? બરાબર વખતસર ઉત્તર જડ્યો, લશ્કરોમાં પેઠેલા નવવાદી મિત્રો કનેથી, કે આ યુદ્ધ તો છે સુલ્તાનના ને સ્થાપિત હિતો ધરાવનાર લશ્કરી અમીરી પક્ષોના સુખચમનને માટે.

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી શિસ્ત તૂટી, મોરચા ઉજ્જડ પડ્યા. કૉસેક રેજિમેન્ટોએ કુદી આજ્ઞાઓ ઉથાપી. દલ બાંધી પાછા ડૉન-તટે ગયા. પીડિત પ્રજાદલને પક્ષે ચડી આંતરયુદ્ધ ખેડયું. અનેક નવજવાન કૉસેકો પોતાના જ સત્તાવાદી લશ્કરીઓને હાથે ફાંસીએ લટકતા, ફટકા ખાતા, મરતા ને દફનાવાતા જાય છે—આંતરવિગ્રહની જાદવાસ્થળી હજુ ખતમ થઈ નથી, ત્યાં મહાકથા વિરામ પામે છે.

ને એ વિરામમાં બોલ્શેવિક વિજયના પ્રચાર-લલકાર નથી. કોઈનો જયકાર બોલાવવા કલાકારે કથા નથી લખી. એ તો માનવતાનો કરુણ સ્વર મૂકે છે. કથાનું સમાપ્તિસ્થાન એક ટેકરી પરની કબર છે.

બળવાખોર કૉસેક જુવાનનું ફાંસી આપેલું મુર્દું સંધરીને સૂતેલી એ કબર પર બે અઠવાડિયાં વીત્યાં છે: વગડાઉ ફૂલ-ઝાડના ને ઘાસના નવરોપોએ કબરને સોડ કરી છે. પછી એક સાંજે ગામમાંથી એક ડોસો આવ્યો. ડોસાએ કબર પર ધજા ચઢાવી, લાકડાનો ત્રિખુણીઓ છાંયો માંડીને દેરી ગોઠવી. દેરડીમાં જગદમ્બાનું ગમગીન મહોરું પધરાવ્યું. મહોરાની નીચે આ મૃત્યુલેખ આલેખેલો હતો:

"આવા કારમા દિવસોમાં ભાઈઓ, ભાઈભાઈનો ન્યાય તોળજો મા."

ડોસો ગયો. દેરી ત્યાં ઊભી ઊભી વાટમાર્ગુઓનાં હૈયામાં કરુણ મૂંગી આરઝૂ ભરતી હતી. ઉપર એક જૂની ખીજડીની છાંયડી હતી.

ઉનાળો બેઠો, દેરડીની પાસ બે દેવચકલાં લડતાં હતાં, પછી ખીજડીના જૂના ઝાડવા તળેનાં પેલાં ફૂલઝાડોને ઉખેડી નાખીને એક ચકલું ખાલી જગ્યા પાડતું હતું. એ હતો નર ચકલો. બીજી ચકલા જોડે એ લડતો હતો—પોતાની માદાને કાજે, જીવનને કાજે, પ્યાર અને સંતૃપ્તિને કાજે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી થોડે જ વખતે, એ દેરીની બાજુમાં, બીજડીને છાંયે એક ચકલીએ નવ ઈંડાં મૂકયાં. મૂકીને તે પર સેવવા બેઠી, રેશમની પાંખોનો કિલ્લો કરી લીધો.

વાર્તાની સમાપ્તિ થઈ.

ચાર કોસેક કુટુંબોને લઈ વાર્તાનો સૂત્રપાત કરનાર આ રશિયન મહાકથાકારે ડોન–સંતાન કોસેકોની એક સંઘ–વાર્તા રચી છે. વ્યક્તિ-ઓના પાત્રાલેખનને સાબૂત રાખીને કલાકારે એક પ્રચંડ જનસમૂહની જીવન–લીલા સર્જી છે. વાર્તા પોતે જ જાણે કે ડોન–સિંધુનું રૂપ ધારણ કરે છે, અને મૂંગો, ધીરો, શાંતિભર્યો, કશા ય લાગણી–ઉત્પાતો અને વાણી–પછાડ માર્યા વગર વાર્તા–નદ વહ્યો જાય છે. દરેક પાત્ર પોતાની રીતે જ ખોલે ચાલે છે. લેખક આડે નથી આવતો.

ને પ્રચારવેડાથી મુક્ત છતાં પ્રચંડ પ્રચારશક્તિ પ્રકટાવતું આ ગદ્ય–ગુંથ્યું મહાકાવ્ય સરજાયું કયારે? '૨૫૫' નામે ઓળખામણી થઈ પડેલ રશિયન પ્રજાલેખકોની પ્રચાર ફરમાવતી અમલદારશાહીના જ શાસનકાળમાં. છતાં નથી એમાં ગંધ સરખી યે પ્રચારની. લોકશત્રુ શ્વેત સૈન્યના સૈનિકોને, અફસરોને, જમીનદારોને, ને ધનિકોને એમાં નથી નર્યા નર–રાક્ષસો આલેખ્યા, કે નથી લાલ સૈન્યના જણેજણને નિષ્કલંક વીર આલેખ્યો.

હેન્ડરસને 'લિટરેચર'માં કહ્યું છે તેમ—

'Sholokhov's novel has all the grandeur and impartial irony of Greek tragedy. It is an example of human art, free from class distinetion, nationalist hatred, self-destructive subjectivism and commercial opportunism, at which communism aims."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧. મરુભોમની લીલી લીમડી

રશિયાનો એ નામાંકિત વાર્તાલેખક હતો. ક્રાન્તિનો પુરોગામી હતો. ઝારશાહીના શાસનમાં ફાંસોની સજા પામ્યો હતો.

તેમાંથી ઊગર્યો. સાઇબીરિયાની યાતનાઓ સહી. વતનમાં પાછો વળ્યો ત્યારે મૂવેલા ભાઈનું કારજ કેડવા માટે પોતાની સર્વ કૃતિઓના હક્કો છ હજાર રૂપિયામાં વેચવા પડ્યા.

વેચાણખતની એક શર્ત હતી: એક જ મહિનામાં એક નવું પુસ્તક લખી આપવાની. નહિ તો દસ્તાવેજ ફોક થાય ને લેખક જેલમાં પડે.

એ ટાંકણે જ એને સહાયક મળી: એક 'શૉર્ટહૅન્ડ' લખનારી ગરીબ છોકરી: નામ અન્ના ગ્રેગોરેવના.

રોગ અને નિરાશાથી ભરેલો ભાંગલો લેખક મોઢેથી લખાવતો ગયો. અન્ના લખતી ગઈ. વળતે દિવસે ચાલુ લિપિમાં લખી લખીને લાવતી રહી. મુદતસર પુસ્તક પૂરું થઈ ચૂકયું.

પુસ્તક પૂરું થયું–ને અન્ના અફસોસ પામી: લેખકના જીવનમાં સુખદુઃખની વાતો હવે સાંભળવા મળશે નહિ. એકલતામાં પીડાતા લેખકનું જીવન સાથીવિહોણું બનશે.

છેલ્લો દિવસ હતો: છેલ્લું પ્રકરણ લખીને અન્ના આપવા ગઈ. લેખકની એ વર્ષગાંઠ હતી. અન્નાનો દેહ એ વર્ષગાંઠ ઊજવી રહ્યો છે.

લેખકે અન્નાની અંદર હમદર્દી રમતી જોઈ, એણે અન્ના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસે લગ્નનો પ્રસ્તાવ મૂકયો. અન્ના આભી બની. રશિયાનો મહાન સાહિત્યકાર શું દીન અન્નાને સ્વીકારવા તૈયાર હતો !

અન્ના ખુશખુશાલ બની ગઈ. એની બહેનપણીઓએ ખેદ બતાવ્યો : એના જેવા રોગી અને આધેડ વયના માણસ જોડે પરણીશ તું ! એવું શું દીઠું ?

અન્નાએ દીઠું હતું—ન રૂપ, ન શરીર, પણ એક લેખકના જીવનની નિઃસીમ મરુભોમ. એ મરુભોમમાં અન્ના નાની લીલી લીમડી બની ગઈ.

ને એ લગ્નમાં ચાલીસ વર્ષની જીવન-વેદનાને, વિષાદને, નિરાશાને પ્રથમ પહેલું વિસર્જન મળ્યું. અન્ના આખર સુધી સાહિત્યકારની લીલી લીલી જ લીમડી રહી.

['નવચેતન'ના લેખને આધારે]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨. જિપ્સી જીવનનાં રહસ્યો

'જિપ્સી' લોકોના જીવનમાં તમે રસ ધરાવો છે? 'જિપ્સી' જાતિ વિષે કુતૂહલ ન સેવતા હોય તેવા તો ભાગ્યે જ કોઇ હશે.

'જિપ્સી' પ્રજાના અભ્યાસપ્રેમીઓ પાસે હું બે પુસ્તકોનાં નામ ધરું છું :

The Zincali: An Account of the Gypsies of Spain.

Romans Lavo-Lil: The Word-Book of the Romany.

બન્નેના લેખકનું નામ જ્યોર્જ બોરો છે. પુસ્તકો લગભગ અપ્રાપ્ય છે. એક વિશ્વભ્રમન્તી, જગતમાં વસતી છતાં જગતથી વિચ્છિન્ન, સંસ્કૃતિના પ્રવાહોમાં સૈકાઓથી પસાર થતી છતાં અણ-ભીંજેલ રહેલી આ ક્રૂર કુટિલ કામરુ વિદ્યાની વાપરનાર, સુંદર તેમજ કુત્સિત, પરને લોભાવણ છતાં પોતાની જાતથી કડકમાં કડક શિયળની પાલક, ચોર તેમજ સોદાગર આ જાતિ દેશ દેશે વિચરે છે, દેશે દેશે જૂજવી છે, કવિતાની પ્રેમી છે, નૃત્યની ઘેલી છે.

ગ્રંથકર્તાએ જિપ્સીઓને ગ્રંથોમાં નહોતાં શોધ્યાં. પુસ્તકો દ્વારા જિપ્સીઓને ન પિછાની શકાય એ એની માન્યતા હતી. એ ગયા, સ્પેન દેશમાં, જ્યાં જિપ્સીઓનાં જુથેજુથ રહે છે. ગયા તો હતા એ સ્પેનનાં સંતાનોમાં ઈશુના ધર્મબોલો વેરવા, પણ ઊતરી ગયા એ જિપ્સીઓના જ બોલચાલ શીખવા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકજીવનના હરકોઇ પ્રદેશની ગાઢી પિછાન કરવા ઊતરનારાઓનો આ તો સરખો અનુભવ છે, કે એમનાં અંતરોમાંથી આપણા વિષેનો એક પ્રકારનો ભયભરેલ સંદેહ કઢાવી નાખી એમના માયલા જ એક જણ—એક આત્મજન બની જવું કેટલું આવશ્યક છે, છતાં કેટલું બધું મુશ્કેલ છે.

ધાતકી જિપ્સીઓ, ચોરી અને છૂરીની વિદ્યાના નિપુણો; આ ગ્રંથના કર્તાની જોડે એકાકાર બની ગયા, અને પોતાના સમગ્ર જીવનની સંપત્તિ ઉઘાડી મૂકી ઊભા રહ્યા. તેનું કારણ? કારણ એ કે લેખક જિપ્સીઓની જૂજવી જૂજવી તળપદી ભાષાની છાંટ ધરાવતી અસલ બોલીમાં પાવરધો હતો. એ બોલીના પ્રયોગે જિપ્સી હૃદયોના આગળા ઉઘાડ્યા.

જિપ્સીઓની બોલી : એ બોલી કઈ છે? તપાસી જુઓ: ચોખ્ખી એ હિન્દની બોલી છે. એના પ્રયોગો સંસ્કૃત તેમ જ ઊર્દુના જ રોપા છે. લેખક લખે છે:

"The Gypsy language, then, may consist of some three thousand words, the greater part of which are decidedly of Indian origin, being connected with the Sanskrit or some other Indian dialect. The rest consist of words picked up by the Gypsies from various languages in their wanderings from the East."

ભાષાનિર્માણનો વિષય જેમને પ્રિય હોય તેઓને માટે અહીં એક રસભરપૂર રહસ્ય—ભૂમિ પડી છે. લેખકે પુષ્કળ સામગ્રી એકઠી કરી છે; ને પોતાની મતિ મુજબ સંસ્કૃત, ઊર્દુ ભાષાનાં મૂળિયાં પણ કેટલાક શબ્દની અંદરથી ઉકેલ્યાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડા નમૂના અત્રે ઉતારેલ છે.

ટ્રાન્સેલવાનીઆની જિપ્સી-બોલીમાં પ્રભુપ્રાર્થના: કર્તાએ લખી છે રોમન લિપિમાં: હું ઉતારું છું, ગુજરાતીમાં:

'મીરો ગુલો દેવેલ, સવો હલ ઓતે અંદો ચેરોસ, તે આવેલ સ્વુન્તુનોસ તીરો નાવ.'

અર્થ—મારા મીઠા (ગળ્યો) દેવ! કે જે ત્યાં સ્વર્ગની અંદર છે! તારું નામ પુનિત (મનો) આવો!

હવે એક અંગ્રેજી જિપ્સી-ગીત જુઓ:

"Jaw to sutturs my tiny chal,
Your die to dukker has jall'd abri;
At rarde she will wel palal and
Tute of her tud shall pie."

એને ગુજરાતીમાં લખીએ:

'જાવડુ સુતુર્સ, માય ટાઇની ચાલ;
યોર દાઈ ડુ દુક્કેર હેઝ જાલ્ડ એબ્રી;
એટ રારદે શી વિલ વેલ પલાલ
એન્ડ તુતે ઓફ હર તુદ શેલ પાય.'

એનો અર્થ:

'સૂઈ જા મારા નાના છૈયા: તારી દાદી (દાઇ)-અર્થાત મા પરદેશ ગઇ છે. રાત્રીએ એ પાછી વળશે અને તને તેનું દૂધ પાશે.'

'સૂવા માટે': એનો અંગ્રેજી પ્રયોગ 'ડુ સુતુર્સ' કરી નાખ્યો. chal શબ્દ બંગાળી 'છેલે' પરથી કે ગુજરાતી 'છેલ-છૈયો' પરથી 'જાવું' ક્રિયાપદ અંગ્રેજી પ્રત્યયથી ભુતકાળમાં 'jalled' થયું: 'રાતે'-at rarde: તુતે-તુંને: તુદ=દૂધ: 'પાય' પરથી ભવિષ્યકાળ 'shall pie.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજું ગીત: અંગ્રેજી જિપ્સીઓનું: એમાં તો શુદ્ધ સોરઠી પ્રયોગો!

Chorlott is my nav,
My romado was jack
He **muked** me for a lubbeny
Who **chored** a rawnie's **kissi.**

અર્થ:—

ચાર્લોટી મારું નામ,
મારો રામડો (ધણી) હતો જેક:
એણે મૂકી મને એક લખાડી માટે.
જેણે ચોરી'તી રાણીની ખિસ્સી.

હિન્દી બોલીઓના પ્રયોગોને પોતાની દેશી બોલીમાં ઉતારેલા છે આ જિપ્સીઓએ? કે શું તેઓની અસલ માતૃભાષા જ હિન્દી, ને બીજા પ્રયોગો બહારથી પકડી લીધેલા? કર્તાનું કહેવું શું સાચું છે, કે આ જગપ્રવાસી બહુરંગી જાતિનો પ્રથમ ઉદ્‌ભવ હિન્દમાં થયો?

એ બધી તો અભ્યાસ માગતી સમસ્યાઓ છે, પરંતુ આ પુસ્તકમાં લેખકે કરાવેલું આ જાતિનું જીવનદર્શન એક તો જોરાવર ખુમારી આપણામાં ભરી દેશે; કે આપણે શહેરગામડે રાવટીઓ નાખીને પડતી ચિત્રવિચિત્ર પેલી ભ્રમણશીલ ટોળીઓમાં પણ વાર્તાકારોને માટે વાર્તાનો, સમાજશાસ્ત્રીને માટે અભ્યાસનો, લોકસાહિત્યના રસિકોને માટે ગીતોનો કેટલો મોટો પ્રદેશ પડ્યો છે!

તેઓ આપણા પાદરોમાંથી પસાર થાય છે, છતાં તેઓ આપણા મનથી વિદેશીઓનાં પણ વિદેશીઓ છે.

બેશક તેમને 'જિપ્સી' ન ગણતા. છતાં તેઓ પણ અભ્યાસને માટે કેટલું મોટું મેદાન આપે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩. ચોરી – બે પ્રકારની

કલાના જગતમાં ચોરી બે પ્રકારની ચાલે છે; એક તો પારકી કૃતિઓને રૂપાન્તર કરી પોતાની સ્વતંત્ર રચનાઓ તરીકે ખપાવવાની; ને બીજી, પોતાની કૃતિઓને કોઈ સુપ્રસિદ્ધ સર્જકના નામ પર ચડાવી દેવાની.

ફ્રીઝ ક્રીસ્લર નામના જગવિખ્યાત સંગીતકાર ઉપર વિવેચકોએ અપ્રમાણિકતાનું આળ ઓઢાડયું છે, કેમકે ખુદ પોતાની જ કેટલીક સ્વર–રચનાઓને એણે આજ ત્રીસ વર્ષો સુધી જૂના કાળના—સત્તરમી ને અઢારમી સદીઓના નામાંકિત સંગીતસ્વામીઓના નામ પર ચલાવ્યા કરી હતી.

હકીકત આમ છેઃ ક્રીસ્લર એક ઈસિરાજનો બજવૈયો છે. એનું સંગીત અત્યંત લોકપ્રિય છે. નવી નવી ગીત રચનાઓ એ રચ્યે જ જતો, ને જગતને એ કૃતિઓ ઉપર ડોલાવતો.

પચીસ વર્ષની ઉંમર દરમિયાન તો એણે પોતાની અનેક કૃતિઓથી સંગીતની દુનિયાને સમૃદ્ધ કરી; પછી એને વિચાર આવ્યો કે દરેક રચના પર મારું ને મારું નામ આવ્યા કરશે તો લોકો કદાચ કંટાળશે.

લોકોના કંટાળાની બીકે એણે નવો રસ્તો અજમાવ્યો. સ્વર–કૃતિઓ પોતે રચી, પણ તેની સામે નામ જોડયું બે સૈકા પૂર્વેના મહાન સંગીતસર્જકોનું. એવી સુંદર કૃતિઓ, કે સંગીતની દુનિયા મુગ્ધ બની ગઈ. કલાવિવેચકોએ એ કૃતિઓનાં અનહદ વખાણ કર્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ આ પોતાની રચનાઓને બીજા કોઈ ન વાપરે તે સારુ થઈને ક્રીસ્લરે કરામત એ કરી કે દરેક સ્વર–રચના ઉપર લખ્યું: મૂળ કૃતિ અમુક અમુક પ્રાચીન ઉસ્તાદજીની, પણ નવા સ્વરૂપે મેં પોતે સંસ્કારેલી. આમ હોવાથી એ કૃતિઓનો માલિકી હક્ક ક્રીસ્લરનો રહ્યો.

આજ ત્રીસ વર્ષે યુરોપમાં પુકાર ઊઠ્યો: કે પ્રાચીનોનાં રચેલાં આવાં ઉમદા ને મહામૂલાં સર્જનોને પોતાની જ મૂડીમાં પકડી રાખવાનો ક્રીસ્લરને શો હક્ક છે? એણે એ રચનાઓને સાર્વજનિક કરવી જોઈએ. પોતાની મતલબને ખાતર એ અસલી સંગીતને આધુનિક પોશાક પહેરાવવાનું ક્રીસ્લરને લાજમ નથી, વગેરે વગેરે.

અકળાઈને ક્રીસ્લરે ભેદ ફોડ્યો કે ભાઈ, એ કૃતિઓ મારી પોતાની જ છે એટલે એનો માલિકી હક્ક મારો જ રહેશે.

આ જાહેરાતે વિવેચનની દુનિયામાં ફફડાટ બોલાવી દીધો છે. એના એ જ વિવેચકો—જેઓએ છેલ્લાં ત્રીશ વર્ષો સુધી એ કૃતિઓનાં, પેલા પ્રાચીન પારંગતોની કૃતિઓ તરીકે ફાટતે મોઢે વખાણ કર્યાં, તે જ વિવેચકોએ, આજે એ કૃતિઓને–એ ક્રીસ્લરની છે એમ જાણ્યા પછી–ઉતારી પાડવા કલમ ચલાવી છે: એમાં શું બળ્યું છે? એમાં કશો જ દમ નથી, પ્રાચીનોની એવી નકલ તો સામાન્ય બુદ્ધિનો સંગીતકાર પણ કરી શકે, વગેરે વગેરે.

એ કૃતિઓનો વર્ષો પર્યંતનો પ્રશંસક એક વિદ્વાન મુંઝાયો છે. પ્રાચીનોને નામે એક નવીનને વખાણી નંખાયાથી હવે એને ભોંઠામણ થયું છે. પોતાની શરમ ઢાંકવા ખાતર એ ક્રીસ્લરના આચરણ ઉપર છેતરપીંડીનું આળ ચડાવે છે.

ક્રીસ્લરનો જવાબ આટલો જ છે:

'એક તો મારી સ્વતંત્ર પુરવાર થએલી રચનાઓને વગોવવાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાતર તમે પેલા પ્રાચીન ધુરંધરોને શા સારુ ભાજીપાલામાં ખપાવવા બેઠા છો ?

'ને બીજું એકી અવાજે સારો કહેવાયેલી કોઈ પણ કૃતિ, એક સર્જકને બદલે બીજા સર્જકની કરે તો તેથી શરમાવાનું શું છે ? કૃતિ જો સારી જ હોય તો તે સારી જ રહેશે. નામફેર એના ગુણ-દોષોમાં ફેર નહિ કરી શકે !'

આપણે ત્યાં રવીન્દ્રનાથની 'ભાનુસિંહેર પદાવલી' નામની કાવ્યકૃતિઓ વિષે પણ આવું જ બનેલું છે.

પોતાનાં જ રચેલાં એ પદોને રવિબાબુએ ભાનુસિંહ નામના કોઈ પ્રાચીન બાઉલ ભક્તકવિનાં પોતે શોધી કાઢેલાં પદો તરીકે બહાર મૂકેલાં, ને એ 'સંશોધન' ઉપર નિબંધ લખવા બદલ જર્મનીની એક વિદ્યાપીઠે એક વિદ્યાર્થીને પદવી સુદ્ધાં અપર્ણ કર્યાનું કહેવાય છે. આખરે રવિબાબુએ એ પદસંગ્રહને પોતાનો રચેલો જાહેર કર્યો ત્યારે એના ગુણદોષ ઉપર તેમ જ કવિ–આચરણની નીતિઅનીતિ ઉપર પણ ઉગ્ર ચર્ચા ચાલી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪. નાઝી રાષ્ટ્રગીતની તુમાખી*

જર્મનીના નાઝીવાદનું એક પ્રિય રાષ્ટ્રગીત છે. એનું નામ 'હોર્સ્ટ વેસલ સોંગ' એક દિવસ, અરે એક કલાક પણ એવો નહિ જતો હોય, જ્યારે જર્મનીનું આકાશ હજારો નાઝીઓના કંઠમાંથી ઊઠતા આ ગીત-લલકારો વડે ભેદાયા વગરનું રહે.

દેશાભિમાનના ગીતમાં છલોછલ ગર્વ, છલોછલ તુમાખી હોવાં જ જોઈએ એવો એક નિયમ થઈ પડેલ છે; નાઝીગાનમાં એની ન્યૂનતા નથી. જે ગીતના સરોદો સાંભળીને માણસ ટટાર મસ્તકે બંદૂકડી ઉઠાવે, ને પછી રસ્તામાંથી બીજા સર્વને હટાવતો, પદાઘાત કરતો, તુચ્છકારતો ચાલ્યો જાય, એ ગીતને રાષ્ટ્રગીત બનાવવામાં આવે છે.

આ રાષ્ટ્રગીતનો રચનાર એક હોર્સ્ટ વેસલ નામનો નાઝી જુવાન હતો. મર્યો ત્યાં સુધી કોઈ એને જાણતું ન હતું. આજ એ રાષ્ટ્રવીરમાં ખપે છે, એના નામ પરથી કૈંક કથાઓ રચાઈ છે.

ત્રેવીસ વર્ષનો એ જુવાન હતો એક ધર્માચાર્યનો છોકરો. વિદ્યાપીઠમાંથી પસાર થયો. બાપે આશા રાખેલી કે પાદરી બનશે. દીકરો દેશના રાજકારણમાં ખેંચાઈ ગયો.

એ જ વખતે એના દેશનું રાજકારણ બે ખૂનખાર શત્રુ-પક્ષો વચ્ચે વહેંચાઈ ટુકડા થઈ રહ્યું હતું. એક સામ્યવાદી દળ ને બીજું નાઝીવાદી દળ. આ જુવાન પહેલાં સામ્યવાદ તરફ ઢળ્યો. પછી ૧૯૨૬ માં નાઝીપક્ષે જોડાયો.

---

* બીજા વિશ્વયુદ્ધ પૂર્વે લખાયેલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બર્લિન નગરમાં એક સામ્યવાદીઓનો લત્તો છે. નાઝીઓની નજરે આવો ભયાનક લતો ચોકી કરવા યોગ્ય લેખાયો. આ જુવાનની સરદારી નીચે એક નાઝી ટુકડીએ ત્યાં છૂપા મોરચા રચી કાવતરાંની સુરંગો ગોઠવી.

કાવતરું પકડાઈ ગયું. આ જુવાનને ખતમ કરવામાં આવ્યો. એના ઘાતકોને છ છ વર્ષની સજા મળી.

નાઝીઓ શાસન પર આવ્યા એટલે એમણે ફરીથી મુકદ્દમો ચલાવ્યો, અનેકને દેહાંતની સજા આપી.

કાવતરું કરતાં મરેલો એ જુવાન રાષ્ટ્રવીર બન્યો, બલ્કે પૌરાણિક યુગના જે જર્મન માનવદેવો—ઓડીન અને થોર સરખા —તેની હરોલમાં મુકાયો.

જુવાને બારેક ગીતો લખેલાં. આ ગીત મૃત્યુ પૂર્વે થોડા જ સમય પર લખ્યાની કપોલકલ્પનાઓ ચાલી છે. આ છે એ ગીતનો ગદ્યાનુવાદઃ

[૧]

મર્દઅચ્ચાઓની એક કદમ ભરતી પંક્તિઓ વચ્ચે વાવટો લહેરાઇ રહેલ છે. પ્રતાપી પગલે ને ઉચ્ચ શિરે અમારાં તુફાન-સૈન્યો ધસે છે. રકત-મોરચાએ હલાલ કરેલા અમારા સાથીદારોના આત્માઓ પણ સદા અમ સાથમાં જ કદમો ભરે છે. કદી જ તેઓ મરવાના નથી.

[૨]

ઓસી જાઓ બીજા સર્વે ! અમારી ભૂરી ફોજને માટે રસ્તો કરો. તુફાન-સેનાના હર એક સેનાનીનો જય ગજવો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરોડો અમ બાંધવો માટે આ સ્વસ્તિક આશા લાવે છે: આજે અહીં મુક્તિનો ને રોટીનો સૂરજ ઊગ્યો છે.

[૩]

છેલ્લી વારની હાકલ પડી છે. યુદ્ધોન્મુખ આપણે સહુ અભેદ્ય પંક્તિઓમાં બંડા છીએ. હર ગલી પર જેતબ્રતામાં તો હિટલરની પતાકા ફરકી ઊઠશે. ગુલામીના દિનોનું હવે આવી બન્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫. નર થયો નારીરૂપ

'મેન ઇન્ટુ વુમન' : પુરુષમાંથી સ્ત્રી : એ પુસ્તકનું નામ. એ પુસ્તકમાં એક સાચી બનેલી વાર્તા છે. સંપૂર્ણ મર્દનું શરીર ધારણ કરનાર એક પુરુષનો નારીદેહ શાથી બની ગયો તેની એ કથા છે.

કથા જૂની નથી. ૧૯૨૬ થી ૧૯૩૧ સુધીનાં છ વર્ષોના ગાળામાં કુદરતે પોતાની આ રહસ્ય-લીલા ખેલી હતી.

ડેન્માર્ક દેશનો એ નામાંકિત ચિત્રકાર હતો, વીસ વર્ષે પરણેલો હતો, પુરુષ-દેહના તમામ જાતીય ધર્મો અદા કરી શકતો હતો. મનથી અને શરીરથી બન્નેથી મર્દ હતો.

થોડાં વર્ષો વીત્યાં: કશાક સંજોગો ઊભા થયા: ચિત્રકારને નારીનો પોશાક ધારણ કરવાનું બન્યું.

નારીવેશ એને અરઘી ગયો : એટલો તો અરઘ્યો, કે પછી એણે વારંવાર નારીના લેબાસની મઝા લીધી.

મિત્રો ચકિત થયા, કેટલું બધું હૂબહૂ સ્ત્રી-સૌંદર્ય ! મજાકમાં મિત્રોએ એનું નામ પાડ્યું 'લીલી' ! જ્યારે જ્યારે એ નારીવેશ સજે ત્યારે એને 'લીલી' કહી બોલાવે.

દિવસો ગયા, ચિત્રકારને સનસ આવી : મારા દેહમાં આ કોનો સંચાર થઈ રહ્યો છે ? કોણ છુપાયું છે ? આ અંગોની અંદર 'લીલી' છે ? 'લીલી' 'લીલી' કહીને મિત્રો જેને બોલાવે છે તે શું સાચે જ મારા પંચભૂતમાં સંધરાયલું કોઈ નિરાળું સ્ત્રી-માનવી છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાળ વીત્યો. પુરુષના શરીરનું સ્ત્રી–તત્ત્વ ઔર વધુ સળવળ્યું. એક શરીરમાં બે માનવીના સળવળાટ ઊઠ્યા. પુરુષના પુરુષાતનને હટાવવા મથતી એ 'લીલી' આ પુરુષ–દેહમાં નવનવી જિકર કરવા લાગી.

એ સંગ્રામ વધ્યો. કારમો બન્યો. ચિત્રકારે સંખ્યાબંધ તબીબોનાં શરણો લીધાં. કોઈએ એનું ગુપ્ત દર્દ પારખ્યું નહીં. સહુએ એને શરીરથી નીરોગી કહ્યો. કોઈએ એનું ભેજું ચસકેલ માન્યું.

પણ એ ચસકેલ નહોતો. એની યાતનાઓ એને ફાડી ખાતી હતી. અંદર બેઠેલી 'લીલી' એના દેહનો પૂર્ણ કબજો લેવા પુકાર કરતી હતી. એ આત્મહત્યા કરવા ચાલ્યો.

ઓચિંતો એને એક જર્મન તબીબ મળ્યો. તબીબે એને તપાસ્યો. તબીબને પ્રતીતિ થઈ, કે આ દેહમાં બે જાતિઓ સમાયેલી છે. ઔરતનાં અંગો આની અંદર છુપાયા હોવાં જોઈએ. એનું પ્રાબલ્ય થયું છે, પુરુષ–અંગોએ ખતમ થઈ જઈ એ સ્ત્રી–તત્ત્વને શરીર સોંપી દેવું જોઈએ.

તબીબે એ દેહ પર શસ્ત્રો ચલાવ્યાં. સ્ત્રીનાં અંગો પ્રકટ થયાં. પુરુષાતનના અવયવો દૂર કરવામાં આવ્યા. ગર્ભાશય ખાસ ગોઠવવામાં આવ્યું. ભરજોબન 'લીલી' પ્રકટ થઈ.

લીલી બની ગયેલા ચિત્રકારે પોતાની પત્નીને એક મિત્ર વેરે પરણાવી. પોતેય એક બીજા મિત્ર જોડે પ્યારમાં પડ્યો (પડી!) ને પોતે ગર્ભાધાનના તેમજ વાસનાતૃપ્તિના ધર્મો પૂરેપૂરા અદા કરી શકે તેટલા માટે ફરી શસ્ત્રપ્રયોગ કરાવવા ચાલી.

ત્યાં તો એનું અવસાન થયું.

દુનિયાના કેટકેટલા દેહોમાં વધતે કે ઓછે અંશે નર–નારી એવું તત્ત્વોની લીલા ચાલે છે! આપણી 'પાવૈયા'ની લોકસંસ્થા તે કારમી વિષમતાનો એક લાક્ષણિક ઉકેલ આપતી હતી કે નહિ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાતિ--મિશ્રણની (Intermediate sex ની) આ સમસ્યા આજે ય પૂરજોશમાં જગમૂંઝવતી ઊભી છે, પણ દુનિયાને જ્ઞાન નથી. અનેક યુવક-યુવતીઓનાં જીવનને ગુંગળાવતી આવી પરિસ્થિતિને જગત 'પાપ' કહી નિંદે છે, તિરસ્કારે છે, હસે છે.

પણ જગતમાં 'પાપી અપાપી' એવા બે સગવડિયા વર્ગો ઉપરાંત એક ત્રીજો વર્ગ છે: વિચિત્ર !

એ વૈચિત્ર્ય વિધાતાનું છે. પ્રકૃતિની એ કરામત છે. એનો ઉકેલ પાપ-પુણ્યના લોહ-પંજા વડે નહિ, રહસ્ય-જ્ઞાનનાં સુવાળાં આંગળાં વડે થવો જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬. સાહિત્યમાં રોટીનો મહિમા

"જગતભરનાં ખેતરોમાંથી વાર્તાઓનું ડૂંડું" નામની એક નાનકડી અંગ્રેજી પુસ્તિકાના પૂંઠા પરનું આ શોભાચિત્ર છે.

માનવજીવનની પરમ વીરતા જો કયાંયે હોય તો તે રોટીના-અન્નના ઉત્પાદક દેહની અંદર વસેલી છે. એ નરી વીરતા નથી, વીરશ્રી છે. એ વીરત્વમાં સૌંદર્યની ઝલક રહેલી છે.

દેશદેશની પુરાણ-કથાઓમાં સુંદરતમ તો ધાન્યની કથાઓ જ છે. એ કથાઓમાં રોટીનો સનાતન પ્રશ્ન પડયો છે. રોટીની સમસ્યા તે આ યુગની દારુણ સમસ્યા છે.

પાછલા યુગોના આત્મામાંથી પણ રોટીનું જ આક્રંદ જાગે છે. ગરીબ રોટી અને ગગનચુમ્બી ઐશ્વર્ય, એ વચ્ચેની પસંદગી કરવામાં માનવીએ યુગેયુગે થાપ ખાધી છે.

હોલેન્ડ દેશના ખારવાઓ મહાસરિત રૂહાઈનના સાગર-સંગમને તીરથી ગરક થઈ ગયેલા એક નગરની કથા માંડે છે.

મહાલયો, મિનારાઓ ને સુવર્ણ-કળશોથી શોભતી એ ઇન્દ્રાપુરી હતી. ધનપતિઓના ઘુમ્મટોમાં ગર્વ ગુંજતો હતો.

સર્વથી ગર્વીષ્ઠ એક કુબેર-નંદિની હતી. એનાં વહાણ જગત-તીરનાં પર્યટને જતાં.

'આ વખતની ખેપમાં તમે જગતની અમુલખ વસ્તુ લાવજો.' ધનેશ્વરીએ પોતાના નૌકાપતિને આજ્ઞા કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહાણો પાછા આવ્યાં ત્યારે નૌકાપતિએ વધામણી આપીઃ 'આ જગતનું અણમોલ ધન આણ્યું છે મેં.'

'આ શું? આ તો ઘઉં છે. આ તો ધાન્ય છે. ઢેઢે પીટાય છે. આ તમારું અણમોલ ધન!' શેઠાણીજીનો રોષ ફાટ્યો.

'મશ્કરી કરો છો? જાવ, તમામ વહાણનું ધાન્ય દરિયામાં પધરાવો.'

'કૃપા કરીને–' નૌકાપતિએ હાથ જોડ્યા, 'પાણીમાં ન પધરાવો, નગરનાં લાખો ભૂખ્યાંઓને વહેંચી આપો.'

ધનેશ્વરીનો નિશ્ચય ન બદલાયો. તમામ વહાણો દરિયામાં ઠલવાયાં.

'મહાપાપ કર્યું છે તમે ધનનંદિની! તમને દંડ મળશે.' કહીને નૌકાપતિ ચાલ્યો ગયો.

એક દિવસ એ દંડ આવી પહોંચ્યો. નગરમાં નર્યું ઐશ્વર્ય રહ્યું. અન્નના દાણેદાણાનો લોપ થયો.

ધનનંદિનીએ ધનસંપત્તિ ગુમાવી દીધી. નગરીની ગલીએ ગલીએ એ 'રોટી! રોટી!' ભીખતી રખડી.

ઐશ્વર્યના ભારે, નગરી આખી સમુદ્રમાં દટાઈ ગઈ.

હોલેન્ડની એ પુરાણી સાગર–કથામાં વર્ણવાયેલો રોટીનો મહિમા વીસમી સદીમાં એક રાષ્ટ્રે પોતાના રાષ્ટ્રગાનમાં પણ ગાયો છેઃ એ રાષ્ટ્ર ઈટાલી, અને એ રાષ્ટ્રગીતનો રચનાર મુસોલિની. આ રહ્યું એ રોટી ગાન,

ઇટાલિયનો! ઓ ઇટાલિયનો!
રોટી હરેક ઘરનું હૈયું
રોટી હર થાળીની સૌરભ
રોટી ચિદાનંદ ચૂલાનો
ચાહો રોટીને!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોટી પરસેવાનું ટીપું
રોટી મહેનતની મગરૂબી
રોટી કાવ્ય સમર્પણ કેરું
વંદો રોટીને !

રોટી ખેતરની યશકલગી
રોટી ધરતી કેરી ખુશબો
રોટી જીવન તણો મહોત્સવ
જય હો રોટીનો !

રોટી દેશ તણી છે દોલત
રોટી અનન્ય ઈશ–પ્રસાદી
બદલો મીઠો માનવશ્રમનો
રક્ષો રોટીને !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭. આવેશકાળ ખતમ થયા પછી–

'લગ્ન': એ અખૂટ સમસ્યા પર ઘણી કલમો વહી છે, એમાં એકનો ઉમેરો થાય છે.

એ લખનાર એક સુખી સ્વામી છે. સ્ત્રી પ્રત્યેની આભારવૃત્તિમાંથી જન્મેલ એ પુસ્તક છે. પત્નીને જ અર્પણ કરીને લેખક પોતાને પુરવાર કરવા માંગે છે કે 'મારી ચોપડીની અંદર નિરાશા અથવા રોષની લાગણી નથી.'

લેખક આજના (૧૯૩૬ના) ફ્રાન્સના મુખ્ય પ્રધાન શ્રી. બ્લુમ છેઃ બ્લુમ એક સમાજવાદી છે. ' M. Blum.....the happy man.'

'મેરેજ' નામના એના નવા પુસ્તકે સારા યે યુરોપમાં ખળભળાટ મચાવ્યો છે. લગ્ન પરત્વેના એના વિચારોમાં વધુ પડતું નિખાલસપણું છે.

આ રહ્યા એના લગ્ન-વિચારોના થોડા નમૂનાઃ

'પ્રેમ અને લગ્ન એ બે નિરાળી વસ્તુઓ છે, ને તે સાથે ચાલી શકતી નથી.'

'કન્યાઓને આ વાત કહી દેવી જોઈએ, અને યુવાનોના કાનમાં ઢોલ પીટીને સ્પષ્ટ કરવું જોઈએ કે લગ્ન તેમના પ્રેમ અને આવેશોની ઇચ્છાને સંતોષ નહિ આપી શકે.

'લગ્ન એ તો એક વ્યવસ્થિત એકપત્નીત્વ છે, ત્યારે પ્રેમાવેશ તો બહુપત્નીત્વના હૃદયાંકુરો સાથે જનાર તત્ત્વ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આપણે ભાર મૂકીને સમજાવવું રહે છે કે લગ્ન એ એક આવશ્યક અને હિતાવહ યોજના છે, પણ તે એટલું સમજી લેવાની શર્તે કે બહુપત્નીત્વના પ્રકૃતિજન્ય ભાવને ઓળંગી ગયા પૂર્વે લગ્ન ન થવાં જોઈએ.'

પછી આ લેખક સ્ત્રીઓને સલાહ આપે છે:

'સુખી લગ્નસંસારને માટે પૂરું આવશ્યક એવું જીવન-જ્ઞાન પત્નીએ મેળવી લેવાનું છે.'

'આ જ્ઞાન એટલે એકલું ગૃહવ્યવસ્થા રાખવાનું ને રસોઈ કરવાનું જ્ઞાન નહિ,

'પુરુષો, તમારી પત્નીના મનમાં આટલું ઠસાવવાનું ન ભૂલશો કે તમે એને સાચેસાચ ચાહો છો.

'એટલું નહિ કરો તો તમે જોશો કે તમારી પત્ની પોતાની સ્ત્રી-શક્તિઓ અજમાવવાના પ્રલોભનને વશ થઈ જશે.

'સ્ત્રીને જેટલી જરૂર ખોરાકની છે, તેટલી જ જરૂર એને પોતાની શક્તિઓનો સ્વીકાર કરાવવાની પણ છે.

'સુંદર નારી પોતાના સૌંદર્યનો સ્વીકાર અને સન્માન માગી જ લેવાની. સામાન્ય રૂપવાળી સ્ત્રી આટલો સ્વીકાર માગે છે કે પુરુષને આકર્ષવા માટે સૌંદર્યના કરતાં કંઈક વિશેષ તત્ત્વ જરૂરી છે.

સુખી લગ્ન વિષેનો લેખકનો ખ્યાલ કેવો છે? લેખક એ વિચારની મીમાંસા કરે છે.

'લગ્ન જ્યારે મારા ઘડેલા કાયદા મુજબ યોજાશે ત્યારના ભાવિની કલ્પના કરો.

'લગ્નના કરારમાં ફક્ત બે જ જણ ઊતરશે—જે બન્ને જણા હૃદયાવેશોની ચલ સ્થિતિને વટાવીને જીવનની સ્થિર ભૂમિકામાં પ્રવેશી ચુકેલ હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મારો મત તો એવો છે કે લોકોએ લગ્ન માટેની યોગ્ય મનોભૂમિકામાં પ્રવેશ કરવા સુધી લગ્નમાં ન જોડાવું. એ પ્રશ્ન વયનો નથી, પણ માનસિક અવસ્થાનો છે.

'લગ્ન, એ મારા મતે પ્રેમ પછીની નિદ્રા નથી, તેમ જીવન પછીની જડતા નથી. એ તો જીવન જીવવાનો નવો માર્ગ છે, પ્રેમ કરવાનો જુદો પ્રકાર છે.

'હું પોતે કલ્પી રહ્યો છું, લગ્નમાં તો સુખની અને શાંતિની પ્રથમ શરત બેઉ સાથીઓ વચ્ચેની સંપૂર્ણ સચ્ચાઈ અને સાફદિલી હશે.

'એ બેઉ મિત્રો રૂપે હોય તો તેમણે દિલોજાન દોસ્તી રાખવી પડશે, તેમ ફક્ત ભાગીદારો હશે તો એ ભાગીદારીમાં સંપૂર્ણ એકનિષ્ઠા સાચવવી રહેશે.

'આવેશ-કાળ ખતમ થઈ ગયા પછીના એ મેં કલ્પેલા લગ્નમાં જીવનનો પરમ આનંદ આ હશે, કે બેઉ જણાં પરસ્પર પોતે જેવાં છે તેવાં જ પ્રકટ થવાની શક્તિ મેળવશે; છેતરપીંડી, રહસ્યમયતા અને લજ્જાના અંતરપટ નહિ રહે.'

'એટલે કે પ્રેમના તત્ત્વનું સ્થાન ત્યારે કોણ કોણ લેશે ? મસ્તાન અને ઉદ્‌ભ્રાંત પ્રણય-સાહસોની ઇંદ્રજાળ પ્રત્યે સાચું ભાનઃ અને જીવનમાં કયું બાકીનું સુખ હવે શક્ય છે તે સમજવાની સદ્‌મતિ.

'આવી સમજ પર રચાતું જીવન લગ્નસંસારના મરણ સુધીના ટકાવનો સધિયારો આપશે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮. આરસની અટારીએથી નહીં—

૧૯૧૬નું એ વર્ષ હતું. દેશના એક કવિનો ગ્રંથ એ વર્ષે પ્રકટ થયો. કવિએ એમાં આ શબ્દો લખ્યા:

'રાષ્ટ્રીય આંદોલનમાં ઘૂમી રહેલા અનેક ચુનંદા કાર્યકરો અરસ્પરસ કવિઓ પણ છે; તેમને—દેશના એ સ્વપ્નદ્રષ્ટાઓને અને શાયરોને કયાં ખબર છે કે આ દેશસંગ્રામમાં ખપી જવાની ઘડી કયારે આવી પહોંચવાની છે.'

આ લીટીઓ લખ્યાને ત્રણ જ મહિના થયા, ત્યાં જ એ કવિ-વિવેચકને બ્રિટિશ પલ્ટનની ધુંવાધાર ગોળીઓ સામે ઊભા રહેવાનું બન્યું.

કવિ હતો આયરલેન્ડનો. આયરલેન્ડની સદા એ જ રીતિ રહી છે. કવિતાને ત્યાં આરસના ગગનચુમ્બી બુરજમાં નહિ પણ કાંટાની વાડ્યો અને કોતરો—કંદરાઓમાં જ આશરો શોધવો પડ્યો છે. એ કોતરો ને કાંટાઓમાં લપાતી લપાતી કવિતા પોતાના દેશવાસીઓના દુઃખો ગાતી હતી. આશાના સંચાર કરતી હતી, ઊઠવાના સાદ પાડતી હતી.

અઢારમી સદીની તમામ આયરિશ કવિતા એક પીડિત પ્રજાની પણ અણનમ પ્રજાની કવિતા હતી, ભવ્ય કવિતા હતી.

૧૮૪૨-૪૮ના નૌજવાન આયરીશ કવિઓ અંગ્રેજીમાં જ ગાતા હતા, છતાં તેનો સૂર તો સ્વાધીનતાનો જ રહ્યો. એ કુંકાઈ જનારા કવિ ડેવીસે તો એટલું જ માગ્યું કવિતાની પાસે, કે ભૂખે મરતા આયર્લેન્ડને મેદાન પર તેડાવવાનું તું રણશીંગું બની જા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગ્રેજી કવિતાને શેલી અને મેરીસના વચગાળામાં જે લોક-સંગ્રામથી નિરાળા રહેવાનો કાળ સાંપડ્યો, એવો નિરાળો સમય આયરીશ કવિતાને મળ્યો નહોતો. આર્થિક વિનાશ અને રાજકારણી અંધાધૂંધી કોઈથી ન ઉવેખી શકાય. કવિતાની કહેવાતી તટસ્થતાની પરંપરા ને પ્રણાલિકાઓ ભલે એની જબાનને ઝાલી રાખે, પણ પીડન અને દુઃખ કવિઓની આંખોને ઉઘાડી નાખે છે.

ઇંગ્લેંડમાં ઓડેન, સ્પેન્ડર અને ડે લુઈ જેવાઓએ આરસના બુરજો ભાંગી નાખ્યા છે, ને એ ચીરાડમાં થઈને એક સેના ચાલી આવે છે. અમેરિકાના લેખકો પણ પાછળ નથી રહ્યા.

પ્રણાલિકાનું ભંજન કરીને આજની રાક્ષસી સમાજ-રચનાના દુર્ગ પર પ્રહારો કરનારા ચાલીસ કવિઓની કાવ્ય-વીણણી આયરલેન્ડમાં હમણાં બહાર પડી છે. તેનું નામ છે "ગુડ બાય ટવાઇલાઇટ." એની અંદરના કવિઓ કોણ કોણ છે?

શહેરી મજૂરો, નાના ખેડૂતો, પહાડોના વાસીઓ, ભણેલાઓ, પરદેશમાં રહી બાળકૂવા બોદનારા ને વાસણો માંજનારા હદપારીઓ, એવા એવાની પીડિત-કવિતાને આ સંગ્રહના સંપાદકે એકઠી કરી છે.

એની અંદર જુદા જુદા ખંડો છે. એક ખંડમાં આંતરયુદ્ધના પરાજય અને ગ્લાનિમાંથી સર્જાયેલી કવિતા તેમજ લોકલાગણીઓ 'ફોક બેલેડઝ' છેઃ કિસાન-શ્રમજીવીઓના આદ્યભાવોનો ઉષાકાળ ગાતો એક ખંડ છે. છેલ્લા ખંડમાં પીડિત ભાવોનાં જોડકણાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯. એણે કલમ શામાં બોળી?

'હજુ તો મહાન કથાઓ કહેવાની બાકી છે. હજુ તો મહાન ગીતો ય ગાવાનાં રહે છે, ને હું તો નવા આવનારાઓનાં સર્જનો તરફ મમતાભરી આંખે નીરખી રહ્યો છું. નીરખતાં નીરખતાં હું સતત એક લાગણી અનુભવી રહ્યો છું, કે એ નવાગન્તુકોની દુનિયાથી મારે કંઈક છેટું પડી ગયું છે, કેમ કે હું તો આગલા સમયનો માનવી છું. ને આ મસ્ત ગીતોને સાંભળતો હું કોઈ પ્રેત શો જાણે પરોઢના કાગડા બોલતા સાંભળું છું, સાંભળીને સમજી લઉં છું કે મારી વેળા ખતમ થઈ છે: મારે ને મારા સાથીઓએ કાળ-પરંપરામાં ગાયબ થવું જોશે.'

ઈ. સ. ૧૯૧૨માં આ બોલો લખાયા, લખનારનું નામ 'એ. ઈ.'; આયર્લેન્ડમાં જન્મેલા અંગ્રેજી સાહિત્યકાર, કવિ, ગદ્યસ્વામી, પત્રકાર, ચિત્રકાર, સ્વપ્નદર્શી, અને કેવી નવાઈ! આયરીશ ગ્રામ્યોદ્ધારની નવરચનાના એક આગેવાન.

બ્યાશી વર્ષની વયે એમનું અવસાન થયું છે. આયર્લેન્ડના છેલ્લા પચાસ વર્ષના બહુરંગી ઇતિહાસપટ પરથી એક મહાન પાત્ર ભૂંસાયું છે. દેશનાં ઘાવા ઘાતાં બંડોરોમાંથી એક નૂતન રાષ્ટ્ર નિર્માણ કરી સારી દુનિયાને વિસ્મયમાં નાખી દેનાર કાળ-મૂર્તિઓના મંડલમાં કવિ 'એ. ઈ.'નું સ્થાન અણપુરાયું રહેશે.

'એ. ઈ.' તો એનું હુલામણું નામ હતું. ખરું નામ જ્યોર્જ રસેલ. એની રગોમાં ઇંગ્લેંડ, સ્કૉટલેંડ, આયરલેંડ ને વેલ્સનાં ચોધારાં રુધિરનું મિશ્રણ થયું હતું. અંગ્રેજોએ એ પુરાતન પડોશી ટાપુને કબ્જે કરી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાંની વીર ગેલ પ્રજાના હાથમાંથી આંચકેલો મુલક માણવા માટે જે આંગ્લકુટુંબોને આયર્લેન્ડમાં વસાવ્યાં હતાં તેઓએ જ આ ગેલ પ્રજાની જોડે ભયાનક અંગ્રેજી કાયદાનો નિષેધ અવગણી અવગણી, જીવ સાટે આંતરલગ્નો ઉજવ્યાં હતાં. તે લગ્નોએ એક પ્રેમશૌર્ય અંકિત નવજાતિને જન્મ આપ્યો. એ નવજાતિએ જ ક્વિટનનાં બાવડાં ભાંગી સ્વાધીનતા હાંસલ કરી. કવિ 'એ. ઈ.' એવી એક નૂતન ઓલાદનો વંશજ હતો. 'એ. ઈ.'ના પણ એક પૂર્વજનું મસ્તક અંગ્રેજ રાજસત્તાએ છેદ્યું હતું. એની દહેરી ડબ્લિન નગરમાં આજે પણ ઊભી છે. દહેરીની અંદર એક બાંબી છે. બાંબી પર લખેલું છે:

'વિલિયમ લૉર્ડ રસ્સેલ, બંધારણપૂર્વકની સ્વાધીનતાનો પ્રેમી, ૧૬૮૩ના જુલાઈની ૨૧ મીએ, આ જગ્યા પર વધેરાયો છે.'

એનું 'એ. ઈ.' નામ શા પરથી પડ્યું? ખુલાસા જુદા જુદા અપાય છેઃ કોઈ પત્રકાર કવિનું કશુંક લખાણ મેળવવા આવ્યા. નામ પ્રકટ નહોતું કરવાનું. પત્રકારે પૂછ્યું: 'ત્યારે શી સંજ્ઞા લખું?' જવાબ મળ્યોઃ 'ફાવે તે કોઈ બે અક્ષરો મૂકી દેજો ને! કશું ન સૂઝતું હોય તો 'એ. ઈ.' મૂકજો! ત્યારથી 'એ. ઈ.' ચલણી સંજ્ઞા બની.

બીજો ખુલાસો આ છેઃ મુક્તિસંગ્રામના બહુવિધ મોરચા પૈકીનો, નવજાગૃત આયર્લેન્ડનો એક મોરચો ગામડાંની ખેડુ પ્રજાનો આર્થિક પુનરુદ્ધાર કરવાનો હતો. એ કામમાં કવિ સર હોરેસ પ્લંકેટના જોડીદાર હતા. એથી એને 'Agricultural Enthusiast'નું બિરુદ મળેલું. બન્ને શબ્દોના પ્રથમ અક્ષરો એટલે 'A. E.'

આવા જગમાન્ય કવિ સાહિત્યિકને પહેલી પ્રેરણા કયાંથી મળી હતી?

આયર્લેન્ડની પ્રાચીન તવારીખોમાંથી. એ પુરાતન ઇતિહાસનું એકેએક પાત્ર એના ચક્ષુ સામે સજીવન બની ચાલતું કોણે કર્યું? ગેલ ભાષાની લોકકવિતાએ, ચારણી વાણીએ, યુગયુગને પોતાના સૂત્રોમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરોવી લેનારા એ લોકસાહિત્યે આ કવિને પોતાની માતૃભૂમિના જીવનકાલના અજબ રંગપલટાઓમાં રમતો ને ભીંજતો રાખ્યો. રાષ્ટ્રના આત્માને કવિએ લોકવાણીમાંથી પ્રીછ્યો.

એણે સાવધ આંખે ઉકેલી લીધું હતું કે, 'The Irish have rarely been deeply stirred by English literature, though it is one of the greatest literatures of the world.'

એની ભાવનાઓના ઘડતરને સમજવા માગનારે એના 'ઇમેજિનેશન્સ એન્ડ રેવરીઝ' નામના નિબંધ-સંગ્રહને જોઈ લેવો બસ થશે. એ નિબંધો એટલે એક ભાવોન્મત્ત અને ભાવોન્નત શિલ્પીનું પ્રખર શબ્દ-શિલ્પ. શબ્દોમાં એણે ભાવનાઓની મૂર્તિઓ સર્જી છે. એમાંના એકમાં 'ધી આર્ડિક હિસ્ટરી ઑફ આયર્લૅન્ડ' નામના પુસ્તકના લેખકને કવિ 'એ. ઈ.' આટલી હદ સુધીની અંજલિ આપે છે કે:

'Whatever is Irish in me, he kindled to life.'

વિજેતાની આંગ્લ જબાનના પગ નીચે ચગદાયેલી ગેલ ભાષા, જાતિ-અસ્મિતાના ખ્યાલા પાતું જૂનું ગેલ—સાહિત્ય, તેજછાયાની મૂર્તિઓ શાં રમણ કરતાં પ્રાચીન ગેલ વીરવીરાંગનાનાં પાત્રો, પ્રેમશૌર્યે ટપકતા ગેલ સંસ્કારો, જુનવાણી કલેવરો ધારણ કરવા છતાં ત્રિકાલમાં કદાપિ જેનો ક્ષય નથી એવાં પ્રાણબલો દાખવનારી ઇતિહાસ-વિભૂતિઓ: એ સર્વની ઉપાસના, સ્વપ્નઝંખના ને માનસિક દોરતી સેવતા કવિ 'એ. ઈ.'એ રાષ્ટ્રના તરુણ પ્રાણને ભૂતકાલના મહાપ્રાણની જ હાકલ દીધી હતી.

અને એ તો જગવિદિત વાત છે, કે વર્તમાન આયરીશ સ્વાધીનતાનો ગર્ભ એ. ઈ. સમા સ્વપ્નદ્રષ્ટાઓની સ્વપ્નસૃષ્ટિમાં જ બંધાયો: એમાંથી પ્રસવેલું બાલ તે એ પ્રજાની અસ્મિતા: એ નવશિશુની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલી ચીસ હતી ' સીનરીન.' ' સીનરીન ' એટલે અમે પોતે–અમારું સ્વત્વ: અમારું સર્વ તો અમારા માટે છે : અમે અમારું સંભાળવા સશક્ત છીએ, અમારી પછવાડે યુગયુગોની આત્મશ્રદ્ધા ગાજી રહી છે.

પુરાતનમાંથી નૂતનનો સર્જકઃ સ્વપ્નવિહારમાંથી જીવનનો તિખારો લાવીને ખેડૂતોને ઘેરે ઘેરે ભાખરી પકવવાની આંચ ચેતાવનારો : પ્રાચીન, અર્વાચીન અને આગામી, એમ ત્રણે કાળની તવારીખોને એક અખંડિત સમય–પ્રવાહ રૂપે સાક્ષાત કરનાર રહસ્યગામી : સૌંદર્યનો શોધક : અને સ્મશાનનો સંજીવનીકાર કવિ એ. ઈ. કવિ તરીકે પેલી ' લીરિકલ ક્રાય 'નો–' ઊર્મિભર ચીસ 'નો ભલે થોડો ઘણો અભાવ દાખવતો હોય, પણ ક્રાન્તદર્શી કલાકાર તરીકે, ને ગદ્યપદ્ય ઉભયના શિલ્પસ્વામી તરીકે, રાષ્ટ્રનિર્માણના મહાયજ્ઞમાં સાહિત્યનો અગ્નિ મૂકનાર તરીકે જુવાનોએ સેવવા જેવો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાત ગુજરાતી કાવ્યગ્રંથો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેટા-ક્રમ

૧ : વતનનું સ્તોત્ર
૨ : મનોમૂર્તિઓનો શબ્દશિલ્પી
૩ : 'પારિજાત'ના ભક્તકવિ
૪ : રહસ્યવાદિની છતાંય વાસ્તવદર્શિણી
૫ : કૌમુદી–અસ્ત સાગરની અમાસ–ભરતી
૬ : યુગમંથનો ઝીલતી મનોભૂમિકા
૭ : રત્નપારખુ પરખની રીત શીખવે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. વતનનું પ્રેમસ્તોત્ર

આદિથી અંત સુધી આ તો અમારી પોતાની ધરતીનો રોપ, એ પહેલી લાગણી : વાંચ્યા પછી જીવને ચેન પડતું નથી, કંઈ કંઈ થઈ જાય છે, એ બીજી લાગણી : અને ફરીથી, ફરીફરીથી વાંચ્યા જ કરીએ, એ ત્રીજી લાગણી.

એવી ત્રિવિધ લાગણીઓને સ્પર્શ કરી શકે તે કૃતિ મહાન. એ કવિતા હોય તો વધુ મહિમાવંત. 'રતન' એક સળંગ લાંબુ કથાકાવ્ય છે. એ આપણી મહાન કૃતિ છે.

ભાઈ–બહેનના નિર્મલ અને નૈસર્ગિક વહાલની કાવ્યપ્રતિષ્ઠા કરનાર તરીકે શ્રી. ચંદ્રવદન મહેતા જાણીતા છે. આ કાવ્ય ભાઈ–બહેનનું છે. બંસી–કાવ્યો કરતાંય આ કાવ્ય ચડિયાતું છે—બેઉ હિસાબે, હેતની નિર્મલતા–નૈસર્ગિકતાને હિસાબે, તેમજ કવિતાની પરિપકવ ગંભીરતાને હિસાબે.

ગોલ્ડસ્મિથનું 'ડેઝર્ટેડ વિલેજ' આપણા અભ્યાસક્રમમાંથી ચાલ્યું જાય, તો 'રતન' એનું સવાયું સ્થાન લઈ શકે. 'રતન' એક ગ્રામ–સંસારની વેધક કથા છે. એક ભગ્ન હૃદયના વેરાનમાંથી વહેતી એ કથા છે. એ કથા કેવળ ભાણા અને ધના નામના બેડૂતોની નથી, રતન અને હીરા નામનાં ભાઈ–બહેનની જ નથી, પણ ગ્રામ્ય ધરતીની કથા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતમાં એક ગામડું હતું. ગામ ફરતું ઝરણ વહેતું. ઝરણાએ જન, જનાવરો અને વનસ્પતિ પોષી હતી. ગામને પાદર વડલો હતો:

ઉભેલ ભડવીર એક વડ વીરલો ગામનો.

એ વડલાએ—

કંઈ શુભ દિને વડે દુ:ખભરેલ માડી તણાં,
વદાય દીકરી થતાં, વિરહ આંસુ પીધાં હતાં,

વડલો, ચોતરો, સ્મશાન, ઋતુએ ઋતુમાંથી પસાર થતાં ગામલોકો—

ઊગે સૂરજ જેમ એમ ઘટમાળ ચાલી જતી.
કરે દિવસ વૈતરું મજૂર ને ધણી સાથમાં;
બપોર તપતાં જમે મધુર છાશ ને રોટલા;
શમે દિવસ તે પછી શીતળ ચાંદનીની મજા.

મળી સહુ ઉડાવતાં: ગડગડાટ હુક્કા તણા.
તમાકુ મસળે વળી અસલનો વખોરો લઈ,
અને સૂરજ આથમ્યે સહુ મળી સૂકો રોટલો
જમે ઉલટભેર ને કઇક ગામગપ્પાં સૂણે.

શેરડીના વાઢ—

ત્યહીં સૂરજ આથમ્યે સૂરજથી ય રાતાં દિસે.
ભર્યાં સભર માટલાં મધુર તે ગળ્યા ગોળનાં
જુએ અધીર બાળકો....

એવાં ગ્રામસુખની દશાએ પલટો ખાધો છે. આજે ત્યાંના ખેડૂતની શી સ્થિતિ બની છે? પંક્તિ ૧૧૫ થી ૧૩૫ સુધી ખેડૂતનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહિમ્ન સ્તોત્ર: અને તે પછી એમના 'એવડા મરણ'ને વિષે શોકોદ્‌ગારો સરે છે. કોઈનો દોષ–રોષ દાખવ્યા વિના કવિ એક કરુણ દૃશ્યાન્તર આલેખે છે.

એવા ગામડામાં એક મુખી પટેલ હતો:

કુટુંબ સુખી રોટલે;—અસલ તો ઘણું યે સુખી;
વસે શતક એકથી, ક્વચિત ઘા પડ્યા યે હશે.

એ ઘાએ ઘવાયેલા સંયુક્ત કુટુંબનો સ્વામી મુખી પટેલ, કુટુંબનો કેવો શિરછત્ર બનતો, શી શી વ્યથાઓ પી જતો—અને વ્યવહારમાં—

કુલીન વ્યવહારમાં, મુખી પટેલની વાહવા.
હિસાબધીરધારમાં, વચનટેક જામીનમાં,
મળે ન કદી જોડ કયાં અચલ શાખ સર્વોપરી;
અનેક રકમો તણા વહીવટે જુબાની બની
જબાન બસ ચોપડો, દફ્તરો ગણો નોંધ જે;

એવા પટેલના બે દીકરા: ભાણો ને ધનો. પિતાએ 'કુનેહ થકી કેળવ્યા ઉભય દીકરા હેતથી.' વ્યાસની બારાખડી, ભૂગોળ અને ઇતિહાસ ભણાવ્યાં, વ્યવહારનું જ્ઞાન દીધું, બેઉએ ધંધો સંભાળ્યો, પાછલી અવસ્થામાં બેઉની બાયડીઓ મૂઈ, દુઃખ પડ્યું, ભાણાના હાથ પર વીજળી પડી, ધનો એકલો જ મહેનત કરવા લાગ્યો, ભાણાને ભય લાગ્યો કે એકની એક દીકરી રતનને ભવિષ્યમાં ધનો સતાવશે, માટે એણે જમીનના ભાગ વહેંચવાની જીદ લીધી. ધનો ન માન્યો. આખરે ભાણાનાં મહેણાં અસહ્ય બન્યાં. 'ભાઈ, મારા દીકરા હીરાને સાચવજો, જમીન બધી જ ભલે તમને રહી, મારે ભાગલા નથી પાડવા,' કહીને ધનો ઘર ત્યજી ચાલી નીકળ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી સાદી ગ્રામ્યકથાને ચંદ્રવદને પૃથ્વી છંદમાં ઉતારી છે. શિષ્ટ ઊર્મિઓ અને ભાવનાઓને જ વહવા સરજાયો મનાતો એ છંદ ચંદ્રવદનના હાથમાં એકસરખી સલુકાઈથી, ઠાવકાઈથી, પાંડિત્યનો લેપ પણ આડંબર કર્યા વિના આવી સાદી વાર્તાને એક ડોશીની લોકશૈલી કહી શકે તેટલી આસાનીથી કહેતો આવે છે. ગામડું, ગામડાના પ્રશ્નો, ગ્રામ-સંસારનું સુરેખ ચિત્રાંકન આ પૃથ્વી છંદમાં થતું આવે છે. પછી તો—

હતી રતન એક તે વડિલ બન્ધુની દીકરી,
સમાન વયનો બચેલ નિજ ભાઇનો હીરલો.

*

અને રતન તો કની, રમતિયાળ ને રાંકડી
હતી રમતિયાળ તે રમકડું બધા ગામનું;

*

ઉમંગી ગરબે ઘૂમે, ચડસ ખૂબ, થાકે નહિ,

એ૭ વચ્ચેનું સહોદર સરીખું હેત : હીરાને રતન પોતાના ડહાપણની રક્ષા દેતી.

એક દિવસ રતનના બાપ ભાણાને વિચાર આવ્યોઃ ધના પ્રત્યેનું ઋણ અદા કરવાનું છેઃ હીરાને શહેરમાં અભ્યાસ માટે મોકલુંઃ

ભલે નગર જાય ને અધિક જ્ઞાન ભેગું કરે.

અને પછી શુભ તિથિ જોવરાવી હીરાને વિદાય દેવાનું નક્કી થાય છે. ત્યારે, સર્વ ગામલોકો હીરાને ભરભલામણ દે છે ત્યારે—

પણે રતન ચોકમાં શરીર થાંભલે ટેકવી
ઊભી મન વિચારતી, સકળભાવિ વાગોળતી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બની ગરીબ ગાય શી ગરક દુઃખમાં એકલી,
બણે પગ થકી ધરા ડળક આંસુડાં સારતી.

આખું જ રૂપક ગાયનું: ભાઈની બહેન, ભાઈને વિદાય દેતી બહેન, અને ગાય—એમાં શો તફાવત છે?

અને ભાઈ–બહેનનું એ પ્રેમસ્તોત્ર આગળ ચાલે છે. એ મહાકાવ્ય એકાદ કોઈ રતનનું નથી, વતનની ધરતીનું છે. ધરતીની સુવાસ માટીના કણેકણમાંથી ઊઠે છે. તાપ, વંટોળો અને મેઘના તુમુલ પછડાટો એ વતનની ધૂળમાંથી અનિર્વાચ્ય મહેકાટ પ્રસરાવે છે.

સાદી જીવનકથા: એટલી બધી સાદી, તેથી જ તો સૌ વિસારે છે ને!

હીરો અને રતન ત્રણ ત્રણ રાતના ઉજાગરા કરી બાલ્યનાં ખટમીઠાં અણુ અણુ સંભારણાં તાજાં કરતાં રહ્યાં. વધુ રડ્યો હીરો —એક દિવસ બહેનને વાત વાતમાં તમાચો ચોડી દીધો હતો: 'બહેન, એ બહુ સાલે છે, માફ કરજે.'

અને તરત એ વદી સરલ હેતની મૂર્તિ ત્યાં:
'નહિ, મુજ તણો હતો નકી જ વાંક એમાં ખરે,
મને વચન એટલાં બીજથી કોણ કહેશે હવે?'

'જો ભાઈ, તું કાગળ લખજે હોં! શરીર સંભાળજે, ને તું ભાન વિનાનો રેઢિયાળ છે ખરો ને, એટલે મારા વિના તારું ત્યાં થશે શું? તારી કાળજી કોણ કરશે?'

રતનના એ નિર્દોષ મીઠા અભિમાન સામે નમન કરીને વાચક, તું પાવન થજે.

હીરાભાઈનો સરસામાન બાંધતી રતનનું ચિત્ર:

સૂઝે ન કંઈ બાંધવું, રતન એકલી હાથમાં
લઈ વિગતનોંધ ને જરૂરનું કરી એકઠું
વ્યવસ્થિત કરી બધું સગવડે રહે બાંધતી:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મૂકું છ અહીં જો, અને ગરમ શાલ આ પોટલે,
રજાઈ અહીં બિસ્તરે, બધ પડે ભલે બોલજે;
અહીં છ તુજ વાટવો, નજર રાખજે એટલી,
તને ન કંઈ કાળજી, તદન ભાનભૂલો નકી !'

વિદાય દીધી

જરી દહીં મુખે, કરી શુકન કંકુચાંલ્લો વળી,

*

ગયાં જન વળાવવા સકળ ગામને પાદરે,
પરંતુ રહી એકલી રતન આંગણે ને જુએ
રહી કર હલાવતી ઉર હુલાવતી 'આવજે !'

એકેએક વાચક કહેશે કે આ તો મારી જીવનકથા : આ કથામાં શું આટલું મહાન કાવ્ય છુપાયું હતું ! મને કેમ ન જડયું ! હું કેમ આટલી સાદાઈથી ન વ્યક્ત કરી શકયો ? સંસારી ઊર્મિઓની આ નિત્ય નૂતન પુરાતનતાને રોજિંદા અતિ પરિચયથી કાવ્યહીન, અરે ગદ્યને પણ નહિ લાયક એવું, માની બેઠેલા અનેક પાઠકો આ 'જુનવાણી'નાં નૂતન મૂલ્ય નિહાળશે—ચંદ્રવદનની આ કવિતામાંથી.

હીરો શહેરમાં ગયો, ભણતરે ચઢ્યો—

પૂરેલ શુક પીંજરે—કૂપ વિષે પડયો મંડૂક—
કરે પટપટાત, નિત્ય શ્રવણે ધર્યું ઓચરે,
જુએ નિકટ તે જ સ્વર્ગ ગણી રાચતો સર્વદા
અગાધ શુચિ જ્ઞાનવારિ તણું બિન્દુ ના સાંપડયું,

સેંકડો કૉલેજિયન ભાઈઓ ! આ આપણી જ કથા ઓળખાણ પાડે છે ને ?

નવે નવું નિહાળતાં વિદ્યાનો ઉપરછલ્લો મોહ વધે છે : પૃથ્વીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે વણસમાં એ મહાનગરનાં ખરજવાં–ખૂરાં તત્ત્વો ઝરતાં હતાં. હીરો ફસાયો એ બધામાં, તેમજ એક વધુ ભયાનક મોહમાં :

અને નગરકન્યકા, નવઉછેર, ચાપલ્ય એ,
અને શરીર સ્વચ્છ ગૌર, વધુ ગૌર આડંબરે,
—કપોળ થકી કેશનો લટવળાંક આકર્ષક
ઝીલે મધુર બોલની અવનવીન બારાખડી—

એવી એ નગરકન્યાના—

જરા ફરફરાટથી થરથરાટ હીરા તણો
વધ્યો તરફરાટ ને ભ્રમણમાં પડ્યું યૌવન.

સંધ્યાની શુભ મૂર્તિને પલકમાં ત્યજીને નિશા જેમ મલપતી રહે, તેમ હીરાને સ્મરણેથી રતનને એસવીને જીવન–નિશા ઝગમગી રહી.

રતન ભાઈની, ભાઈના કાગળની, ભાઈના સમાચારની રાહ નિરર્થક જોતી રહી :

વિશાળ પટ વ્યોમનું અનલરેખથી ચીરતો
સરે ગગનતારલો, રતનને હૃદે હીરલા
તણી સકળ વાત આગ સમ આપતી વેદના.

કઈ વાતો ? લોકાપવાદની વાતો, કે હીરો તો શહેરમાં જઈ બગડ્યો છે.

પણ અવધિ તો અહીં આવે છે. ખરચી ખૂટે ત્યારે કેવળ બે લીટીમાં પૈસાનો જ તગાદો કરનારો હીરાભાઈનો કાગળ આવે, અને રતન એ કાગળ પિતાની પાસે વાંચતાં વાંચતાં બનાવટ કરે–

અને રતન ગોઠવે બબર સૌ ફૂઈ ને વળી
ઉમેરી વધુ બોલ બે બબર સૌ પૂછે વૃદ્ધની;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન હોય લખ્યું પત્રમાં તદપિ એ ઉમેરી વદે
લખાણ મનગોઠવ્યું, ફકત વૃદ્ધ સંતોષવા
અસત્ય, કદી ફેરવી, અસલને નવું ચિંતવી,
નવું જ મનથી લખી ઊચરતી પગેલાગણું;

કેટલું પાવનકારી અસત્ય! બાપા! ભાઈ લખે છે, કે બાપાને મારું પગેલાગણું કહેજો! આ સ્વર્ગીય પ્રપંચની મીઠી અસર તળે વૃદ્ધ ઊંઘી જતો, રતન ઠળક ઠળક આંસુ પાડતી. છતાં કસર કરીને પણ ભાઈએ મંગાવેલી રકમ રતન મોકલી દેતી.

પિતાનું મૃત્યુ સમીપ છે. રતનને પાસે બેસાડી પિતા પોતાની અને ચાલ્યા ગયેલા ભાઈ ઘનાની વચ્ચે બનેલા પ્રસંગનું વર્ણન કરે છે. અને ઘનાએ જે પ્રભાતે ઘર ત્યજ્યું ત્યારવેળાનું શબ્દ-ચિત્ર,

સવાર ઊગતું હતું: નીંદરમાં હજી આંખડી,
ત્યહીં ઉભય હાથથી નમન એ કરીને ઊભો:
'નહિ સહન થાય એમ કુળલોમના ભાગલા,
ભલે સકળ લોમના અબઘડી થકી છો ઘણી
તમે વડિલ બંધુ ને ફકત આટલો હીરલો
ધરું છ ચરણે હવે—બચત માહરી રંકની

એવી વિદાય લઈ ગયેલા ભાઈના હીરલાને, બેટા રતન, તું સાચવજે: એટલું કહીને પિતાએ પ્રાણ ત્યજ્યા. તે પછી રતનની એકલતા ક્રમે ક્રમે વધી. કમનજરી, ખેતીનો ધ્વંસ, શાહુકારની છેતરપીંડી, અને ભાઈ હીરાનું અહોરાત મૂંગું સ્મરણ! અરેરે, મને ભાઈનો સારો કાગળ મળે ને જો, તો બસ—

જઈ સકળ ગામને શરમમાં ડુબાડી દઉં
દુડા બબરથી; અરે! નિજ લખેલ હસ્તાક્ષરો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બતાવી દઉં ને કહું, બહુ અસત્ય વાતો તમે
કરી છ મુજ ભાઈની, પણ જુઓ શું પોતે લખે?

નહિ, નહિ, કાગળ નથી આવતો. ગામલોકોના પ્રલાપો રતનનો તેજોવધ કરી રહ્યા છે. પછી રતનના ઘરકામની, ઢોરઢાંખરની, ખેતરવાડીની, પોતાની, ધીરે ધીરે જે બેહાલી થતી જાય છે તેની ઝીણામાં ઝીણી વિગતોનું પૃથ્વી છંદમાં આટલું પ્રવાહી ચિત્રાંકન—આટલું દર્દભર્યું—છતાં આટલું સંયમવંત, મૂંગું, હું ગુજરાતી કવિતામાં પહેલી જ વાર જોઉં છું.

ને ત્યાં શહેરમાં ભાઈ હીરાની જે ક્રમે ક્રમે બેહાલી બની રહી છે તેનું તે પછીનું, ભારોભાર સુરેખ વર્ણન જાણે કે રતનની દુર્દશાની જોડે એક અતિ કરુણ મેળ સાધે છે.

ખૂટ્યું ખરચ એટલે નથી મજા, બળી જિંદગી,
મિજાજ જરીમાં તપે, સહજમાં ચડે ચીડ ને
વળી રકમ આવતી ય અટકી ગઈ એટલે,

એટલે હીરાના મનવિચાર તિમિરના થરોએ આવરી લીધા

થયો ગળગળો, દયાર્દ્ર, પળમાં થયું જ્ઞાન ને
ધરી તણખલું બચ્યો કુદરતે દીધું એટલું,
ભૂલ્યો વય, ભૂલ્યો ભણ્યું, મન મૂકી રડ્યો એકલો,

અને ગામને મસ્તકથી શ્યામલ રાત્રિ-ઓચલો જ્યારે સૂર્ય ઊંચકતો હતો ત્યારે એક પ્રભાતે હીરો પગપાળો થાકયોપાકયો ગામ—ભાગોળે આવી લાગ્યો.

ગામ-વડલાની નીચે ધૂણી ધખાવીને એક યોગી બેઠો છે. જગત ભમીને એ તો ત્યાં આવી બેઠેલો હીરાનો પિતા ધનો જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ જ્ઞાની ગ્રામયોગીનું ચિત્ર તો હું આંહી શું ઉતારું! જેને વાંચવા જડે તે મોંયે કરી લે.

છદ્મવેશી ધનાએ હીરાનો ગામપ્રવેશ થતાં પહેલાં જ હીરાના આત્માને જાણે કે શીતળ સ્નાન કરાવ્યું ને હીરો બિછાને પડેલી એન રતનના પગમાં પહોંચી ગયો. એ મિલનના સુખભાવોની શોભા, કવિતાકારે સર્જેલી પ્રકૃતિશોભા, પર પણ હું વિવેચનનો શબ્દ નહિ બગાડું. મૂક નેત્રે નીરખી જ રહીએ, સમાધિ-લીન બનીને જેની સન્મુખ ઊભાં રહીએ એવાં દ્રશ્યો જેમ પ્રકૃતિમાં છે તેમ કવિતામાં પણ હોય છે. વિવેચકો એની અદબ કરજો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. મનોમૂર્તિઓનો શબ્દ-શિલ્પી

મજૂરી કરનાર માનવી

[ત્રીસથી વધુ એની ઉમ્મર નથી. અસલ રહીશ વાંકાનેરના. ચારેક અંગ્રેજી ભણ્યા પછી કરાંચીમાં પિતાની પાનસોપારીની નાની હાટડી સંભાળી. હાટડી ચલાવતાં ચલાવતાં, પાનની પટ્ટીઓ બનાવતાં બનાવતાં સાહિત્યરસ કેળવ્યો. અંગ્રેજી અને સંસ્કૃતનો અભ્યાસ વધાર્યો. દેશળજી પરમારની હૂંફે હૂંફે કવિતા રચતા થયા. અરધી રાત સુધી ધંધાની મજૂરી કરતાં કરતાં સ્ફુરતી કવિતાઓ કોઇ કોઈ વાર તો સિગારેટની દાબડીઓ પર ટપકાવતા. 'ઊર્મિ' માસિકના તંત્રીમંડળ પર હતા. ધંધો અને કાવ્યરસ એના જીવનમાં ઝઘડા નથી કરતાં. ગરીબ છતાં સ્વાવલંબી જીવન ગુજારે છે. કવિતા ખૂબ લખી છે. ઉદયશંકરના રાધાકૃષ્ણ નૃત્ય પરથી રચેલી 'અખંડ લીલા' નામની રમ્ય કવિતાને અંતે એ પોતાનું સ્થાન બરાબર સ્મરી લ્યે છે.

પ્રકાશ વિંટાઇ ગયો, બધાં ગયાં,
આવ્યો ઘરે હું તરતો તરંગને;
ક્યાં કૃષ્ણ? ક્યાં યૌવનમૂર્તિ રાધિકા?
ક્યાં હું મજૂરી કરનાર માનવી!
ખૂંચી રહી શૂન્ય પથારી અંગને

એ માનવીનું નામ ઇન્દુલાલ ગાંધી.]

કવિતા એ તર્ક નથી, શબ્દોના ક્ષણજીવી યતનગાટે ય નથી. અંતરની પવિત્ર વિચારણાનું અતિ કોમલ છતાં પ્રાણવાન ભાવ-દર્શન છે.

કવિતાની વ્યાખ્યાઓ ઘણી થઈ છે. 'ખંડિત મૂર્તિઓ'ના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્તાએ ઉપલા વિચારને પોતાના 'આ અજાણી દિશા તરફના પ્રયાણ'નો ભોમિયો બનાવ્યો. 'ખંડિત મૂર્તિઓ'નાં આઠ જેટલાં કાવ્યો સજ્જડ ગવાહી પૂરે છે કે કવિને ભોમિયાએ ભૂલથાપ નથી દીધી. કવિના અંતરની પવિત્ર વિચારણાઓ અતિ કોમલ છતાં પ્રાણવાન ભાવદર્શન અહીં પામી શકી છે.

મંથનયુગના નવકવિઓમાં ભાઈ ઇન્દુલાલનું વિશિષ્ટ સ્થાન સહુને માલૂમ છે. છન્દસ્થ વિચારપ્રધાન કાવ્યોની રચનો પર એની હથોટી જામી ચૂકી છે. એમનાં 'તેજરેખા' અને 'જીવનનાં જળ' તો જોયાં નથી, પણ આ સંગ્રહ એમના કાવ્યની પરખમાં કશી ન્યૂનતા રહેવા દેતો નથી.

સચ્ચાઈ—લાગણીઓની સચ્ચાઈ, એ લક્ષણને નવકવિઓના પ્રથમ સદ્‌ગુણ લેખે આપણે ગણતા થયા છીએ. કવિને જે કહેવું છે તે એ લાગણીપૂર્વક કહી રહેલ છે, કે કહેવાને ખાતર—કવિ હોવાને ખાતર કહે છે? આ પ્રશ્ન આજની નવકવિતાને જોતાંવેંત જ ખડો થાય છે. એ પ્રશ્નનો જવાબ કવિતા આપોઆપ વાળે છે. એ જવાબની કોઈ સાબિતી નથી. વાંચકની સહૃદયતા ઉપર એ જવાબ પોતાની જાણે જ અંકાઈ જાય છે.

'ખંડિત મૂર્તિઓ'નું વાંચન એ જવાબ સ્પષ્ટ સ્વરોમાં આપે છે, કે અહીં કવિ પોતાને જે કહેવું છે, જે ખરેખર કહેવું છે તે અને તેટલું જ કહે છે. કવિની સચ્ચાઈમાંથી ટપકેલી આ વાણી છે, 'બાનીની બનાવટ' નથી.

કવિતા બેદરકાર પ્રમાદી આત્માને વિશ્વનો મંડાપ્રાણ—

પ્રહારે વાણીના નિત જગવવા તું મથી રહ્યો,

લાતો મારી મારી જાગૃત કરે છે. એ પદાઘાત કરનારી પાનીને ઊલટાની ચૂમી લઈ હઠીલો શિશુકવિ 'શું આપું?' વિચારી 'તાત'ને પૂર્ણ નમ્રતાભર્યું સમર્પણ કરે છે કે—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ના, ના, એવું કશું યે, લગીર પણ તને અર્પવું આજ મારે,
હૈયાના ગૂઢ મંત્રે અગળ વિષભર્યાં કે અમૂલ્લેલ ઇચ્છા:
ચરણકમળમાં અર્પવાની મહેચ્છા.

એવી સમર્પણ-ભાવનાની પીઠિકા ઉપર કવિની પરમ શ્રદ્ધા, પૌરુષ-તેજ અને વિશ્વાનુભવની પોતાની જૂજવી ભાત્યો પાડે છે.

હસું, રમું, તોય તૃષા શમે નહિ,
ઊંડીઊંડીને અથડાઉં વ્યોમ;
આ સાંકડું વિશ્વ મને ગમે નહિ,
સર્જું શ હું નિત્ય નવીન લોમ;
હું લોમકા નિત્ય રચું નવીનવી,
કલ્યાણનાં દર્શનનો બનું કવિ.

'પરમતેજ' નામની આખીય કવિતા કવિપ્રાણની જન્મવશ્યતાના રંગો ઝીલે છે. એમાંથી કેટલુંક ઉદ્ધરણ કરું? આટલું જ બસ:

અનંત પથચિંતનોની કરુણાભરી કેડીએ
ચઢીશ, ભરી પ્રાણમાં અભયગાન પૌરુષનું.

*

કદિ દિવસ ના રહે, રજનીઓ રહે તોય શું?
હજાર વરસોની એક રજની મને તો ગમે!

'શહાદત', 'મશાલને અજવાળે', 'શ્રાદ્ધ' અને 'કાંકરી' જેવાં કાવ્યોમાં વિવિધાનુભવોથી રંગેલી એ ભાવનાઓ કાવ્યનું ઓજસ સજીને વિલસે છે. એ કાવ્યતેજ તેમના 'રિસ્ટ્રેઇન્ટ'—આત્મસંયમમાંથી ફૂટે છે. પોતે ગાય છે તેમ—

શહાદત બની જશે જીવનની મજા જે ઘડી,
જયંત કરવા તને જગસિંહાસને ઊતરી
કમાન રચશે દ્યુતિ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવી કવિની ય છૂપી શહાદત હોય છે. ને કવિની હજાર હજાર પ્રાણવેદનાઓ જ્યારે મઝેદારીનું માનસ જમાવે છે, ત્યારે એના કવિત્વ ઉપર પણ 'ઘૂતિની કમાન' રચાય છે.

'ખંડિત મૂર્તિઓ', 'એકતારો', ને 'કુલજાહ્નવી', એ ત્રણે કાવ્યોને ખંડકાવ્યો કહીએ? કે વાર્તાકાવ્યો? ત્રણેમાં તીવ્ર સંવેદન પામતી ઊર્મિઓ વહન કરે છે. અભિમન્યુના અવસાન પર પાંડવ-કુળની ત્રણ સ્ત્રીઓ, કુન્તા, સુભદ્રા અને ઉત્તરા 'અપાર દર્દનું મૌન' સેવતી એકએકની હૂંફ મહીં પડી રહી અને —

અશ્રુ હતાં? ના; ન દયા, ન કૂરતા,
શ્રદ્ધાભર્યું મુખ ગભીર ગૌરવે:
શાંતિ હતી દિવ્ય પ્રભા શી અંતરે,

એવા ભાવોમાંમાંથી કવિએ વીરશ્રીનું શિલ્પવિધાન કર્યું છે. કેવાં ટાંકણાં માર્યાં છે શિલ્પીએ! ઉત્તરા કેમ પડી હતી—

મયૂરની પિચ્છકલા શી મૂર્છિતા
પડી હતી લોંય પરે પિંખાઈને;
મંદિરની થાંભલીએ લપાઈને
રડી રહી કોઈક દ્વારરક્ષિકા

મેં કવિને શિલ્પી કહ્યા, ચિત્રકાર પણ કહું છું. રંગો ને રેખાઓ, આરસની કોતરણી અને માટીનું મૂર્તિવિધાન, ઈન્દુલાલના કાવ્યથી જરીકે દૂર નથી. શબ્દચિત્રમાં એ વણથાકયા વિગતો પર વિગતો પૂર્યે જાય છે. વિગતોની સજાવટ કરતાં છતાં, શ્રી. ઠાકોરની કિલષ્ટતાના ભોગ કવિ થતા નથી. ચિત્રોની પરંપરામાં એકધારો પ્રવાહ બંધાય છે. એ પ્રવાહનું વહેણ સરલ બને છે ત્યારે આવું દીસે છે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાત કાળી હતી:
ઊજળી રાતથી હૂંફવાળી હતી
ચંદ્ર ન્હોતો છતાં ધુમ્મસે આવરી;
તારલીની છટા તેજવાળી હતી.

હું રૂપાળી અને રાત કાળી હતી,
અગ્નિક્ષેત્રે મૃદુ ફૂલવાડી હતી;
ફૂલ, સુગંધ ન્હોતાં છતાં આયુની
ઊઘડંતી ઊષા ઓપવાળી હતી.
કીકીઓ રાત જેવી જ કાળી હતી

પોણા ત્રણસો પંક્તિઓનું સ્નિગ્ધ કરુણ કાવ્ય કોઈ તરુણની વિતકકથા કહેતું પોતાના પ્રવાહ-ધોધનાં અસંખ્ય કણશીકરે રંગનાં મેઘધનુષ્યો ઝીલે છે. કવિની વિપુલ ભાષાસમૃદ્ધિ ડોકિયાં કરે છે.

ભાવનાનાં તેજ ચમકાવતી કવિની આંખ વાસ્તવદર્શનમાં વળે છે ત્યારે પણ સુરેખ પાત્ર-વિધાનમાંથી ગંભીર 'પેથૉસ'—કરુણ રસ ઉત્પન્ન કરે છે : 'વંધ્યા', 'ખિલોના', 'બારીમાં' જેવાં કાવ્યોમાં માનવતાનાં ઝડપી ચિત્રો ખેંચાયાં છે. 'ખિલોના'માં રમકડાં ખરીદવા ગયેલી પુત્રહીનાનો ઉર-અજંપો કવિએ કેવો આલેખ્યો છે :

એનાં ખૂટયાં ખિલોના, ગૃહિણી તણી મોંઘી ખરીદીય ખૂટી,
ખાલી ખોળો ખિલોના થકી ખિલવવા, ગૈ જડી આજ બુટ્ટી.

વાસ્તવદર્શનમાં કવિ જ્યારે પરિહાસની લીલા ખેલે છે ત્યારે પણ એની સુરુચિ લોપાતી નથી, માદર્વ અનામત રહે છે, ને સ્નેહપ્રેરક મીઠું ટીંખળ ગૂંજી ઊઠે છે. 'બે બિલાડાં', 'અનશન વ્રતધારી',

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કપાણી અંગુલિ' અને 'જવાબમાં' એ પરિહાસના ફક્કડ નમૂના છે. રસિક કવિએ પોતાની આંગળી કપાયાના પ્રસંગમાં—

જૂની સાડીમાંથી લીર લગીર એંચી ઝડપથી,
કૂણી અંગુલિએ અધીર બની અંગુલિ જકડી;
થઈ ત્યાં તો સૃષ્ટિ જડઅજડ રોમાંચિત બધી,
મૂકી દ્યો અંગુલિ, ઉરધબક આ તે ગઇ વધી.

એવી રસિકતા જમાવી છે. 'આંધળી માનો કાગળ' નામનું લૌકિક ગીત, પીડિત-ગીતોમાં એક અતિ ભેદક ગીતનો વધારો કરે છે.

ઇન્દુલાલની કવિતા અવલોકનને માટે પહોળું મેદાન આપનારી છે. એની કારીગરીમાં પડેલી શક્યતાઓ એક પછી એક તારવીને બતાવવા જેવું છે; પણ એ સુકાર્ય કોઈ વધુ કલમની રાહ જોતું છો ઊભું.

છંદોબદ્ધ કવિતાને અમુક અમુક ભાવોનું, સૂક્ષ્મતાઓનું, મંથનોનું વહન કરવાનું હોય છે. પરિણામે ભાષાની કેટલીક કઠિનતા અનિવાર્ય બને છે. પણ પછી તો એક પક્ષ એવો ઊભો થયો છે કે જે કઠિનતાને જ કવિતાનું સુલક્ષણ માને છે, ને એક જ વાચને પોતાનો અર્થ પ્રકટ ન કરી શકનાર કૃતિ વિશેષ અર્થઘન ગણાય છે. એટલે નવી કવિતામાં જટિલતા—શબ્દોની તેમજ કલ્પનાઓની—લગભગ શોભા-ફેશનરૂપ બની હોવાનું એક પરિણામ ખૂરું આવ્યું છે : સરલતામાં અર્થઘનતા લાવી શકનારાઓ પણ જટિલતાને સેવતા થઈ જાય છે. ભાઈ ઇન્દુલાલની ખૂબી એની સરલતામાં રહી છે. છતાં એ ઠેર ઠેર ઠાકોર-પરંપરાની ક્લિષ્ટતાના ભોગ શા માટે થઈ પડે છે ? એમનું 'સભાન હું' કેટલી સરળ કવિતા છે ! આટલી આશા ન રાખીએ, કે સરલતાને માર્ગે ખૂબીઓ વીણનારા ઇન્દુલાલ વધુ ને વધુ પ્રજાભોગ્ય બને ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. 'પારિજાત'ના ભક્ત કવિ

પોંદિચેરીના અરવિંદ-આશ્રમમાં પણ ત્યાં ગયેલા આપણા થોડા ગુજરાતપુત્રોએ ગુર્જર સંસ્કારિતાની એક વસાહત સ્થાપી દીધી છે. ગુર્જરીના એ અરવિંદ-પ્રભાવમાં રંગાયેલા બેટાઓ વતન-પ્રભાવમાં રંગાએલું કલેજું બાળીને રહ્યા છે. પોતાની આત્મ-સાધનાને એમણે ગુજરાત-ખોળે ઠાલવ્યા કરી છેઃ નિબંધો, વાર્તાઓ કે કાવ્યો જેવાં સાહિત્યસર્જનો રૂપે.

એ દૂર દેશમાં યે ગુજરાતની શરદ પૂનમની સ્મૃતિ સાચવતો, ગગનઘેરતાં ઘનની છાંયથી પૂર્ણ ચંદ્રનું મુખ ન દેખાવા છતાં—

> **ચિદંબર વિષે પરંતુ પ્રિય ગુર્જરીની રમે**
> **પ્રસન્ન મુખકાંતિ, જોડ નહિ જેની કો ભોમમાં.**
> **અહો! વદન વ્હાલું એ,-**

એવી વતનયાદનાં સ્તવનો ગાતો એક યુવાન કવિ પોંદિચેરીથી ગુજરાતના અભિષેકાર્થે 'પારિજાત' નામનો કાવ્યપુષ્પ-સંગ્રહ પાઠવે છે. એ સંગ્રહનું પૃષ્ઠ-ચિત્ર અંદરની કૃતિઓની સમૃદ્ધિનું સૂચક છે. કવિ-જીવનનાં થોડાંક જ વર્ષો સૂચવતી બે જ વૃક્ષ-ડાળીઓ દેખાય છે. પર્ણે પર્ણે પારિજાત-પુષ્પે લચેલાં છે. તરુવર પર ન સમાતાં એ પુષ્પો ધરતીરૂપી છાબમાં અઢળક ઢળ્યાં છે.

'પારિજાત'ના કવિનું નામ પૂજાલાલ રણછોડદાસ દલવાડીઃ માત્ર 'પૂજાલાલ' એટલું નામ સામયિકોના કાવ્યસાથિયામાં સારી પેઠે અંકિત છે. પણ એ ભાઈ કોણ છે? ક્યાંના નિવાસી? કેટલું ભણેલા? આંહીં શું કરતા? આટલી બાળુકી વયમાં અરવિંદ આશ્રમમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેમ જવું થયું? પુસ્તકમાં ક્યાંય ઇશારો નથી. કાવ્યપ્રદેશે એ જેમના અનુયાયી જણાય છે તે શ્રી૦ બ. ક. ઠાકોરે 'પારિજાત' નો પ્રવેશ લખી આપ્યો છે. તેમાં કવિતાનો જ પરિચય છે–કવિનો નહિ. બાલુકાકાની કલમમાંથી છેલ્લે પાને ઉલ્લેખ ફક્ત આટલો જ છે કે–

'કવિશ્રી સામાન્ય સંસારી દુનિયાના ઇસમ નહિ, સાચે વિરક્ત અને તપોધન બનવાની જ વાસનાવાળા સંયમી : વળી એમના મનોરાજ્યમાં કવિયશની પ્રાપ્તિનું અગર કવિતારચનાની શક્તિઓને ખિલવવાનું એટલું મહત્ત્વ પણ ભાગ્યે...'

બસ! આમાંથી કવિ–જીવનનો કશો પરિચય જડે છે? કવિ પોતે પોતાના વિષે આટલો જ નિર્દેશ કરે છેઃ 'આશ્રમના જીવનમાંથી બીજી બહારની પ્રવૃત્તિ માટે વખત મેળવવાની લગભગ અશક્યતા, સ્વભાવની ઉદાસીનતા અને મંદતા આદિ કારણોને લીધે ઊંઘના નિયત સમયમાંથી ચોરી કરીને લખેલાં આ કાવ્યો.'

મતલબ કે '૩૩થી આજેના ભૂતકાળમાં આમાંની કોઈ કૃતિની રચનાનો સમય જતો જણાતો નથી, એમ એની લખ્યા સાલના આંકડા કહે છે. તો શું કવિ પાંચેક વર્ષથી અરવિંદ–આશ્રમના યોગાભ્યાસી બન્યા છે? આ કૃતિઓને 'પ્રયોગ દશાની કૃતિઓ ગણીને તેનું મૂલ્યાંકન કરવા' માટે વિવેચકોને સૂચવનાર શ્રી. પૂજાલાલ અત્યારથી જ પુરાતત્ત્વનો વિષય બની જાય એ કોઈને ન ગમે, છતાં મારે તો એમને વિષે આમ અનુમાનપ્રધાન સંશોધન જ કરવું રહે છે. કારણ, ગુજરાતનો ઇતિહાસ પ્રત્યેનો નિર્ભમ ભાવ!

સવાસો પૂરી ને લટકાની એક, એટલી આ કૃતિઓના રચયિતા નવીન કવિઓની વણઝારમાં કયું પ્રધાન તત્ત્વ લઈને ઊતરે છે? કવિતા પ્રત્યે એની કઈ દ્રષ્ટિ છે? કવિતાકાર તરીકે હું એને ભક્તાત્મા, આરાધક, ઉપાસકના સ્વરૂપમાં નિહાળું છું. 'પ્રિયા કવિતાને' સંબોધતા આ કવિ એકરાર કરે છે કે–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તું એક મુજ અંતરંગ સહુ જાણનારી સખી!
ન ગુપ્ત તુજથી કશુંય હૃદયે કદી સંઘર્યું,
ન અન્ય કહીં યે જઈ ઉર કદીય મેં ઠાલવ્યું.

હૃદય ઠાલવવાનું એક જ ઠેકાણું કવિતાઃ સુખદુઃખમાં સતત એક જ સંગિની કવિતાઃ સ્મિતે સ્મિત મિલાવતી, દુઃખમાં પ્રણયભાગ માગતી, કવિપ્રાણનો વિષાદ વદનમંદિરે ધારતી, કવિ-સવિકલતાની વ્યથાને અંતર ઉઘાડીને ઝીલતી કવિતાના એ લાંબા આરાધનસ્તોત્રમાં આખરી યાચના એટલી જ છે કે–

પ્રિયે! તું થઈ ઓતપ્રોત મુજ જીવને જ ભળી,
મહા અરવ શૂન્યમાં ય મુજ સંગ રહેજે હળી.

કવિતા સાથેના તાદાત્મ્યનો આવો જીવંત સાક્ષાત્કાર કરાવનારું કાવ્ય જો 'પ્રયોગદશાનું સર્જન' હોય, તો નવીન ગુર્જરીની એ પ્રયોગદશા અતિ નજીકની પરિપક્વ દશાનો એક સુનેરી ખ્યાલ ખડો કરે છે.

ઉપર ટપકાવેલી થોડી માત્ર પંક્તિઓ તુરત પ્રતીતિ આપશે કે 'પારિજાત'ના નવકવિ બ. ક. ઠાકોરના પદ્યબંધોના પ્રેમી છે. પોતાની કવિતાનું વાહન એમણે 'સૉનેટ' નામની રચનાને બનાવ્યું છે. તેમાં પણ 'ધીરગંભીર આંદોલનોની મુક્તાનંદી ગૌરવભરી છટાની પરંપરાને પગથિયે પગથિયે સૉનેટના શિખર-કલશે લઈ જવાનું સામર્થ્ય ધરાવનાર પૃથ્વીછંદ'માં શ્રી. પૂજાલાલની કલ્પના ભાવનાઓ ભાતા-બંકે બાળક રમે તેવી આસાનીથી રમે છે, ને એની પ્રત્યેક ક્રીડામાં નિત્યનૂતન કાવ્યક્રીડા પ્રકટ કરે છે.

પૃથ્વીછંદને પ્રાધાન્ય આપનાર કવિતાશક્તિ જો પ્રતિભાસંપન્ન હોય તો જ તે છંદના ગૌરવયુકત પગલે પગલે એને છાજતી અર્થ-ગરિમા રમતી આવે. કમનજોર કાંડાં એ છંદના ગૌરવના ઘાતક બની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને કંગાલિયતના જ ચીંથરાં પહેરાવે. પૃથ્વીછંદને અધિકારી ખેલાડીની અપેક્ષા રહે છે. શ્રી. પૂજાલાલની કલમ અધિકારપ્રાપ્ત હોઇ એનું ગૌરવ રક્ષે છે, છતાં પૃથ્વીછંદના વાહન-સ્વીકારને એક બે અનિવાર્ય મર્યાદાઓ નડ્યા વિના રહેતી નથી: એક તો કંટાળો આપે તેવું એકસુરીલાપણું, ને બીજું સંસ્કૃતપ્રધાન શબ્દાવલિને પ્રતાપે ઊભી થતી દુર્બોધતા.

બેશક, શ્રી. ઠાકોર કહે છે તે સાચું છે કે 'કલાસૌંદર્ય બુદ્ધિ અને કલ્પનાના સુક્ષ્મીકરણે જ ગ્રાહ્ય બને તેવો વિષય છે.' અને શ્રી. ઠાકોરનો આ કટાક્ષ પણ કદાચ સાચો માની લઇએ કે 'આમવર્ગને નામે ઓળખાતી કોટિલક્ષાવધી જનતાને પણ સામાન્યમાંથી વિશિષ્ટ અને પામર પશુમાંથી સંસ્કારી માનવ બનાવવાને માટે તો અપ્સરાપ્રકૃતિ કલાઓનો અવતાર છે. આત્માના શ્રેયાર્થે ધર્મની ઉત્પત્તી પ્રવૃત્તિ છે, પણ તે શ્રેય ચિત્તંત્રના સુક્ષ્મીકરણ વિના અસાધ્ય. અને તે સુક્ષ્મીકરણનો કર્તવ્યપ્રદેશ જ કલાઓનો ઇલાકો છે.'

પણ અહીં પ્રશ્ન એ રહે છે કે 'સુક્ષ્મીકરણ' એટલે શું? પૃથ્વીછંદનાં ઉપરાછાપરી વળતાં ગુંચળાંમાં અટવાઇ જતા શબ્દોને અને શબ્દદેહી વિચારોને પકડવાની માથાકુટ કેટલી હદ સુધી કર્યા કરીએ તો 'ચિત્તંત્રનું સુક્ષ્મીકરણ' થયું કહેવાય?

સત્ય હોય તો તે આટલું જ, કે પૃથ્વીછંદપ્રધાન અથવા પૃથ્વીછંદ આજે જેનો પર્યાય બની ગએલ છે તેની દુર્બોધતાપ્રધાન કલાના ગ્રાહકો અતિ-અતિ જૂજ રહેવાના; એ એના ગૌરવની વાત ગણો ભલે.

મર્યાદાઓ જેની અનિવાર્ય છે, ને તાકાત પણ જેની અચૂક છે, તેવા આ પૃથ્વીછંદનું વાહન કરીને 'પારિજાત'ના શાયર પોતાનાં 'સોનેટ'ને વહેવા દે છે. અગાઉ કહેવાયું તેમ એ ભક્તકવિ આપણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાચીન કવિઓ 'સુબુધિ દે તું શારદા'થી શરૂ કરતા તેવી, ઝૂકતા આત્માની અદાથી, 'ભગવતીને', 'કલ્પનાને', 'સનાતન કુમારિકાને', 'માનસીને', 'તારો લહીઓ', 'અભીપ્સુ કવિ' વગેરે સ્તોત્રોમાં સરસ્વતીનું, વિદ્યાનું, પ્રતિભાનું, કવિતાનું આવાહન કરે છે: ઓ પરમેશ્વરી! મારા હૃદય-મંદિરે પ્રવેશ! મુજ બદ્ધ, પામર, દૌર્બલ્યથી ભરેલ સ્વભાવ તારી પ્રતિચ્છવી બની રહે તેવી રીતે તું મારા જ્યોતિનું નયન અમૃતના મહા અંબરે દોરજે. હે કલ્પના દેવી! મારું અતૃપ્ત માનસ હજુ કવિત્વને ઝંખી રહ્યું છે. હજુ મુજ આત્મા રસોન્મદ બનીને નવછંદદોલા પરે ઝૂલવા ચહે છે. તું અલોપ ન થજે, મારા કાવ્યઝરા મુકત કરજે. હે સનાતન કુમારિકા. તારા પ્રણયનાં શુચિ-કિરણ મને દે જેથી મારા મળ ટળે. કુમારાં પાવિત્ર્યો મારાં અણું અણુંમાં સુંદર સજી દેજે. હે પ્રજ્ઞા, હે કવિતા, મને ફકત તારો લહીઓ બનાવ—શુદ્ધ વાણીનો, અપૂર્વ તુજ છંદમયતાનો.

કવિનાં આ તમામ સંબોધનો ઉદ્બોધનોમાં મુખ્ય લક્ષ્ય છે શુભ્રતાનું, પાવિત્ર્યનું, સદભિલાષનું. પોતે પોતાની અંદરથી જાગતા કવિને પણ એ જ પૂછે છે કે, માનસીને તારા કાવ્યમંદિરમાં પધરાવવાના સદભિલાષ છે? પણ એ વિમલ માનસ-કમલમાં વસનારી, એ શ્વાસે શ્વાસે પરમાત્મનની સુગંધ લેહરાવનારી તારા મસીમય પ્રાણમાં પગ કેમ દઇ શકશે? દુર્ગંધમય વાતનો સમાગમ કેમ સહન કરી શકશે? 'મલે નહિ જ મંગલા આવશે.' એના ચરણનૃપુરોની અપૂર્વ રસ-સુરતા ને પ્રસન્ન વદન તો એ ત્યારે જ લાવશે જ્યારે તું—

લઈ સ્ફટિક-શુભ્ર અક્ષર અનંતમાં જે સ્ફુરે
બનાવ શુભ તેહનો નિલય!....

સુકવિ—સાચા કવિ—પ્રતિભાસંપન્ન કવિ બનવા માટેના આવા સદભિલાષો રજુ કરનાર કવિ ભકતની કોટિના જ હોવા જોઈએ. એને મન કવિતા સસ્તી બજારૂ, ચાહે તે વિષયને ડોળ્યા કરનારી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ કે તે હરકોઈ લાગણીઓને લલકાર્યા કરનારી શક્તિ નથી. તેમ કવિએ પોતાના આત્મામાં વસાવવી જોઈતી આ મંગલતા, આ શુભ્રતા ને આ શુચિ, એ પણ નર્યા ગગનવિહારોને આધીન નથી એ કવિ 'ગગનવિહારીને' કાવ્યમાં કહે છે. આકાશનાં જ્યોતિપુંજો મહીં જ રઝળતો ન રહેજો કવિ,—

પરંતુ ગગનો પરે રસસમાધિમાં ભૂલતો
રખે તું નિજ માત આ અવનિની જૂની વેદના,

×

સુદીનવદના ધરા સતત આશ તારી કરે;
ઉતાર રસજ્યોતિ ને અમૃત સૂરતા ભૂ પરે.

પૃથ્વીના પટ પરે જ એ તારી રસજ્યોતિને આખરે ઉતારજે:
'True the kindred points of earth and heaven'
એ કવિ વડ્ઝ્વર્થના આદર્શને આંહીં 'પારિજાત'નો પુજારી અપનાવે છે.

'પારિજાત'ના પ્રભુ–ઉપાસક શાયરની આ દૈન્યભરી વાણી, આ 'હીનની પ્રાર્થના' ક્યાં સુધી ચાલ્યા જ કરશે?–

કશીય નથી યોગ્યતા, અધમતા સ્વભાવે ભરી
છલોછલ: અતાગ છે મલિનતા છવાઇ ઉરે:

એવા એવા કંગાલિયતના ઉદ્ગારોથી કંટાળો આવતો હતો, ત્યાં તો નૂતન પ્રાણ–રવ સાંભળ્યો :

વિશાળ થઇ જા સ્વભાવ! સુવિશાળ આકાશની
સમાન અણુસીમ; મા રજકણે રુંધાઇ રહે
તમોજડ દશામહીં; કલુષ કાળના પાશની
નિવાર દૃઢ શૃંખલા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને કવિ-આત્માએ શાર્દુલ પેઠે કેશવાળી ખંખેરી:

નકામી આશંકા કૃપણ તુજને હાય! કનડે:

×

'સમર્પી સૌ દેને' પ્રણયપડઘો અંતર પડે,

પાંખો ફફડાવતું પ્રાણ-વિહંગ જોયું:

દેવને અપરિમેયનાં અરવ ગૂઢ આમંત્રણો:
વિહંગ! ભર ફાળ, લે ઝટ અતાગમાં ઊડણો.

અતાગમાં, અપરિમેયમાં, અનંતમાં ઊડવાની કવિએ ફાળ ભરી: ને એણે હાક મારી ચૈતન્યના આદિ-પાવકને:

ગુહાનિહિત આદિ-અગ્નિચિનગારી જાગી ઊઠો!
ઊઠો ભડભડી જ્વલંત નિજ અંગ વિસ્તારતી!
ઊઠો પરમ પાવકો! જડ સમાધિ ત્યાગી ઊઠો.

ઉર-આવેગના, કલ્પનાના, પ્રબળ વિચારોના સમુદ્ર-તલમાં મોતી વીણવા માટે—

સમુદ્ર ભણી ઊપડ્યા કમરને કસી રંગથી
અટંક મરજીવિયા ડગ ભરંત ઉત્સાહનાં;

×

ગયા ગરજતા અફાટ વિકરાલ રત્નાકરે;

×

અગાધ જળમાં, પ્રવેશ કીધ કાળને ગહ્વરે,
ખુંદ્યાં મરણનાં તમોમય તળો અને પામિયા
અખૂટ મણિમોતીકોષ, લઈ ઝહાર એ આવિયા.

ભક્તોની વાણીમાં વિક્રમ હોય છે. પૂન્નલાલની આ પંક્તિઓમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાણનો શૌર્ય–ટંકાર છે. પચેલું, જીરવેલું, સંધરી સંધરી ઘૂંટેલું કસુંબલ આત્મશૌર્ય આંહીં ઉચિત ઉચ્ચારણને પામે છે. વિચારોમાં નવીનતા ન હોવા છતાં ઉચ્ચારણનો મરોડ વાણીના ધનુર્ધારીને શોભવનારો છે.

એકસામટાં ચોપન સૉનેટનું આ ઝૂમખું આપનાર કવિ પૂજાલાલ પહેલવહેલા છે અને એમાંના બાર તો પોતાને અત્યંત આકર્ષી ગયાં છે એવું કહેતા પ્રસ્તાવનાકાર શ્રી. ઠાકોરે આમાં સૉનેટો પર ચર્ચા કરી છે. સૉનેટ નામના આપણે પ્રાંતે ઊતરી આવેલા નૂતન કાવ્યપ્રકારનો અભ્યાસ કરવાની પ્રચૂરસામગ્રી શ્રી. ઠાકોરે તેમજ શ્રી એટાર્ડએ આપણને પૂરી પાડી છે. હું પોતે તો આ ચૌદ પંક્તિઓના કાવ્ય–પ્રકાર વિષે ઝાઝું સમજતો ન હોઈ, એટલું જ કહી શકું છું કે એક જ કાવ્યભાવને, આટલા ટૂંકા કુંડાળામાં રસીલો આશ્વારોહી જેમ અશ્વ રમાડે તેમ પૂજાલાલ રમાડી જાણે છે. ધ્યાનચૂક થતી નથી. સુરતા સ્થિર રહે છે.

'બીજી કવિતાઓ' નામના બેઉ ખંડોમાં પણ સૉનેટોના ઘાટ રહેજે ઊતરી શકે તેવી ઊર્મિગીતોની કૃતિઓ છે. શિવાજીના જીવનનો પેલી નવાબની બેગમવાળો કિસ્સો વર્ણવતું કથાકાવ્ય છે, એવાં જ લાંબાં ઉદ્‌ગાર–કાવ્યો પોતાના પિતાને વિષે, દાદાની સ્મૃતિ વિષે, વિધવા વિષે પણ છે. એમાંથી 'દાદા'નું કાવ્ય તો બાલકોને કુમારોને સવેળા પાઈ દેવા જેવું છે. કૌટુમ્બિક ભાવોની ધરતીમાંથી ઊખડી પડેલા અત્યારના આપણા જીવન–રોપની ઉભયભ્રષ્ટ હાલતનો વિચાર કરીએ છીએ ત્યારે કમ્પી ઉઠાય છે. તેવે ટાણે આપણા નવીનો પોતાના યુગકાળથી તદ્દન જુદા ને વિરોધી યુગકાળમાં જીવી ગયેલાં સ્વજનોને—પિતાને, દાદાને, બાને, બહેનને, સર્વને કાવ્યમાં સ્મરી રહ્યા છે, સ્મરણોને અશ્રુભીનાં કરી રહ્યા છે: ને એવા સ્મરણોનું એટલું તો સરસ સાધારણીકરણ નિપજાવી રહ્યા છે કે આજની ભલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ પણ આવતી કાલની નવી પેઢી તો જરૂર પાછી રાષ્ટ્રજીવનના સબળ સ્વાભાવિક એકમ સમી કુટુંબ-સંસ્થામાં પુનઃ મુળિયાં નાખી શકશે. કવિ નાનાલાલની ગીતાના ભાષાન્તરવાળી અર્પણ--કવિતા, સુંદરમ્‌નું 'બાની છબી', ઉમાશંકરનું પિતૃશ્રાદ્ધ સારતું વેદનામય નાનું કાવ્ય, 'સ્વપ્નસ્થ'નાં બ્હેન-ચિત્રો ઇત્યાદિ અનેક અત્યારે યાદ આવે છે. એ બધાંને ભેગાં અવલોકતો એકાદ લેખ કોઈક લખવા જેવો છે.

શ્રી. પૂજાલાલે તો કાવ્યના પ્રારંભમાં જ એક આંખો સામે રમે તેવી દાદા-મૂર્તિ સરજાવી છેઃ

અમારા એ દાદા, વિપુલ વડના ઝુંડ સરખા
વિશાળી છાયાએ સકલ અમ સંતાપ હરતા,

નાનાં બાળકોને કુટુંબના તેમ જ શાળાના અનેક જુલમોમાંથી રક્ષા દેતા એ 'દાદા' ઘણી યે આંખોને આજે સજલ કરશે કેમકે—

હવે તો દાદાઓ દુરલભ થયા, દારૂણ સમો.

×

ગઇ મીઠેરી એ હૃદય હરિયાળી ઊડી ગઇ!
ભલાઈ, ભોળાઈ ગઇ! પ્રણયવેલી ગઈ બળી!
ગયા દાદા વ્હાલા અમ ભવનના શંભુ સરખા!

વૃત્તબંધો ઉપરાંત અન્ય અનેક કાવ્યપ્રકારોમાં પગલી પાડ્યા વિના રહી શકે એવું આપણા નવીનોમાં તો કોઇક જ હશે. પૂજાલાલનાં 'પારિજાત'માં અહીંતહીં થોડાં પદો વેરાએલાં પડ્યાં છે તે બતાવે કે જો ધારે તો આ કવિ જૂની સંતવાણીની લઢણમાં અનેરાં પદો ઢાળી આપેઃ

સચરાચરની પાળે રે અગમ એક ઓવારે
બેઠો છે માછીડો;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેચાતો રાખો રે મને કોઈ વેચાતો રાખો

×

કોણ આવશે રે ભાઈ લાંબી વાટે

અને છેલ્લે મૂકેલું—

જુગજુગનો હું જાચક ને તું દુનિયાનો દાતાર
રે હું શું આપું ?
હું રજકણમાં રુંધાઉં તું અનંતનો અસવાર
રે હું શું આપું ?

આ પદો દિલ પર ચંપાઈ બેઠેલા પૃથ્વીછંદનો બોજો થોડીક વાર હેઠો મૂકીને લોકવાણીના શીતળ છાંયડે વિસામો લેવરાવે છે. ઓ નવીનો ! કોઈ આવાં ઢળવાં પદો આપો, વિરાટ લોકસમૂહને લાગણી-ઓની સૂક્ષ્મતાથી વિહોણો ગણી ઉવેખો ના. તમે અજમાવી તો જુવો, આવાં પદોને સુરે સુરે હૈયાં થનગનતાં આવશે. આપણો લોકસમૂહ પામર નથી, ક્ષુદ્ર નથી, એ તો આપણી જુગ જુગ ઘુંટેલી સંત-વાણી લોકવાણીના સમૃદ્ધિ-ભંડારની વારસદાર જનતા છે, એનો સંસ્કાર તો અત્યારે ય સુષુપ્ત છતાં જીવતો છે. એને ન નિંદો, ન ધિક્કારો, આપણી નાદાર મનોદશાનું આરોપણ એમના પર ન કરો, આપણી વિમુખતાનો ચોર-કોટવાળવાળો દંડ એમના પર ન નાખો.

ભાઈ પૂજાલાલના ભક્ત-હૃદયને પ્રાર્થું છું, કે આટલી બધી ભાવના-સંપત્તિ અને પ્રબળ પ્રૌઢ ગંભીર કલ્પનાઓને વૃત્તોમાં વિક્રમશીલ છંદે વહાવનારી આટલી શક્તિના તમે સ્વામી છો, તો એકવાર આપણી સંતવાણીના સુકાએલાં નદીનિર્ઝરોને તમારા મેઘ-વર્ષણે નવપ્લાવિત કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યાસે કવિતા પ્રેરાવતા છંદો છે. યાદ કરજો, તમે એ વૃત્તોને તમારાં ગરુડ–વાહનો બનાવવા માટે કેટલાં વર્ષો, કેટલી શક્તિ, કેટલો મહાવરો ખેંચેલ છે! એ તમને અનાયાસે આકાશમાંથી નથી સાંપડ્યાં. એના જેટલું જ પરિશીલન જો પૂજાલાલ, સુંદરમ્, કે ઉમાશંકર આદિ ભાઇઓ લોકવાણીના પ્રકારોનું કરે, તો કબીર, રવીસાહેબ અને ધીરા ભોજલનો, દાદુનો, ને સુરદાસનો યુગ નવી ઝલકનાં લોક–પદો, નૂતન ભાવો ને કલ્પનાઓ વડે નવપલ્લવિત બને.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. રહસ્યવાદિની છતાંય વાસ્તવદર્શિણી

છેલ્લા એક દાયકાએ ગુજરાતી કવિતાના ઉપવનને નવાં જલ પિવરાવ્યાં છે. આપણી કવિતા યૌવનમાં પગલીઓ પાડે છે. ત્રણ મોટાં બળોએ એકત્રિત બની નવા કવિતાકારોને હલાવ્યા છે.

એક તો યુનિવર્સિટીઓના કાવ્યાભ્યાસ: બીજું લોકવાણીનાં સાહિત્ય પ્રત્યે આદર: ને ત્રીજું રાષ્ટ્રમુક્તિનાં આંદોલનોએ આણેલી નવદૃષ્ટિ ને નવમંથનો.

દેશસંગ્રામનાં જે ધોધમાર કવિતાપૂર થોડો વખત અહીં આવી ગયાં, તે પછીની 'નીતર્યાં નીર'ની કવિતા તો આપણને હવે મળવા લાગી છે. ને સારૂં થજો 'કાવ્યમંગલા'નું, કે તે પછી કવિતાકારોએ પોતાની કવિતાને વેરણછેરણ પ્રકટ થતી અટકાવી, સામટાં કાવ્યોના દળદાર સંગ્રહો આપવાની એક પરંપરા ઊભી કરી છે.

ભાઇ માણેકનું 'આલબેલ' કરાંચી નગરને સુયશ અપાવે છે. કર્તા ત્યાંની એક શાળાના આચાર્ય છે. વિદ્યાપીઠના યુવાન છે, ને શ્રી. કાકા કાલેલકરનું સંસ્કાર–બાલ છે. એમનું એક ખંડકાવ્ય 'ખાખનાં પોયણાં' થોડો સમય પૂર્વે બહાર પડેલું. એના સારા સત્કારે કર્તાને તે પછીનાં આજ સુધીનાં નવાં કાવ્યોનો સંગ્રહ કરવાની હિંમત આપી.

૧૯૩૨માં રચાએલું 'ખાખનાં પોયણાં' અને ૧૯૩૫માં રચાએલું 'આલબેલ' નામે ગીત: એ બે ગીતો વચ્ચેના ત્રણેક વર્ષોના ગાળામાં આ સંગ્રહના ૧૦૪ પાનાંની રચના સમાઇ જાય છે.

પુસ્તકનું નામ ઉપર કહ્યા તો 'આલબેલ' નામના સહુ પછીથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રચાએલા અંજની-ગીતે સુઝાડ્યું લાગે છે. એ ગીતમાં કારાવાસની એક મધરાતનું દૃશ્ય છે:

મધરાતે મારી કોટડીએ,
ધીમે પગલે, પ્રેમળ હૈયે,
પ્રકાશનાં પુષ્પો પાથરતા
પ્રીતમજી આવ્યા!

કારાવાસી બાલ-કવિની પાસે પ્રભુ પધારે છે તેનું વર્ણન રસાર્દ્ર છે:

નેણ ભીડેલાં નીંદર-ભારે
ચુમી પોપચાં પ્રભુ ઉઘાડે:
નવલખ ભાણ ઉગ્યા શું હારે
તુરંગ-અંધારે!

પ્રભુ આવ્યા હતા કેવળ પોતાના લાડીલાને માટે ઝૂરતો પ્રાણ લઈ એની સૂરત પીવાને. સંભાળ લઈને એ તો ગયા; ને પછી—

અંધારાનાં પૂર ઉછળ્યાં,
વીશ સંતરીસૂર ઉછળ્યા
તુરંગની ને મુજ આતમની
'આલબેલ' દેતા!

'આલબેલ' એટલે 'all well'; પહેરેગીરોનો રાત્રિ-પુકાર; એ શબ્દની કવિતા-સંગ્રહના પૂંઠા પર થયેલી પસંદગીમાં એ ધ્વનિ લાગે છે: એક તો એ કે આ ગીતો એક જાગ્રત આત્માના બોલ છે; ને બીજું, આ તમામ કૃતિઓમાં પ્રેરણારૂપે, છાયારૂપે, ભાવનારૂપે રમી રહેલ છે કારાગૃહનાં જ ઊર્મિ-સંવેદનો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ સંવેદનોમાં વારંવાર આપણને કોઈ એક 'મિસ્ટિક'નો—ભક્તનો, શોધકનો સાદ સંભળાય છે :

જાડી ભીતું તમે જાગતી રે'જો, જાગજો, જાડા ઉર!
જાડી જંજાળું, જાગજોઃ દેજો આલબેલુંનાં સૂરઃ
પ્રભુનાં પગલાં થાશે!
જાડપું આપણી જાશે

એ જેવી લોકભોગ્ય વાણીમાં, કે—

પ્રાણના કેલિકુંજોમાં પધારો પ્રલયાનલઃ
મન્વંતરો થયાં, દેવ, આપણે વિખુટા પડ્યા!

એ જેવી સાંસ્કારિક ઉક્તિમાં ગાયકને વિશ્વની કોઈ પરમ ચેતના બોલાવે છે. આવા 'મિસ્ટિક'ની—એટલે મર્મ–શોધકની અદ્દાથી જ કવિએ સિંધના મહામરમી શાહ અબ્દુલ લતીફની શૈલીએ ત્રિપંક્તિબદ્ધ દુહા રચી અજબ સફળતા જમાવી છેઃ

સળગે સૂના ઉરમાં સ્નેહની ધૂણી અખંડ
તણુંયા ઉડે ત્રિલોકમાં, પૂછે પિયુનો પંથઃ
બોળે ખંડેખંડ; દળવાદળ ગગને ચડ્યાં.

અને—

સર છલે, સરિતા છલે, ઉછળે સાયર નીર
ડોલે તરુવર, મોરલા બોલે ગદ્‌ગદ ગીરઃ
અંતર એક અધીરઃ સાદ ન સાજનનો સુણ્યો!

પછી એ જ આખરી બોલ ઉઠાવીને—

સાજન સાદ સુણ્યો નહિ, નવ જોગ તણી થઈ જાણ,
ખત ખબર કાસદ નહિ, નહિ આવ્યાનાં એંધાણઃ
અકળાયે અમ પ્રાણ, પુલકિત છાતી પૃથ્વીની!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવી લોકકાવ્યાનુકારી રચના કેવળ અનુકરણથી જ સફળતા નથી પામી શકતી. એની સિદ્ધિ કવિના અંતરતમ પ્રાણમાં હોવી જોઈએ તે અહીં છે.

ગાયકનાં આ 'મિસ્ટિસીઝમે' પાર્થિવ જનતીય પ્રેમને પણ નવી ખુમારીથી રંગ્યો છે. 'આખનાં પોયણાં' અને 'સ્મૃતિપરાગ'ની લાંબી લાંબી કૃતિઓ ઉપર પ્રિય-પ્રિયાનો ગાઢ સંબંધ વ્યાપી રહ્યો છે:

નિરખી'તી ન તને, સખી, જ્યાં લગી
અસત સ્વપ્ન હું ત્યાં લગી માનતોઃ
જગત-જાગૃતિમાં નવ તું સમી
ઉતરી'તી મુજ લોચન માર્ગમાં.

એવી કોઇ પ્રેમ-સખીના લાલનમાં, તેમજ પ્રેરણામાં જીવનની પ્રેયતાના શ્રેયતાના પાઠો ભણતો કવિ પ્રિયા પાસેથી બોધ પામે છે કે, સ્વપ્નમય જીવન સમેટીને જગત-જંગમાં ઝુકાવજે. એ ધમસાણની ધૂળમાં, ને એ મસાણની ખાખમાં—

કણીકણી થકી પ્રાણ પ્રફુલ્લશે,
પ્રગટશે, પ્રિય, આખથી પોયણાં.

પરંતુ છેલ્લે કવિ ઝૂરે છે, કે ધમસાણો થઈ ગયાં; તું તો ગઈ—

તું ગઈ, સ્વપ્ન ગયાં, સુખડાં ગયાં,
જખમ જીર્ણ રહ્યા, ઝૂરવાં રહ્યાં,
કરુણ અશ્રુ રહ્યાં, ડુસકાં રહ્યાં—
પ્રગટિયાં નહિ આખથી પોયણાં!

પ્રેમ-શ્રેય બન્નેના પ્રતીકરૂપ આ કવિ-પ્રિયાની અસરોએ આ આખા જ સંગ્રહની ભાતભાતની કૃતિઓમાં એક ન કથી શકાય તેવી 'લાલપ' તરવરાવી છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેખકની વાણી છંદમાં આસાનીથી સરે છે, ને ગુરુલઘુનાં ટેકણેાથી લગભગ મેાકળી રહેલ છે. ઊર્મિઓનાં ગાઢાં મંથનેા ઝીલતું એનું કાવ્યતત્ત્વ ભાષાના વિચિત્ર પ્રયેાગેા વચ્ચે કયાંયે અટવાતું નથી. અરે, 'ગર્વ તું ગુર્જરી તણેા!' એ રમુજ–કાવ્યમાં છેક જ કાવ્યહીન ધરગથ્થુ પ્રયેાગેાને એમણે કેટલી ફાંકડી રીતે પ્રવાહી બનાવ્યા છે!

ભાષા અને ભાવની સમૃદ્ધિઓને આટલી સ્વાભાવિક આસાનીથી છંદે ગૂંથી જાણનારા, ને કવિતાને સુગેય સડેાલનવતી બનાવી શકનારા આપણે ત્યાં થેાડા છે, એનું એક કારણ તેા ભાઈ માણેકની શિષ્ટ ગીર્વાણ, તેમજ સાદી બેાલાતી, બન્ને વાણીઓ પરની પ્રભુતા છે. લેાકભાષાએ એમને એક જીવતેા શબ્દકેાષ આપ્યેા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. કૌમુદી—અસ્ત સાગરની અમાસ—ભરતી

શિલ્પીઓ અલગારી હોય છે. એનાં 'સ્ટુડીઓ'—કલાખંડો તમે જોયાં હશે. આંહીં એકાદ પૂતળું છેલ્લા લપેટાની રાહ જોતું પડ્યું હોય, તહીં વળી બીજી આકૃતિ નાક-કાન વિહોણી ઊભી હોય, ત્રીજે ઠેકાણે લોંદાઃ ચોથે રથળે હાથ પગ નીકળવાની મૂંગી આશા સેવતા માટી-પીંડા.

પહેલી દૃષ્ટિએ બધું અસ્તવ્યસ્ત ભાસે, દાળદરી કલાકાર વચ્ચે બેઠો, લધ્ધર-વધ્ધર વેશે, બીડીના ધુમાડા કાઢતો, ગપ્પાં ફેંકતો ફેંકતો, કોઈક પૂતળાને એકાદ પીંડો ચોટાડતો તો બીજા કોઇ બાવડાને લેપતો, કયારે કઇ કૃતિ પૂરી કરવાની છે તેની દેખીતી કશી બેવના વગરનો દિવસોના દિવસો ખેંચતો હોય છે.

એકાએક કોઈક કલાપ્રદર્શનમાં એની કૃતિ આપણી સામે હસતી પ્રકટ થાય છે, ત્યારે સમજ પડે છે કે વર્ષો સુધીનું એ અલગારીપણું કોઇ ચોક્કસ નિયમબદ્ધ તાલબદ્ધ સર્જન-પ્રવૃત્તિનું ઢાંકણ માત્ર જ હતું.

આ સડસડ કાવ્યકૃતિઓના સર્જકની આપણને વાર્તા, વિવેચન, તેમ જ કટાક્ષાત્મક નિબંધકૃતિઓના ક્ષેત્રમાં સારી રીતે પિછાન છતાં, કવિતાકાર લેખે સમગ્ર સ્વરૂપે એમને પહેલી જ વાર મળીએ છીએ. અને આપણામાંના ઘણાખરા તો એમના આંહીં કહ્યા પરથી જ જાણવા પામીએ છીએ કે એમની કવિતા-સર્જનની પ્રવૃત્તિ છેલ્લાં સોળ વર્ષોથી ચાલી રહી છે.

એટલે અર્થ એમ થાય છે કે શ્રી પાઠક કવિ નથી આટલાં વર્ષોથી

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેવળ સિત્તેર જ નાની મોટી કાવ્ય–રચનાઓનું રચાવું કોઈને કવિ ઠરાવી શકતું નથી. આઠ દસ વર્ષોના ગાળામાં ફક્ત બે જ ખંડો ટૂંકી વાર્તાઓના આપનાર 'દ્વિરેફ'ને આપણે વાર્તાકાર પણ ન કહી શકીએ. ખાસ પ્રયોજન વગર વિવેચનના ક્ષેત્રમાં પણ તસ્દી ન લેનારી આ કલમ એને વિવેચકનું બિરૂદ અપાવી શકે તેટલું ઉપાર્જન એ ક્ષેત્રમાં પણ નથી કરી શકી. પાઠકનો ધારાવાહી સ્વધર્મ અથવા પ્રાણપ્રેરિત વ્યવસાય તો અધ્યાપકનો છે.

પાઠક સાચા શિક્ષક છે, કેમ કે એ ચિંતક છે. રહસ્યવેત્તા છે. શોધક છે. સાહિત્યના એકે ય પ્રકારની પાછળ પાઠક પ્રેમી, પાગલ કે શિકારીના તોરથી પડેલા નથી. પણ કલાના, હરકોઇ પ્રકારે પ્રકટ થતી કલાના, એ ભોક્તા છે. ઉપભોગ કરતાં કરતાં પોતાની રસેન્દ્રીયને સુસજ્જ, શાનદાર, અથવા મર્મગ્રાહી બનાવવા પુરતા જ સર્વ સાહિત્ય –પ્રકારોને એ ખેડતા હોય તેવું મને તો લાગે છે.

પાઠકની સર્વ સાહિત્યપ્રવૃત્તિની પાછળ ઉપર કહ્યા તેવા અલગારી શિલ્પીનો પ્રાણ છે. કવિતા ક્ષેત્રે પણ એમ જ બન્યું હોવાનું એમના જ નીચલા એકરારમાંથી સ્પષ્ટ થાય છે:

'કાવ્યોના પ્રેરણાભૂત સંસ્કારો અને કાવ્યનું વાણીમાં પ્રગટ થવું, તેમજ કોઈ વાર કાવ્યનું અસ્પષ્ટ નિરૂપણ સ્વરૂપ અને તેનું વાઙ્મય ઘડતર તેમજ કોઇ વાર કાવ્યનો પ્રારંભ, આડાઅવળા ટુકડા અને તેની સમાપ્તિ, એ બે વચ્ચે એટલું અંતર હોય છે કે તેની સમાપ્ત થવાની કે પ્રગટ થયાની તારીખો આપવાથી કશું ખાસ અનુમાન થઇ શકે નહિ.'

એનો સાર એ છે કે 'શેષ' કવિ નથી, પણ કાવ્યના ઊર્મિ-સંયમી અને ચાતુર્યસેવી રસભોક્તા છે.

સોળ વરસની સડસઠ કૃતિઓ: તેમાં લાંબામાં લાંબી પંચાણું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંક્તિની અને ટુંકામાં ટુંકી બબ્બે લીંટીઓની, બધીનો સમાવેશ થાય છે. તેમાં ગરબા ને ગરબીઓ છે, પ્રભુની પ્રાર્થનાઓ છે, છંદબદ્ધ આત્મ-મંથનની કૃતિઓ છે, મર્મચતુર અને કટાક્ષાત્મક પ્રસંગોચિત રચનાઓ છે, એક તો અપદ્યાગદ્યનો પણ અખતરો છે. રમતિયાળ પાઠકની આ પ્રયોગશાળા છે. કોઇ મુકરર સંપ્રદાયના એ અનુયાયી નથી. વખતસર ન ઝિલાય તો ઝલકાઈને ઢળી જતા એવા કોઇ દુર્દમ્ય ભાવના-ધોધને શમાવી લેવા માટે નિર્માણ પામેલ સરોવર જેવું, બલ્કે એ હાથના ખોબા જેવું પણ આ કોઈ કાવ્ય-સર્જન નથી. પાણીની પરબ-ઝૂંપ-ડીએ ખોબા ધરીને ઘટક ઘટક ઘટકાવતા કોઇ બળબળતાં રણમાર્ગી પિપાસુની આ કવિતા નથી.

આ તો જાણે કોઇ ધરાએલો મુસાફર, કવિતાની હિલોળા લેતી વાવમાં હેરથી હાથપગ ઝબોળતો બેઠો છે. ઝબોળી ઝબોળીને કોઈ પાસે ઉભેલાઓ પર ઝાલકો નાખે છે. પૂરી લજ્જત અને ખુમારીમાં મસ્ત બેઠેલો મુસાફર છે. મુસાફર જ છે એ કવિતાનો: એને કાવ્ય-જગતના મિનારા કે ઝૂંપડાં બાંધતો મજુર અથવા એ ઇમારતની અટારીઓ પર લટાર મારતો માલિક એમાંથી એકે ય ન કહી શકાય.

પણ મસ્ત મુસાફર બનવું શું સહેલું છે? કેટલાં સંવેદનોને પાર કર્યા પછી એ મસ્તીને પમાય છે! આત્મોદ્ગારના કૌમુદી-કિરણ સમું એનું અર્પણ જેવું કાવ્ય કવિ-જીવનને 'કૌમુદી અસ્ત' તરીકે ઓળખાવે છે. અમાસની ભરતી ઉછાળતા ઉદધિની જેવી જ જીવનની સરખામણી છે. કૌમુદી લુપ્ત થઇ જતાં, ઘનઅંધાર ઊરે વ્યાપતાં, ઉદધિને અમાસની પાછી ભરતી શા માટે ચડે છે? કવિતાકારનો નિજ કલ્પ્યો જ એ ખુલાસો છે કે—

ઉદધિને ગત પર્વ સાંભર્યે,
ભરતી પાછી અમાસની ચડે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સખિ ! એમ કદી કદી મને
મુજ આ કૌમુદી–અસ્ત જીવને
ઉર આવતી ઊર્મિ ઊછળી,
બનતી સાર્થક તું ભણી ઢળી !

આટલી સુંદર કલ્પના શું આપણા કવિતા–ક્ષેત્રમાં આ સૌપહેલી નથી ? આ કૃતિ સંવત ૧૯૯૨ના હિસાબે તાજી છે. કવિતાકારનું જીવન કૌમુદી–અસ્ત થયે એકાદ વીશી વીતી ગઈ હતી ત્યારે.

આવાં 'સખીને' સંબોધેલાં કાવ્યો તપાસતાં ભાળ મળે છે કે જીવતી માનવ–સખીથી ચિરવંચિત રહેલા કવિના કૌમુદી–અસ્ત જીવનમાં જગત–સૌંદર્ય સમજવાની શક્તિરૂપી સખીનું સખ્ય ચાલુ છે. એ સખીનો એકવારની પધરામણી કવિએ સાતમી કૃતિમાં રાસરૂપે ગાઈ—

સખિ ! આજ તારે પાલવડે
નવરંગી ઝીણા મોર રમે !
સખિ ! આજ તારા સ્પર્શ થકી
જો ! જડ પણ સુંદરતા જ ઝમે !

પણ એ સખી તો વિરલ આગંતૂક છે. સૌંદર્ય–પરખની શક્તિ તો પરદાનશીન છે. પાછી તો એકલયાત્રા જ કરવાની છે. પાઠકને એ સખીનું સખ્ય વિરલ છે.

ત્યાંથી આગળ ચાલીને હું પાછો કવિતાકારની 'સખી'ને શોધું છું. સખીને સંબોધ્યાં કાવ્યોમાંથી હું એના સંસાર–જીવન પ્રત્યેના સૌંદર્યભોગી વલણનો પરિચય કરવા પ્રયત્નશીલ છું. ને 'એક સંધ્યા'વાળું, હજુ તો ૧૯૯૩નું જ તાજું દંપતી–કાવ્ય નમૂનારૂપ છે. સંધ્યાના અંતરમાં એકાંત રચી રહેલ અંધારા વચ્ચે, એક યુગલે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામાન્ય આરો તજીને જરા ઉપરવાસ જઈ, ઊંડાં નદી–નીર ઉતરતાં ઉતરતાં જે ધીરી ધીરી વધતી જતી, વ્યાકુલ કરતી તીવ્ર ક્ષુબ્ધતા અનુભવી છે, તેનું આ વર્ણન, કાન્તના 'વસંતવિજય'ની કલાને સ્મરાવે છે. એક કાંઠેથી બીજા કાંઠા સુધીનાં જ જળ ઓળંગવાનો એ અનુભવ પૂરો થાય છે, અને સખીનો સાળુ અણુભિંજ્યો રાખવા સખાએ પોતાને અધે ઉપાડી લીધો છે તે જ્યારે સખી દૂર હટીને માગે છે ત્યારે—

ખલેથી લઈ ઉકેલી એં, ઓઢાડ્યો ત્યાં સરિત્તટ,
ઓઢાડે જેમ આકાશ પૃથ્વીને રજનીપટ !

કવિતાકાર આપણને આ કાવ્યના વાચ્યાર્થથી વધુ ઊંડે ઊતરવા કહે છે. શા માટે ? શું આ કોઈ રૂપક છે ? સૂર્યાસ્ત એટલે જીવનનો શેષકાળ, સરિતા એટલે પ્રીતિ, આરા એટલે પુણ્યપાપના, વગેરે વગેરે ? પણ શા માટે આમ રૂપકમાં ઘટાવવું ? જે મોજુદ જડે છે તે દૃશ્ય શું ઓછું સુંદર છે ! કાવ્યમય ચમત્કૃતિની એવી કઈ કમીના એના વાચ્યાર્થમાં છે, કે હું ધ્વનિને ઢૂંઢતો ફરું ?

સુર્યાસ્તના એ સરિત–તટ પરથી સીધેસીધા સત્તરમાં કાવ્યના ગૃહ–ઉજાસમાં આવીને આપણે ઊભીએ છીએ. જુવો રે જુવો, છાનામાના કોઈ જાળિયેથી જુવોઃ 'મંગલ ત્રિકોણ'નું આ દ્રશ્ય નિરવ પગલે નિહાળો. તમે સો સો વાર જોયું હશે તેનો આ પહેલકી વારનો સાચો સાક્ષાત્કાર કરોઃ

મારા સુણી ઓળખીને ટકોરા
ઢારો ઉઘાડ્યાં ક્ષણમાં સખીએ,

કેવી એ સખી ?

થોડા થયાં માસ બની'તી માતા
વાત્સલ્યથી જે નમણી વિશેષ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પતિ પૂછે છેઃ કાંઈ નવીન ? પત્ની કહે છેઃ હજુ હમણાં જ બહાર ગયા હતા ત્યાં વળી નવીન શું ? પણ હતું, હતું એક નિત્યનવીન !

ત્યાં બંડમાં, અદ્ધર બેઉ પાય
અફાળવાના થડકાથી કંપતો,
અર્ધો હસ્યાનો, અર્ધો રડ્યાનો,
—શું ભાખતો જિંદગીનું રહસ્ય—
શિશુ તણો એ સ્વર સંભળાયો !

થયો, આ નવીનઃ બાળકનો પુકાર લાંબો બન્યોઃ અરે જુવો, ખૂબ રડે છેઃ જન્મ્યો કંઈક થયું હશે. થવાનું શું હતું ? તમારા જેવો પાજી થયો છે એ તો અત્યારથી. અને—

સમાય બીનસ્વર જેમ બીને,
તેવો શમ્યો માતાની ગોદમાં એ.

બીન વાદ્યમાં એનો સ્વર શમે તેમ માની ગોદમાં બાળક સમાય, એવી ઉપમા વિરલ નથી લાગતી ! પછી પત્ની પતિને પાસે બોલાવે છે. પતિ કેવું દ્રશ્ય નિહાળે છે ?

જેવું સવારે હિમકેરું બિન્દુ
કો પુષ્પોકોષે જઈને ઠરી રહે,
જેવું પીને પુષ્પમધુ પતંગ
પુષ્પે જ થઈ શાંત અને પડી રહે,
તેવો હતો ગોદ મહીં જ ઊંઘતો.

એ કલ્પના પણ રખે કદીક હલીચલી જાય એ બીકે હું કશું જ ન વિવેચતાં તમને ઝટ ઝટ જોવા કહું છુંઃ જુઓ, માતા ધીમે રહી એને જમીન પર મૂકી, ઊઠે છે. ચોઢેલા બાળ પર પતિ-પત્ની સામસામાં બેસી બોલે છે—કેવાં દીસે છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેઘો ચડે સામસામી દિશાથી,
ચડી, મળી મધ્યનભે, લળીને,
પૃથ્વી પરે અનાધાર વર્ષે,
તેવાં અમે સામસામેથી ઝૂક્યાં
ાશશુ પરે, ને વરસ્યાં સહસ્ર
ધારો થકી અંતર કેરું હેજ.

×

ને ત્યાં અમો બેઉ અને શિશુનો
બની રહ્યો મંગલ એ ત્રિકોણ!

સંસાર-જીવનને શું ભૂમિતિ છે? પેલા 'દુષ્ટ શાશ્વત ત્રિકોણ'થી અનેરો કેવો આ મંગલ ત્રિકોણ છે!

પછી એક દિવસ સખીનું 'છેલ્લું દર્શન' કરી લેવાને આવે છે, અને પ્રબલ, પૌરૂષવંતા, 'મૃત્યુમાંથી માંગલ્ય તારવતા' શેષ એ સખી-શબ પાસે બેસી આપ્તજનોને વારે છે કે—

ધમાલ ન કરો—જરાય નહિ નેન ભીનાં થશો,—
ઘડી બ ઘડી જે મળી—નયનવારિ થંભો જરા,—

વિરહ-સંતાપના ધમપછાડા અને વ્યવહાર-વિધિઓના ઉપચારો ન કરો કોઈ, એ સૌંદર્યની સમક્ષ બધી માંગલ્યની સમૃદ્ધિ ધરી દો, ધમાલ ન કરો, ન રડો કારણ—

મળ્યાં તુજ સમીપ અગ્નિ! તુજ પાસથી જૂદાં થિયે
કહે, અધિક ભવ્ય મંગલ નથી શું એ સુંદરી?

જે અગ્નિની સન્મુખ જોડાયાં હતાં તે જ અગ્નિ સામે વિખુટાં પડીએ છીએ. હે અગ્નિ! એ સુંદરી શું વધુ મંગલ ને ભવ્ય નથી બની ગઈ? કહે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદાય દીધા પછી કવિ ઊષાને છોડી સંધ્યાના પૂજક બને છે, ગુલાબોના કરતાં નિશિગંધા પુષ્પને વધુ ચાહતા થાય છે, કારણ કે જીવનની આખરી સંધ્યા આવશે ત્યારે ભૂતકાળનાં સહચાર–સ્મરણો રજનીગંધા જ મહેકી રહેશે. શ્રી. શેષ આ રીતે સ્મરણોના જ પ્રેમી બનીને શૂન્ય જીવનને ભરપૂર બનાવી રહે છે. 'માઝમ રાત'ના સૌંદર્ય નિહાળીને પણ એને થાય છે કે પોતાની સહભાગી બનીને સખી પણ આ બધું નિરખતી હશે. કેવી રીતે?–

સખિ ! આ નિર્ઝરતું સૌંદર્ય તું એ જોતી હશે, રે લોલ
આડું આવતું પાંપણ બિન્દુ તું એ હોતી હશે, રે લોલ

એમ કહીને પાઠક કલ્પે છે કે, હે સખી, આપણી વચ્ચે કાળનાં ઘેરાં દુસ્તર નીર વહે છે છતાં આપણે દૂર રહી અદ્વૈત અનુભવીએ છીએ. આપણું સહજીવન એ કાળનાં નીર વડે વધુ શુદ્ધ થઇ રહેલ છે.

શેષનું તત્વજ્ઞાન મુવાંને વીસરવા જેટલે ઊંચે જતું નથી. પોતાનાં સુખદુઃખનાં અનુભવોમાં ગતાત્માને પણ એ ઝકડતું રહે છે. વિગતને એ પાછા આવવા સાદ પાડે છે. એ પુકાર વધુ સંવેદનમય બને કેમકે–

ના બોલાવું તુજ સહ ફરી મ્હાલવા સ્હેલગાહો,
ના લેવાને મુજ વિકટ મુશ્કેલીઓમાં સલાહો,
ના કે તારા દરસથી તૃષા ચક્ષુની કૈંક છીપે,
કિંતુ ગાવા તુજ વિરહનાં ગીત તારી સમીપે.

આટલી તો તમન્ના રહી જ ગઈ છે.

કવિ પોતાને 'દરિદ્રી જન્મોનો' ગણાવીને પ્રજ્ઞ–જીવનમાં આવેલી મહાન ચેતનાપૂરક હીલચાલને નીહાળે છે. એ ચૈતન્યની ડંકા–બજતી ગગન ગજવતી સ્વારીની સમીપ પોતાના યુગોસૂતાં જીવન–ઉપવનનાં નવાં પાંગરેલાં શક્તિ–પુષ્પોને લઈ વધામણે ઊભો રહે છે. પણ ચેતનાની એ સ્વારી ઝરાઝર પાસે થઇને નીકળી ત્યારે જ એની મૂઠી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સખ્તપણે બિડાઈ જાય છે. શક્તિ-પુષ્પો સમર્પી શકાતાં નથી, દિલ ચોરાઇ જાય છે.

એવું શક્તિહીન હૈયું પોતાના જીવનદિનના અસ્ત સમયે આ વિશાળ વિશ્વમાંથી બસ, ફક્ત—

અજાણ્યું અહીં આવી માગું બસ રાતવાસો જ હું.
વિશાળ તમ હર્મ્ય માંહી કયહીં કો ખૂણો સાંકડો,
થશે મુજ જઈફ કેરી મૂઠી દેહને પૂરતો.

એટલા આશ્રય માટે પણ એ આ વિશાળ જગતનાં હર્મ્ય-વાસીઓનો જિંદગીભર ન ભુલાય તેવો પાડ માને છે. શેષના વિશ્વ પ્રત્યેના આ વલણમાં કેટલી સહૃદયતા છે!

એ જ વલણ વધુ સ્નિગ્ધતા બતાવે છે 'વિદાય લેતાં' કાવ્યમાં. મુંબઇના મહિલા વિદ્યાલયમાંથી વિદાય લેતાં એ વિદ્યાર્થીનીઓના ગુણો ગાય છે:

આવી ચડ્યો હું અહિયાં અકસ્માત્.
તમે દીધું સાંત્વન, દીધું ઠામ,

×

નર્તી રમી હાસ કરી હસાવ્યો,
ગાઈ અને ગાન મને કરાવ્યું.

અને શિક્ષક તરીકેની પોતાની ન્યૂનતા કબુલે છે કે—

તમારી મેળે વનમાં ચર્યાં છો,
તમારી મેળે ઊડીને ફર્યાં છો.
ન બાહ્ય આપત્તિ શકયો છું વારી,
અંતર્વ્યથા તો શકું કેમ ટાળી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજું જ ના તો?–સમજાય શેણે
–તમે રહ્યાં પંખી–હું પાંખહીણે?

દુઃખમાં આખરે વિશ્વ પ્રત્યેની સ્નિગ્ધતા ને સહાનુભૂતિ એટલા ઓતપ્રોત બની જાય છે કે પોતે પોતાનો જીવન-વેદના પર ચુપકીદીની મહોર લગાવે છે–પુછનારાઓને એ કહી દે છે કે 'મને કંઈ પુછો ના! તમારા પ્રશ્નો મારા બિજાપુરી ઘુમ્મટશા હૃદયમાં પેસી જઈને ચોપાસેથી અવાજો જગવે છે, ઘુમ્મટ ડગવા લાગે છે. મને કંઈ પુછો ના!' આ કાવ્યનો રચના-કાળ શેષના જીવનનો કટોકટ કાળ હશે.

શ્રી. શેષની છેલ્લી વિનંતી, 'જ્યારે આ આયખું ખૂટે'વાળા પદ્યમાં પ્રગટ થાય છે, એ એમની ફિલસુફીનો અર્ક છે. એમાં પોતે કાળ પાસે આટલું જ માગે છે:

જેવી રીત માત નીંદરતું બાળ
ધીમેથી અંકમાં લીયે,

×

જેવી રીત બાપ બંબેરી ધૂળ
બાળકના શીષને સુંઘે,

×

જેવી રીત માળી બરેલાં પાન
કયારામાં વાળી લીયે,
નવા અંકૂર પાંગરવા કાજ
એ પાનને બાળી દીયે;

તેવી રીતે મને ઉપાડી લઈને—
તેમ મુજ જીવનના સૌ શેષનું
કોઈને ખાતર કરજે,
કોમાં નવજીવન ભરજે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેષનું આ કાવ્ય ગીતાંજલિના છેલ્લા પદ 'દિવસ જદી સાંજ હલો'નું સ્મરણ કરાવે છે.

શેષ વૃત્તોની રચનામાં જે આસાની બતાવે છે, તે લોકગમ્ય તેમજ લોકોત્તર ભાવોનું રૂડું સંમિશ્રણ કરી શકે છે, તેવા સંમિશ્રણની એનાં લોક-ઢાળવાળાં પદોમાં કચાશ રહી જાય છે; નહિતર 'જ્યારે આ આયખું ખૂટે'ના પદમાં તેમણે બીજી સાદી ઉપમાઓની જોડે 'જેવા કવિના બસ જરા એક શબ્દને સ્પર્શે' જેવી ઉપમા ન જ મૂકી હોત. ઉપમાઓની એકધારી સરલતા ખંડિત થઈ છે, તે ઉપરાંત શબ્દરચના સંગીતવિહોણી ને કર્કશ ક્લિષ્ટ બની છે.

શેષનાં આત્મલક્ષી કાવ્યોને છોડતાં બાકીના બે પ્રદેશો ઘૂમવાનું રહે છે: એક એમનાં પ્રકૃતિસૌંદર્યનાં પ્રશસ્તિ ગીતો, ને બીજી એની હાસ્યરસિક રચનાઓ.

કરૂણનો પૂર્ણ પ્યાલો પીનાર કવિ હાસ્ય તરફ આટલા અભિમુખ થઇ શકયા, એ હાસ્યને કટુતારહિત, કલેશરહિત, માનવતા પ્રત્યે સ્નિગ્ધ અને મર્માળુ કરી શકયા, તે પણ મને તો લાગે છે કે પરસ્પરવિરોધી ગુણોનું દર્શન નથી પણ પચીને એકરસ બનેલા કરૂણનું જ રૂપાન્તર છે.

પોતાનો મધુ-સંસાર હારી બેઠેલા કવિ 'મને કંઇ પુછો ના' એવા ઉકળાટમાં અણગમા અને કંટાળાની સીમ સુધી પહોંચીને દ્વેષ્ટા —'સિનિક' થતા થતા બચી ગયા જણાય છે. અને માણસ દ્વેષ્ટા બનતો બચે એટલે સીધો વિશ્વપ્રેમી જ બને એવી એ ઉકળાટની ભૂમિકા હોય છે. પાઠકે પોતાના જીવનના ઝરી ગએલા હાસ્યને અન્યના જીવનમાં કુસુમિત કર્યા: જુઓ નટવરલાલજીનો ગરબો :

એમાં ખીચડી મૂકવાનું ફરમાવીને વહેલો વાળુ કરવા આવવા છતેજાર વર મિત્રોની સોબતે સિનેમા જોવા ચડી જઈ અધરાતે ઘેર પાછો આવી બંધ કમાડ બહાર લાચાર ઊભો થઇ રહે છે, ને સાંકળ ઉઘડાવવાને ખાતર અંદરથી સમજી લેતાં ... 'કરશું'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેટલી હદ સુધી આધીન બને છે ત્યારે આપણે અણકલ્પી એવી સ્થિતિ કવિ ઉપજાવી શકે છે:

મહીંથી દીધી નથી રે બ્હારની સાંકળ ઉઘાડી આવો.

આવું મીઠું ને મૌલિક ટીખળ તો લોકગીતને જ શક્ય છે. જીવનનો સાચો હાસ્યરસ, કરુણના કરતાં ઘણો વધુ દુઃસાધ્ય છે. શેષને એ જેટલો સુસાધ્ય બન્યો છે તેટલો બીજા થોડાને જ થયો હશે.

'રાજપુત ટેક'ના દુહા તો મધ્યકાલીન ક્ષિશિયારીને આગ લગાડે તેવા ધગધગતા છે. દુહાનું અનુકરણ આસ્વાદ્ય છે:

સાંભળો છો કે શાયબા, મારી કાયા કરમાણી,
એક માખીને કારણે, મારી ઊંઘું વીંખાણી.

વૈશાખના વસમા દા'ડે વાયરો રહી ગયો, રજપુતાણીને મોંએ માંખ બેઠી, રજપુત એની ઊંઘની રક્ષા ન કરી શકયો, રજપુતાણી રિસાઇને ચાલી ગઇ. ચારણે રજપુતની 'મૂછોના મરડ' પર ફિટકાર સંભળાવ્યો—અને રજપુતે આ મેણાથી પોતાને મુકાવવા ઘા નાખી કે,

વારે ઘાએ વીઠલા !

પરાકાષ્ઠા તો આંહીં આવે છે: 'વીઠલો' એટલે પ્રભુ નહિ, પણ વાળંદ! બસ જે મૂછ પર મેણું આવ્યું તે મૂછ જ રજપુતે વીઠલા પાસે મુંડાવી નાખી.

'થાકયાં આવડું બૈરીથી', 'માંદગીને', 'કોઈ કહેશો' વગેરે કાવ્યો માનવપ્રેમી નર્મરસના ન ભૂલીએ તેવા નમૂનાઓ છે. કરુણ અને હાસ્ય, જગજ્જનનીનાં એ બંને સ્તનોનું પયપાન કરીને શેષ માનવપ્રેમી કવિ બન્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. યુગમંથનો ઝીલતી મનોભૂમિકા

કવિનો આ પાંચમો કવિતાસંગ્રહ છે. આ સંગ્રહના એકાણું કાવ્યો પૈકીનાં મોટા ભાગનાં ૧૯૩૩થી ૧૯૩૮ના વચગાળામાં રચાયાં છે. કાવ્યસર્જન જેનું કાયમ ચાલુ જ હોય તેવા ગણ્યાગાંઠ્યા કવિઓમાં સુંદરમ્‌નું સ્થાન મોખરે છે. પ્રેમ, મૈત્રી, નિસર્ગોપાસના, પરિહાસ અને ચાલુ યુગભાવોના પ્રત્યાઘાતો ઝીલતું આ કવિહૃદય સદા તાઝગીભર્યું છે, દિન પરદિન એની કલ્પનાયુક્ત રસિકતા અને વિદગ્ધતા કાવ્યનાં ઉન્નત શિખરોને સર કરતી રહે છે. એમની કાવ્યપ્રતિભા સર્વતોમુખી છે. એટલે '૩૮ પછીનાં કાળમાં પણ એમની ઘણી રચનાઓ નીપજી હોવી જોઇએ.

'વસુધા'નું અર્પણ 'મારી કવિતાના અને મારા પ્રથમ તથા પરમ સુહૃદને—બચુભાઈ રાવતને' એ શબ્દોમાં થયું છે, તે સર્વ રીતે ઘટિત છે. નવી કવિતાનાં ઘોડીઆં હીંચોળનારા હાથ ગુજરાતમાં મુખ્યત્વે શ્રી. બચુભાઈના છે. પોતાના માસિક 'કુમાર' દ્વારા, પત્ર-વ્યવહાર દ્વારા તેમજ છેલ્લે છેલ્લે તો કવિઓના અભ્યાસ-મંડળ દ્વારા એમણે નવી કવિતાના શૈશવને ઝુલાવ્યું છે, લડાવ્યું છે, ખોળો-તીઆં ધોયાં છે, એને સુઘડ રાખવા સતત મહેનત લીધી છે, તેમજ તેની યોગ્ય પિછાન જાહેર પ્રજાને આપ્યા કરી છે. યૌવનના દ્વારે ઊભેલી નવી કવિતા બચુભાઈ પ્રત્યે પોતાના ઉછેરનાર મોટાભાઈ જેવા ભાવે નિહાળતી કલ્પી શકાય છે.

'ઉષાના આગારે' નામનું કાવ્ય ૧૯૩૬નું છે. એમાં આવો ઉદ્‌ગાર છે :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પનોતે આ પ્હોરે જગતપટ પ્હોળો ઉખળતો
અહીં દૃષ્ટિ સામે: જગ બઢત શું સંસ્કૃતિ–દિશે
મહા ફાળે! ત્યાં તો ઘણુંઘણુત ગોળા વછુટતા
બધું બાળે ઝાળે ભસ્મમ; મસ ડૂમો દિલ દહે.

આમાં આજની વિશ્વસ્થિતિની આગાહી છે. (તત્કાલીન, સ્પેન, ચીન વગેરેના તરમેઘથી સૂચિત હશે.) તે પછી કવિહૃદય આશા દાખવે છે :

છતાં જાણું મારી ધરતી પર કયાંકે ય સવિતા
સદા જાગે, ને હો નહિ તિમિરનો છે દિલ, પિતા!

આવું આશ્વાસન કેવળ કવિતા જ જગતને આપી શકે.

આજનો પ્રત્યેક કવિ માંગલ્યલક્ષી દીસે છે. એની પાછળ પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા છે. સુન્દરમે પણ 'તુજ પગલી', 'ભવભવને ઘાટે', 'જ્યોત જગાવે,' 'નમું', 'વિરાટ પગલી' વગેરે પ્રભુશ્રદ્ધાનાં પદો રચ્યાં છે. પ્રગતિશીલ સાહિત્યમાં આવી શ્રદ્ધાને અને આરઝૂને સ્થાન છે ખરું? હો કે ન હો, સુન્દરમ્‌ની એ કવિતામાં મેથ્યુ આર્નોલ્ડ જેને 'હાઈ દ્રુથ એન્ડ હાઇ સિરિયસનેસ' કહી ઓળખાવે છે તે વિલસી રહ્યું હોઇ એમનો પ્રભુ સાચો લાગે છે.

વિરાટની પગલીઓના ધમકાર સાંભળતી કવિ–આકાંક્ષા એ આગન્તુકના રમ્ય સ્વરુપની મધુર કલ્પના કરે છે:

એને કુંડળ કાનમહીં લળકે,
એનું અંબર શું ચપળા ચમકે,
શીળા શુક્ર સમું એનું ભાં મલકે,
માથે મોરમુગટડો ને હાથે એને બંસી હશે,
તારી મારત એવી રે વારેવારે મંન વસે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને બદલે કેવી મૂર્તિ સામે આવીને ઊભી રહે છે?—

ઘનશ્યામતણું તન વસ્ત્ર ધર્યાં,
મોઢે તેજતરંગ ઉષાના ભર્યા,
ધૂમકેતુનાં કુંડળ કાને ધર્યાં,
સ્વર્ગગંગાની માળા રે મેરુતણી હાથે છડી,
માથે આભનો ઘુમ્મટ રે આ તે કોની મૂર્તિ ખડી?

ને પછી એ જ વિરાટ રૂપ અંગૂલ-પ્રમાણ ધારણ કરીને ભક્ત-હૃદયમાં આસન લઈ બેસે છે.

'ગઢરિયા' નામનું પદ મીરાંનો લઢણમાં છે. પણ તે એક જ છે. એવાં વધુ પદો—ફૂલ જેવાં હળવાં—કવિ કાં ન આપે?

તે પછી પ્રણયનાં ને સખ્યનાં કાવ્યોનું ઝૂમખું જોવા જેવું છે. એમાંના 'અંધાઇ ગયું' એ પહેલા પદમાં ઠીક ચમત્કૃતિ છે. પ્રિયા પરગામ જતા પિયુનું બિસ્તર બાંધવા બેઠી છે. કસી કસીને બાંધ્યા પછી પાછું બિસ્તર છોડવા માંડે છે—

આવ્યો પ્રીતમ પૂછતો, 'કચમ અરે, પાછું બધું છોડતી?'
બોલી: 'ભૂલથી આ બધાંની ભળતું બંધાઈ હૈયું ગયું.'

આ પ્રણય-કાવ્યોમાં દેહસૌંદર્ય અને તેમાંથી બહલાતા ભાવો જ આવેશભર ઉચ્ચારણ પામે છે. શરદનો પૂર્ણ ચંદ્ર પણ, એ વખતે કોઇ ચંદ્રવદના દિલદાર સંગમાં ન હોવાથી (જેલમાં કવિ સપડાયા ત્યારની વાત જણાય છે!) નિરખવો ગમતો નથી. 'લઈ લે'માં કવિ પ્રિયાને એના સર્વ શણગારો દૂર કરવા કહે છે, કેમકે અન્યરૂપે એ સર્વ શણગારો પ્રિયાના દેહમાં વસેલા જ છે! (લાગે છે કે કોઈ પ્રિયા આવી કવિ-મસ્તીને માન નહિ આપે!) 'જગતનું આશ્ચર્ય'માં કવિહૃદયને પ્રિયા ચાકડે ચડાવી ભમરડી કરી મૂકે છે. 'જવા દે'માં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો પ્રિયાના વાળની ઊડેલી લટ મોં પર રમતી દેખીને કવિ એટલું બધું અસ્વાસ્થ્ય અનુભવે છે કે—

લે એ સમારી વિખરેલ સૌ લટો,
ને સ્વસ્થ તારાં નયણો કરી લે.
ના આંખનાં એ નિરખાય નાચણું,
ના એ લટોનાં જિરવાય કૂદણું.

આધુનિક કવિતામાં પ્રેમનાં આવાં નિખાલસ અને પ્રાણભરપૂર ('પેશનેટ') સ્વરૂપો ખેડનાર કદાચ સુન્દરમ્ એકલા જ છે. આને આપણે તંદુરસ્તીની લાલીએ ભરેલાં વદનો કહીશું. પ્રણયને દિવ્યતાનું ને આત્મિક સૂક્ષ્મતાનું શબ્દાવરણ ઢાંકતાં કાવ્યોમાં 'રાગ'ની લાલ ટશરો ફૂટતી નથી. કાં તો એ માંદલાં હોય છે, ને કાં દંભભર્યાં હોય છે. 'પેશન'ને ગાવામાં અનેક ફારસી, સંસ્કૃત અને યુરોપી કવિઓએ સાચી લાલી વહાવી છે. ગુજરાતી કવિતા એ લાલીનો ઉપભોગ કરી શકતી નથી એ કંઈ ગુજરાતી કવિતાની આધ્યાત્મિકતાની એંધાણી નથી. તંદુરસ્ત પ્રેમોદ્રેકને સાચી રસિકતાના ગરમ શબ્દોમાં ઝીલવો એ કવિતામાં સચ્ચાઈ આણવા માટે જરૂરનું છે.

આધુનિક સમાજરચનાનો અન્યાય તેમજ નવીન યુગમંથનો અત્યારે આપણે ઘણા કાવ્યમાં ઉતારતા થયા છીએ. વચગાળાનાં કેટલાંક વર્ષોમાં તો એવું તૂત ચાલ્યું કે સામાજિક અન્યાય ન આલેખે તે કવિ કે સાહિત્યકાર નહિ; અને એવો વિચાર–ક્રોરડો વિંઝાયો કે સામાજિક અન્યાયના આલેખનને ન બીજા કશા કાવ્યરસની જરૂર, ન રચનાકૌશલની જરૂર, ન અર્થચમત્કૃતિની, શબ્દસંયમની, વાણી–લાઘવની કે ચિંતનયુક્ત મનોમંથનની જરૂર. રોષયુક્ત અને ધિક્કારાત્મક ધગધગતા શબ્દપ્રયોગો જ પૂરતા મનાવા લાગ્યા.

ગુજરાતી સાહિત્યના નવપ્રયાણનું એ દુર્દૈવ દારુણ હતું. એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેવાતાં પ્રાગતિક વલણોએ જોર પકડયું હોત તો નવી કવિતામાંથી સૂક્ષ્મ રસસ્વરૂપો નાશ પામત. હું માનું છું કે એવા ભાવિમાંથી આપણને બચાવી લેનારા જે થોડા પ્રતિભાસંપન્ન અને સર્વતોમુખી નવીનો આપણને સાંપડયા તેમાં સુન્દરમ્‌ની ગણના અગ્રસ્થાને કરી શકાય.

'વસુધા'માં એક નવું કાવ્યઝૂમખું છે, કે જેનો પરિચય કરાવીને ઉપલા અભિપ્રાયનું પ્રતિપાદન કરાવી શકાય. એ કાવ્યોને કવિએ કોઈ અમુક ઝૂમખાનું લેબલ લગાડ્યું નથી. 'લેબલ' લગાડવાની ભૂલ કવિએ કરી નથી. સમગ્રપ્રવાહના અવિચ્છિન્ન એક કાવ્યાંગ રૂપે જ એ મંડલ વહ્યે જાય છે:

'લઘુસ્વાગત', 'શિશુવિષ્ણુલાંછન', 'જેલનાં ફૂલો, ફૂટપાથનાં સુનાર', 'ઈંટાળા', મોટરનો હાંકનાર', 'ધનયુગનો સ્થિતપ્રજ્ઞ', '૧૩–૭ ની લોકલ', 'ક્રિકેટ–મેચ', 'સિનેમાના પર્દાને', 'પૂલના થાંભલાઓ', 'બેંકનો શરાફ'.....

બધાં જ કાવ્યો સંસ્કૃત વૃત્તોમાં વહાવ્યાં છે. '૧૩–૭ની લોકલ'માં યોજેલી તદ્દન ઘરગથ્થુ ભાષા અને 'પૂલના થાંભલાઓ'માં વાપરેલી તદ્દન શિષ્ટ ભાષા, એ બેઉ ઉપર કવિની કલમ સરખા જ પ્રમાણમાં સ્વાભાવિક અનાયાસયુકત કાબુ ધરાવે છે. બીજી સૌથી અનોખી અને સુચારૂ શૈલી વાટે કવિ વિષયના હાર્દમાં પેસી મુકત ક્રીડા કરે છે. વિષયના સાંકડા ચોગાનમાં પણ એનો ચતુર કવિતાશ્વ રમઝુમાટ કરે છે. અને ચિત્રાંકણની તો એની શકિત જ અનેરી છે. 'ક્રિકેટ મેચ' અને '૧૩–૭ ની લોકલ' એ બે સર્વોત્કૃષ્ટ નકસી–આલેખનના ન ભૂલવા જેવા નમૂના છે:

બપોરે એકને ટાણે નાના આ સ્ટેશને અહીં
નથી સિગ્નલની ભીડ, સાઇડિંગોની ન જાળ છે,

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન ડબ્બા ગુડ્સના એદી ઢોરો જેવા જમા થયા,
ન ઊંચા ઓટલાઓ છે પ્લેટફૉર્મોનાં, ન પૂલ કે,.....

×

એક છે બેડીબારું ને એક છે ખુલ્લું છાપરું,
એક છે ટિકિટોફિસ ને બે બાજુ બે સદા પડ્યા
રહેતા સિગ્નલો બે છે.
અને બે બાંકડા બાંડા....

એ એક નાનકડા લોકલ ટ્રેનના સ્ટેશનનું સુરેખ વર્ણન છે. એ ઠેકાણે કોણ કોણ ઉતારુઓ આવેલ છે તેની તસ્વીર રજેરજ વિગતો પૂરીને, ને છતાં તેનાં તેજછાયાની રસમિલાવટ બરાબર સાચવીને બેંચેલ છેઃ

નથી ટિકિટબારીની કને ત્યાં ભીડ, માસ્તર
માંખો છે મારતો, લાંબી કપાતી ટિકિટો નથી,
નથી વા જામતી થપ્પી સિક્કાની નોટની, નથી
ફર્સ્ટ કે કલાસ સેકન્ડ તણો એકે ઉતારુ હ્યાં.
નાનકી હાટડીમાંહે બેઠા કંદોઈ જેમ એ
પૈ પૈસો લઈ ને આપી પાશેર'ચ્છેર શું રહ્યો!
અને એ થાકીને બિસ્સે હાથ નાંખી નિરાંતથી
ઓટલે ઊભતો, નીચે બેઠેલાં માનવી મહીં
ખુદાબક્ષ ઉતારુને પારખી નિરખી રહ્યો.
અને 'શું બાપનું મારા જતું?' એવા અભિનયે
સીસોટી જીભથી ઝીણી વગાડી જાય અંદર.

સ્ટેશન માસ્તરના આ કાવ્યચિત્રમાં સુન્દરમને સહજ એવો વિશિષ્ટ પ્રકારનો પરિહાસ છવાયો છે. ઉતારુઓની ચડ–ઉતરના ચિત્રમાં પણ એવું જ હળવું કારુણ્ય છે. લોકલગાડીની ખુદની દશા પણ વ્યથિત કરે તેવી રીતે વર્ણવી છે :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહે છે દોડતી પાટે ફાસ્ટ ને મેલ ટ્રેનના,
સદાની ઓશિયાળી એ, સિંહ પૂંઠે શિયાળ શી !
આપવા માર્ગ ઊભે છે દબાઇ એક બાજુએ
બાપડી શાંતિથી નિત્યે, મોટાંની મ્હેરબાનીથી,
તેમનાં પગલાં પૂજી જીવી ખાતી યથાતથા.

પૂલના થાંભલાઓ પાસે કવિએ એમની આત્મકથા કહેવરાવી છે:

અહીં જનપદોની હેઠ અમ નિત્ય ચર્યા છતાં
અમે વિજનમાં વસ્યા; અમ પરે ન આંખો પડે
અમો પર પસાર થૈ જત તણી; અમોને નહિ
મનુષ્યકરસ્પર્શ, ના વિરહિણી અઢેલી ઉસે
રમે ન શિશુ સાથ ના, દૃગ ઢળે કલાભક્તનાં,
ન તૈલરસમર્દનો, કુસુમગંધનાં અર્ચનો !

અન્ય સ્થંભોને પ્રાપ્ત થતા જે અનેક સુયોગો, સુસ્પર્શો, શિલ્પનાં કોતરકામો, વગેરે પ્રકારની મહત્તાઓ તેનાથી વંચિત આ નિજ સ્થિતિ કહેતા પૂલના થાંભલાઓએ ભાગ્યે જ કોઈ કવિતાકાર કે કથાકારની ઊર્મિઓને રપર્શી હશે. આવા વિષયો અતિ સામાન્ય અને નિરસ હોઇ તેનું કાવ્ય-નિરૂપણ કોઇ પણ સામાન્ય શબ્દશિલ્પીના હાથમાં 'લ્યુડિક્રસ' —વિડમ્બનાયુક્ત બની જાય. સુન્દરમ્ એ થાંભલાઓની કથામાંથી સંવેદન ખેંચી શકયા છે.

પણ પૂલના થાંભલાઓને પૃથ્વીછંદમાં ઉતારવા જતાં શબ્દોની કેવી દુર્બોધતા—કહેવાને કે અસરળતા—આવી જાય છે !

પરાર્ધ ટન બોજ શીશ, પગલાં પરાર્ધાશ્વનાં
પ્રચંડ વહનોની ચૂડ, ઉભયો મહીં સ્થૈર્યને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેવું નિત સાચવી, ન અસલું, નહિ કંપવું,
અખંડ જગની સમસ્ત ગતિઓની કૈં ગંગને
રહી જ ઝિલવી જટા મહીં અનેક થૈ શંકર !

આ વર્ણનમાં એક તો અસત્ય છે: થાંભલાને પગ તળેના ઓજાને કંઈ ઉપાડવા પડતા નથી, એમને કંઈ સ્થૈર્ય સાચવવું પડતું નથી. તેમ શંકરે જે રીતે ગંગાને જટામાં ઝીલી હતી તે રીતે કંઈ થાંભલાઓને જગતની ગતિઓને ઝીલવી પડતી નથી. આ રીતે વર્ણન અવાસ્તવથી લદાય છે, અને સ્વભાવોક્તિ—અત્યુક્તિભરી તેમજ મેળ વગરની બની જાય છે.

પણ સુમેળ, સુકલ્પના, ને સજીવારોપણની હળવી સુચારૂતા તો 'ઈંટાળા' નામના કાવ્યમાં કવિને રોજ રસ્તામાં ભેટતા ચાલીસ ઈંટના ટૂકડાઓના હાલ વર્ણવવામાં યોજાયેલ છે. સમાજના ચોકઠામાં સમાઇ ન શકનારા ચોર, લુંટારા ને બિસ્સાકાતરૂઓ પર ઉતારેલી એ સમગ્ર અન્યોક્તિ કાવ્યત્વને પામી છે. તેમાં પણ છેલ્લો વિચાર તો કવિતાનો કળશ છે—સંપૂર્ણ અદૂષિત:

અને આ માર્ગમાં મારા ઈંટાળા વીસ ત્રીસ કૈં
અલીબાબા તણા ચોરો સમી આ લોકટોળીને
નિરખી ચિંતું છું નિત્યે : ઈંટાળા રખડાઉ આ
તથા આ રખડુ ટોળાં: –કોઈ શું કડિયો નથી
ચણી લે જેહ સંધાને, રચે કો ભવ્ય આલય
આપણાં ઈંટચૂનાનાં થકી યે ભવ્ય આલય ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭. રત્નપારખુ પરખની રીત શીખવે છે

આપણી એટલે કે ગુજરાતીઓની 'સમૃદ્ધિ' મોટે ભાગે લક્ષ્મી જ લેખાય છે. ગુજરાતીની ખાસિયત ધન રળવાની કહેવાય છે. આપણી ધનલોલુપતા પર 'જંઈ જંઈ માટે મરતો ગુજરાતી' એવું મહેણું પ્રચલિત છે. વાણિજ્યલક્ષી ને ધનપ્રાપ્તના કામી ગુજરાત પાસે સાહિત્યની—તેમાંય પાછી કવિતાની સમૃદ્ધિ કેમ હોઇ શકે?

છતાં હકીકત તો નિર્વિવાદ છે કે: ગુજરાતની લેખનસમૃદ્ધિ, કલ્પનાસમૃદ્ધિ, રસસમૃદ્ધિ એની દ્રવ્યસમૃદ્ધિ કરતાં ઘણી વધારે છે. કવિતામાં ગુજરાત કદાચ (બંગાળને બાદ કરતાં) હિંદની શિર-ટોચે પહોંચેલ છે. કલ્પનાશીલ સાહિત્યનો ફાલ ગુજરાતને ગૌરવ અપાવે તેટલો તો ચોક્કસ છે.

એ સમૃદ્ધિ જલદી જોવા અનુભવવામાં આવતી નથી તેનું કારણ તેની યથાસ્વરૂપે પિછાન દેનારા પ્રયત્નોની કચાશ છે. સંપત્તિના ઢગલા માત્ર દેખાડવાથી એનું સાચું દર્શન કરાવી શકાતું નથી. મુલ્યાંકન સ્વચ્છ બને, સૌંદર્યદર્શન વિશદ બને, ઢગલા મોઢે ખડકાયે જતાં ઠુંસાંમાંથી સુરંગી ને સુપૌષ્ટિક કણ નિરાળાં પાડીને બતાવી શકાય, તો જ સમૃદ્ધિનું સત્વ પરખાય.

એ કલ્યાણકાર્ય આપણા, એંશી વર્ષે પણ ઉત્સાહની અખંડિત મૂર્તિસમા, સૌંદર્યના અથાગ શોધક, વિરોધોના અડીખમ ઝીલણહાર બાહ્યરૂપે બરછટ છતાં મનોરાજ્યમાં મુલાયમ, પ્રેમલ, અને સંસ્કારસેવક કવિવિવેચક શ્રી [illegible] તથા ગૌરવની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂરી સમતુલા સાચવીને ' આપણી કવિતાસમૃદ્ધિ ' નામના સંગ્રહમાં કરી આપ્યું છે.

'કવિતાસમૃદ્ધિ'ની પહેલી આવૃત્તિ ૧૯૩૧માં એમણે આપી હતી. આજે નવ વર્ષે જે નવી આવૃત્તિ આપે છે તે એકંદર જોતાં નવું પુસ્તક જ કહેવાય. પહેલીમાં ૧૯૧૧ પછી જન્મેલા કોઈની કૃતિ લીધી નહોતી, આમાં ૧૯૨૦ પછી જન્મેલા કોઈની નથી લીધી. એટલે કે અઢાર વર્ષ ઉપરાંતની ઉમ્મરના કેટલા ય કવિતાકારોની રચનાઓને અહીં સ્થાન અપાયું છે. ને એમ થતાં પુસ્તકની દળ-મર્યાદાને સાચવવી હોઇ પહેલી માયલી ઘણાકોની કૃતિઓને બાદ દીધી છે. સંગ્રહને ગુણદૃષ્ટિએ તેમજ સંખ્યાદૃષ્ટિએ અદ્યતન બનાવવા ખાતર એમણે એટલી બધી પુનર્ઘટના કરી છે કે જેને પરિણામે આપણે પહેલી આવૃત્તિને લગભગ ગુમાવી બેઠા છીએ.

એમણે પોતાની મુશ્કેલીઓ અહીં સમજાવી છે. એ છતાં આ આવૃત્તિને એક નવા ખંડનું જ સ્વરૂપ અપાયું હોત તો બહેતર હતું એમ લાગે છે. પાલ્ગ્રેવની ' ગોલ્ડન ટ્રેઝરી 'ની પેઠે આપણી આ 'સમૃદ્ધિ'ના એક કરતાં વધુ ખંડો કરવાની જરૂર હતી. આપણી પાસે એટલો ભંડોળ બેશક છે. શ્રી. કાકોર પણ આશા સેવે છે કે, 'સાચો ઉપાય બે વોલ્યુમો કરી નાખવાનો છે. દલપત-નર્મદથી માંડી કલાપીના મૃત્યુ, એટલે 'આરોહણ', 'વસંતોત્સવ', આદિના પ્રકાશનો લગીનું પહેલું પુસ્તક, તે પછીની કવિતાનું, ઈ. સ. ૧૯૨૫ લગી જન્મેલા કવિઓનું બીજું પુસ્તક : ઈ. સ. ૧૯૪૫-૪૬ માં આવી ' ત્રીજી ' અને 'અંતિમ' આવૃત્તિ બહાર પાડવાનો સમય પાકી જશે. તે વખતે હું અશક્ત હોઉં, તો પણ મારા જેવો કવિબંધુ ને કવિસેવક ગુજરાતમાં તે વખતે નહિં જ હોય એમ માની શકતો નથી, વગેરે વગેરે.'

આ નવીમાં જે કવિતાઓ લેવાઈ છે તે બધી જ ગુણવત્તાને હિસાબે સર્વોત્કૃષ્ટ છે એમ એ પોતે જ કહે છે. પોતે પસંદ કરેલા

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાળના ઉત્તમ ફાલરૂપે ગણાતી એવી ઘણી કૃતિઓને કારે મૂકીને વત્તાઓછા ગુણોવાળી કૃતિ પસંદ કરી તેનો ખુલાસો પોતે જ પાના ૧૪૧ (વિવરણ ૨૫) પર કરેલ છે :

'મને ઘણા પૂછે છે, સંગ્રહ કરો છો, તે દરેક કૃતિ ઉપર વળી વિવરણ લખવા તસ્દી લ્યો છો, તો ઉત્તમોત્તમ વાનીઓ જ કેમ નથી લેતા ? (તેનું કારણ એ કે) 'વસંતોત્સવ' કે 'આરોહણ' કે 'ચંદા' જેવી કૃતિઓ અતિ ચવાઈ ગયેલી છે, તે એવી ન લેવાનું એક કારણ. (બીજું કારણ:) કેટલીક કૃતિઓ હોય છે રત્ન, પરંતુ મલિન. અહીંની જેમ તેને ચોકખી કરવાથી તથા ગોઠવણી આદિના પહેલ પાડવાની ક્રિયાથી જ તેનું પાણી સામાન્ય વાચક જોઈ શકે. ઉલટ પક્ષે, કેટલી કૃતિઓનું તેજ સામાન્ય વાચકને ખાસ આકર્ષે છે, પરંતુ રત્નપારખુ તેને ધુવે, સમારે છે અને તે છે એવી દેખાડી દે છે, ત્યારે તે તેજ ઊતરતા પ્રકારનું, અરે બનાવટી અને ખોટા સોનેરી જેવું, છે તે સાચી હકીકત પકડાઈ જાય છે. શિખાઉ અને જિજ્ઞાસુને માટે ચોપડી લખતાં વિવેચકની ફરજ આ બન્ને જાતના થોડા નમુના પણ લેવાની છે. ગોઠવણ માટે પૂરતી તસ્દી ન લીધી હોય તેવી કૃતિના ગુણ કેટલા તો ઝાંખા પડે છે, શબ્દાલંકારની પદ્યાભાસી ખોટી પ્રસાધનાઓ સામાન્ય વાચક ઓછા છેતરાતા નથી, એ બન્ને શિખાઉને શીખવવું, ઉચિત દાખલા વડે પ્રત્યક્ષ કરી દેવું, એ પણ વિવેચકના શિક્ષણકાર્યનું એક અગત્યનું અંગ છે.'

આ ખુલાસો, આ સંગ્રહની મૂલવણી કરવા માટે પૂરો જરૂરનો છે. સંગ્રહની રચનાનો મુખ્ય આશય અભ્યાસલક્ષી કહો કે શિક્ષણલક્ષી છે. શિખાઉ કવિને તેમજ શિખાઉ વાચકને, એઉને સાચી દૃષ્ટિ દેવાનો આંહીં જે હેતુ છે, તેની સિદ્ધિ આપણી કવિતાની ઘડતરદશાનાં મર્મસ્થાનો ચર્ચી દેખાડવાથી જ થઈ શકે, નહિ કે ફક્ત ઉત્તમ ઠરી ચૂકેલી કૃતિઓ આપી દેવાથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કવિતાસમૃદ્ધિ'માં નવ સ્તબકો પાડેલાં છે. પહેલું સ્તબક કવિના હૃદયમાં ઘોળાતી કવિધર્મ વિષેની આકાંક્ષાઓ, અસંતોષ તેમજ આરઝૂને વહતાં કાવ્યોનું બનેલું છે. બીજા સ્તબકમાં પ્રકૃતિ-તત્ત્વોને, નિસર્ગનાં સત્ત્વોને, જંગલને, સમુદ્રને, પર્વતોને વગેરેને ગાતાં છેક જ પરલક્ષી તેમજ પૂરેપૂરાં આત્મસંક્ષોભયુક્ત એમ બેઉ કોટિનાં કાવ્યો છે.

ત્રીજું સ્તબક કવિઓને જગત પરત્વે જાગેલાં આત્મમંથનોનું ઝૂમખું છે. ચોથામાં સ્વજનો પ્રત્યેના પ્રેમભાવોથી પ્રેરિત આત્મસંવેદન છે. પાંચમું ઇતિહાસવિષયક કાવ્યોની ઢગલી કરે છે.

છઠ્ઠામાં કથા-પ્રસંગો છેઃ સાતમામાં પ્રિયા પ્રત્યેના પ્રણયોદ્‌ગારોઃ આઠમામાં પીડિત-કાવ્યોઃ નવમામાં જીવન-મૃત્યુ સંબંધે તત્ત્વચિંતનના ધ્વનિઓ.

આ બધા ખંડો પર એમણે ઉપર મુજબ વિષયોનાં નામ ચોડ્યાં નથી એ ઉચિત થયું છે. અભ્યાસીઓને લક્ષ્યમાં રાખી યોજાએલાં એ ઝૂમખાં પોતે પોતાની અબોલ યોજનામાંથી જ આપોઆપ વિષય-ધ્વનિ ઊઠવા આપે તેમાં જ કાવ્યનો રસાસ્વાદ તેમજ અભ્યાસ કૃતાર્થ થાય.

પ્રત્યેક કાવ્ય પર લખેલા વિવરણનું શ્રી. ઠાકોરે પાંચ પાંચ વાર તો પુનર્લેખન કર્યા કર્યું છે એ વાત મને જાણવા મળી છે. સઘનતા અને ચોકસાઈ આણવાની એ ખંત, શુષ્ક વિવેચકની, કલ્પનાશીલ કવિની તેમજ રતિભાર પણ નમતું ન તોળનાર પાકા વાણિયા જેવા (બેશક પૂરા દિલાસોજ) રીઢા વિવેચકની એ સંયુક્ત, બલકે એકમેકીજીથી જૂદી ન પાડી શકાય તેવી ખંત છે.

છતાં કોઈ કોઈ ઠેકાણે વિવરણકારે પોતાનું સ્થિર લક્ષ્ય ચૂકી આવા ઉદ્‌ગારો વિવરણની અંદર ઘૂસાડી દીધેલ છે.

'કલાપ્રકાશ અને નર્મદની દરેક કવિતા પ્રથમ કચારે પ્રકટ થઈ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાલના રૂપમાં તે તેમાં શો પાઠભેદ છે, વગેરે તમામ કયારનું ય પૂરતી શોધખોળ અને ચર્ચાને પરિણામે નક્કી કરી દેવાવું જોઈતું હતું. આપણા લોકો જયંતી આદિના માત્ર તમાશાથી જ પૂરતો સંતોષ માની લે છે.'

એવી એક ફરિયાદ ઊઠી છે, કે આ વિવરણોમાં શ્રી. ઠાકોરે કેટલાંક કાવ્યોના એવા તો વિચિત્ર અર્થ ઠોકી બેસાડેલ છે, કે જે મૂળ કાવ્યલેખકની કલ્પનાના દૂર દૂરના ખૂણામાં પણ કદ નહોતા ઊગ્યા ! આ ફરિયાદ કેટલાંક વિવરણો પરત્વે સાચી પણ હશે. છતાં વિવરણકાર કઇ રીતે અપરાધી કરી શકે ? પ્રત્યેક સર્જનાત્મક કૃતિ, પછી તે કવિતા હો કે વાર્તા, એમાં સર્જક પાસે જે કંઇ કહેવા સૂચવવા જેવું હોય છે તે તમામનો સંપૂર્ણ સરવાળો આવી જવો જોઈએ. કૃતિ વાચક પાસે રજુ થયા બાદ સર્જકને એ કૃતિ વિષે કશું જ અર્થદ્યોપન કરાવવાનો હક્ક નથી રહેતો. પછી તો પ્રત્યેક વાચકને પોતાની શક્તિ મુજબ એના અર્થો બેસારી લેવાનો હક્ક છે. સર્જકે પોતે અંદર મૂકવા ધારેલા અર્થો જો વાંચક દુનિયા ન ખેંચી શકે તો માની લેવું કે કાં તો એ વાચકસમૂહ પોતાની કક્ષાનો નથી, અથવા તો સર્જક પોતે મૂકવા ધારેલા અર્થો અને ભાવો કલાત્મક વિશદતાથી મૂકી શક્યો નથી.

માટે વિવરણો સામે ફરિયાદ કરનારાઓએ વિચારવાનું એક જ રહ્યું, કે વિવરણકાર ઠાકોર પોતાની કક્ષાના છે કે નહિ, કવિતા સમજવાના અધિકારી છે કે નહિ. અગર વિવેચક તરીકે પ્રામાણિક છે કે પૂર્વગ્રહોથી દૂષિત ધરાદ્દાપૂર્વક અમુક કવિતાકારોને ઉતારી પાડવા ઇચ્છે છે ?

'સમૃદ્ધિ'માં લેવાએલા નમૂનાઓ તેમજ પાડેલાં સ્તબકો આપણા કવિતાપ્રદેશનું પુરેપૂરું પ્રતિનિધિત્વ ધરાવે તેવાં બન્યાં છે ખરાં ? એ પ્રશ્નના જવાબમાં હા ને ના એઉ જડશે. જે મોજૂદ છે તે કૃતિઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાક્ષણિક છે. પણ ઠાકોર પોતે જ સ્વીકારે છે કે કેટલીક લાંબી કૃતિઓ પોતે લઇ શકયા નથી, અથવા કેટલીક એવી કૃતિઓ એમણે જતી કરી છે કે જેનો મૂળ પ્રકાર જ સારો ગણવો કે ન ગણવો તે મોટો પ્રશ્ન હતો. ઉપરાંત રાસોનું, ગેય કૃતિઓનું, કટાક્ષ–કાવ્યોનું, બાલ–કાવ્યોનું, એવું તો કેટલું ય સાહિત્ય આંહીં ગેરહાજર રહ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેટા – ક્રમ

૧ : કવિતા અને સંગીત
૨ : સ્વાનુભવ વિનાની કવિતા
૩ : નિડર વિવેચક નવલરામ
૪ : જાગ્રત વિવેચનની જરૂર
૫ : પારકાને પ્રકાશિત કરનાર
૬ : નરસિંહરાવ સ્મારક–અંક
૭ : સાહિત્યમાં સ્ત્રી
૮ : પ્રેમાળ હૃદયનો ધબ્બરો
૯ : નૂતન સ્ત્રી અને નારી–સન્માન
૧૦ : વાર્તાસાહિત્યમાં જાતીય તત્ત્વ
૧૧ : સુરુચિ–કુરુચિનાં ત્રાજવાં
૧૨ : હિંસાવાદની ભૂમિકા ઉપર
૧૩ : ત્યાં કોણ જઈ શકશે ?
૧૪ : એક સમસ્યાનો ઉકેલ
૧૫ : પુરોહિતપણું : ગઈકાલનું ને આજનું
૧૬ : એ લાગણી કઈ હશે ?
૧૭ : ભાષાનો પ્રાણ લોક–સંસ્કારમાં છે
૧૮ : 'સ્થાનિક વાતાવરણ'ની ભ્રમણા
૧૯ : હબ્બરો હાથનો પરિચિત સિક્કો
૨૦ : શૈલી માત્ર શણગાર નથી
૨૧ : અમરતાનો વિભ્રમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. કવિતા અને સંગીત

સાહિત્ય સંસદના કવિ–સમ્મેલનમાં દરેક જણને ત્રણ ત્રણ કાવ્યો સંભળાવવાનાં હતાં. સંભળાવનારાઓ પૈકીના ઘણાખરા જેને 'વિચારપ્રધાન' અને 'અર્થગંભીર' વિશેષણોથી નવાજવામાં આવે છે તેવી છંદમુક્ત કવિતાના રચનારાઓ હોવા છતાં તેઓએ પોતાનાં ગેય પદોને પસંદ કર્યાં તે એક શુભ વાત હતી. શ્રોતાવર્ગ મોટો હતોઃ સંગીતવિહોણી કવિતાને એ સહેલાઈથી ન ઝીલી શકે.

કાવ્યલેખકોએ સંગીતના ખાસ નિષ્ણાત હોવાની જરૂર નથી, છતાં પોતાની કૃતિને ગાઇ સંભળાવવા જેટલી કંઠ–માધુરી તો તેઓએ કેળવવી જ જોઈએ. કેવળ સ્વરોના જ પાંડિત્યને સ્વીકારનારા સંગીત-વેત્તાઓ અને બીજી તરફ એકલી શબ્દરચનાને જ મહત્ત્વ આપનાર કાવ્યની ગતિથી સમજનાર કાવ્યપંડિતો, બેઉ એકસરખી ભૂલ કરે છે. સંગીત અને કાવ્યનું લગ્ન અતિ પુનિત છે. એનો વિચ્છેદ ન પડાય.

કવિ ભાઈઓ (ને બહેનો પણ) જો સંગીતની સરાણ પર પોતાની રચનાને ચડાવશે, તો તેઓની આંખો ખુલી જશે, કે કેવળ છંદનાં ને માત્રાનાં માપણાં કેટલાં છેતરામણાં હોય છે. પોતાની કૃતિ-ઓની ક્લિષ્ટતાથી એમની પોતાની જ જીભ કંપી ઊઠશે. માસિકોનાં અથવા પુસ્તકોનાં પાનાં પર મુદ્રણની કલાએ તમારી કવિતાને સજા-વેલા શણગાર તમને ભુલાવનારા હોય છે. માટે જ કવિ–સમ્મેલને અંગીકારેલી કાવ્યપરીક્ષાની પદ્ધતિને આવકાર દઈએ છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. સ્વાનુભવ વિનાની કવિતા

[તરુણ ગુજરાતી લેખક સમાજના આંતરપ્રાંતીય સમ્મેલનના સૂરો]

પ્રાંતપ્રાંતના અને દેશદેશના સંસ્કારોનો મહામેળો મુંબઈ શહેરમાં મળેલો છે. સંકુચિત પ્રાંતદૃષ્ટિનું મુંબઈ શહેરમાં અનાયાસે નિરસન થાય છે. સંસ્કારોની આપલેના અવસરો અહીં સહેલાઈથી યોજી શકાય છે. માત્ર એવા ઉત્સાહની જરૂર છે.

અહીંની શ્રી તરુણ ગુજરાતી સાહિત્ય સભાએ પોતાના દ્વિતીય વર્ષાન્ત ઉત્સવમાં આવા એક આંતરપ્રાંતીય સાહિત્ય સમ્મેલનનો સમારંભ નાના પાયા પર યોજીને આ દિશામાં મંગળ પહેલ કરી હતી. તેમાં મરાઠી સાહિત્યના પ્રવાહો રજુ કરનાર જાણીતા નાટ્યકાર શ્રી. મામા વરેરકરની વરણી ઉચિત હતી.

મામા વરેરકર એક ઉદારચિત્ત રાષ્ટ્રભાવી સાહિત્યકાર છે. આપણા કમનસીબે જે પ્રાંતીય અસ્મિતાની વધુ પડતી સાંકડી દૃષ્ટિ કેટલાક મહારાષ્ટ્રી સાહિત્યકારોને આવરી રહી છે તેમાંથી મામા વરેરકર મુક્ત છે. ગુજરાતી સાહિત્યરસિકોની સાથે એમનો મેળ દૂધ-સાકર સરીખો છે.

આધુનિક મહારાષ્ટ્રી સાહિત્યનાં અહોગાન ગાવાને બદલે મામા વરેરકરે એની ત્રૂટિઓ બતાવી હતી. એક નામાંકિત મરાઠી કવિએ પોતાની કાવ્ય-પ્રેરણા કલાપીની કવિતામાંથી લીધી હોવાની ઐતિહાસિક હકીકત રજુ કરતાં શ્રી. વરેરકર અચકાયા નહોતા. ગુજરાતી કવિતાની, નવલિકાની તેમજ ઇતર પ્રકારની સાહિત્ય-પ્રગતિનો ધડો લેવા શ્રી. વરેરકરે મરાઠી સાહિત્યકારોને સૂચન કર્યું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતપોતાના પક્ષનાં અહોગાન ગાવાની લાલચ આવે પ્રસંગે નથી રોકી શકાતી. આપણી પરિષદનાં સમ્મેલનો એ વાતની સાક્ષી પૂરશે. અને તાજેતરમાં અહીં ભરાએલી સર્વધર્મ પરિષદમાં પણ કોઈ પણ વક્તાએ પોતાના ધર્મની ન્યૂનતા તો બતાવી જ નહોતી. સર્વના બોલવાનો મુખ્ય સૂર પોતાના પંથની સરસાઈ વિષેનો જ હતો. આવી મનોદશા વચ્ચે મામા વરેરકરનું આત્મનિરીક્ષક વલણ સવિશેષ અભિનંદનને પાત્ર લેખાય.

ગુજરાતના કવિતા–લેખકોની સામે આત્મનિરીક્ષણનું દર્પણ ધરનાર વ્યાખ્યાન શ્રી. રામનારાયણ પાઠકનું હતું. નવી કવિતામાં કોઈ પણ નવા ભાવને પેસાડી દેવાની વૃત્તિ પર તેમણે પ્રહાર કર્યો હતો. તેમનું કહેવું સત્ય હતું, કે કાવ્યમાં જે રસ આવે છે તે કવિએ પોતે ખરેખરા અનુભવેલા રસમાંથી જ આવે છે, કેવળ વિષયની નવીનતામાંથી નહિ.

કવિ બહારથી આવલાં મારીને જે હાથમાં આવે તે વિષયને, કોમ્યુનિઝમ કે મૂડીવાદ કે દરિદ્રનારાયણ, જે કાંઈ હવામાં જે વખતે ઊડતું હોય તેને, પકડી લે ને તે ઉપર અંતઃકરણમાં ઊગેલા સ્વાનુભવરસ વગરનું કાવ્ય લખે, તો તે કાવ્ય કાવ્ય ન બને, એ શ્રી પાઠકનું કથન અત્યારની આપણી કેટલી બધી કવિતાઓને સ્વાનુભવરસહીન ઠરાવી શકશે !

'આવાં બોટાં કાવ્યો (પીડિતોનાં, દરિદ્રોનાં, દેશભક્તિનાં વગેરે) રચાય, તે કરતાં તો ભલે શૃંગાર ઉપર લખાયઃ જુવાન લેખકો હોય અને તેમને ખરો રસ પડતો હોય તો ભલે તે શ્રંગાર ઉપર લખેઃ પણ હૃદયમાં ન અનુભવેલા બોટા ભાવો તો કદી આવકારયોગ્ય નહિ બને.

દુઃખ તો એ છે કે શૃંગારનો ભાવ પણ આજના કવિતા–લેખકોને સ્વાનુભવના રસનો ભાવ રહ્યો નથી. આજે જીવનનો કયો એવો એક પણ ભાવ છે, કે જે પૂર્ણ તીવ્રતા સાથે જન્મી જાય ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી આવશ્યકતા શ્રી. પાઠકને સાચા ખુલ્લાં વિવેચનની લાગી છે; પણ પોતે જ પાછા ફરિયાદ કરે છે, કે 'મને ઘણીવાર જુવાન કાવ્ય-લેખકો સાથે ચર્ચાના પ્રસંગો આવે છે ને એવા ભાઈઓ પોતાની કૃતિ પર તદ્દન સ્વતંત્ર અભિપ્રાય માગે છે. પણ મારો અનુભવ છે કે અભિપ્રાય તેમની વિરુદ્ધ પડતાં તે અપ્રસન્ન, ખિન્ન થયા વિના રહેતા નથી.'

સ્વતંત્ર અભિપ્રાય સહન ન કરી શકવાની અત્યારની મનોદશાનો બીજો ઇલાજ ન જોતાં શ્રી. પાઠક એમ સૂચવે છે કે, 'કવિતા-લેખકે પોતે વિવેચક થવું જોઇએ, અત્યાર સુધીનાં ઉત્તમ કાવ્યો ને તેમાં વિવેચનો વાંચીને એવા સંસ્કારી થવું જોઈએ કે તેમના હૃદયમાંથી ઉત્તમ સિવાય બીજું નીકળી જ ન શકે. હૃદયથી ઊઠતા ભાવને વાણીનું રૂપ મળવા સુધીનો માર્ગ જ એવો થવો જોઈએ કે તેમાંથી કશું અરસિક કે અપરસવાળું પસાર જ ન થઇ શકે, ને થાય તો તેનો નાશ કરતાં રૂંવાડું ય ન ફરકે.'

વક્તા વિસરી જાય છે કે આજનું ઘણુંખરું સાહિત્ય પોતાની નિપજાવટ પ્રસિદ્ધિના મોહમાંથી જ મેળવે છે, એ પ્રસિદ્ધિ-રસ જ આજના યુગમાં સાચો રસ રહ્યો છે. અને એ રસે પોતાની ઉત્કટતાને સાર્થક પણ બનાવી છે—પ્રસિદ્ધ થતાં પુસ્તકોની સંખ્યામાં, તેમજ સામયિકોનાં પાનાંમાં.

૩. નિડર વિવેચક નવલરામ

['**નવલગ્રંથાવલિ**' : એ પુસ્તકને આધારે આમાંનાં અવતરણો આપેલાં છે.]

'આ ગોખણીઆ ચોપડીનું મોં જોતાં જ અમને ઘણો કંટાળો ચડ્યો છે અને વહેમ જાય છે કે આવી ચોપડીઓ આપણી નિશાળમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલતી હશે કે શું? સમજુ મહેતાજીઓને અમારી સખત ભલામણ છે કે તેમણે કયારે પણ આવી ચોપડીઓ નિશાળના કોઈ પણ છોકરાને ખરીદ કરવા દેવી નહિ.'

ઉપર ટાંકેલી નોંધ ગુજરાતી વિવેચનના આદ્ય ધુરંધર અને આજ પણ શ્રેષ્ઠ વિવેચક લેખે સૌ કોઇની જીભ પર રમનાર સ્વ. નવલરામભાઇની લખેલી છે. નવલરામની પ્રશંસા માત્ર કરનારાઓ સૌ કોઈ છે. પણ થોડાને જ ખબર છે કે તેમની વિવેચનાની કડકાઈ કેટલી હતી.

બીજો નમૂનો પણ સ્વ. નવલરામમાંથી ઉતારીએ : 'ધર્મપુર-વર્ણન' નામના પુસ્તક પર પોતે લખે છે :

'એ નામનું એક કવિતાનું ચોપડું કેટલાક માસથી અમને મળેલું, પણ કોણ જાણે સમજીને જ કયાંય એવું સંતાઈ ગયું હતું કે તેની અમે અત્યાર સુધી ખબર લઇ શકયા નહિ. હાલ ચોપડાંઓની કાંઇ ખોટ નથી, પણ એમાં આ સર્વોપરી જણાય છે..... આવું કરવા કરતાં તો અકાલું કે વિદ્યાર્થીના આશીર્વાદ કરી પેટ ભરવાની મહેનત કરવી એ વધારે આબરૂદાર ગણાત.....ગંભીરતાથી વિચાર કરતાં અમને એમ લાગે છે કે તેમાં આ લવારા જોડનારા કરતાં તે સાંભળનારાઓનો દોષ વધારે છે.'

વિવેચકનો ઊંચામાં ઊંચો ધર્મ સમજનાર આ પ્રખર ગુજરાતીએ આપણી સામે વિવેચનનો કયો આદર્શ ઊભો કર્યો છે તે ઉપલાં અવતરણો સમજાવે છે. નવલરામ જો આપણા સન્માનિત વિવેચક હોય, મોટા ભેંશના મોટા ડોળા જેવું જો આપણી વીરપૂજા ન કરી રહી હોય, તો નવલરામનાં વિવેચનની કક્ષાને આપણે સ્વીકારવી જ રહેશે.

પોતે રાજકોટ હતા તે વખતનાં ઉત્તમ મનાએલા એમના વિવેચનોમાં એક ઠેકાણે એમણે 'રામારત્ન નિરૂપણ' વિષે લખતાં દર્શાવ્યું છે કે—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સખત ટીકાકારની જરૂર છે.

'સારા ગ્રંથને વખાણવા અને નઠારાને તોડી પાડવા, એ ગ્રંથ-પરીક્ષકોનો દુનિયામાં દરેક ઠેકાણે ધર્મ છે. તેથી કેટલેક ઠેકાણે સારા કે નઠારા ગ્રંથની પહોંચ કબૂલ કરતાં "ઠીક છે, સારો છે, વાંચવા લાયક છે", એમ લખવાની ટેવ પડી ગઇ છે, તે કાઢી નાખવી જોઇએ; અને એમ બારે રાશીકા ભલા કહેવાને બદલે ગ્રંથ સારો હોય તો ખખડાવીને કહેવું કે સારો છે, અને નઠારો હોય તો શરમ રાખ્યા વિના બેશક થોડા ચાબખા લગાવવા.'

આવા ચાબખામાંથી નવલરામે હરગોવિંદદાસ કાંટાવાળાના પુસ્તકને પણ નથી છોડયું, કે નથી જતું કર્યું મણીલાલ નભુભાઇના 'કાન્તા' નાટકને.

'સુબોધચંદ્રિકા'ના લેખકને જે શિખામણ નવલરામે આપી હતી તે આજે કોઇ ઊછરતા લેખકને આપવી શકય નથી, કેમકે તે સહ્ય નથી: 'ભાઇ, નમ્રતા રાખો, અભ્યાસ વધારો, શબ્દના સૌંદર્ય કરતાં અર્થના સૌંદર્ય ઉપર વધારે લક્ષ આપો, અને એમ કરશો ત્યારે જ તમારામાં કેટલીક સ્વાભાવિક શક્તિ છે તે ફળરૂપ થશે. તડાકા માર-વાથી પર્યંતે જશ નથી.'

નવલરામને એક લલ્લુ નામના 'ગ્રંથકાર'નું પનારું પડયું હતું. લલ્લુ 'દુષ્ટ ભાર્યા દુઃખદર્શક'નો લેખક હતો. એની સમાલોચનામાં નવલરામે કહ્યું: 'ભાઇ લલ્લુને અમારી તો ભલામણ છે કે હાલ કેટલોક વખત સુધી નાટક ફાટક લખવાનું ચેટક મૂકી દઇ છુટક કવિતા બનાવવામાં જ મંડયા રહેવું, કેમકે એ તરફ એનું વલણ ઠીક છે અને તેમાં જશ મેળવી શકવાનો સંભવ છે.'

આજે ભાઇ લલ્લુઓ તો ઊલટાના સંખ્યાબંધ ઉભરાયા છે. એમાંનો એકાદ ભાઇ લલ્લુ મને નવલરામે કહ્યું છે તેથી દસમા ભાગનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહી જુઓ, એટલે એ તમારા જીવનભરના—એનું ચાલે તો આવતા જન્મના સુદ્ધાં—કટ્ટર વેરી બનશે.

'ગ્રંથકારનો ધંધો'એ નામનો પહેલો નિબંધ નવલરામે ૧૮૬૬માં લખ્યો. એ ટૂંકો નિબંધ બોલે છે કે 'સુથાર સરખાના ધંધામાં પણ કેટલાંક વર્ષો કોઈના હાથ નીચે કામ કરતાં શીખવું પડે છે, અને પછી પણ જ્યારે તેમાં દરરોજ મહાવરો કરે છે ત્યારે જ તે પોતાનું કામ મનમાનતી રીતે સારું કરવાને શકિતમાન થાય છે. તો પુસ્તક લખવાનું અઘરું કામ તો તેની પછાડી જ તનમન લગાડ્યા વગર કેમ થાય?'

નવલરામનો મૂકેલ આ પ્રશ્ન આજે ઊભો રહ્યો છે. પુસ્તક લખવાના અઘરામાં અઘરા કાર્યને બીજા તમામ ક્ષેત્રોમાં નિષ્ફળતા મેળવનારનું 'ત્વમેકં શરણ્યં' માનનારાઓનો આ જમાનો છે. નવલરામે નિરુપેલ પરિસ્થિતિ તો આજે પણ આ જ છે કે 'હાલ આપણા ઘણાખરા જુવાનોને તો પેટને સારુ વેપારીની અથવા સરકારની આખો દહાડો નોકરી કરવી પડે છે. અને બાકીના વખતનો કેટલોક ભાગ ઘરખટલાની ખટપટમાં જાય છે. હવે એ લોકો જૂજ ફુરસદના વખતમાં કેટલું લખી શકે? અને લખ્યું તો પણ શરીરની અને મનની શકિતઓ દહાડાની મહેનતથી થાકયા પછી સારું શી રીતે લખી શકે?'

માટે જ નવલરામે પુકાર કર્યો કે 'જ્યાં લગી ગ્રંથકારનો ધંધો બીજા ધંધાઓથી ઇલાયદો પડ્યો નથી, ત્યાં લગી વિદ્યાનો વધારો થાય તેમ અમને લાગતું નથી.' ને શા માટે ગ્રંથકારનો ધંધો જૂદો પડ્યો નથી? તેના કારણમાં નવલરામ કહે છે કે 'પુસ્તકોનો શોખ પેદા થયો નથી: હાલ લોકો ચોપડી વાંચવા ચાહે છે ખરા, પણ પૈસો કાઢતાં પોતાની જૂની ટેવ વચમાં આવી હાથને અટકાવે છે. અંગ્રેજી બૂટ, 'સ્ટોકિંગ' અને લાલ પાણીનો ખપ વધ્યો, પણ હજુ સુબોધકારી અને રસિક વિચારોનો ભાવ કોઇ પૂછતું નથી એ ઘણું શરમભરેલું છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ સ્થિતિ ૧૮૬૬ ની : તેમાં બેશક આજે ફેર પડ્યો છે. વાચનના શોખે કેટલેક અંશે 'બૂટ-સ્ટોકિંગ અને લાલ પાણી'ને પાછાં હઠાવ્યાં છે. પરંતુ પુસ્તકની ખરીદીમાં અનેક કુંટુંબો આજે કોઇ ચોકસ વિવેચનની દોરવણી વગર આંધળુકિયાં કરે છે. પુસ્તકોનાં પકાશનોની તો અત્યારે અટવી ઊગી નીકળી છે.

૪. જાગ્રત વિવેચનની જરૂર

મારા હાથમાં જો સત્તા હોય તો હું આ પ્રકારના (એટલે કે કામોદ્દીપક અને અશ્લિલ, 'એરોટિક' અને 'ઑબ્સીન') 'સાહિત્યનું રુંધન કરું.'

આ શબ્દો મહાત્મા ગાંધીજીએ નાગપુર ખાતે મળેલી અખિલ ભારતીય સાહિત્ય પરિષદમાં કહ્યા. એ શબ્દોની અંદર રહેલો આશય ઊંચો છે, પણ ધ્વનિ દમનનો છે.

પ્રજાનો સાહિત્યરસ કોઇ પણ સત્તાને ગાંઠતો નથી. સરકારે પોતાના વિઘાતક સાહિત્ય પર ઘણા અંકૂશો મૂકી જોયા, કારમા દંડો ફરમાવ્યા, છતાં પ્રજાની સતેજ બનેલી ભાવનાએ એવા સાહિત્યને મેળવ્યું જ મેળવ્યું. રેનોલ્ડનાં બહિષ્કૃત પુસ્તકોને અંગ્રેજ લલનાઓએ બિછાનામાં છુપાવી છુપાવી વાંચ્યાં હતાં.

સાહિત્યની અભિરૂચિ રૂંધી શકાતી નથી, કેળવી જ શકાય છે. સળેલા દાણાને પ્રજા પોતાની જ ખાનપાન-વૃત્તિની કસોટી પર ચડાવી ત્યજે છે. ને એ સળેલું અનાજ ખાય છે ત્યારે એનાં ત્રણ કારણો હોય છેઃ કાં તો સળેલું પારખવાની અજ્ઞાનતા, અથવા તો સ્વચ્છ, સુંદર અન્નનો અભાવ, કે પછી એ મેળવવાની અશકિત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાનપાનની વસ્તુઓ કરતાં સાહિત્યના સારા-નરસાપણાની સમજ વધુ નાજુક છે. એ નાજુક સમજશક્તિનું ઘડતર જોઈએ છે; સરમુખત્યારીનું શાસન નહિ.

આવું ઘડતર કરવા માટે જાગ્રત અને સતેજ વિવેચન જોઈએ. વ્યાપક અને એકધારા વિવેચનની ખરી ખોટ છે. લોકોની વાચનબુદ્ધિને દોરવણી દેનાર આંખોરૂપી વિવેચનને વિસારીને રખે કોઈ સત્તાનો કોરડો વીંઝવા લાગે.

મહાત્માજીને મતે ઉદ્દીપક સાહિત્ય કયું ઠરે એ પણ એક સમસ્યા છે. કવિ કાન્તના 'વસંતવિજય' કાવ્યની એમણે એક વાર ઝાટકણી કાઢેલી. મીરાનાં ભજનો કેટલાકને મતે 'એરોટિક' છે. મહાત્માજીને એમાં ભક્તિરસ ભાસતો હશે. મુનશી-રમણલાલની કથાઓને મહાત્માજી વાંચે તો કયું સ્થાન આપે? વિષમ સમસ્યા છે.

'મારી પાસે સત્તા હોય તો હું કોમીવાદ, ઝનૂન અને વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના તેમજ વર્ગ વર્ગ વચ્ચેના તિરસ્કાર જન્માવનાર સાહિત્યને પણ રૂખસદ આપું.' એ મહાત્માજીનો બીજો અભિલાષ છે.

આમાં પણ વિમાસણ ઊભી છે. હિન્દી સાહિત્યની પરીક્ષાના અભ્યાક્રમમાંથી ભૂષણનું 'શિવાબાવની' રૂખસદ પામ્યું. કલકત્તાની યુનિવર્સિટીએ રવીન્દ્રનાથના સુંદર કાવ્ય 'બંદા વીર'ને પણ કોમી ભાવના આરોપ વહે હણ્યું. પણ આ બધી વસ્તુઓ સત્તાની સમશેરથી હણી જશે નહિ, તંદુરસ્ત વિવેચન જ પ્રજાને સારાસાર નિરખવાની શક્તિ દેશે.

રાજેન્દ્રબાબુએ કહ્યું કે, 'સાચા સાહિત્યને ચકાસવાનું ધોરણ આ એક જ છે: 'એ સાહિત્ય માનવજાતિને જીવનની ઊંચેરી ભૂમિકા પર ચડાવે છે કે નહિ? નહિ તો એની શૈલીની ચાહે તેવી સુંદરતા હો, એ ત્યાજ્ય છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરી વાત આમ છે, કે નબળા વિચારનું વહન કરનારી શૈલી કદાપિ સુંદર હોઈ શકે નહિ. શૈલી અને વિચાર બન્ને એકબીજામાં એવાં ઓતપ્રોત છે, કે એમાં પેસી જતી બનાવટ સહેલાઇથી કળાય.

એ માટે પણ પ્રખર વિવેચન ઊભું થવું જોઈએ. જીવનને ઉન્નત કરનારી વસ્તુઓના સંબંધમાં પણ અત્યારે મોટા મતભેદો જાગ્યા છે. માટે આજે તો જીવન જેવું છે તેવું, એના સૂક્ષ્મ સ્વરૂપમાં, એની રેખાએ રેખા આંકીને સ્વચ્છ દર્શનને પાત્ર બનાવવાની જ સેવા હજુ સાહિત્યે કરવાની બાકી રહે છે.

'કવિઓ તેમજ બીજા સાહિત્યસર્જકો પાસેથી હું યાચું છું કે આજની સત્ય જીવનસ્થિતિની તેમ જ કાળગતિની સાથોસાથ કદમો ઉઠાવનારું સાહિત્ય સર્જો': રાજેન્દ્રબાબુનો એ પ્રબળ સૂર છે. સર્જકો પણ એ જ વાતને ઝંખતા હોય છે.

છતાં સાહિત્ય–સર્જનમાં ચાલુ જીવનસ્થિતિ વિષે અને સમયની પ્રગતિ વિષે ઘણું ઘણું અવાસ્તવિક તત્ત્વ પેસતું જાય છે. કારણ કે સર્જકના કાન પકડનાર કે એની પીઠ થાબડનાર બલવાન વિવેચન નથી.

સર્જકોને અને સર્જનોને કડક તુલા પર ચડાવનારા જ્ઞાનગંભીર વિવેચકો, પ્રચારકવેડાથી મુક્ત કલાપારખુઓ, માટે આજનું પત્રકારત્વ પોતાની કટારોમાં જગ્યા કરે એ પ્રથમ જરૂર છે. પ્રજાની રસદ્રષ્ટિનાં વહેન પલટવાની ખરી શક્તિ આજનું પત્રકારત્વ ધરાવે છે. લોકમતને સર્વ ક્ષેત્રોમાં અખબારો ઘડી રહેલ છે. સાહિત્યનું ક્ષેત્ર પણ એમની જ પાસે આ ઘડતર માગતું ઊભું છે.

રાષ્ટ્રની કોઈ પણ મધ્યસ્થ સંસ્થા આ વાતને ન ઉવેખે.

નંદા સાહિત્ય પ્રત્યે ઝાઝો ભય સેવવવાની જરૂર નથી. લોકરુચિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધીજી ધારે છે તેટલો દુર્ગંધપ્રેમી નથી. વધુ ભાર તો આપણી પાસેના સારા સાહિત્ય પ્રત્યે લોકોને નિર્દેશ કરવાની વાત પર દેવો ઘટે છે. નવી ભાવનાઓને સંતોષતી કૃતિઓ કયાં કયાં છે ? કઈ રીતે એ સુપ્રાપ્ય થઈ શકે ? લોક-પુસ્તકાલયો દ્વારા લેખકોને વેતન આપી, તેમની સુકૃતિઓને સસ્તામાં સસ્તી કિંમતે ઘેરઘેર પહોંચાડનાર પ્રકાશક સંસ્થાઓ દ્વારા; કેવળ ગંદા સાહિત્યને ચાંપી દેવાની સત્તા દ્વારા નહિ.

૫. પારકાને પ્રકાશિત કરનાર

કોનરેડ, ગાલ્સવર્ધી, હડસન, લાયમ ઓ' ફ્લેહારટી : વગેરે સાહિત્યસ્વામીઓની પછવાડે પ્રેરણા, પ્રેમ, પહેરેગીરી અને નિઃસ્વાર્થી પ્રોત્સાહનનો ઝરો કોણ હતો ? એક વિવેચક: એનું નામ એડવર્ડ ગાર્નેટ.

સપાટી પરનો ચમકાટ તો એવકૂફો પણ જોઈ શકે. ગાર્નેટ મહાન હતો એટલે જ એણે લેખકોની ગુપ્ત પડેલી પ્રતિભાને પિછાની, પકડી પાડી, અને પ્રજ્જ્વલિત કરી.

અપકવ અને અણઘડ શક્તિઓની તેજ-કણીઓ જોઈ શકનારા હોવું એ જ ગાર્નેટ માટે બસ નહોતું. એનામાં પારકાને પ્રકાશિત કરી કરી અંધારામાં રહ્યે રહ્યે ઘાટ આપવાની નિઃસ્વાર્થતા હતી.

પ્રોત્સાહન એટલે એકલી પ્રશસ્તિ જ નહિ, પણ ભારોભાર નિર્દયતાભરી કડકાઈ : મહાન વિવેચકનો એ વિરલ ગુણ.

એ ગુણ ગાર્નેટે બતાવ્યો. એક લેખકને એણે પાનો ચડાવ્યો: નવલકથા લખ ! લેખક કહે છે કે, 'હું લખવા બેઠો. વેગે ચઢ્યો. દોઢ લાખ શબ્દો ઘસડી કાઢ્યા. ગાર્નેટ પાસે લઈ ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ગાર્નેટે ધૈર્ય સાચવીને પુરેપૂરું વાંચી કાઢયું. ને પછી એણે એ હસ્તપ્રતને ફાડી નાખી મારા મોં પર ફગાવી.

'નકામું : કચરાપટી : દમ વગરનું : વગેરે શબ્દોએ એણે મને ઝાડી જ નાખ્યો. મારો ઉત્સાહ ભાંગી ગયો. મને થયું કે ફરી કદી લખે એ બેટા !

'પણ ગાર્નેટ મને પટકીને ચાલ્યો ન ગયો. સાત વર્ષો સુધી એણે મારો પીછો ન છોડયો. એણે મને ફાડી ખાધો ને પીઠ થાબડી, ગાળો આપી ને સાંત્વન આપ્યું : મારામાં ગુપ્ત પડેલી શક્તિને બહાર ખેંચવાનું આખરી નિશાન એણે ન વિસાર્યું.'

ફેબ્રુઆરીની ૧૯ મીએ ગાર્નેટનું મૃત્યુ થયું. એનો દ્રશ્ય ફાળો તો સાહિત્યમાં ઘણો ન કહેવાય: કુડીબંધ પ્રવેશકો અને બે'ક નાટકો પરનાં વિવેચનો. પણ એનો નક્કર અને નગદ ફાળો તો અદ્રશ્ય છે: એ ફાળો સંખ્યાબંધ લેખકોની ગુપ્ત પડેલી શક્તિઓને હુલાવી ફુલાવી, ઉગ્ર તાપે તાવી, અને હતોત્સાહમાંથી ઉગારી લઈ અજવાળે મુકનારા ચિરપ્રજ્વલિત પરમાર્થ–અગ્નિનો.

૬. નરસિંહરાવ સ્મારક–અંક

'ગુજરાત' માસિકે બહાર પાડેલા 'સ્વ. નરસિંહરાવ સ્મારક અંક'ની સંગીન લેખસામગ્રીમાંથી વિચારણા માટે સંખ્યાબંધ મુદ્દાઓ જડી રહે છે.

'ગાંધીયુગ' અને તેની પહેલાંનો 'સાક્ષરયુગ': એ વચ્ચેનો તાત્વિક ભેદ કયો છે ? કાકા કાલેલકરના લેખમાં એ તત્વ પકડાયું છે. પ્રસંગ હતો 'વિશ્વશાંતિ' નામનું શ્રી. ઉમાશંકરનું કાવ્ય પ્રકટ થયાનો. એનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવેશક કાકાસાહેબનો. લેખક અને પ્રવેશક–લેખક બન્ને ગાંધીયુગનાં નીરે નીતરતા, છતાં કૃતિઓ બન્નેની સંસ્કૃતપ્રચૂર શૈલીમાં. કાકાસાહેબ લખે છે કે, 'નરસિંહરાવના હર્ષનો પાર ન રહ્યો. જૂની સાક્ષરી શૈલી અને ગાંધી શૈલી વચ્ચેનો તફાવત આગળ કરી સાક્ષરોને ઉતારી પાડનાર લોકોનું મોઢું બંધ કરવા માટે એક સરસ સાધન હાથમાં આવ્યું એમ જોઈ એમણે 'વસંત'માં એક લેખ લખ્યો, અને સાક્ષરયુગનો બચાવ કર્યો.' કાકાસાહેબે નરસિંહરાવભાઈને કાગળ લખ્યો અને સ્પષ્ટ કર્યું કે ગાંધીયુગ–સાક્ષરયુગ એવા બે યુગ શૈલી પરત્વે નથી, પણ જીવનદૃષ્ટિ પરત્વે છે.

આપણે ઘણાખરા આજે નરસિંહરાવભાઈના જેવી જ ભૂલભરી વિચારસરણીએ કામ લઈએ છીએ. નવા યુગની લોકભાવનાને ઉપાસતા નવીનો પણ લોકવર્ગ, જનતા, આમપ્રજા વગેરે શબ્દોનો આશ્રય લઈને સંસ્કૃત–પ્રચૂર શૈલીની પીટ પાડે છે, ને સાથોસાથ તેઓ પોતે જ 'જનતા'ના જીવનપ્રશ્નોને જે નવી શૈલીમાં છેડે છે તે શૈલી કાંઈ સાક્ષરયુગની સંસ્કૃતપ્રચૂર શૈલીથી જરીકે ઓછી દોપવાળી નથી. એ શૈલીમાં ભલેને સંસ્કૃતનું પ્રાચુર્ય ન હોય, પણ તેણે નવા જ પ્રયોગોની કિલષ્ટતાનો આશરો લીધો છે. સાક્ષરોની ભાષા કંઈ નહિ તો સંસ્કૃતનું ધાવણ ધાવનારી હોવાથી આ ભૂમિનાં જ રસકસને પોતાની અંદર પ્રકટાવી શકતી: આજની કહેવાતી લોકભાષા પરદેશી વાદોનાં તૈયાર ચોગઠાં પહેરે છે તેથી કંઈ લોકભાષા બની નથી જતી.

એટલે જ કાકાસાહેબની વાત સાચી છે કે જનતાના પ્રાણ–સંપર્કમાં રહીને જીવનને પિછાનનારી શૈલી જ પોતાને ખાતે સાચો યુગ જમા કરી શકે છે.

નરસિંહરાવભાઈનું 'ચીકણાપણું' કેટલાંક જે સુંદર પરિણામો નિપજાવી ગયું છે તેમાંનું એક પરિણામ તે એમની 'રોજનીશી' છે. શ્રી. અંજારીઆ અને કાકાસાહેબ, બેઉએ એ રોજનીશી પ્રત્યે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધ્યાન દોર્યું છે. પોતાના પ્રત્યેક જીવન-દિનની ઘટનાઓને નોંધી લેવાની ચીવટ જે માણસ કેળવી શકે છે તે માણસ ભાવિના ઇતિહાસ-લેખકને સારુ પ્રચૂર સામગ્રી મૂકતો જાય છે. નરસિંહરાવભાઈના 'સ્મરણ-મુકુર' લઈને બેસનારો લેખક છેલ્લાં સાઠેક વર્ષના ગુજરાતી જીવન-પ્રવાહોની જીવતી પિછાન પામી શકે. તત્કાલીન વાતાવરણને શોધવા તેમ જ ઓળખવા આપણે અંગ્રેજ ઑફિસરોની ઉપરછલ્લી ડાયરીનાં પાનાં ફેંદવાં પડે છે તેનું કારણ આપણા વયોવૃદ્ધ પુરુષોના રોજનીશી-સાહિત્યનો અભાવ જ છે. આપણું પોતાનું જીવન ગમે તેવું રંક હો, પણ તેમાં અંકિત થતો યુગકાળ નાની મોટી કેટલી કેટલી પ્રસંગ-રેખાઓને આપણા પર પાડતો જાય છે! એ રેખાઓનું રક્ષણ થઈ શકે તો તેમાંથી કથા, વાર્તા, ઇતિહાસની ઝીણી મોટી વિગતો જડી રહે, એ તો ઠીક, એ અલ્પ ભાસતા તત્કાલીન બનાવો પણ પાછલી અવસ્થામાં એના 'પર્સ્પેક્ટિવ' ઉઠાવ પામી ઘણી વાર ન ધારેલું મહત્વ ધારણ કરી લ્યે છે. ઉપરાંત સંભાળથી લખાતી રોજનીશી પોતે જ શું એક સ્વતંત્ર કૃતિ નથી?

'...જ્યાં મેં મારી પત્નીને ઘોડેસવારીનું શિક્ષણ આપ્યું હતું અને લીધું હતું.'

આ એક જ વાક્ય સાહિત્ય-જગતમાં એક 'રોમાન્ટિક' વાતાવરણની લહેર નથી લાવતું શું? ઉત્તર કાનડાના બેલીકેરીના સમુદ્ર-કિનારા પર એક સાક્ષરે આજથી ત્રીસ-ચાલીસ વર્ષો પર શું આવી કોઈ સાચી જુવાનીનો રોમાંચ અનુભવ્યો હશે? અને એ રોમાંચનું રંગીલું સ્મરણ માણતો માણતો, માત્ર માણતો જ નહિ પણ જગતના ચોપડે નોંધાવતો નોંધાવતો, મોતને પિછાને શ્વાસો ખતમ કરતો એક કવિ, પંડિત ને વ્યાકરણી હોય, એક દુઃખભારે દબાઈ ગયેલો સાક્ષર હોય, એ કોઈના માન્યામાં આવે છે? એવું વાર્તામાં લખ્યું હોત તો સહુ વાહિયાત જ કહેત. છતાં એ શબ્દો સાચા છે. એ નરસિંહરાવભાઈએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંદગીને બિછાને પડ્યાં પડ્યાં લખાવેલી પોતાની જીવન-સ્મૃતિઓની 'તરંગ-લીલા'માં છે. એવું 'જોબનિયું' યાદ કરતો કરતો મરનાર માનવી મરી જાણે છે.

વિવેચનની કલામાં કઈ કઈ ભાત પડી શકે છે ? ધ્રુગો, કાર્લાઈલ કે નિત્શે જેવા કવિ-વિવેચકોની સર્જકતા ને પ્રેરણા : લેખકના વ્યક્તિત્વની રચના શોધી કાઢી તેમાંનાં કયાં અંગો કૃતિમાં આવે છે તેનો નિર્ણય કરતી સેન્ટ બવની વિવેચનકલા: સાહિત્યની ઉત્ક્રાંતિની દિશા નક્કી કરી તેમાં અમુક કૃતિનું કયું સ્થાન છે તે નક્કી કરવાની ટૅઈનની વિવેચન-રીતિ: અને માત્ર પોતાના પર પડેલી છાપને જ સજીવ રૂપે બહાર પાડનારી આનાતોલ ફ્રાંસ જેવા અર્વાચીન વિવેચકની કલા.

એવી ચાર પ્રકારની કલાને શ્રી. મુનશી સર્જનાત્મક કલા તરીકે ઓળખાવે છે, ને નરસિંહરાવભાઈની નરી વિવેચનાત્મક કલામાં ઉપલી ચારનો અભાવ જાહેર કરે છે. શ્રી. મુનશીએ બતાવેલા આ પ્રકારો અત્યારને ટાંકણે આશીર્વાદ સમા બને છે, કેમકે વિવેચનની રીતિ પરત્વે પણ આપણે આપણી રૂઢિચુસ્ત મનોદશાના અમુક આગ્રહોને છોડી શકતા નથી. વિવેચન એટલે તંતુએ તંતુ છુટ્ટા પાડીને કરેલું 'ડાઈસેક્શન', વિવેચન એટલે એમાં ઊર્મિની મુગ્ધતાને સ્થાન ન હોઈ શકે, વિવેચન એટલે ખજુર-રાણકોકડી તોળવાનો કાંટો, વિવેચન એટલે, 'આમ પણ હોઈ શકે, તેમ હોત તો વધુ ઠીક થાત, આ છે પણ તે નથી, ને તે નથી માટે આ નથી': વગેરે ઢબનાં વાક્ય-ચોગઠાં, વિવેચન એટલે અમુક ઉડાઉ 'ઈવેઝિવ' વાક્યોમાં પોતાને ઢાંકતી નિષ્પ્રાણ તટસ્થતા, એવું માનતું ને મનાવવા માગતું માનસ રોગી છે.

'ખામીઓ નહિ પણ મર્યાદાઓ': આશાનાં કિરણોને દિનપ્રતીદિન વધુ વધુ તેજસ્વી બનાવી રહેલા શ્રી. અનંતરાય રાવળે પાડેલો આ ભેદ એકદમ સચોટ છે. નરસિંહરાવભાઈએ કે હરકોઈ બીજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિએ, વાર્તાકારે, કોઇ પણ સર્જકે અમુક જ ભાવોને આલેખ્યા ને અમુક યુગબળોને પોતાની કૃતિઓમાં કેમ ન ઝીલ્યાં? તો શ્રી. રાવળ એની સરસ ચાવી આપે છે. એ એમની ખામીઓ નહોતી, પણ એમની, અર્થાત એમના યુગકાળની, ઉછેરની, સમાજ-સ્થિતિની, બલકે કહો કે એમના પોતાના સ્વતંત્ર વિચારોની મર્યાદાઓ જ હતી. એ મર્યાદાની ઉપર અમુક સર્જક કેમ ન જઈ શકયો, તે તો પ્રશ્ન જ વિવેચનમાં અનુચિત છે; એટલે કે એ મુદ્દાને આધારે એનું મુલ્યાંકન થવું જ ન જોઇએ. સાચો મુદ્દો શ્રી. રાવળે પકડયો છે, અને તમામ વિવેચકોએ ગ્રહણ કરવા જેવો છે. વિવેચકનું પ્રથમ ને ખરું કર્તવ્ય તો એ કે કવિની સાચી નેમ શી હતી, તેણે પોતાનું એ કર્તવ્ય પોતાને મળી તેટલી સામગ્રી તેમજ સંજોગો વચ્ચે કેવી રીતે બજાવ્યું છે તે જ ભારપૂર્વક તપાસવું. એ દ્રષ્ટિથી જોતાં નરસિંહરાવે જીવન-વિગ્રહ કેમ ન નિરુપ્યો, દેશાભિમાનની કવિતા કેમ ન લખી, વગેરે પૂછવાનો આપણો જરા ય અધિકાર નથી. એ એમની રૂચિ કે માન્યતાઓની વાત હતી.

૭. સાહિત્યમાં સ્ત્રી

સનાતન નાટક

સ્થળ : એક શીતલ પહાડ-ટેકરી.
સમય : સળગતા ઉનાળાના બપોર.
પાત્રો : એક નવપરણ્યું યુગલ.

પુરુષ—આખરે તું મારી બની. જગત હાથ ઘસતું રહ્યું.
સ્ત્રી—હવે મારે ખાતર મૃત્યુને ય વધાવવા ઘસ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરુષ—તારે ખાતર નહિ, તને મારી કરવા ખાતર.

સ્ત્રી—હું તો એમાં કશો ફરક સમજતી નથી. મને તો આપણા સુખની લહરો બીજું બધું જ ભાન ભુલાવે છે.

પુરુષ—તું કેટલી સુંદર છે!

સ્ત્રી—તમને ગમું છું? તમે તો મારા સર્વસ્વ છો. આપણા સંસારને રસમસ્ત કરવા હું....

[છાપાવાળો આવે છેઃ પુરુષ છાપું લઈને વાંચે છે. વાંચતાં જ એ ચમકે છે.]

સ્ત્રી—ચાલોને, સરોવરનાં મોજાં આપણને ભીંજવવા આતૂર બની રહેલ છે! ચાલો નહાઈએ.

[પુરુષ ઘડીક આકાશમાં ને ઘડીક છાપામાં તાકે છે. એને જંપ નથી.]

સ્ત્રી—[નજીક આવી, ગળામાં હાથ નાંખી] શું છે?

પુરુષ—મારે જવું પડશે.

સ્ત્રી—ક્યાં?

પુરુષ—મારો હરીફ વિમાની મારા કરતાં વધુ અંતર વટાવી ગયો; તેનાથી આગળ સીમાડા સર કરવા. [ઊઠે છે.]

સ્ત્રી—તમે શું કહો છો? સાચું જ કહો છો? મશ્કરી તો નથી કરતા ને? કહો કહો, મારા સમ કહો. મને છોડી, આવી સુખની ઘડીને છોડી શું તમે, ફક્ત હરિફાઈ કરવા ચાલશો? બોલો. [ઢંઢોળે છે.]

પુરુષ—હું ખરું જ કહું છું: મારાથી હવે નથી રહેવાતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રી—મારો પ્રેમ શું તમારી હરિફાઈથી ઊતરતો ? તમને તમારા વિમાનનાં સાહસો વહાલાં તેટલું જ શું મને એક સ્ત્રી તરીકે મારું આ જીવન, મારો આ પ્યાર, મારા આ પ્રથમ લગ્નદિનો વહાલા નથી ? પ્રેમ એ શું મારું સર્વસ્વ નથી ? મારા મનોરથોને છુંદીને શું તમે ચાલ્યા જશો ? પુરુષનો પ્રેમ તે શું આ કે ? સુખના હીંચોળાને મારી છાતીએ બાંધી મેં તમને હીંચોળવા માંડયા, તેની શું તમને કશી કિંમત નથી ?.....

પુરુષ—મારું એન્જિન હજુ સાફ કરવાનું છે. મને અત્યારે બીજું કશું સમજમાં આવતું નથી. મારું એન્જિન ! મારું વિમાન ! [દોડીને નીકળી જાય છે.]

આ વિમાની એટલે સમસ્ત પુરુષ જાતિનો આત્મા : તે આ નવવધૂ એટલે સમસ્ત સ્ત્રીજાતિ. પુરુષનું સર્વોપરી ધ્યેય સ્ત્રી નથી, સ્ત્રીનો પ્યાર નથી, પણ પુરુષાતન અને પુરુષાર્થ છે.

પુરુષાર્થની હાકલ પડે ત્યારે પુરુષથી સ્ત્રીના પ્રેમની કિંમત આંકવા ન બેસાય. બેસે એ પુરુષ નહિ. સંજોગો જો પુરુષને પ્રેમ અને કાર્ય વચ્ચે પસંદગી કરવાની ફરજ પાડે તો તે ઘડીએ સ્ત્રીએ સહી જ લેવું રહ્યું. સમજદાર સ્ત્રી સહી લે, તે ન સમજનાર સામે થાય.

કર્મના ઉપાસી પુરુષે હંમેશાં પોતાની ગૃહદેવીની સામે આવો બળવો ઉઠાવ્યો છે. ટૉલ્સ્ટૉયે પોતાના ધ્યેયની આડે આવતા કુટુંબ-જીવનનો ત્યાગ કરવામાં બહુ દયાજનક ઢીલ નાખી. ઘણા કલાકારોને, સ્વપ્નસેવી જનોને સુંવાળાં સ્નેહમિછાનાં છોડવાં પડ્યાં છે.

સર્જન—કલાનું, કવિતાનું, કે પછી હરકોઈ કસબીનું સર્વોપરી વંદનીય વ્રત છે એ. સર્જનની મનોદશા પુરુષને સદા વરેલી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગતની પ્રગતિમાં એ સર્જનની તાલાવેલીનું જ અગ્રસ્થાન છે. અન્ય તમામ સુખભાવોએ એને નમવું જોઈએ. કલાકારને, વિજ્ઞાનીને અથવા હરકોઈ સર્જકને પરણનાર પત્ની પોતાની એ પ્રથમ ફરજ સમજે.

સ્ત્રીને ય બેશક પોતાનું રાજ્ય છે, જ્યાં દરેક સાહસવીર પુરુષ આવીને પોતાનું શિર ઝુકાવશે. ખરી સ્ત્રી પુરુષના કર્મજીવનની ઈર્ષા ન કરે ને ખરો પુરુષ પોતાનાં પગરખાં–ટોપી સ્ત્રીને આંગણે જઈને જ ઉતારે. પ્રત્યેક સંધ્યા એ પુરુષને પોતાની સ્નેહપાત્રીને ખોળે જ ખેંચી જાય.

દિવસ અને રાત પોતાનું કર્મ ચૂકીને પ્યારમાં ઝુરાઝૂર કરનારા, સ્ત્રી વગરના જગતને ને જીવનને શૂન્ય રણવગડા સમજી રોનારા પુરુષ-પાત્રોનું સર્જન ઘણું થયું: સરસ્વતીચંદ્રો, સલીમો, ને કલાપીઓ કીડાની પેઠે જગતસાહિત્યમાં ખદબદે છે.

એ જાતના સાહિત્યના અતિરેક સામે યુરોપમાં હવે જેહાદ શરૂ થઈ છે. મર્દની એકાદ મસ્ત ધૂન પણ જે જગતસર્જનમાં સો સ્ત્રીઓના પ્યારથી જ્યાદે મૂલ્યવંતી મનાય છે, તે જગત હવે સાહિત્યકારોને પુકારે છે કે માંદલા, ઝૂરતા, ઊર્મિવિવશ પ્રેમીકોને પ્રશંસાભાવ આરોપ-વાનું છોડો.

૮. પ્રેમાળ હૃદયનો ઇજારો

'**આપણા** આખા સાહિત્યમાં એક એવો વહેમ પેસી ગયો છે કે પ્રેમાળ હૃદયનો ઇજારો માત્ર સ્ત્રીઓએ જ રાખ્યો છે, અને પુરુષો સર્વ હૃદયહીન જ હોય છે. અને આવું આલેખનારા લેખકો બધા પાછા પુરુષો જ હોય છે! પોતાની જાતને આવો અન્યાય કરવાનું આ લેખકોને બહુ શાથી ગમતું હશે તે સમજાતું નથી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપલી ટકોર શ્રી. નલરામ ત્રિવેદી જેવા પ્રખર વિવેચકે ૧૯૩૫ના ગ્રંથસ્થ સાહિત્યના અવલોકનમાં કરી છે. આગળ ચાલતાં શ્રી. નવલરામે શ્રી. સરોજિની મહેતાની 'એકાદશી' નામના વાર્તાસંગ્રહને વિષે લખતાં પણ ઉચ્ચાર્યું કે :

'સ્ત્રીઓને દુઃખ છે એ વાત સ્વીકારી લીધા પછી પ્રશ્ન થાય છે કે પુરુષોને પણ કાંઈ દુઃખો હશે ખરાં કે નહિ? આ લખનારે આજથી અઢાર વર્ષો પર પોતાનાં તે વખતનાં સહાધ્યાયિની બહેન સરોજિનીને મુખે ગુજરાત કૉલેજના ચર્ચા-મંડળમાં આ શબ્દો સાંભળ્યાનું અત્યારે યાદ આવે છે :

"I have actually seen women beating their husbands." (સ્ત્રીઓને મેં પોતાના પતિઓ ઉપર રીતસર પ્રહારો કરતી જોઈ છે.) આમ જાણવાં છતાં શ્રી. સરોજિની બહેન અને બીજાં સ્ત્રી-લેખકો આ પ્રમાણે લખે તે તો ભલે, પણ પુરુષ લેખકો પણ આ જ પ્રમાણે માત્ર સ્ત્રીઓનાં દુઃખો, સ્ત્રીઓનાં જ દુઃખો, એમ લખ્યે જાય છે તે નવાઈ જેવું લાગે છે.'

અમને નવાઇ નથી લાગતી. પુરુષોનાં દુઃખોનું આલેખન લેખકોને માટે અતિ કઠિન છે. સ્ત્રીજીવનને પોતાને કુદરતે જ એવી સુંવાળી ને લાલિત્યમય ભૂમિકા આપેલ છે કે તે ભૂમિકા પર આંસુનાં, નિઃશ્વાસનાં, આક્રંદનાં કે આત્મઘાતનાં વેલ્યણુટા પાડવાનું કામ સરલ છે. પુરુષનો આંતઃસંતાપ અને એના દિલનો અગ્નિ મૂંગો, ઊંડો, ને શાબ્દિક પ્રદર્શન અણશોભતું થઇ પડે તે રીતે ધીખે છે. દાખલા તરીકે પુરુષના કપોલ પર આંસુનાં બિન્દુઓ દડવાથી એ બાપડાનું પાત્રાલેખન કઢંગુ બને છે.

ટાગોરે 'માશી' નામની વાર્તામાં પુરુષની વેદનાનું જેવું આલેખન કરેલ છે, તેવું સફલ આલેખન સામાન્ય લેખકો કરી શકતા નથી. અને કોઇ પણ નબળી કૃતિમાં કરુણતાનું મુખ્ય આકર્ષણ ઊભું કરવાને માટે સ્ત્રી સગવડભરી થઇ પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯. નૂતન સ્ત્રી અને નારી–સન્માન

હિન્દી–પ્રચારના નવા વાહન બનેલા હંસમાં એક સંપાદકીય નોંધ છે. એની મતલબ આવી છેઃ કે કોઈ એક લેખકે પોતાની એક કૃતિ અમુક સંપાદક પર મોકલી. નામંજૂર થઈ ને એ કૃતિ પાછી આવી. પછી એ લેખકે કોઈ કલ્પિત સ્ત્રી–લેખિકાના નામથી એ કૃતિ એ જ સંપાદકને મોકલી. તુરતાતુરત તે મંજુર થઇ ગઈ એટલું જ નહિ પણ પહેલા જ અંકમાં એને સ્થાન મળ્યું.

આ પ્રસંગ બાબત હંસના સંપાદકે લેખકના આચરણ બદલ ઠપકો આપ્યો છે. એમનું વલણ આમ છે, કે સ્ત્રીઓ આપણા સન્માનની વિશિષ્ઠ અધિકારિણી હોઈ અને નારીયુગના નવજાગૃતિ કાળની આ વેળા હોઇ એમની કોઇ પણ કૃતિ વિશિષ્ઠ ઉત્તેજન અથવા ગણના પામે તો તે સ્વાભાવિક છે, પરંતુ તેટલા પરથી નારી નામની ઓથે રહી છલ રમનાર લેખકે તો નિંદ્ય વર્તન જ દાખવ્યું છે.

આવા સંપાદકીય વલણ જોડે અમે સંમત થઇ શકતા નથી. સાહિત્યના ક્ષેત્રમાં સ્ત્રી આજે બંધનમુક્ત છેઃ શિક્ષણના ક્ષેત્રમાં જેમ એ છે તેવી જ અને તેવી જ રીતે. નારી–સન્માનના નિયમનું કથું જ રક્ષણ એમને માટે શિક્ષણ કે સાહિત્યમાં હવે જરૂરનુ નથી. વિદ્યાપીઠનો પરીક્ષક કોઇ વિદ્યાર્થીનીને હવે વધુ દોકડા આપશે તો તમે શું કહેશો? નારી–સન્માન ત્યાં ધાતક અને બનાવટી બની જશે. કારણ કે એ ક્ષેત્રમાં સ્ત્રી પુરૂષ બેઉને સમાન અધિકારો છે, સમાન અનુકુલતાઓ છે, સમાન તાકાતને રમવાનું મેદાન છે.

અમે તો માનીએ છીએ, કે શારિરિક ધર્મોના પાલન અર્થે

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નારીનો પક્ષ જે વિશિષ્ટ રક્ષણ માગી લે છે, તે સિવાયનાં કૃત્રિમ અધિકાર–રક્ષણ વડે સ્ત્રીને પાંગળી, મિથ્યાભિમાની, અને ઢીલીપોચી ન બનાવીએ તો જ સમાજનું શ્રેય છે. નવા યુગની નારીએ તો આ પ્રકારના નારી–સન્માનની એવના ન કરવી જોઇએ એટલું જ નહિ, એવા સન્માનનો ઉઘાડો અનાદર કરવો જોઈએ. એટલે અમને તો પેલા સંપાદક બંધુની જ વૃત્તિમાં પામરતા ભાસે છે. ઉપરાંત આમાં મુખ્ય મુદ્દો તો સંપાદકની સ્ત્રી–સન્માનદૃષ્ટિનો નહિ પણ સાહિત્યની તુલનાદૃષ્ટિનો હતો.

૧૦. વાર્તાસાહિત્યમાં જાતીય તત્ત્વ

વાર્તાસાહિત્યમાં જાતીય તત્ત્વની ઘેલછા હવે લાલબત્તી માગે છે. વાર્તાના વીરને સ્ત્રીના પ્રલોભનમાંથી પાર કરાવવાની અનિવાર્ય પ્રથાએ હજુ સુધી સરસ્વતીચંદ્ર–અલકકિશોરીની ઘટનાના જુનવાણી અને નકામા ચીલા છોડયા નથી. આ કસોટી સાવ બળજબરી બની રહેલ છે.

'પત્રલાલસા'માં શ્રી. રમણલાલે પોતાના નાયક સનાતનને મિલ-માલિકની પત્ની કુસુમ જોડે મોટરની સેલગાહથી લઇ સમુદ્રસ્નાન સુધીના મામલામાં શા માટે સંડોવ્યો છે તે મને હજુ પણ સમજાતું નથી. એવી અગ્નિપરીક્ષાની કશી જ જરૂર નહોતી.

'આપણને કોઈ આમ જુએ તો કેવું કહેવાય?' આવો ગભરાટ સનાતનને એ સમુદ્રસ્નાનની લીલામાં કશી શોભા આપતો નથી. એ શબ્દો તો એના માનસિક પતનની ઉપર બાયલાપણાનું છોગું ચઢાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછવાડેથી કચાંયે આ વસ્તુનું નિવારણ 'રિટ્રિબ્યુશન' કે 'પોએટિક જસ્ટિસ'ના રૂપમાં થતું જ નથી. સનાતન તો એ માર્ગે મહાન બની રહે છે.

આપણા સાહિત્યમાંનું જાતીય તત્ત્વ હજુ સુધી 'હમીર-હઠ'ના રદ થયેલા પ્રકરણની તથા આવી કૃત્રિમ પરીક્ષાની વચ્ચે ગોથાં ખાય છે. જાતીય ઊર્મિના આવા ચિતાર પુરુષને તેમજ સ્ત્રીને, બન્નેને 'સુડા-બોંતેરી'ની કથાઓના કીચડમાં ફરી ફરી પાછા ધકેલી મૂકે છે.

સ્ત્રી પુરુષનાં શરીરોને કુદરતે જાણે કે એકબીજાની કસોટી કરવાનું જ કામ સોંપી રાખેલ છે! બીજો કોઇ ધંધો જ એને રહ્યો નથી, જીવનકાર્યની ને સાહસોની કે શૌર્યની પ્રેરણા પણ હરીફરીને સ્ત્રીના દેહમાંથી જ ખડી થાય છે.

જીવનનાં તમામ રહસ્યો શું આ વિકારમાં જ સમાઇ ગયાં છે!

નવા યુગમાં આપણે સ્ત્રીને અને પુરુષને એકબીજાની નજીક ખેંચી લાવ્યા છીએ; પણ તેમનો અગ્નિ અને ઘી જેવો મનાતો જૂનો સંબંધ આપણે ઉથલાવ્યો નથી: ઉલટાનો પંપાળેલ છે.

બીજાં જીવનબન્ધોને આપણે સાહિત્યમાં પ્રયોજ્યાં છે, પણ તે તો શોભારૂપે, કહો કે ઢાંકણરૂપે. વાર્તાઓ ને નાટકોમાં નાયક-નાયિકાઓ ચાહે તે કાર્ય કરતાં કરતાં અંદરખાનેથી તો જાણે કે ટાંપીને જ બેઠેલાં, ઝૂરતાં. ધર્માગ્નિમાં જલતાં હોય છે. આવા સંસ્કારો તે પાત્રોને નમાલાં, વાતોડિયાં, આવેશીલાં, જીવનધર્મોની ખરી પકડ વગરનાં, ને પુરુષાર્થથી અકળાતાં બનાવે છે, ન્હાનાલાલ અને મુનશીના ડંફાસુ પાત્રો પણ આ રોગી માનસમાંથી મુક્ત નથી.

આજનાં યુવાનોને આવું સાહિત્ય હતવીર્ય કરી રહેલ છે. આના કરતાં જૂના સાહિત્યની જાતીય ભાવનાનો વધુ ઠીક હતી. એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહિત્યની સ્ત્રી સીધેસીધી વાસના-સ્નેહનું પાત્ર હતી: એ દૃષ્ટિએ જ શોધાતી, સાંપડતી ને યોજાતી. એને અવલમ્બીને નાયક-નાયિકાઓ એકમેક જે હિમતોની બરદાસ્ત કરતાં.

હવે તો રાષ્ટ્રભક્તિ, સમૂહસેવા કે એવા કોઈ પણ મહાન પ્રયોજનની પછેડી ઓઢીને નવી કથાઓ આ જાતીય આવેશની જ રોગિયલ સૃષ્ટિ ઊભી કરે છે. પુર્વકાલનું રોમાંચ કે બલિદાનવૃત્તિ એમાં પ્રગટ થતાં નથી. કેમ કે એમાં પ્રેરક બલ સ્પષ્ટ રૂપે કામ ન કરતાં દંભ પહેરે છે.

નવા સાહિત્યકારને માટે માનસશાસ્ત્રનો રીતસરનો અભ્યાસક્રમ પ્રથમ દરજ્જે જરૂરી છે. કોઈ અભ્યાસ વગરનો લેખક પરંપરાગત લેખનવાચનનો ભોગ બની, પોતાની કલમ વડે પણ એક મિથ્યા, માયાવી 'મેઇક-બિલીવ' સૃષ્ટિ સરજ્યા કરશે; ને 'સેક્સ' જેવા બલવાન જીવન-રહસ્યનું સાચું રસાયન સાધવાની દૃષ્ટિ વગર કેવળ ચાલુ રોગચાળામાં જ વૃદ્ધિ કર્યા કરશે.

૧૧. સુરુચિ-કુરુચિનાં ત્રાંજવાં

"'પ્રસ્થાન'માં 'વિદ્યાર્થી' નામનું કાવ્ય તમે વાંચ્યું?"

"ના, કેમ?" મેં મિત્રને પૂછ્યું.

"આજે ટ્રેનમાં એક ભાઈ દુઃખ જાહેર કરતા હતા. કંઈક બહુ ગંદું છે એમાં."

તુર્ત જ મેં એ કાવ્ય વાંચ્યું. વિસ્મય થયું. રામનારાયણભાઈની સદ્‌ભિરુચિ ખૂબ વિવેકવંતી છે. છતાં આ કાવ્ય કયાંથી પેસી ગયું? વાંચનાર મિત્રનો પણ મત મળતો થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવતરણ નથી આપવું. 'કદી જ્યારે આવે'થી શરૂ થતો આખો ફકરો અત્યારના વિદ્યાર્થીના આંતર-જીવનની અધોગતિનું લેખકના માનવા મુજબ કદાચ વાસ્તવદર્શી શબ્દચિત્ર આપતો હશે, તે છતાં એ ગંદકી કાવ્યમાં ઉતારવા જેટલી હદે નહોતી લઈ જવી જોઈતી.

સુરુચિ-કુરુચિની સીમાદોરી વિષે આ તો એક મોટી તકરાર કદાચ ઊભી કરે તેવો પ્રશ્ન થઈ પડશે. વાસ્તવદર્શન અને ભાવનારંગી લેખન વચ્ચેના પણ વિગ્રહો વધુ તંગ થાય. એકે પક્ષની પાસે દલીલોનો પાર ન રહે. અને વાસ્તવદર્શનની જો ઉઘાડી કદરૂપતા હોઈ શકે, તો ભાવનાલક્ષી લખાણોની ઓથે ચાલાકીથી ઈસારારૂપે છુપાવવામાં આવતી અધોગત વસ્તુઓ પણ કયાં નથી? એવી તકરારોનો કોઈ સુમાર ન રહે.

'વિદ્યાર્થી' કાવ્યનો લેખક કહી શકે કે, મેં જુગુપ્સામાં રાચનારી વૃત્તિથી, અથવા એવી વૃત્તિને બઢેકાવવા માટે કયાં લખ્યું છે? હું તો વર્તમાન વિદ્યાર્થી-જીવન પ્રત્યે ચોંકાટ આપી ભાવિ યુવાન-જીવનની દર્દભરી ઝંખના ધરું છું.

એ એમ પણ કહેશે કે, મારે પક્ષે 'યામા' જેવી નવલકથાઓ છે. એવી એવી તો સંખ્યાબંધ સાહિત્ય-કૃતિઓ છે, કે જેને શિષ્ટ સમાજની સુરુચિએ ત્યજી તિરસ્કારી નાખેલ છતાં, માત્ર સાહિત્ય જગતમાં જ નહિ, સમાજરચનાના વિપ્લવમાં ય મોટાં સ્થાન ભજે છે.

ખરું છે: કે જુગુપ્સાને તોળવાની કોઈ તુલા નથી. એને લાગુ પડે તેવા કોઈ વિવેચનના નિયમો નથી. ને સમાજનાં અંગેઅંગો આજે એવું તો પરિવર્તન પામી રહેલ છે, કે કાલનું જે અકથ્ય તે આજે સુકથ્ય થાય છે; તેમજ ગઇ કાલનાં 'માલતી-માધવ' શાં શિષ્ટ સંસ્કૃત નાટકો આજની નવી સુરુચિને વધુ આઘાત કરનારાં બન્યાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહી ફક્ત એટલું જ શકાય : કે અતિ ચોખલીઓ નહિ, અતિ જડસુ નહિ, પણ મધ્યમ જીવનની ઉદાર અભિરુચિઓને ખુદ જીવનના જ વિશાળ પટ પર સેવી રહેલ સમૂહ જો વધું કશું વિવરણ કર્યા વગર એટલું જ કહે કે, કોણ જાણે કેમ પણ મને આ સુખદ —'પ્લેઝંટ' નથી લાગતું, તો તેનું કહેવું સાચી તુલનાની વધુ નજીક ગણાય.

રૂપિયો રણકારથી પરખાય. રણકાર કાનનો પ્રદેશ છે. એ રણકારનું સાચ કે બોદાપણું કાન જ કોઈ અકળ કળથી પકડી લે છે. કાનનું નિયમન કરનાર કોઈ નિયમ નથી. સુરુચિ કુરુચિનું પણ એવું જ કંઈક હોવું જોઈએ.

વળી એક ચિત્ર જુગુપ્સાની દુનિયાનું છતાં દર્દ–વેદના–કારુણ્ય –પ્રકોપ ઇત્યાદિ માનવતાએ ભીના ભાવો નિપજાવે: બીજું ચિત્ર એવું કંઈ ન નિપજાવતાં કાં ઘૃણા, કાં વિકલતા, કાં બસ ફક્ત, 'કોણ જાણે કેમ, પણ નથી ગમતું,' એવો અણગમો નોંધાવે. પ્રથમ કોટિના શબ્દાલેખનને સાહિત્યમાં સ્થાન: બીજી કોટિના ચિત્રને સ્થાન નહિ.

૧૨. હિંસાવાદની ભૂમિકા ઉપર

રવિન્દ્રનાથ ઠાકુરે 'ચાર અધ્યાય' નામની એક કથા રચી છે. કથાની ભૂમિકા તરીકે બંગાળામાં ચાલી રહેલ ગુપ્ત હિંસાવાદના આંદોલનને ઉઠાવેલ છે. ઇન્દ્રનાથ નામના પ્રતિભાશાલી યુવાને રાષ્ટ્રને મુક્ત કરવાના હેતુથી ખડા કરેલા આ ગુપ્ત તંત્રની અંદર ઈલા નામની એક રૂપવતી અને તેજસ્વિની યુવતી પ્રવેશ કરે છે. એનાથી લોભાઈ બીજા અનેક તરુણો આ ભયાનક પ્રવૃત્તિમાં જોડાય છે. અતીન નામનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક યુવક અને ઇલા પ્રેમમાં પડે છે. આ પ્રેમનો પ્રતિસ્પર્ધી એક અધમ યુવાન બટુ, આખરે આ ખુનામરકી તથા લૂંટફાટની કક્ષા પર ઊતરી ગયેલા આંદોલનની અંદર એક એવી સ્થિતિ ઊભી કરે છે કે જેથી વિપ્લવ-મંડળીને પોતાની સલામતી ખાતર ઇલાનું જ ખૂન કરવાની, અતીનને જ હાથે એ હત્યા કરાવવાની, જરૂર પડે છે, વગેરે વગેરે.

આ કથાએ બંગાળી સાહિત્ય-જગતમાં ફફડાટ મચાવ્યો છે. વિપ્લવી આંદોલનની કહેવાતી વગોવણી માટે રવિન્દ્રનાથ ઉપર પીટ પડી છે. 'પ્રવાસી'માં કવિએ લાંબો ખુલાસો કર્યો છે: કે પોતાનો મુખ્ય હેતુ ઇલા અને અતીનના પ્રેમનું આલેખન કરવાનો જ હતો. ને ભૂમિકા જે પોતે વિપ્લવી હિંસાવાદની બાંધી છે, તેની વિઘાતક અસરોનું જે નિર્દય વાસ્તવતાભર્યું પૃથક્કરણ કર્યું છે, તે તો સાહિત્ય વિચારના વર્તૂલની અહારની વસ્તુ છે. ને પોતાને શ્રદ્ધા છે કે વર્તમાન જ્યારે દૂર અતીતમાં વિલીન બની જશે, ત્યારે આ કૃતિને વાચકો 'ઇતિહાસના ઉ-તપહીન આલોચ્ય વિષયમાત્ર' તરીકે 'અનાસક્તભાવે' ગ્રહણ કરશે.

રવિન્દ્રનાથની જે ગતિ 'ચાર અધ્યાય'થી થઇ છે, તે જ ગતિ થઇ હતી રશિયન કથાલેખક રોમાનોવની—'ટૂ પેર્સ ઑફ સિલ્કન સ્ટૉકિંગ્ઝ' વગેરે પુસ્તકોમાં ત્યાંના નૂતન પ્રજા-જીવનનું સારું નરસું માનસ બારિકાથી બતાવવાને કારણે. એવા જ કોઈ એક પુસ્તકની, ગુજરાતનું છેલ્લાં છ-સાત (૧૯૩૦-'૩૧ પછીનાં) વર્ષોનું નૂતન પ્રજા-જીવન રાહ જુએ છે. રાષ્ટ્રયુદ્ધ, સત્યાગ્રહ, જેલજાત્રા, નેતાઓનું ને યુવકોનું માનસ, સારાં માઠાં તત્ત્વોનાં સંઘર્ષણો, સામાજિક વિચારોના વ્યક્તિઓ પર જુલમો, દંભો, ઢોંગીપણાં, સ્વાર્થી પત્રકારત્વ વગેરે વગેરે વાતોમાં તો એક મોટી કાદમ્બરી પડેલી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩. ત્યાં કોણ જઈ શકશે ?

અંગ્રેજી સાહિત્યમાં એક અમર પીડિત કથા છે. એનું નામ 'અંકલ ટોમ્સ કેબિન.' દલિતોની યે દલિત હબસી જાતિનાં દુઃખોનો એ એક ચિતાર છે.

પ્રચારવાદ અને કલા વચ્ચેના ફેંગટ ચાલતા ઝઘડાનો જવાબ એ પુસ્તકે જગતને કયારનો આપી દીધો છે. પ્રચાર અને કલા બે વૈરીઓ નથી પણ ભાઈબહેનનું જોડલું છે. 'અંકલ ટોમ્સ કેબિન' એની પ્રતીતિ છે.

એના જેવી કૃતિને માટે હિન્દમાં તો ન ખૂટે તેટલા વિષયો છે. એ સર્વ વિષયોની મોખરે આવેલો વિષય અંત્યજોનાં પીડનોનો છે. અંત્યજ કોમનાં છુટાછવાયાં આછાં સંતાપ-ચિત્રો પર ગુજરાતની અનેક કલમોએ પોતાની ટાંક અજમાવી છે.

પરંતુ એક સળંગ લાંબા ઉપન્યાસની રાહ જોવાતી હતી. એ રાહને વિસામો આપનારું એક પુસ્તક તે 'પ્રાયશ્ચિત્ત'; લેખક: 'સોપાન'.

રોમેરોમે પ્રચારલક્ષી રહેલી આ નવલકથામાં પ્રથમથી જ કલા રમણ કરે છે. એ કલાનું રહસ્ય આ કથાની નાયિકા સવિતા—અથવા રૂડકી નામની બાલિકા.

કરાંચી નગરના એક લક્ષાધીપતિના ઘરમાં લાડીલી પુત્રી તરીકે ઊછરતી આ સવિતા સત્ય જીવનમાં તો કાઠિયાવાડના એક ચમારની ખોવાયેલી છોકરી રૂડકી છે. સવિતાને પાછી રૂડકી કરીને ભંગી બાપને ઘેર મોકલનાર પ્રચારક લેખક કલાનું રહસ્ય પકડી શકયા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ શું કલ્પનાનો કોઈ તરંગ છે ? ના, લેખક એકરાર કરે છે કે, એ લેખકની કલાનો વિજય નથી, પણ જીવનની સાચી કલામાં અવતરેલ ઘટના હતી. કરાંચીના એક સવર્ણ લક્ષ્મીનંદનને ઘેર બનેલી સત્ય ઘટનામાંથી ઉઠાવેલ આ વસ્તુ છે.

વધુ પ્રશંસાને વેગળી રાખીએ. જીવનની પાછળ ઊભેલા પરમ કલાકારની કૃતિઓનો કયાં પાર છે ? પણ જીવનને નિરખનાર કલમી કલકારો જ જૂજ છે. સંસાર પોતે જ રંગો અને અને રેખાઓની અલૌકિક કૃતિ છે.

જીવનની પાછળ ઊભેલા એ પરમ કલાકાર જોડે આવી જ એક પિછાન બાંધનાર કલમ આપણને આ અગાઉ સાંપડી હતી. એનું નામ ઈન્દ્ર વસાવડા. એણે આપણને હિન્દી ઉપન્યાસ ' ધરકી રાહ ' આપેલ છે. એ પણ એક સવર્ણ ઘરણાં ઊછરનાર અસ્પૃશ્ય બાલકની કથા છે. એ પણ એક કલાનો નમૂનો છે.

'પ્રાયશ્ચિત્ત'ની પ્રસ્તાવનામાં સોપાન લખે છે કે: 'ગુજરાતમાં નહિ નહિ તો બારથી પંદર લાખ જેટલાં માનવીઓ અર્ધ જંગલી હાલતમાં જીવે છે. એના સંસારની વાત કોં'ક તો બહાર લાવવી પડશે. આપણા દેશમાં સાત લાખ બાવાઓ છે. અને એ સંસ્થા તો હજારો વર્ષની જૂની છે. એની વાત પણ કહેવી જ પડશે ને ? '

ભાઈ સોપાન સાચું કહે છે કે, જેલની વાતો લખાવા માંડી છે, વેશ્યાજીવન પર નજર પડી છે, પણ હજી દેશના પંચાશી ટકા માનવીઓ જ્યાં વસે છે, અને જ્યાં ભીલો છે, કોળીઓ છે, બાવાઓ અને ફકીરો છે, અનેક રખડતી જાતો છે, ચોરીનો જ ધંધો કરનારી, વાત વાતમાં ખૂન કરી નાખનારી, ને એવી અનેક જાતો છે ત્યાં વહેલું મોડું જવું તો પડશે. એ લોકોનેય સ્નેહ હશે, અભિલાષો હશે, વિકારો અને વાસનાઓ હશે, ધર્મ અને સમાજ હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ત્યાં કોણ જશે? કોણ જઈ શકશે? નવા વિચારોના ચોખલિયાઓ, જેઓની સુગાળ વૃત્તિ, જૂના વિચારોના મરજાદીઓની સુગાળ વૃત્તિઓથી જરીકે ઊતરતી નથી, તેઓ ત્યાં ન જ જઈ શકે. કેમકે તેઓ તો આ બધી જાતિઓને ઝટઝટ સુધારી નાખવાની જ ધમંડી અધિરાઈ તેમજ પોતાના ચડિયાતાપણાનો પૂર્વગ્રહ—'સુપીરિયોરિટી કોમ્પ્લેકસ'—લઇને, પોતાની બુઢ્ઢી માતાઓનાં દેવ-ઘરોમાં ચમચમતા બૂટ-જોડા પહેરીને પ્રવેશતા જુવાન પૌત્રોની પેઠે, ત્યાં પેસવા માગશે.

૧૪. એક સમસ્યાનો ઉકેલ

[પ્રગતિવાદી લેખકોની પાસે શ્રી. રવિન્દ્રનાથ ઠાકુરની આ વાર્તા ધરીએ છીએ. આ વાર્તામાં કયા સૂર ગૂંજે છે? જમીનદાર વર્ગના વિરોધકો આ કથાના નાયકને કયો ન્યાય આપશે? આમાં કયું તત્ત્વ પ્રગતિશીલ? કયું પ્રત્યાઘાતી? બતાવશો?]

જમીનદારને બુઢાપો આવ્યો. વાડીવજીફા અને મકાનોઇરકામતો જુવાન દીકરાને ભળાવી વૃધ્ધે કાશીવાસ લીધો.

નવા માલિક ભણેલાગણેલા હતા. નિયમ પ્રમાણે જ બધું થવું જોઇએ: પિતાનો ઢીલો મેલો વહીવટ એને ન પોસાયો, પોતાના ખાતેદારો જોડે એણે કડકાઇથી કામ લેવા માંડ્યું.

જમીનભાડાં ચડી ગયાં હતાં: મહેસૂલો પતતી નહોતી. જુવાન માલિકે અદાલતે જઈ એક પછી એક ઘણાખરા ખેડૂતોને ઠેકાણે આણ્યા. બીજાઓ ઉપર ધાક બેસી ગઈ.

સીધો ન થયો ફક્ત એક ખેડુ: રાંડીરાંડ મિરઝા બીબીનો દીકરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આસીમ. એનું ખાતું તપાસવામાં આવ્યું: શી મતલબથી પિતાજીએ આ આસીમને મફત જમીન બેડવા દીધી હશે? આ બુઢ્ઢીએ બાપુની દયાની લાગણી જોડે રમત કરી લાગે છે. ન ચાલે એ; સંભળાવી દો આસીમને!

'હું જીવતો છું ત્યાં સુધી તો મારા જૂના હક્કનો ભોગવટો નહિ છોડું.'

મુસલમાન બેહુ આસીમના માથામાં કંઈ ઓછી રાઈ હતી? કુળનો મંડાયો.

માએ દીકરાને સમજાવ્યું: 'બચ્ચા, ટંટો શીદ કરવો? જૂના જમીનદારની રહેમિયત રહી ત્યાં સુધી આપણે ગુજર્યાં એ જ ગનીમત છે. હવે આપણો કોને માથે હક્ક છે?'

'તું એ સમજ નહિ અમ્મા!' આસીમનો જવાબ ટૂંકો ને ટચ હતો.

અદાલતમાં મુકદ્દમા પછી મુકદ્દમો નીકળવા માંડ્યો. આસીમ હારતો ગયો તેમ તેમ વધુ તંગ બન્યો.

એક દિવસ બપોરે ડોશી જુવાન માલિકની પાસે પહોંચી. ભેગાં ટોપલો ભરીને વાડીનાં શાકપાંદ હતાં. જુવાનની પાસે અદબથી એ સોગાદ ધરીને બુઢ્ઢીએ પોતાની વત્સલ આંખો હેતભેર માલિકને માથે ઠેરવી ને પછી એ કાકલૂદી કરવા લાગી:

'તું તો મારા બેટા સરખો છે, બાપુ! અલ્લા તને શુકર કરે! મારા દીકરાને પાયમાલ ન કરજે, બેટા! હું તો એને તારા નાનેરા ભાઈ લેખે તારે આશરે મૂકવા આવી છું, વગેરે વગેરે.'

બુઢ્ઢીની બબડાટ કરવાની આવી ધૃષ્ટતાથી જુવાન માલિક કાયર થયો. એણે કહ્યું: 'ડોશી તું કાંઈ સમજે નહિ ને! જા, અરજ કરવા હોય તો તારા દીકરાને મોકલજે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડોશીએ એ ઠેકાણેથી આ સાંભળ્યું: તું કાંઈ સમજે નહિ ! આમ કેમ ? શું છે આ વાત ? ચુપચાપ ઘેર આવીને એકાંતે બેઠાં બેઠાં એણે રોતેરોતે 'અલ્લા ! અલ્લા !' પુકાર્યું.

દોઢ વર્ષ વીત્યું. આસીમ અપીલોમાં ગયો. હાઇકોર્ટ સુધી પહોંચ્યો; જીત્યો. પણ તેટલામાં તો એ માથાભૂડ કરજમાં ખૂંપી ગયો હતો. એનું ધનોતપનોત થઈ ગયું.

એકવાર ગામડે બજાર ભરાઈ હતી. હાટડીઓમાં ફળફૂલ ને શાકપાંદડાંની શોભા થઇ હતી. વેચાણ અને ખરીદી કરતા લોકવૃંદે કલશોર મચાવ્યો હતો.

આસીમ પણ અડવાડિયાનાં તેલમરચું લેવા આવ્યો હતો. પણ એની પાસે એક પૈસો ય નહોતો. લોઢાની એક કુહાડી અને એક પિત્તળનું હામડું વેપારીને ત્યાં મૂકવા એ લાવ્યો હતો.

જુવાન જમીનદાર લટાર મારતા મારતા બજારમાં એક તેલીની દુકાન પાસે ઊભા રહ્યા. વાતો ચાલી.

ઓચિંતો એને દૂરથી આસીમ નજરે પડ્યો: નક્કી આસીમ મને કુહાડી લઈ મારવા ધસ્યો આવે છે ! એણે હાક પાડી. એક પલમાં તો આસીમ ગિરફતાર બની ગયો.

ત્રણ દિવસ વીત્યા છે. આજે માજિસ્ટ્રેટની કચેરીમાં આસીમ પરનો કેસ નીકળ્યો છે. કચેરીમાં મેદની માતી નથી. કોટપાટલૂનમાં સજ્જ બનીને આવેલા જુવાન જમીનદારને અદાલતમાં ખુરશી મળી છે. એના પેટ પર સોનાનો અછોડો લટકે છે.

'ભાઈ,' જમીનદારને એના એક માણસે આવીને કહ્યું: 'જરા બહાર આવશો ? જરૂરી કામ છે.'

જુવાને બહાર જતાં શું જોયું ? કચેરીના એક ચોગાનમાં એક વડલાની નીચે બાપુજી ઊભા છે: ભગવાં વસ્ત્રો, હાથમાં ફરતી માળા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુવાનને પિતાના પાયવંદન કરવા જતાં અક્કડ કપડાંએ ખૂબ સતાવણી કરી. ધડીઆળ બહાર નીકળી લટકી પડ્યું. એણે કહ્યું :

'ચાલો અહીં વકીલના ઓરડામાં બાપુજી ! વાતો કરીએ.'

'નહિ બેટા ! મારે જે કહેવાનું છે તે અહીં ઊભો ઊભો જ કહીશ.'

લોકોનું ટોળું વિંટળાઈ વળ્યું હતું.

'તારે આટલું સાંભળવાનું છે કે આસીમ છૂટી જવો જોઇએ; ને બીજું મારી આપેલી જમીન એને પાછી સુપર્દ થઈ જવી જોઇએ.'

'કાશીથી તમારે શું આટલા માટે જ આવવું પડ્યું બાપુજી ?' દિગ્મૂઢ જુવાનની જીભ થોથરાતી ગઇ : 'આ એક કુટુંબ પર તમારી આટલી બધી કૃપાનું કારણ ?'

'એ વિગતોમાં ઊતરવાથી તને શો લાભ છે ભાઈ ?' પિતાએ પૂછ્યું.

'મારે જાણવું જોઇએ, કેમ કે મારે ન્યાયની રીતે કામ લેવાનું છે. બ્રાહ્મણોનાં બેતરો મેં આંચકી લીધાં ત્યારે ય નહિ ને આ તરકની બાબતમાં તમારે કેમ કાશીવાસ છોડી આટલે દૂર દોડવું પડ્યું ? કોઈ મને આવી જાતના પક્ષપાતનો ખુલાસો પૂછે તો મારે કહેવું શું ?'

'તો કહેજે,' પિતા થોડીવાર વિચારોમાં થંભ્યા પછી બોલ્યા; બોલતાં બોલતાં એમનો સ્વર ઘૂઘ્ઘ ઊઠ્યો : 'કહેજે જો જરૂર પડે તો, કે આસીમ તારો ભાઇ છે, ને મારો પુત્ર છે.'

'મુસલમાનડીની સાથે આડા વ્યવહારમાંથી જન્મેલો પુત્ર કે ?'

'યથાર્થ કહ્યું, બેટા !'

જુવાનની જબાન સિવાઈ ગઈ. છેવટે એણે કહ્યું : 'ચાલો ઘેર, ત્યાં ચર્ચા કરીશું.'

'ના ભાઈ,' પિતાએ કહ્યું : 'ઘર તો સદાને માટે છોડ્યું છે. હવે પાછો પગ નહિ મૂકું. ને હવે તો તેં બધું જાણી લીધું છે. તારો અંતરાત્મા કહે તેમ કરજે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને વૃદ્ધના કમ્પતા પગો એને ત્યાંથી લઈ ગયા.

જુવાન થોડીવાર તો દિગ્મૂઢ રહ્યો. પછી એને એક વિચારનું સાંત્વન જડ્યું : ત્યારે તો આનું નામ જુનવાણી માણસોનું પરગજુપણું, એમ ને ? સિદ્ધાંત અનુસાર ન ચાલવાનાં જ માઠાં પરિણામ ને !

એ કચેરીમાં પાછો ગયો. આરોપીના પાંજરામાં એણે દીઠી : ખખડી ગએલી, કંતાઈ ગએલી, રુધિરવિહોણી, ચીંથરેહાલ, છતાં જગત-ડારતી આંખોવાળી આસીમની કંગાલમૂર્તિ, બન્ને પડખે બંદૂકદારોઃ આ મારો ભાઇ !

તાબડતોબ કેટલીક વાતો થઈ ગઈ. કોર્ટ એક 'ટેકિનકલ' મુદ્દા પર આસીમને છોડી મૂકવામાં આવ્યો. તે પછી થોડા દિવસે આસીમનાં ખેતરો પણ એને પાછાં સોંપાયાં.

આસીમ અચંબામાં ડૂબ્યો. આ શું થયું ?

ને વકીલોની કલબમાં એક જુવાન વકીલ હતા. બુઢ્ઢા જમીનદારની મદદથી જ એણે અભ્યાસ કર્યો હતો. એ ઉપકારનો બોજો ખેંચતું આ જુવાન હૃદય તો દિવસે હળવું બની ગયું. એણે કહ્યું: 'મને શક તો રહ્યા જ કરતો'તો, કે આવા રહેમદિલ મહાનુભાવોના ખાનગી જીવનની યોગ્ય તપાસ થતી નથી, નહિતર તેની અંદરથી ઠીક ઠીક પોકળ નીકળી પડે !'

[૨]

એ વાર્તા પ્રત્યાઘાતી છે

[રવિન્દ્રનાથની વાર્તા પર નોતરેલ જાહેર ચર્ચાનો શુદ્ધ આશય સ્વીકારીને પ્રારંભ કરતા ભાઈશ્રી રવિશંકર મહેતા સામ્યવાદના એક મનનશીલ અભ્યાસી તરીકે જાણીતા છે.]

'કલમ અને કિતાબ'નાં પાનાં પર 'એક સમસ્યાનો ઉકેલ'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ મથાળા નીચે રવિન્દ્રનાથ ટાગોરની વાર્તા પ્રગટ કરી, એ વાર્તા પ્રગતિશાળી ગણાય કે કેમ, એવો સવાલ આપે પોતાને પ્રગતિશીલ ગણતા હોય એવા લેખકોને પૂછ્યો છે. એ પ્રશ્નનો જવાબ ટૂંકામાં નીચે લખી મોકલું છું.

પ્રગતિવાદી લેખકો સાહિત્યનાં મુલ્યાંકન નવી દ્રષ્ટિથી કરવાની ઉમેદ રાખે છે અને દરેક સાહિત્યકૃતિનો સામાજિક હેતુ અથવા સંદેશ સમજી તે સમાજને લાભકારક છે કે હાનિકારક છે તે વિચારી તેને પ્રગતિશીલ કે પ્રત્યાઘાતી તરીકે જાહેર કરવાની ઉમેદ રાખે છે. એટલે એમની એ નવીન દ્રષ્ટિ પ્રથમ લોકગમ્ય અને પછીથી લોકમાન્ય બનાવવાની એમની ઇચ્છા હોય તો તેમણે આવી પ્રસિદ્ધ કૃતિઓની ચર્ચાથી જ શરૂઆત કરવી જોઇએ. એવી ચર્ચાની તક આપવાની પહેલ આપે કરી છે તે બદલ આપને અભિનંદન આપું છું.

પરંતુ આપના પ્રશ્નો મને બરાબર નથી લાગતા. એક ટૂંકી વાર્તામાં પ્રગતિશીલ તત્ત્વ કયું અને પ્રત્યાઘાતી તત્ત્વ કયું એમ પૂછવું એ બરાબર નથી. એ વાર્તા આખરે કયો સંસ્કાર માણસનાં મગજ પર મૂકી જાય છે તે વિચારી તેની દ્રષ્ટિએ જ વાર્તાનું મુલ્યાંકન થવું જોઇએ. એ દ્રષ્ટિએ આ વાર્તા તરફ નિહાળતાં, એ જરૂર પ્રત્યાઘાતી છે એવા નિશ્ચય પર આવવા માટે બહુ વિચાર કરવાની જરૂર પડે તેમ નથી.

આ વાર્તા પેલા સન્યાસી બનેલા જમીનદારની મહાનુભાવતા અને નેકદિલીનો અને તેના પુત્રની પિતૃભક્તિનો ખ્યાલ વાંચકના મગજ પર મૂકી જાય છે. આ રીતે ભાવનાના ક્ષેત્રમાં તે જમીનદારો અને આડકતરી રીતે જમીનદારી પ્રથાની પ્રતિષ્ઠા વધારે છે અને એ પ્રથાના વિરોધીઓ સામે બચાવનું શસ્ત્ર બને છે.

જમીનદારી પ્રથા જો આજે પ્રગતિશીલ હોત તો આવી વાર્તા પ્રગતિશીલ લેખાત, પરંતુ તે તો આજે પ્રજાની રાજકીય અને આર્થિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુક્તિના માર્ગમાં અવરોધરૂપ બની છે અને સામાજિક વિષયોમાં પણ પુરાતન પ્રથાઓની રક્ષક અને પોષક બની છે. એટલે તેની પ્રતિષ્ઠા વધારવાનો આ રીતે પ્રયત્ન કરવો એ સામાજિક ઉત્કર્ષના માર્ગમાં આડખીલીરૂપ બનવા જેવું છે.

હા, આ જ વાર્તામાં આસીમને પોતાના એક સામાન્ય ખેડૂત તરીકેના હક્કો માટે લડતો અને ફના થઈ જતો બતાવ્યો હોત અને વાર્તાની ગૂંથણીમાં તેને જ મહત્ત્વ આપવામાં આવ્યું હોત તો વાર્તા જરૂર પ્રગતિપોષક બની હોત; કેમકે એ રીતે જમીનદારોની શોષણ-નીતિથી સીઝાતા અનેક કિસાનોને માટે એ પ્રેરક નીવડત. પરંતુ આમાં એવું કાંઈ નથી. આસીમને પોતાને કોઈ અગમ્ય રીતે મળી ગયેલા ખાસ હક્કો માટે જ લડતો બતાવ્યો છે. એટલે પોતાના વર્ગથી અળગા થઈ ગયેલ એક છુટ્ટા સામાજિક અણુ જેવો તે બની રહે છે. તેના વિજય પરાજયમાં બીજા કિસાનોને ખાસ રસ નથી હોઇ શકતો.

એક જમીનદાર એક ગરીબ મુસલમાન સ્ત્રી સાથે કાયદા અને નીતિની દૃષ્ટિએ નિંદાપાત્ર એવો આડો વ્યવહાર રાખે છે. એ વ્યવ-હારનાં વ્યક્તિગત પરિણામમાંથી ન છટકી જવા પૂરતી એવા બીજા સંપત્તિવાનોમાં ભાગ્યે જ નજરે પડે તેવી માણસાઈ દાખવે છે ખરો, પરંતુ પોતાનું એ વર્તન સમાજથી તો છુપાયેલું રાખી સામાજિક કલંકમાંથી ઊગરી જાય છે. અને છેવટે જ્યારે સામાજિક સંબંધોથી પર બન્યો છે ત્યારે પોતાના પુત્ર પાસે પોતાના ગેરવર્તનનો એક-રાર કરવાની હિંમત કરે છે. દીકરો પણ બાપનું એ પાપ પ્રકાશમાં ન આવે એવું વર્તન કરે છે. આમ સંપત્તિવાનોની પાપમય પ્રણય-લીલા વાર્તામાં ક્ષંતવ્ય બની જાય છે. એટલે એ રીતે સામાજિક દૃષ્ટિએ પણ આ વાર્તા પ્રત્યાઘાતી ભાગ ભજવે છે.

વાર્તાના અંતમાં એક વકીલને મોઢે જાણે કે મજાકરૂપે એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેવડાવવામાં આવ્યું છે ખરું કે 'મને તો શક રહ્યા જ કરતો'તો, કે આવા રહેમદિલ મહાનુભાવોનાં જીવનની યોગ્ય તપાસ થતી નથી, નહિતર તેની અંદરથી ઠીક ઠીક પોકળ નીકળી પડે!' પરંતુ આ ટીકા એક કાગદષ્ટિના 'સિનિકલ' વકીલને મોઢે કરાવવામાં આવી છે; એક મન્નકરૂપે જાણે કે મૂકવામાં આવી છે: એટલે એનું સામાજિક અર્થગૌરવ ખૂબ જ ઘટી જાય છે. જો એ ટીકા પૂરતી ગંભીરતા-પૂર્વક રજુ કરાઈ હોત તો તે વાર્તાના સામાજિક હેતુરૂપ બની જાત અને વાર્તા પ્રગતિપોષક બનત. પરંતુ તેમ થયું નથી એટલે આ વાર્તાને હું તો પ્રત્યાઘાતી લેખું છું.

[૨]

એ વાર્તાનું રહસ્ય-મંથન

[સૂરતથી શ્રી રમ્યાનિલે તેના જવાબમાં મોકલેલ ચર્ચાપત્ર આ રહ્યું:]

રવિભાણુની કેટલીક ગણીગાંઠી ટૂંકી વાતો મેં વાંચી છે: 'કાણુલીવાલો', 'પોસ્ટ માસ્તર', 'દાલોઆ', 'ઢીંગલી' વગેરે. એ વાર્તાઓમાં રવિભાણુ કોઈ પ્રથા કે વાદનાં તરફેણ કે વિરોધ કરતા નથી. તેઓ તો સનાતન ભાવોના આલેખન પાછળ જ પોતાની કલમને રોકે છે. સાહિત્યના સમર્થ સર્જકોએ એમ જ કર્યું છે અને કરે છે. એમની વાર્તાઓનો—ને એમનાં બીજાં સર્જનોનો પણ, હું માનું છું, મુખ્ય ધ્વનિ આ હોય છે: સૃષ્ટિમાં પ્રેમનું સ્થાન; માનવજીવનમાં માનવી માનવી વચ્ચેના સંબંધમાં પ્રેમ કેવો મહત્ત્વનો ભાગ ભજવે છે તે. બીજું મુખ્ય તત્ત્વ એમની કૃતિઓમાં: કુદરત ને ઈશ્વર.

શ્રી. રવિશંકર મહેતા ચર્ચા કરતાં લખે છે: 'એ વાર્તા આખરે કયો સંસ્કાર માણસના મગજ પર મૂકી જાય છે તે વિચારી તેની દૃષ્ટિએ જ વાર્તા તરફ નિહાળતાં એ જરૂર પ્રત્યાઘાતી છે એવા નિશ્ચય પર આવવા માટે બહુ વિચાર કરવાની જરૂર પડે તેમ નથી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું માનું છું કે બહુ વિચાર કરવાની જરૂર પડે એમ છે. એ વાર્તા વાંચીને કોઈ જમીનદાર વાચક ખુશ થાય એમ હું માનતો નથી—કોઈ જમીનદાર વાચક એમાં જમીનદારીની તરફેણ કરવામાં આવી છે એમ કહી શકે નહિ. એ વાર્તાનો એવો ધ્વનિ નથી કે માત્ર એક જમીનદાર જ 'મહાનુભાવતા અને નેકદિલી' બતાવી શકે. એને બદલે પાંચ-પચાસ મકાનોનો માલિક અથવા તો કોઈ મોટો હોદ્દેદાર પણ બોઢવી શકાય. 'ભાવનાના ક્ષેત્રમાં તે જમીનદારો અને આડકતરી રીતે જમીનદારીની પ્રથાની પ્રતિષ્ઠા વધારે છે,' એમ માનવું કઠિન છે. ઊલટો ઊંડે વિરોધનો ધ્વનિ ઊઠતો સંભળાય છે. વાર્તામાં એવું સૂચન બેશક નથી કે સામાન્ય રીતે કોઈ પણ જમીનદારે એવી 'મહાનુભાવતા અને નેકદિલી' દર્શાવી હોત. જમીનદાર તેમજ તેનો પુત્ર જે પ્રકારનો ભાગ ભજવે છે એમાં જમીનદારી કરતાં આર્યસંસ્કૃતિ જ વધારે કારણરૂપ છે.

'એ વાર્તા આખરે કયો સંસ્કાર માણસના મગજ પર મૂકી જાય છે?'

વાર્તા વાંચી ગયા પછી એ જ ધ્વનિ મગજમાં ગૂંજે છે: એક માનવી માનવી વચ્ચેના સંબંધમાં (શુદ્ધ કે અશુદ્ધ) પ્રેમ કેવો ભાગ ભજવે છે. બીજો: કેટલીક વાર કેટલાક સ્થિતિએ મોટા તેમનાથી સ્થિતિએ ઊતરતા પર નવાઈ જેવી લાગતી કૃપા દર્શાવે છે તે સકારણ હોય છે, તેની પાછળ રહસ્ય છુપાએલું હોય છે. એ કૃપાને પાત્ર બનેલાઓએ ઉપકારભાર બેંચ્યા કરવાની જરૂર નથી, પણ પોતા તરફ એ કૃપા કેમ ઊતરી છે તેની બોજ કરવાની જરૂર છે. આમ થાય તો બેશક જમીનદારી ને બીજી 'દારી'ઓ પણ અળ-બામણી જ થાય.

'આસીમના વિજય-પરાજયમાં બીજા કિસાનોને બાસ રસ નથી હોઈ શકતો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોઇ શકે છે, પણ તે વાર્તામાં દર્શાવવામાં નથી આવ્યું, કારણ કે એ ટૂંકી વાર્તા છે, નવલકથા નથી.

'સંપત્તિવાનોની પાપમય પ્રણયલીલા વાર્તામાં ક્ષંતવ્ય બની જાય છે...' ના ઊલટી ઘૃણા ઉત્પન્ન કરે છે—લાંબો વિચાર કરીએ તો. 'પાપમય પ્રણયલીલા' ને ઉઘાડી કરવાનું તો આ વાર્તાનું સૂચન છે.

વાર્તાના અંતમાં વકીલ જે બોલે છે તેમાં મજાકનો જરા પણ ધ્વનિ નથી. એમાં તીખો કટાક્ષ છે. એમાં શક યાત્રીમાં ફેરવાઇ જાય છે. ખરી રીતે વાર્તામાં બે જણને એક સમસ્યા મૂંઝવે છે. એકને એનો જે ઉકેલ મળે છે તે જ ઉકેલ બીજાને પણ સત્ય લાગે છે હું નથી માનતો કે 'વકીલ જેવું અમુક અંશે નકૂફટ ગણાતું પ્રાણી' પણ આ વાર્તામાંના વકીલની પરિસ્થિતિમાં મજાક કરવાની ધૃષ્ટતા કરે. સમસ્યાનો ઉકેલ થતાં વકીલના હૃદય પર પણ કાલિમા છવાય છે.

વાદો આવે છે ને જાય છે: જેની આજે સખ્ત તરફેણ થાય છે તેનો કાલે પ્રખર વિરોધ થાય છે. ચાલુ પરિસ્થિતિથી મુંઝાઇને માણસ નવી પરિસ્થિતિ ઊભી કરે છે: તેનાથી મુંઝાઇને પાછો પ્રથમ પરિસ્થિતિ માગે છે, અથવા વળી નવી પરિસ્થિતિ ઊભી કરે છે. એવી પરિસ્થિતિઓનો સીધો વિરોધ કે તરફેણ કરવાથી મહાન સાહિત્યકાર નથી થવાતું. મહાન સાહિત્યકાર એક જ ધ્યેય રાખે છે: તે પરિસ્થિતિને અવગણતો તો નથી, પણ પરિસ્થિતિથી માનવીનાં માનસ ને હૃદય-ભાવોમાં થતા ફેરફારો આલેખે છે. એની કલમ તો સનાતન વસ્તુ આસપાસ જ ગૂંજે છે. ખુદ રશિયન સાહિત્યકારોની કૃતિઓ આ વાતને ટેકો આપશે.

કેટલીએ ગણતરી ને આગાહી માનવીએ કરેલી ખોટી પડી છે! કેટલીએ વસ્તુઓનો કાળે જ સાચો નિર્ણય આપ્યો છે. સામ્યવાદ આજે આવ્યો છે, ફાવ્યો છે, કોને ખબર કાલે જતો રહેશે! એનાથી કંઈ નવી જ મૂંઝવણ એના હિમાયતીઓ આગળ ઊભી થાય ને તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી નવી રચના ઘડાય છે, અથવા પાછી જૂની રચનાની હિમાયત થાય. સામ્યવાદના કેટલાક ચુસ્ત હિમાયતીઓ ભેળા પડતા જાય છે એમ કેટલીક વાર સંભળાય છે. વાદો આવશે ને જશે. પણ કુદરતે નિર્મેલી કેટલીક વસ્તુઓ સનાતન છે. કોઇ પણ વર્ગના કલાકારનું એવી વાતોનું આલેખન સનાતન થઈ જાય છે—ને સાથે કલાકાર પણ.

૧૫. પુરોહિતપણું : ગઇકાલનું ને આજનું

સામ્યવાદી રશિયા દેશવિદેશના સાહિત્યસ્વામીઓની જયંતીઓ ઊજવે છે. એ જયંતીઓમાં વિક્ટર હ્યુગો તેમજ રવિન્દ્રનાથનાં સ્થાન છે. રશિયાનો સાહિત્યમણી ગોર્કી આ નૂતન માનસનો પોષણહાર છે.

રશિયન સામ્યવાદ એક સજીવ, સક્રિય, વ્હેતિયાણ વસ્તુ છે. ને સજીવ પ્રજાને અમુક ચોક્કસ પ્રચારવાક્યો ('સ્લોગન')ના કરતાં જીવનની વધુ ખેવના છે. એટલે જ એને પોતાની ભૂલોને સમજ્યા પછી પણ પકડી રાખવાની જીદ પોસાતી નથી.

અહીંનો સમાજવાદ પોપટીઓ છે. રાવન્દ્રનાથના સાહિત્યને એ 'બુઝર્વા' અને 'ક્રાન્તિશત્રુ' શબ્દે જ ખતમ કરે છે. કોઇ મહાન 'વાદ' પૂરી આર્ષદૃષ્ટિ ('વિઝન') ધારણ કર્યા વગર ટકવાનો નથી. 'ક્રાંતિ' 'ક્રાંતિ' શબ્દની નરી ઘોષણા બ્રાહ્મણોના મંત્ર-જાપથી જરીકે વધુ કિંમતની નથી.

નર્યું પુરોહિતપણું—'પ્રીસ્ટહૂડ'—ચાહે ગઇકાલના બ્રાહ્મણોનું, કે ચાહે આજના ક્રાંતિવાદી સાહિત્યકારોનું, એકસમાન જ છે, ને એક-સરખી અવદશાને જ પામશે. પરપ્રજાની તવારીખો પોતાની દીવાદાંડીઓ ચેતવીને આપણી નૌકાઓના રાહ પર પડેલા ખરાબા સુઝાડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬. એ લાગણી કઈ હશે ?

ઘણી ઘણી વાર આપણે ગરીબોની વાતો કરીએ છીએ. કોઈ કોઈ વાર આપણે ગરીબોની દેહશક્તિ આપણા કરતાં ચડિયાતી હોવાનો સ્વીકાર પણ કરીએ છીએ.

વગડો ખેડતાં કોળી, વાઘરી કે ખેપુ બૈરાંની પ્રસૂતિ, એ આવી વાતોને વખતે આપણો પ્રિય વિષય બની જાય છે. કહીએ છીએ કે, એલ્લા ભાઈ! એ લોકોની બાયડીઓ તો એવી જોરાવર, કે રસ્તે છોકરું જણે, ને જણીને તુર્ત પાછી ઊઠી છોકરાને ઉપાડી ચાલતી થાય!

આ લેખકે પણ બે નદીઓ વચ્ચેના એક ઊંચા વેરાન ડુંગરા પર પ્રસવકાલની ચીસો પાડતી એક વેડવી વાઘરણના પેટમાંથી મૂએલું બાળક ખેંચી કાઢનાર દાક્તર મિત્રનો સાથ કરેલો છે.

સાંજ દોડતી દોડતી આવે છે. મે'ના છાંટા વરસે છે. ગામના દાક્તર પાસે આવીને એક વાઘરણ ખબર આપે છે : અમારી એક બાઈને છુટકો થાતો નથી સા'બ!

કેમ જાણે જરાક પેટના દુઃખાવાની દવા લેવા આવી હોય!

દાક્તર મિત્ર સાંડસી ને ક્લોરોફોર્મ વગેરે સામાનની પેટી ઉઠાવી એક પટાવાળાને જ લઈ ઊપડે છે. હું એક તમાશો જોવાના કુતૂહલથી જોડાઉં છું. ભાદર અને ગોમા નદીઓની વચ્ચે, બે બહેનોનું જોડલું વિછોડનાર કોઈ ડાકુ જેવો રાણજીના કિલ્લાવાળો ટેકરો ઊભો છે. ટેકરાની નિર્જનતામાં પિડાતી બાઈ, કોઈ જૂના સાડલાનો ગાભો હોય તેવું શરીર ચોટાવતી ઉઘાડા આકાશ નીચે પડી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી ભલા દાક્તર મિત્રે ત્યાં વગડામાં એ ચૂડેલ જેવી બાઇને કલોરોફોર્મ સુંઘાડયું, ને સાંડસી ખેંચી બન્ને જણાના સંયુક્ત જોર વડે મૂવેલું બાળક કેવી રીતે ખેંચી કાઢયું, તેનીવાત કહેવા જરૂર નથી. બાળકના નીકળ્યા બાદ બાઇને ત્યાં સુવાવડી સ્થિતિનું પાલન કરાવનાર કોઇ સાધન સગવડ નહોતી એ નક્કી છે. બીજે જ દિવસે કદાચ તે પાંચ જણાંનો પડાવ ઊપડી ગયો હશે.

આજે એ બનાવ બાર વર્ષ પછી યાદ આવે છે. કેમકે એ તો એક વાર્તાને પાત્ર બનાવ હતો તેવું જ્ઞાન આજે થાય છે.

'ધી બર્થ ઓફ એ મેન' નામની ગોર્કીએ લખેલી એ કથા છે—કોને ખબર, ઘણું કરીને તો સ્વાનુભવની જ ઘટના હશે. એ કથામાં ગોર્કી પોતાની જુવાનીમાં પોતે એક જંગલની અંદર, દરિયાને કાંઠે, એક વેલાઓના ઝૂંડની પછવાડે એક રસ્તે જતી જતી પ્રસૂતિની વાળ્યમાં સપડાએલી મજૂર ઓરતનો જે પુત્રપ્રસવ અનુભવેલો તેનું વર્ણન કરે છે.

વાંચ્યા પછી હું વિચારું છું કે સારું થયું મેં એ પ્રસંગ પર મારો વાર્તાકસબ ન અજમાવ્યો. લખવાની ભૂલ કરત તો આજે કેટલા ખસિયાણા પડવાનું બનત !

ગોર્કીએ આવી ગંદી ને ગલીચ ગણાતી ઘટનાને સાફ સાફ નગ્નતામાં આલેખી છે, ને છતાં એ આલેખન આપણામાં માનવતાના મીઠા ભાવો સિવાયની કોઈ પણ લાગણી જન્માવતું નથી.

જુવાન મજૂર રસ્તે વિસામો ખાય છે. મજૂરણોનું ને મજૂરોનું એક ટોળું ચાલ્યું જાય છે. જુવાન રખડુ પોતે પણ માર્ગે પડવા ઊઠે છે, ત્યાં એને કોઈ ગુંગળાતી ચીસો સંભળાય છે. વાડયનાં પાંદડાં દૂર કરતાં તો પાછળ એ પીળા ઓઢણાવાળી એકલી મજૂરણને એ [illegible] ખાલી મોતના પછાડા નાખતી ભાળે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતે પાસે જાય છે તો સ્ત્રી એને 'પીટવા આવ્યો જા! રોયા નીચ, આંહીંથી ભાગી જા!' કહેતી, મારે છે. પોતાના તરફડાટની ને પોતાની શરમભરી હાલતની વચ્ચે સિંસાતી આ સ્ત્રી: અને પોતાની કઢંગી દશા પર વિમાસતો વિમાસતો માર ખાતાં ખાતાં પણ એને બાળક જન્માવવાની ખુલ્લી મદદ કરતો આ વાર્તાકાર: એ એક ચિત્ર; પછી જન્મેલા બાળકનું ચિત્ર; અને છૂરીને અભાવે વાર્તાકારે પોતાના દાંતે બાળકનું નાળ કાપ્યાનું ચિત્ર.

બાળકને નવરાવવાનું, બાઈને ચહા કરી પાવાનું, રાહત પામીને પાછી લથડતા પગ પર ચાલી નીકળવા માગતી સ્ત્રીનું; અને બાઇને પડેલી 'ઓર' ફેંકી આવવા તૈયાર થનાર એ પુરુષનું ચિત્ર ગોર્કી આમ આલેખે છે:

દરિયામાં હાથ-મોં ધોઈને હું પાછો આવું છું, વેલા ઊંચા કરીને જોઉં છું, તો બાઈ એ ભેડાને માથે ભાખોડિયાંભર ચાલતી હતી, ને કંઈક ગોતતી હોય તેમ તાકતી હતી.

મેં પૂછ્યું: 'શું છે?' એટલે તો મૂંઝવણમાં એનું મોં ફિક્કાશ પકડી ગયું. ને એણે પોતાના શરીર હેઠળ કશુંક ઝટપટ સંતાડ્યું. એ શું હતું તેનો અટકળ મને થઈ ગઈ હતી.

મેં આટલું જ કહ્યું: 'મને આપ. હું જઈને એને દાટી આવું.'

'એમ તે કેમ દટાય? ઈ તો ચુલાની આગોણ સામે જ દટાય ને?'

'તે આંહી શું તારા સારુ તાતી ઘડીએ ચુલો આંધવા બેસું?'

'ના રે, ઇ તો હું હસતી'તી, પણ આંહીં ન દટાય; રખે કો'ક વગડાઉ જનવર આવીને ઈ ખાઇ જાય! પણ તો ય ઇને ભળાવવી તો રહી ધરતીને જ ને.'

એટલું કહી, આડું જોતી આંખે એણે એક વજનદાર ભીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોટકી મારા હાથમાં મૂકી. મૂકતાં મૂકતાં મનની ભારી મૂંઝવણ વચ્ચે એણે મને ધીરેથી કહ્યું:

'તુંને પગે પડી વીનવું છું, જોગમાયાના સમ દઉં છું તને, કે ઇને જેટલું બને એટલું ઊંડું ને ચોકસીથી દાટજે હો! મારા આ છોકરાની દયા લાવીને, હું કહું છું એમ જ કરજે હો!'

શું કેવળ ચિત્ર જ છે આ? માત્ર દયા જગાડતી વસ્તુસ્થિતિ છે શું? અસહાય જીવનદશાને અને તેની વચ્ચે લપાઇને પડેલી ઉપકારવૃત્તિને અથવા હમદિલીને જ પ્રકટ કરવાની શું નેમ હશે ગોર્કીની? 'સોશિયાલિસ્ટિક રિયાલિઝમ'ના હિમાયતીઓ આ વાર્તામાંથી આપોઆપ ઊઠતા માનસિક પ્રત્યાઘાતોને અને એની અંદર છુપાએલી ક્રાંતિગામી ઊર્મિને આગળ કરશે.

મને તો આ વાર્તામાં ગોર્કીની સંસારદ્રષ્ટિ મૂર્ત થઈ ભાસે છે. વાઘરણોની વાતો—ઊભે વગડે છોરુ જણવાની—કરતાં કરતાં અથવા તો કોઈક એવા બનાવને જોતાં ઊભાં ઊભાં આપણને જે કુતૂહલ અને રમૂજની લાગણી થાય છે તે આમાં નથી. તેમ નથી પેલા હાસ્યજનક પુણ્યપ્રકોપની એ રાજદ્વારી લાગણી. ત્યાં જ આપણી અને ગોર્કીની સંસારદ્રષ્ટિ વચ્ચેનો મૌલિક ભેદ ઊભો છે. એ ભેદની સીમાક્ષિતિજ પરથી જ ક્રાંતિના ધુમાડાની ઝીણી શેડ નીકળે છે.

૧૭. ભાષાનો પ્રાણ લોકસંસ્કારમાં છે

જવાહરલાલની મુલાકાતે મુંબઈમાં આંદોલન મચાવ્યું. તેનો આડકરો લાભ સાહિત્યને સાંપડયો. એની વાણીએ હિન્દી ભાષાની રેલ છવરાવી. એનાં ઘણાંખરાં ભાષણો હિન્દીમાં થયાં, એની જબા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નમાં હિન્દી ભાષાની પ્રસન્નતા, નિર્મલતા અને બળવતી સરળતા હતી. હજારો શ્રોતાઓએ એની હિન્દી ભાષા માતૃભાષાની પેઠે પીધી.

ભાષાનો પ્રચાર પ્રાણવંતા વિચારબળને અધીન છે. અને ભાષા કેવળ શબ્દ–વાક્યોની બનેલી નથી. દરએક ભાષા પોતપોતાના પ્રદેશનો લોક–સંસ્કાર એવી રીતે ધારણ કરે છે, જેવી રીતે ચહેરા પરના સૌંદર્યને મૂળે તો માનવીનું હૃદય ધારણ કરે છે. પથ્થર પર પડતું ટાંકણું એના શિલ્પીના પ્રાણમાંથી જ પ્રત્યેક રેખાને ખેંચે છે.

એટલે જ જ્યારે અન્ય ભાષાનું સાહિત્ય ગુજરાતીમાં ઉતારવાની ઉતાવળ અને રફાઝફ મચે છે ત્યારે દહેશત લાગે છે. અનુવાદ કરનારા આ મૂળ કૃતિની વાનીમાં અગોચર પડેલા એ સંસ્કારની ખેવના કરતા નથી. સંસ્કૃત માતાની દીકરીઓ સમી હિન્દની ઘણીખરી પ્રાંત–ભાષાઓ શબ્દો–વાક્યોનું સામ્ય ધરાવતી હોવાથી શબ્દને બદલે શબ્દ મૂકવાનું કામ અનુવાદકને સરળ પડે છે. એથી જ એ છેતરાય છે.

ટાગોર અને શરદબાબુની વાર્તાઓના અનુવાદો વરસાદની ઝડી પેઠે વરસ્યા છે. કેટલાકોમાં અસલ કૃતિઓનો નિગૂઢ સંસ્કાર નથી લાવી શકાયો. ન જ લાવી શકાય. અનુવાદકોએ ભાષાજ્ઞાન મેળવ્યું હોય, ત્યાંના લોકજીવનનો પરિચય નથી મેળવ્યો હોતો. ટાગોર–શરદચંદ્રની વાર્તાઓ ત્યાંના જીવનમાં ઊંડે પડેલાં રહસ્યોમાં રમનારી છે. એ વાતને ઉવેખનારા અનુવાદકો એ સર્જકોને અન્યાય કરે છે.

અમુક અમુક પ્રદેશોમાં અનુવાદ કરવો એ સ્વતંત્ર કૃતિ લખવા કરતાં વધુ કપરું કામ છે. આપણે ત્યાં અનુવાદક ઊતરતી પંક્તિમાં મુકાય છે. પ્રકાશકોને અનુવાદક સસ્તો પડે છે. અનુવાદક પણ પોતાની એ સસ્તાઈ સ્વીકારી લ્યે છે. વિવેચકો પણ દમ વગરની 'મૌલિક' કૃતિઓને ઊંચી કૃતિઓના અનુવાદોથી ચડિયાતી, કેવળ એ 'મૌલિક' હોવાને કારણે જ ચડિયાતી ગણાવે છે. આવાં વલણોને પરિણામે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટો અનર્થ થયો છે. મૂળ લેખકો તરફની આ બિનજવાબદાર મનોદશા સાહિત્યના જગતમાં નાનોસૂનો અપરાધ ન સમજીએ.

વાચકોને કેવળ વાર્તારસ ચખાડીને વિલય પામવા માટે નિર્માયેલાં ભાષાન્તરોની વાત જૂદી છે, અને પુસ્તકાલયોનાં ભંડારોમાં અભ્યાસના ગ્રંથો બનવા માટે મૂકવાના અનુવાદોની વાત જૂદી છે. ગુજરાતમાં પુસ્તકાલયોનો યુગ બેસી ચૂક્યો છે. ચોપડીઓનાં મોટાં ગ્રાહકો આ પુસ્તકાલયો છે. એની અભરાઇઓ પર બેસનારાં પુસ્તકોની પરીક્ષા કડક થવી જોઈએ. એટલે અનુવાદોમાં પણ આપોઆપ સાચું બળ આવવા લાગશે.

૧૮. 'સ્થાનિક વાતાવરણ'ની ભ્રમણા

નહાનાલાલે તાજમહાલ પરનું દર્દ–કાવ્ય લખ્યું, ત્યારે તાજમહાલને એણે નહોતો દીઠો. મુનશીએ જુનાગઢનો પ્રદેશ જોયા વિના જ 'રાજાધિરાજ'માં રાણુક–ખેંગારની એ લીલાભૂમિને હૂબહૂ સજીવતા આપી. અને ધૂમકેતુએ દાર્જિલિંગના ડુંગરા ન ખુંદ્યા હોત તો પણ એ હિમાદ્રીની ભૂમિકાને પોતાની વાર્તામાં જેવી ને તેવી ખૂબીથી ખડી કરી શકત.

સ્થાનિક વાતાવરણ—'લોકલ કલર' એને ઝીલવા નીકળી પડનારો લેખક એક ભ્રમણા સેવે છે કે હાથલા થોરનો વાડ્ય, ભાંગેલી દેરી અને વાગોળતી ભેંસનું એકાદ ગ્રામ્ય દ્રશ્ય નજરે જોઈ આવીને પછી બસ એ પોતાની વાર્તા આસાનીથી ઘસડી કાઢશે.

આવા [illegible] ખાણોમાં રહી આવવાને પરિણામે જ 'કિંગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોલ' લખી કાઢ્યું, કે પછી ચંદ્રવદનને 'આગગાડી' નાટક લખવામાં પોતે લખે છે તેવી રીતનો પાવડો ઉપાડવાની, એન્જિનની ભઠ્ઠીમાં એકાદ વાર કોલસા નાખી લેવાની કે સાંધાની કેબિનમાં બેસી બેત્રણ વાર દાંડો હલાવવાની ખાસ આવશ્યકતા જ હતી, તેવું માનવાની કશી જ જરૂર નથી.

વાર્તા તો લખનારના પોતાના જ મનોરાજ્યમાં સર્જાય છે, સાચી જરૂર તો રહે છે એના પ્લૉટની, વસ્તુની. ખુદ વસ્તુ પરની, કથા પરની પકડ મજબૂત બન્યા પછી તો લખનારનું કામ લખ, લખ, લખ જ કરવાનું છે; વાંચી, વિચારી, લખવાનો જ મહાવરો કેળવવાનું છે. પાત્રો પણ લખતાં લખતાં પોતાની મેળે જ ઘડાં થશે, ને રૂપરંગ આકાર ધારણ કરી લેશે. આટલું થયા પછી જ લખનારનાં તૂટક છૂટક નિરીક્ષણો આપોઆપ અંદર આવીને પોતાનાં યોગ્ય સ્થાનો લઇ લેશે. સ્થાનિક વાતાવરણ તો આપણે બેંકડો વાર પી ચુક્યા હોઇએ છીએ, એના ઉપર સમ ખાવાની એકાદ નજર કરી આવવાપણું સાચા સર્જકને માટે રહેતું જ નથી.

'તમે તો અહીં ગ્રામ્ય પ્રદેશનો સ્વાનુભવ અને આત્મા મેળવવા આવ્યા હશો ખરું ?' એ સવાલ પૂછનારને વર્તમાન અંગ્રેજી નવલિકા સાહિત્યના નામાંકિત લેખક કેપ્યાર્ડે જવાબ આપ્યો હતો કે, 'લવલેશ નહિ. આવી રીતની સેલગાહી મુલાકાતોમાંથી ગામડાંનો પ્રાણ પકડી શકાય એવું હું માનતો જ નથી. હું તો શ્રદ્ધા ધરાવું છું બહોળા વાંચનમાં, ચિંતનમાં, તેમજ અખૂટ ધીરજ રાખીને લખવાનો મહાવરો પાડવામાં. શું કરું ? આપણા જુવાનોમાં એ બધી ધીરજ નથી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯. હજારો હાથનો પરિચિત સિક્કો

'એક જાણીતા ગ્રંથકારે એકવાર મારી પાસે એકરાર કર્યો હતો કે જ્યારે જ્યારે હું 'Damsel' (ડેમ્સલ) શબ્દ સાંભળું છું ત્યારે ત્યારે થાય છે કે એકદમ બેસીને એક વાર્તા લખી નાખું.

'આવા અનેક ચિત્રસૂચક અને દ્રશ્યપ્રેરક શબ્દો અંગ્રેજી બોલીમાંથી ચાલ્યા ગયા છે, ને પછી તો અંગ્રેજી ગદ્યમાંથી જ અદ્રશ્ય બન્યા છે.

'દાખલા તરીકે આ 'Ramble' નામનો શબ્દ લ્યો. જ્યારે જ્યારે હું આ શબ્દ સાંભળું છું ત્યારે ત્યારે મને એવું લાગે છે કે જાણે હું એને ઝાલરિયાળી બાંયોવાળી અને અક્કડ કફવાળી બુઢ્ઢી કુમારિકાને જોઉં છું, એ જાણે તારામય રાત્રીની સામે જોઇને બોલી ઊઠે છે કે 'A starry night! A starry night for a ramble!'

ઉપરના ઉદ્ગારો 'સિયાં ઓ' ફાઓલા' નામના એક આયરિશ લેખકના છે. બોલાતી—કંઠસ્થ અંગ્રેજી ભાષાના સામર્થ્યનો એ વિચાર કરતો કરતો અફસોસ ગુજારે છે કે બોલાતી ભાષાને ભોગે ગ્રંથસ્થ ભાષાનો વિકાસ થયો છે. કલમની જબાને જબાનની ભાષા-માંથી જોર મેળવવું છોડી દીધું છે ત્યારથી અંગ્રેજી ગદ્ય એની કેટલીય રમ્ય સચોટતાઓ ગુમાવી બેઠું છે.

બોલાતી ભાષાના શબ્દો, એ કહે છે કે, અનેક જીભોના ઘસારા ખાઇ ખાઇને લીસા લપટ બની ગયા હોય છે. બોલાતો શબ્દ એટલે હજારો લાખો હાથમાં ફરતો સિક્કો: હાથેહાથને પરિચિતઃ હાથમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે કે તતકાળ એનું મૂલ્ય પરખાય. ભરવાડથી માંડી વિદ્વાન સુધીના હાથને પૈસાનો સ્પર્શ થતાં જ એ એક સહેલી 'કૅામ્યુંલા' સમો બની રહે છે.

એવી જાતના બોલાતા શબ્દોનો સંબંધ સીધો જીવનની સાથે છે, ચોપડીની સાથે નથી. અમુક શબ્દોમાંથી ભાવસૂચનનું સામર્થ્ય કદાપિ ખૂટતું નથી. એ શબ્દોને નિષ્પ્રાણ બનાવીને ગદ્ય ફેંકી દઈ શકતું નથી, કેમ કે જીવન પોતે જ એનામાં સતત વીજળીનો પ્રવાહ ભરતું રહે છે.

બોલાતી ભાષામાંથી જ લખાતી શૈલીને તાજગી મળી શકે છે. ઇંગ્લાંડના કેટલાક ઉત્કૃષ્ટ ગદ્યસ્વામીઓનું ગદ્ય સામાન્ય જનતાની સુંદરતા અને તાકાત મેળવી શકયું હતું. એના દાખલા તરીકે આ લેખક બન્યનને ટાંકે છે.

તો શું બન્યન અને હાર્ડી જેવા ગદ્યધુરંધરોની સમૃદ્ધિ આવા લોક–બોલોને પકડીને પોતાની કૃતિઓમાં પેસાડી દેવાથી જામેલી હતી ? એ ભ્રમણાના ભોગ જ આપણા કેટલાય નવા લેખકો થઈ પડયા છે. તેઓ લોકોમાં વપરાતા શબ્દોની સંખ્યા પકડી લઈને વાપરવાથી ન્હાનાલાલ, ધૂમકેતુ કે રમણલાલ બનવાની આશા રાખતા હોય છે.

આયરિશ લેખક તેમનો ભ્રમ આ રીતે ભાંગે છેઃ બન્યન વગેરે શબ્દોને જ માત્ર ઉઠાવીને શાહુકાર નથી બન્યા. તેમણે તો 'the rythm and the spoken flow'—બોલાતી બાનીનો તાલબદ્ધ રવ અને તેની પ્રવાહિતા પકડી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦. શૈલી માત્ર શણગાર નથી

ગયા સૈકાના અચ્છા શૈલીકારો પ્રત્યે, મિલ્ટનથી લઇ લેમ્બ અને સ્ટીવન્સન પ્રત્યે, તુચ્છકાર કરવાની વધતી જતી વૃત્તિ જોઈને અંગ્રેજ વિવેચક રોબર્ટ લીન્ડ અફસોસ બતાવે છે.

શબ્દોની પસંદગી અને વાક્યોના મરોડ પાછળ એહદ કાળજી ઉઠાવનારા એ ચુનંદા ગદ્યલેખકો છેલ્લી સદીના અંત સમયમાં તો પૂજનીય ગણાતા હતા. શૈલીની સાધના એ તો તે કાળના હરએક ગણનાયોગ્ય લેખકનું પરમ ધ્યેય હતું. શૈલી પ્રત્યેની બેપરવાઈ તે જમાનામાં અક્ષમ્ય અપરાધ ગણાતી. કલમનું અમરત્વ ઇચ્છનારા સર્વ લેખકને શૈલી–ઘડતરના સાંકડા ચડાવ ઓળંગવા પડતા. નહિ તો એનું નામ સદાના અંધકારમાં હડસેલાઈ જતું.

કબૂલ છે કે નરી શૈલીને ખાતર જ શૈલીની ઉપાસના સારાં તેમજ બુરાં, બેઉ પ્રકારનાં પરિણામો લાવે છે. મહાન ગદ્યસ્વામીઓનું અનુકરણ કરવાના સભાન પ્રયત્નો સેવનારા બીજી તે ત્રીજી કક્ષાના લેખકો જે ગદ્ય સર્જવા પાછળ પસીનો ટપકાવતા તે ગદ્ય પાછું તેના વાચકોને પણ પરસેવે નવરાવનારું નીવડતું. તેઓની શૈલી તેમની પોતાની નહોતી. તે શૈલીમાં ડોળ હતો. અને ડોળધાલુ શૈલીએ કદી સારું સાહિત્ય નિપજાવ્યું નથી.

પરંતુ તેમ તો પ્રત્યેક ગુણને એને આનુષંગિક દોષ લાગેલો જ હોય છે. ભલાઈ અને ચાખાઇ બેઉ જોડાજોડ રહે છે. દંભ પણ પવિત્રતાનો જોડકો ભાઈ છે. તેમ છતાં, '૯૦ ના દાયકાની એ શૈલી-પૂજા એક વાત તો પુરવાર કરે છે કે લેખનની પાછળ પરિશ્રમ સેવવો

CC-0. In Public Domain. Panini Kanya Maha Vidyalaya Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને અર્થને સંપૂર્ણપણે સ્પષ્ટ બનાવનારા શબ્દો શોધવા, એટલું જ નહિ પણ અર્થની આકૃતિને કલ્પનામાં સતત રમતી કરવી, એ લેખકનું પ્રથમ કર્તવ્ય મનાતું.

મહાન ગદ્ય તો એનું નામ, જે સ્વચ્છ આરસીનો ગુણ ધરાવે, જેની અંદર કેવળ અર્થ જ નહિ, પણ લેખકની ઊર્મિનાં તેમજ આર્ષદ્રષ્ટિનાં ચોકખાં પ્રતિબિમ્બો ઊઠે. લેખકને જે કહેવું છે તેના જ માત્ર નહિ, પણ એની હૃદયોર્મિના પણ દીવડા પેટાવી શકનાર ગદ્ય જ સાચું ગદ્ય છે. દ્રષ્ટાંત તરીકે બર્કનો લખેલો, ફ્રેંચ રાણી મેરી એન્ત્વાનેતના શિરચ્છેદવાળો ફકરો તે સમયના સેંકડો અંગ્રેજોના કલેજામાં ફ્રેન્ચ સામ્રાજ્ઞીના મૃત્યુ પ્રત્યે બર્કના જેટલો જ પુણ્યપ્રકોપ જલાવવા શક્તિમાન બન્યો હતો. આજ પણ એ ફકરો ફ્રેન્ચ વિપ્લવના ચૂસ્ત પક્ષકારનું યે અંતર હલાવે છે, કેમકે બર્કની ભાષા જીવન્ત હતી, એ ભાષા એકલી બુદ્ધિને નહિ પણ હૃદયને સુદ્ધાં સ્પર્શતી.

બંધબેસતા શબ્દો અને તેની છંદબદ્ધ તાલબદ્ધ ગતિ, તેના આરોહ અને અવરોહ, તેના થડકાર, એ માત્ર બાહ્ય ભાષાશણગારો જ નથી. યોગ્ય શબ્દો અને યોગ્ય વાણી-ડોલનનો અર્થોની સાથે જે સંબંધ છે, તે શરીર સાથેના આત્માના સંબંધ સમો છે. સાચી વાત છે કે વિજ્ઞાનમાં તો 'બે ને બે ચાર' જેવી સીધીસટ ને ટૂંકીટચ, ઊર્મિહીન સ્પષ્ટ રચના જે કહેવાનું છે તેને સંપૂર્ણપણે વ્યક્ત કરી નાખે છે. પરંતુ માનવ-પ્રેમ ને માનવ-વેદના, મર્ત્યજીવનનાં રહસ્યો અને સંવેદનો, માનવીની મગરૂબી, ક્ષુદ્રતા, ત્રૂટિઓ, ને મહત્વાકાંક્ષાઓ, ધરતીનાં સૌંદર્યો અને મુક્તિની કલ્પનાઓ, એ સઘળાં જેનો વિષય છે તેવી સાહિત્યવાણી 'બે ને બે ચાર' જેવી રચનામાં પોતાને પાડવા છે તે ઊંડેરા ધબકાર કેમ કરીને આણી શકશે? વાણીનું લાવણ્ય તો અર્થનું વહન કરવા માટે જ આવશ્યક છે.

લીન્ડ કહે છે કે, આમ હું માનું છું એથી કરીને જ મને આજના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિવેચકોની વાણી–રચના તેમજ શૈલી–કૌશલ પ્રત્યેની અવહેલના ગમતી નથી. શૈલીના સૌંદર્ય પ્રત્યેનો આ વિરોધ ફક્ત વિવેચકોમાં જ નહિ પણ શાળાના અધ્યાપકોમાં પણ પ્રસરી વળ્યો છે. એક શિક્ષકે પોતાના લેખમાં એવી ફરિયાદ કરી હતી કે આજના બાળકોને વિચારને નામે શૂન્ય એવા વિષયો પર છટાદાર નિબંધો લખવાની તાલીમ અપાઈ રહી છે. લીન્ડ કહે છે કે, છોકરાઓ જો સુંદર શૈલી જ કેળવતાં હોય તો તેઓ કયા વિષય પર લખે છે તેની કશી પરવા નથી. નજીવી ચીજો પર તો ઉત્તમ નિબંધ સરજાવી શકાય છે. ચેસ્ટર્ટને ચાકના કટકા પર કેટલો ફાંકડો નિબંધ લખ્યો છે ! જુવાનો માટે મહત્ત્વની વાત તો આટલું સમજવાની છે કે, 'પ્રેક્ટિસ'ની જેટલી જરૂર 'પીઆનો' અથવા સતાર પર હાથ જમવા માટે છે તેટલી જ જરૂર ગદ્ય પર પણ પ્રભુતા મેળવવામાં છે.

વિષયના નજીવાપણાને કારણે લેખનની કલાનો ઉપહાસ કરવો એ એવકૂફી છે. નજીવા વિષય પર જે હાથ જમશે તે જ હાથ એક દિવસ જરૂર પડતાં ગંભીર વિષય પર પણ સિંહના પંજા જેવું જોર બતાવી શકશે. અંગ્રેજ ગદ્યસ્વામી સ્વિફ્ટ એક ઝાડુ જેવી નાચીઝ વસ્તુને વર્ણુવવામાં તેમજ માનવજાત પર તહોમતનામું ઘડવામાં 'ગુલિવર્સ ટ્રાવેલ્સ' નામની એક જ ચોપડીમાં જે સરખી તાકાત બતાવી ગયો છે, તે વાણી–રચના પાછળના એના અચૂક પાકા પરિશ્રમને પ્રતાપે થયું છે.

૨૧. અમરતાનો વિભ્રમ

'નિરવધી આ કાળ પડ્યો છે, ને વિપુલ આ પૃથ્વી પથરાએલી છે. આજ નહિ તો કાલે, કોઈ કાળાન્તરે મારો સમાનધર્મા જન્મશે ને મારી કૃતિઓની કદર કરશે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિ ભવભૂતિએ આ બોલ ભાખ્યો. એ ઉક્તિ આજે પણ અનેક લેખકોનું આશ્વાસન બની રહી છે. જેઓની રચના વર્તમાન-યુગનાં વાંચકોને આકર્ષી શકતી નથી તેઓ પોતાની રચનાનાં યોગ્ય મૂલ્ય મૂલવનારાં ભાવી વાચકોની રાહ જુએ છે.

કેટલાએક પોતાની કૃતિને અમરત્વ મળે તેવી ઝંખના સેવે છે. આજની પ્રજા મને સમજી શકતી નથી એટલું બધું મારા સર્જનનું ગહનત્વ છે: એવી ભ્રમણા ઘણા ઘણા સેવતા હશે. ક્ષણજીવી સાહિત્ય, સમયજીવી સાહિત્ય, અને ચિરંજીવી સાહિત્ય, આવા ભેદ દોરાય છે.

રિચર્ડ આલ્ડીંગટન નામના વિવેચક આ 'અમરત્વના માયા-વીપણા' પર પ્રકાશ નાખે છે. એ કહે છે કે લેખકની અથવા કોઈપણ કલાકારની આ 'અમરતા' એ તો 'રેનેસાં'ના પંડિતોએ ઊભી કરેલ એક કપોળકલ્પના છે. જનસામાન્યનાં ધ્યેયો અને પ્રશ્નોથી અળગા ઊભા રહીને માત્ર પોતાના નમ્ર શિષ્યોના અહોભાવમાં રાચનાર મહાન સાહિત્યસ્વામી, 'ગ્રેટ માસ્ટર', બનવાની મહત્વાકાંક્ષા તો ગઈકાલની વસ્તુ બની ગઈ છે.

આજના વાર્તાકારે ઉપર કહી તેવી પોતાની અમર પ્રતિભાની એકલતામાં રાચવાનું નથી. જગત એને જુગ જુગ સુધી ન સંભારે તો તેથી એણે નાઉમેદ થવાનું નથી. માનવપ્રાણને અને ઊર્મિઓને દિન પર દિન જાગ્રત તેમ જ ગ્રહણશીલ રાખવાનું જે કર્તવ્ય અદા કરવા માટે લેખકો કલાકારો અથવા અન્ય કાર્યકર્તાઓનો જે મહાન સંઘ પોતપોતાની શક્તિ મતિ મુજબ મથી રહેલ છે, તેમાંના એક એકમ તરીકે જ પ્રત્યેક સાહિત્યકારે પોતાને વિષે વિચારી લેવાનું છે.

લોકસંઘના એ વહેતા જીવનનો બુદ્ધિ-ઊર્મિઓનો પ્રવાહ ખરું જોતાં તો વર્તમાનપત્રે જ વહનશીલ રાખવાનો હોય છે. પણ વર્ત-માનપત્રનો કાર્યપ્રદેશ જ્યાં પૂરો થાય છે ત્યાંથી જ વાર્તાકારનો શરૂ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય છે. સમૂહજીવનને સ્પર્શતા બનાવોની વર્તમાનપત્રો અદલ તસ્વીરો ખેંચે છે અને એ તસ્વીરોમાંથી વસ્તુ ઉપાડીને રંગરેખાભર્યા ભાવ-ચિત્રો વાર્તાકારે આપવાનાં રહે છે. અખબાર પ્રજાને સત્ય પીરસવા સાચી ઘટનાઓ આપે, ને વાર્તાકાર પ્રજાને સત્ય પીરસવાના સાધન લેખે વાર્તાનો ઉપયોગ કરે.

વાર્તાકારે બનતાં બનાવો વિષે નહિ પણ લોકોના વ્યક્તિ-જીવનનાં ઉંડાણોનું આલેખન કરવાનું છે. વર્તમાનપત્રના કરતાં વાર્તાકારના લાભની વાત તો આ છે, કે એને જાહેરખબરો પૂરી પાડનારાઓની અથવા ગ્રાહકોની સારીમાઠી લાગણીનો વિચાર રૂંધી શકતો નથી. અમુક વર્ગને અપ્રિય એવા વિચારો મૂકનાર લેખકને બેશક અમુક પ્રકારના છૂપા બહિષ્કારના તેમજ નનામા રૂચિહીન ચર્ચાપત્રોના ષડ્યંત્રના ભોગ થવું જ રહે છે, તેમ છતાં પોતાને જે કહેવાનું છે તે તો પ્રજા પાસે પહોંચી જ જાય છે.

આલ્ડીંગ્ટનનું કહેવું એવું નથી કે વાર્તાકારે કેવળ વ્યક્તિ-જીવનનું 'રીપોર્ટિંગ' જ કરવાનું છે. નહિ, એથી તો ઘણું વિશેષ એણે આલેખ-વાનું છે. પરંતુ 'ત્રિકાલાબાધિત અમર કૃતિ'ને નજર સમક્ષ રાખવી એ તો કોઈ અચોક્કસ પ્રકારની આગામી પેઢીને માટે લખવા બેસવાની બેવકૂફી કરવા બરોબર સમજવું.

ચિરકાલને માટે નિર્માણ થતી કૃતિ એકેય કાળની નહિ રહે, અને ભાવિ પ્રજાને પહોંચાડવાનો સંદેશો એ સરનામે પહોંચવાનો જ નથી. સમકાલીન પ્રજાને ન સમજાય તેવું સર્જવામાં મહત્તા સમજવી એ છેક વાહિયાત પ્રકારની અદ્ભુતપ્રિયતા છે. પોતાની કૃતિનો રસ અમુક મર્યાદિત કાળ કરતાં વધારે ટકવાનો છે એવી માન્યતા પણ એક ભ્રમણા છે.

આ યુગની અંદર ઊતરી પડેલો વિપુલ વાર્તાફાલ કેટલાય નિરાશાવાદીઓને સાહિત્યની સંગીનતા કથળી પડી હોવાનો દુઃખભાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપજવે છે. હશે કદાચ. એમ પણ હશે કે કવિતાના યુગે સર્જાવેલાં બલિષ્ઠ અર્કને આજે આપણે ગદ્યનાં નીરમાં મિલાવી મોટો જથ્થો જ નિષ્પન્નવીએ છીએ. બીજી દૃષ્ટિએ આપણે એમ પણ કહી શકીએ કે સાહિત્ય આજે પુરાતન જડતાનાં બંધનોમાંથી મોકળું બની જીવનના હરકોઈ તત્વને યથેચ્છ ઘાટ આપી રહેલ છે.

સમકાલીન સાહિત્ય—વાર્તાનું અથવા હરકોઈ અન્ય પ્રકારનું—અલ્પજીવી અને કામચલાઉ હોવું જોઈએ એનું બીજું પણ એક કારણ છે. આજે સંસ્કૃતિનો એક મહાયુગ સમાપ્તિ પામે છે. અને નવો યુગ હજુ એટલી બધી અચોક્કસ ભૂમિકામાં છે, કે એચ. જી. વેલ્સ સરીખા ક્રાન્તદર્શીને પણ આગામી વિશ્વ-રચનાનો આકાર કેવળ દૂરથી અનુમાનના આધારે જ કલ્પવો પડે છે.

આજ સુધી જેમ ઋતુચક્રની ચોકસતા પર અવલંબન લેતું ખેતીવાડીનું જ્ઞાન અમુક નિશ્ચિત ચીલે ચાલ્યા કરતું તે જ રીતે માનવ-જીવન પણ મુકરર ચક્રમાં આંટા લેતું. બધું જ જાણે કે નક્કી કરી મૂકયા મુજબ જ બન્યા કરતું. કાલે જે સાચું હતું તે આજે અને કાળાન્તરે પણ તેનું તે જ રહેવાનું છે, એવી માન્યતા વચ્ચે ભાવિ અમરતા મેળવવાનો જીવનનો એક ઉદ્દેશ હતો.

આજે એ બધું જ પડી ભાંગ્યું છે. આવતી કાલ સર્વ પ્રકારની અચોકસતાનો ભોગ થઈ પડી છે. પરિણામે આજના જીવનના બહુવિધ ખળભળાટો વચ્ચે જેમ એક બાજુથી કલાકારને અથવા વાર્તાકારને વિપુલ વસ્તુસામગ્રી હાથ પડવાનો અવસર છે, તેમ બીજી બાજુથી એને ક્ષણજીવીપણાની મર્યાદા છે. એટલે વાર્તાકાર ચાહે તેટલો તેજસ્વી હોય, તો પણ એણે પોતાના પ્રભાવની મર્યાદાને સૈકાઓની તો ગણતરીની બહાર જ રાખવી; એટલું જ નહિ પણ દાયકાઓને હિસાબે યે નહિ, વર્ષોને જ હિસાબે પોતાની કૃતિની આવરદા માપવી રહેશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસ્તુતઃ આજના સાહિત્યકારે કેવળ એક પ્રામાણિક ને સત્યનિષ્ઠ પત્રકાર બની જવાનું ધ્યેય રાખવું પડશે.

અને એમાં શી શરમ છે? પત્રકારત્વ કંઈ ઓછું ઈજ્જતવાન છે?

આજે તો કથાસાહિત્યને માટે મોટો ભય ઊલટાનો એ છે, કે એ થોડાક પંડિતોને સંતોષવા માટે વર્તમાન જીવનપ્રવાહને ઝીલનારી લૌકિકતા રખે ગુમાવી બેસે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝવેરચંદ મેઘાણી કૃત

વિવેચનસંગ્રહો

લોકસાહિત્ય	૨-૮-૦
લોકસાહિત્ય—પગદંડીનો પંથ	૦-૧૦-૦
ચારણો અને ચારણી સાહિત્ય	૧-૦-૦
ધરતીનું ધાવણ	૩-૮-૦
લોકસાહિત્યનું સમાલોચન	૨-૪-૦

લેખસંગ્રહો

વેરાનમાં	૨-૦-૦
પરિભ્રમણ [ભાગ ૧]	૩-૮-૦
પરિભ્રમણ [ભાગ ૨]	૩-૮-૦
સાંભેલાના સૂર	૨-૮-૦
પરકમ્મા	૨-૮-૦
છેલ્લું પ્રયાણ	૨-૪-૦

: હવે પછી :

પરિભ્રમણ [ભાગ ૩]
વેરાનમાં [ભાગ ૨]
પરિભ્રમણ [ભાગ ૪]

પ્રાપ્તિસ્થાન

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ

ફરનાન્ડીઝ પૂલ નીચે : ગાંધીમાર્ગ : અમદાવાદ
મિમરાજ બિલ્ડીંગ : ૪૦૫, કાલબાદેવી : મુંબઈ ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ક્રૉકટ : શારદા મુદ્રણાલય : અમદાવાદ